- વનટ્રીહીલ ગાર્ડનમાં નવીન બટરફ્લાયપાર્કનું આયોજન કરવામાં આવેલ છે જેનુ ભુમિપૂજન માનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તા.૨૫.૧૨.૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું.
- કાંકરીયા પ્રાણીસંગ્રહાલયમાં નેશનલ ઝૂ, દેહીવાલા, શ્રીલંકા ખાતેથી ૪ એનાકોન્ડા અમદાવાદ ઝૂ ખાતે ભારતના ચેન્નાઈ એરપોર્ટ થઈ મુંબઈ એરપોર્ટ ઉપર આવતાં મુંબઈ એરપોર્ટ ઉપર કસ્ટમ - એક્સાઈઝ કોરેન્ટાઈન ક્લીયરન્સ લઈ આ ૪ એનાકોન્ડાને રોડ માર્ગે તા.૨૬.૧૧.૧૧ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગે અમદાવાદ ઝૂ ખાતે લાવવામાં આવેલ તથા ૧ માસ કોરેન્ટાઈનમાં રાખીને તા.૨૫.૧૨.૨૦૧૧ના રોજ કાંકરીયા કાર્નીવલ દરમિયાન મુલાકાતીઓને નિહાળવા માટે ખુલ્લા મુકવામાં આવેલ હતા.
- બાલવાટીકામાં શ્રી વિનય વડકે દ્વારા જૂના જમાનાના વિવિધ સિક્કાઓ ભેટમાં આપવામાં આવેલ તેથી નાવડીઘરનુ રીનોવેશન ખાતા મારફતે કરાવીને આ સિક્કાઓનું પ્રદર્શન બાલવાટીકામાં તા.૨૫.૧૨.૨૦૧૧ના રોજ મુલાકાતીઓને નિહાળવા માટે ખુલ્લુ મુકવામાં આવેલ હતું.
- ફ્રેન્ડઝ ઓફ ઝૂ યોજના તારીજોઃ ૨૦૧૧-૨૦૧૨

કુલ પાર્ટી : ૨૨

કુલ દત્તક લીધેલ પ્રાણી ની સંખ્યા : ૨૬

સને ૨૦૧૧-૧૨ કુલ આવક રૂા ૫,૯૫,૭૬૦/૦૦

- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં તા.૦૧.૧૦.૧૧ થી તા.૦૭.૧૦.૧૧ દરમ્યાન વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરી તથા તા.૧૪.૦૧.૨૦૧૨ થી તા.૩૦.૦૧.૨૦૧૨ દરમ્યાન એનીમલ વેલ્ફેર પખવાડીયાની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સવારે ૧૨.૦૦ વાગ્યા સુધી ૧૨ વર્ષના બાળકોને વિના મૂલ્યે કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો તથા ટચ ટેબલ દ્વારા વન્ય પ્રાણીઓની માહિતી પણ આપવામાં આવેલ હતી.
- કમલા નેહરૂ પ્રાણીસંગ્રહાલય, કાંકરિયા, અમદાવાદ ખાતે પવિત્ર શ્રાવણ માસના અતિ પવિત્ર પર્યુષણ સપ્તાહ દરમ્યાન એટલે કે ચાલુ વર્ષે તા.૨૫.૦૮.૧૧ થી તા.૧.૯.૧૧ દરમ્યાન પ્રાણીસંગ્રહાલયમાં તમામ મુલાકાતીઓને (સોમવાર સિવાય) નિઃશુલ્ક સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા દરમિયાન વિનામૂલ્યે પ્રવેશ આપીને જીવ દયા અને વન્ય જીવ સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી.

વેટરીનરી સર્વિસીસઃ-

ઝૂમાં રાઉન્ડ ધ કલૉક વેટરીનરી સેવા ઉપલબ્ધ છે. તે માટે ઝૂ માં વેટરનરી ડૉકટર જાનવરોનું નિરીક્ષણ કરે છે. અને જાનવર બિમાર જણાય તો તાત્કાલિક સારવાર આપે છે. જો જાનવર વધુ બિમાર હોય તો ઝૂ હોસ્પીટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી સારવાર અપાય છે. ઉપરાંત જાનવરોને ઋતુ પ્રમાણે વિવિધ રસીઓ, દવાઓ, એન્ટીસ્ટ્રેસ સારવાર ઉપરાંત ડીવર્મીંગ અને ડીસઈન્ફેકશન પણ કરે છે. જાનવરોમાં વિવિધ રોગના નિદાન માટે જરુરી સેમ્પલો લઈ ચકાસણી પણ કરવામાં આવે છે. ઠંડી-ગરમી , વરસાદથી જાનવરોના રક્ષણ માટે પણ વ્યવસ્થા ગોઠવેલી છે. કિંમતી જાનવરોની હીસ્ટ્રી કાર્ડમાં નોંધ રાખવામાં આવે છે.

ઝૂ એજયુકેશનઃ-

ઝૂની મુલાકાતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કૉલેજ, ઝુઓલોજી સ્ટુડન્ટ, સેપ્ટ, આઈ.આઈ.એમ., એન.આઈ.ડી.,ફાઈન આર્ટસ ના સ્ટુડન્ટસ ઝૂમાં માર્ગદર્શન માટે આવે છે. તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂના અધિકારીશ્રીઓ તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. વેટરનરી કોલેજ સ્ટુડન્ટસ દાંતીવાડા અને આણંદથી ઈનટરશીપ માટે આવે છે.

- પ્રાણીસંગ્રહાલય, કાંકરિયા, અમદાવાદ ખાતે રીવર સાઈડ સ્કુલના ગ્રેડ-૨ના બાળકોએ તેમના શૈક્ષણિક પ્રોજેકટના ભાગ રૂપે કાંકરિયા ઝૂના સરીસૃપઘર માટે એક ઓડીયો ટુર બનાવેલ આ ઓડીયો ટુરમાં સરીસૃપઘરમાં આવેલ જુદા જુદા ૧ થી ૧૮ પાંજરાઓમાં આવેલ સરીસૃપોની માહિતી આપેલ છે. તથા આ સ્ક્રીપ્ટ એમ.પી.-૩ સાઉન્ડમાં બનાવેલ આ ઓડીયો ટુર બનાવેલ છે જેની તા.૧૪.૪.૧૧ના રોજ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના રિક્રી કલ્ચરલ એન્ડ હેરીટેઝ કમિટીના માન. ચેરપર્સનશ્રી બીજલબેન પટેલ, માન. ડે.ચેરપર્સનશ્રી ડૉ.ચંદ્રાવતીબેન ચૌહાણ તથા કાંકરિયા ઝૂ વિભાગના માન.ડે.મ્યુ.કમિશનરશ્રી એમ.એસ.પટેલને સોંપણી કરેલ હોઈ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન વતી કાંકરિયા પ્રાણી સંગ્રહાલય આ બાળકોની તથા રીવર સાઈડ સ્કુલની સુંદર કામગીરીને બીરદાવે છે.

આ કાર્યક્રમ નિમિત્તે વાલી તરીકે અમદાવાદ શહેરના કલેક્ટર શ્રી હરિત શુક્લા, સીની. આઈ.પી.એસ અધિકારી શ્રી પી. બી. ગોંદીયા અને રીવર સાઈડ સ્કુલના ડાયરેક્ટર શ્રી કિરણ સેટ્ટી ખાસ ઉપસ્થિત રહેલ હતા.

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આવેલ કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય કાંકરીયામાં રાખવામાં આવેલા વન્ય પશુ પંખીઓને **"ફ્રેન્ડઝ ઓફ ઝૂ"** બનાવવા માટેની યોજના સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૧૭૧૬ તા.૨૭.૦૩.૨૦૦૮ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. તથા સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૨૬૪ તા.૧૫.૫.૨૦૦૮ મુજબ મે.મ્યુ.કમિ.સાહેબ ને મળેલ સત્તા મુજબ હાલમાં યોજના નો અમલ ચાલુ છે. સદર યોજના ને સારો પ્રતિસાદ મળી રહેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ (ફ્રેન્ડસ ઓફ ઝૂ) કરવા માટે પાળવાની શરતો :-

૧. પ્રાણીસંગ્રહાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસ્સિધ કરવામાં આવશે.અને જે તે પશુ-પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકતિ કે સંસ્થાને સર્ટિફિકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઑફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર-ચાર પ્રવેશ ટિકીટ વિનામૂલ્યે આપવામાં આવશે.જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈ શકશે

૩. પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઑફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામા આવશે.

૪. જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર, ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી., પાણીના છાંટવા માટે પ્લાસ્ટીકના પાઈપો માટેનો ખર્ચ 'ફ્રેન્ડસ ઑફ ઝુ' બનનાર વ્યકતિ/ સંસ્થા આપી શકશે.

૫. જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઈલેકટ્રીક/ ઈલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઑ ઝૂ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૬. ઝુની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકતિ માટે વ્હીલચેર, સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝુ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૭. જાનવરો માટેની હોસ્પીટલમાં જરૂરી મેડીકલ ઈકવીપમેન્ટ,મેડીસીન્સ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૮. પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને બેસવા માટે વિસામાનો ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૯. પ્રાણીસંગ્રહાલયમાં વૃક્ષારોપણ,ગ્રીન પેચની કામગીરી માટે થનાર ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૦. પ્રાણીસંગ્રહાલયમાંથી એડોપ્ટ કરેલા વન્ય પશુ-પક્ષીઓ-સરીસૃપ ઝૂની અંદર પાંજરામાં જે તે અવસ્થામાં જ રેહશે.એડોપ્ટ પશુ-પંખી-સરીસૃપને વ્યકતિ કે સંસ્થાએ હાથ લગાવી , રમાડવાનું કે ખોરાક આપી શકશે નહીં. તેમજ પોતાની સાથે પણ લઈ જઈ શકશે નહીં.

૧૧. સિંહ,વાઘ,હાથી વિગેરે પશુ-પક્ષી અને સરીસૃપને એડોપ્ટ કરનાર ફ્રેન્ડઝ ઑફ ઝૂ નું નામ જે તે પાંજરા પાસે ૧૨ ઈંચ ૯ ઈંચ સાઈઝની પ્લેટ ઉપર સંસ્થા/ વ્યકિતનું નામ પ્રદર્શીત કરવામાં આવશે.

૧૨. વન્ય પશુ-પક્ષીઓ માટે વીમા પોલીસીના પ્રીમીયમની રકમ પણ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૩. ફ્રેન્ડસ ઑફ ઝૂ જે તે પ્રાણીના ફકત મિત્ર તરીકે ગણાશે.અને ફ્રેન્ડસ ઑફ ઝૂ એડોપ્ટ કરેલા વન્ય પશુ પક્ષી-સરીસૃપના માલીક ગણાશે નહીં.

૧૪. આ અંગે કોઈ વાદ વિવાદ સર્જાય તો અમદાવાદની કોર્ટની હકુમતમાં(અમદાવાદ જયુરીડીકશન) જ રેહશે.

૧૫. ઉપરોકત દર્શાવેલી શરતો સિવાય કોઈ શરત મ્યુ.કમિશનરશ્રીને યોગ્ય જણાય તે શરત ઉમેરી શકશે અને કોઈપણ વન્ય પશુ-પંખી-સરીસૃપ ફ્રેન્ડસ ઑફ ઝૂ તરીકે આપવુ કે નહીં તેનો આખરી નિર્ણય મ્યુ.કમિશનરશ્રીનો અબાધિત રેહશે.

ઝૂ ઓફીસ ફોન નં.૦૭૯-૨૫૪૬૩૪૧૫,૩૨૯૮૪૧૧૫

નોંધ- ચેક મ્યુનિસિપલ કમિશનરશ્રી,અમદાવાદના નામે લખવો.

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

દત્તકલેનાર પાર્ટી નું લીસ્ટ.

૨૦૧૧-૨૦૧૨

અનું.નં	પાર્ટીનું નામ	પાર્ટી નું સરનામું.	ફોન નંબર	દત્તકલીધેલ પ્રાણી/પક્ષી/ સરીસૃપનો પ્રકાર /સંખ્યા.	ભરેલ નાણા રૂા.	દત્તક લીધા તારીખ
૧	શ્રી આદિત્ય આલોક જૈન	૪૦૨,બાલેસ્વર એપાર્ટમેન્ટ, એરોમા સ્કુલસામે, ઉસ્માનપુરા, અમદાવાદ.	૨૭૫૫૧૬ ૦૬ ૯૮૯૮૫૦ ૦૮૩૪	પક્ષી મોર નંગ-૧	૪૨૬૦/-	૦૧.૦૪.૧૧
૨	શ્રી વંશીકા આશીષ જૈન	૪૦૨,બાલેસ્વર એપાર્ટમેન્ટ, એરોમા સ્કુલસામે, ઉસ્માનપુરા, અમદાવાદ.	૨૭૫૫૧૬ ૦૬ ૯૮૯૮૫૦ ૦૮૩૪	કંચનમૃગ હરણ નંગ-૧	૯૨૬૦/-	૦૭.૦૪.૧૧
૩	શ્રી કિર્તી શાહ અને બેલા શાહ	૨, મોહન મોરારી ફ્લેટ્સ, એકતા ટાવર પાછળ, વાસણા, અમદાવાદ.	૯૮૨૫૦ ૨૩૪૦૫	સામાન્ય મોર-૧	૮૫૨૦/-	૧૯.૦૪.૧૧
૪	શ્રી મહેન્દ્રભાઈ એ. પટેલ	અરવિંદ સોસા, મહાકાળી મંદિર પાસે, હાંસોલ, અમ.	૯૮૨૫૪ ૮૬૩૮૬	એસીલેટ કોબ્રા- ૧	૨૨૬૦/-	૧૨.૦૫.૧૧
૫	શ્રી શૈવી મીશાલ પટેલ	એ/૧-૧૨, અર્જુન ટાવર, સી.પી.નગર પાસે, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧	૯૮૨૫૦ ૩૯૧૫૩	ટરટલ-૧ પોરક્યુપાઈન-૧	૨૨૬૦/- ૨૭૬૦/-	૧૭.૦૫.૧૧
૬	ભાવના.હિતેષ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ,	૨૬૭૬૨૦ ૪૦,૯૯૨ ૫૨૩૩૫૦ ૦,૨૬૮૫ ૪૨૭૬.	પક્ષી- સિલ્વરફેઝન્ટ-૧	૩૭૬૦/૦૦	૨૧.૦૫.૧૧

		અમદાવાદ.				
૭	નંદીની.એચ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫૪૨૭૬,૯૮૨૫૦૪૭૪૨૬,૨૬૭૬૨૦૪૦.	પક્ષી-આફ્રિકન કાઉન્ડ કેન-૧	૩૨૬૦/૦૦	૨૧.૦૫.૧૧
૮	ઉત્કર્ષ.એચ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫૪૨૭૬,૯૮૨૫૦૪૭૪૨૬ ,૨૬૭૬૨૦૪૦.	પક્ષી-કાઉન્ડ પીજીયન-૧	૫૨૬૦/૦૦	૨૧.૦૫.૧૧
૯	પમ્પ એન્જીનીયરીંગ કંપની પ્રા. લી. નરોત્તમભાઈ એમ. પટેલ	સી-૩૯, જી.આઈ.ડી.સી., ઓઢવ, અમદાવાદ.	૨૨૮૭૧૨૫૭, ૨૨૮૭૦૩૨૧, ૮૦૦૦૦૦૩૭૩૯	મીસ્ટીંગ સીસ્ટમ ફોર કુલીંગ	૧૮૦૦૦૦/-	૨૧.૦૫.૧૧
૧૦	જાની એન્ડ કંપની,સોલીસીટર્સ એન્ડ એડવોકેટસ,શ્રી પરેશભાઈ રમણલાલ જાની	૧૦૧,શાંતનુ બીલ્ડીંગ,કલાસીક ગોલ્ડહોટલસામે, સરદાર પટેલ નગર રોડ,અમદાવાદ-૦૬	૨૬૪૦૫૪૫૦ ,૯૯૨૫૧૫૦૩૭૧ ૨૬૪૦૯૪૮૧ ફેક્ષ નં.૨૬૪૦૯૪૮૧	પ્રાણી-હાથી માદા (રૂપા) નંગ-૧.	૨૫૮૨૬૦/	૨૫.૦૬.૧૧
૧૧	સ્વ. કાન્તીલાલ.જે. ઠાકર-બોરસદવાળા - ભરત એમ.વૈધ,	૩૦૩,જીવનરથ, રામકૃષ્ણ વિદ્યાલય, જુના ધરડાધર સામે, મણીનગર- પૂર્વ, અમદાવાદ.	૨૨૭૨૧૪૮૪, ૯૫૮૬૫૮૦૪૪૦	મોર-૧ લવબર્ડ-૧	૪૨૬૦/- ૨૨૬૦/-	૧૧.૦૮.૧૧
૧૨	મુકેશ.પી.પટેલ	૧૫૫/એ, માણેકબાગ સોસા. લેન-૧૩, ગેટનં.૭, આંબાવાડી,અમ-	૨૬૭૩૦૩૭૬, ૨૬૬૧૧૬૦૧.	ટરટલ-૧	૨૨૬૦/-	૧૭.૦૮.૧૧

		૧૪				
૧૩	સુરેખા.એમ. પટેલ	૧૫૫/એ, માણેકબાગ સોસા. લેન-૧૩, ગેટનં.૭, આંબાવાડી,અમ-૧૪	૨૬૭૩ ૦૩૭૬, ૨૬૬૧ ૧૬૦૧.	મોર-૧	૪૨૬૦/-	૧૭.૦૮.૧૧
૧૪	દ્રષ્ટિ.એમ.પટેલ	૧૫૫/એ, માણેકબાગ સોસા. લેન-૧૩, ગેટનં.૭, આંબાવાડી,અમ-૧૪	૨૬૭૩ ૦૩૭૬, ૨૬૬૧ ૧૬૦૧.	ટોરટોઈઝ-૧	૨૨૬૦/-	૧૭.૦૮.૧૧
૧૫	જય.પી.પટેલ	૧૫૫/એ, માણેકબાગ સોસા. લેન-૧૩, ગેટનં.૭, આંબાવાડી,અમ-૧૪	૨૬૭૩ ૦૩૭૬, ૨૬૬૧ ૧૬૦૧.	ચેટરીંગલોરી-૧	૪૨૬૦/-	૧૭.૦૮.૧૧
૧૬	દેસાઈ ક્લાસીસ	વિરલભાઈ દેસાઈ બી/૮૦, શ્રી નગર સોસાયટી,જાડેશ્વર રોડ, ભરૂચ.	૯૯૯૮૫ ૭૩૩૦૫, ૯૮૯૮૯ ૨૮૩૦૨	ઝીબ્રાફીંચ-૧	૨,૨૬૦/-	૧૦.૦૯.૧૧
૧૭	કેરોલ નયન પટેલ	કાશી ભુવન, એચ.એલ.કોમર્સ કોલેજ પાછળ, નવરંગપુરા, અમદાવાદ.	૨૬૮૫૭૩ ૩૭, ૨૬૩૦ ૪૩૩૭, ૯૮૨૪૦ ૧૯૬૯૯	પણીનો કાચબો- ૨	૪૫૨૦ / -	૦૭.૧૧.૧૧
૧૮	ધીરજકુમાર ચંદુલાલ પટેલ	મું. ખરણા, તા.જી.ગાંધીનગર	૯૪૨૮૩ ૮૭૨૭૨	કંચનમૃગ હરણ - ૧	૯૨૬૦/-	૧૦.૧૧.૧૧
૧૯	સફલ કન્સ્ટ્રકશન પ્રા.લી.	બીસફલ હાઉસ, તેજ મોટર્સ નજીક, મીર્ચ મસાલા રેસ્ટો. પાછળ,એસ.જી. હાઈવે.અમદાવાદ.	૬૧૯૦ ૦૯૦૦, ૯૯૨૫૧ ૭૦૧૦૪	દીપડો રાજા - ૧ દીપડી ઉર્વસી-૧	૭૦૫૨૦/-	૧૪.૧૧.૧૧
૨૦	શ્રી અચીંત શાહ	૧૯, શ્રી હરી	૯૮૨૫૬	પાણીનો	૨૨૬૦/-	૨૦.૧૨.૧૧

		એપા. નૂતન નાગરિક બેંક સામે, ન્યુ શારદા મંદિર રોડ, અમ.૭	૧૩૧૪૩	કાચબો-૧		
૨૧	શ્રી ભૌમિક રાજેશભાઈ દવે	દવે કલીનીક, તાજ બિલ્ડીંગ, શાહઆલમ દરવાજા પાસે, મણીનગર, અમદાવાદ.	૯૯૦૯૯૭ ૪૧૩૭.	માર્શમગર-૧	૫૨૬૦/-	૧૯.૦૧.૧૨
૨૨	પ્રીતીકા ચન્દ્રકાન્ત રામટેક	૪૧/૨,અરવિંદન ગર સમજુબા હોસ્પીટલ, બાપુનગર,અમદા ૨૪	૨૨૭૩૨૧ ૮૩,૯૩૭ ૪ ૨૮૨૨૧૯	બજરીગર-૧	૨૨૬૦/-	૧૦.૦૧.૧૨

એનીમલ રેસ્કયુ પ્રોગ્રામઃ-

મ્યુનિસિપલ હદમાં શહેરીજનો તથા મહાનુભાવોની ફરીયાદને આધારે શહેરમાં ઉત્પાત મચાવતાં વાંદરા,માંકડા, હાથી,તથા સર્પોને પકડવાની કામગીરી ઝૂની ટીમ દ્વારા કરવામાં આવે છે.

રસાલા ગાર્ડનઃ-

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરુઆત થઈ હતી. જેમાં જાત જાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ. જેમાં હરણ, કાચબા, સસલાં, ગીનીપીગ, વાંદરા, લવબર્ડ, બજરીગર, કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખુબ જ લોકપ્રિય છે. જિરાફનું સ્ટ્રકચર લપસણી સાથે છે. ઉપરાંત ઝૂલા-હીંચકાઓની બાળકો ખુબ જ મજા માણે છે.

બગીચાઓઃ-

નગીનાવાડીઃ-

નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝિકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે. જેનું તાઃ૧૨-૧૧-૦૪ના રોજ ઉદ્ઘાટન કરી મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. જેનો મુલાકાતઓ લાભ લે છે. કાંકરીયા તળાવમાં બોટીંગ ચાલુ કરવામાં આવેલ છે.

વનટ્રી હિલ ગાર્ડનઃ-

વનટ્રી હીલ ગાર્ડન ઝૂ ખાતા દ્વારા વિકસાવી તેમાં કિંમતી ફુલછોડ લોન પ્લોટ વિ. ઉછેરી સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે. વન ટ્રી હીલ ગાર્ડનમાં રોડ પેવીંગ તથા લેન્ડ સ્કેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.

સદર બગીચામાં ગ્લાઈડર રાઈડસ પ્રોજેકટ બનાવવા માં આવેલ છે. જેનો મુલાકાતીઓ લાભ લે છે.

ચાચા નહેરુ બાલવાટિકાઃ-

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નહેરુ બાલવાટિકા બનાવવામાં આવેલ છે . જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલ છે. અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો, સતત પાણી રેલાવતી પનિહારી તથા આધુનિક રમકડાં ઉપલબ્ધ છે. કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે. બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેકશનો આવેલા છે.

નાવડીઃ-

અહીં લાકડાની કોતરણીવાળા પશુ-પક્ષીઓના રમકડાં, ફોટોગ્રાફસ તથા આઝાદી અગાઉના રજવાડાની આશરે ૨૦૦૦ વર્ષ જુની નોટો અને ચલણી સિકકા ગોઠવવામાં આવ્યા છે.

બાળ પુસ્તકાલયઃ-

બાળકોને મનગમતાં ચિત્રો તથા પુસ્તકો ઉપરાંત રજવાડી લડાઈના સાધનો તથા રંગબેરંગી પતંગીયા ગોઠવવામાં આવ્યા છે.

ઢીંગલીઘરઃ-

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ તથા મહાપુરુષોના ફોટોગ્રાફસ મુકી આ ઢીંગલી ઘરની આજુબાજુ ગામડાનું તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે.

નભોદર્શનઃ-

અહીં આકાશી ગ્રહો, નક્ષત્રો અને તારાઓની ઓળખ તેમજ રાશીઓની માહિતી મેળવી શકાય છે.

મોડલ રેલ્વે પ્રદર્શનઃ-

મે-૯૨માં આ પ્રદર્શન ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં વિજળીથી ચાલતી ઓટોમેટીક મોડલ રેલ્વે ટ્રેન દ્વારા બ્રીજ, લોકોશેડ, ક્રોસીંગ વિગેરે બનાવવામાં આવ્યા છે . એક સાથે પાંચ ટ્રેનો દોડતી જોવા મળે છે.

પાણીનું ઝરણુંઃ-

ઢીંગલીઘરની પાછળ એક પાણીનું ઝરણું તથા વાઘની ગુફા બનાવી વન્ય કુદરતી દૃશ્ય ઉભું કરવામાં આવ્યું છે. જેના દ્વારા બાલવાટિકાની સુંદરતામાં વધારો થાય છે.

ચિલ્ડ્રન ટ્રાફિક સેન્ટરઃ-

બાળકોને ટ્રાફિકના નિયમોની સમજ આપવા તથા જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી સાયકલ ગ્રાઉન્ડમાં લાયોનેસ કલબ ઓફ કર્ણાવતીએ ટ્રાફિક સેન્ટર ઉભું કર્યુ છે. અહીં નાનાં પેટ્રોલ પંપ, પાર્કીંગ , બસ સ્ટેન્ડ, ક્રોસીંગ, ઓવરબ્રીજ, પોસ્ટનો ડબો તથા જાનવરો દ્વારા ટ્રાફિક નિયમ સમજાવતાં બોર્ડ મુકવામાં આવ્યા છે.

ઓપનએર થિયેટર (બાલ વાટીકા):-

અહીં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી, બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે. હાલ અહીં નાના મોટા સૌને આનંદ સાથે જ્ઞાન મળે તે હેતુથી વિડીયો પ્રોજેકટ દ્વારા ડીસ્કવરી તથા નેશનલ જીયોગ્રાફિક અને કાર્ટુન પીકચર રાત્રે ૮ થી ૧૦ સુધી બતાવવામાં આવે છે.

પ્રાકૃતિક સંગ્રહસ્થાનઃ-

આ મ્યુઝિયમની સ્થાપના ઈ.સ.૧૯૭૫માં કરવામાં આવેલ છે. જે પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે. આ મ્યુઝિયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓ તથા પ્રાણીઓને કુશળતાપૂર્વક તૈયાર થયેલા ૧૫ આકર્ષક ડાયોરમામાં રજુ કરવામાં આવેલ છે. મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરુપ ખડું થાય તે માટે તેઓને જુદી જુદી સ્થિતીમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતીમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શન સેવા આપવામાં આવે છે અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

એમ્યુઝમેન્ટ પાર્કઃ-

બાલવાટિકાના પાણીના પંપીગ સ્ટેશનની અવાવરુ પડેલ જગ્યામાં તાઃ૨૦-૫-૯૫ થી એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવામાં આવેલ છે. આ એમ્યુઝમેન્ટ પાર્કમાં નાના બાળકો તથા મોટાઓ માટે ખુબ જ આકર્ષણ ઉભું કરેલ છે. તેમાં અનેક પ્રકારની રાઈડસ મુકવામાં આવેલ છે. જેવી કે કોલંબસ, કપરકાબી, ટાયગર ટ્રેન, ઉલ્ટાપુલ્ટા, મુનવૉકર, જેટ પ્લેન, બેબી કાર, નૌકાવિહાર, દેડકાગાડી, એકવા બોલ તથા ૩ થી ૪ નાના બાળકો માટેની કોઈનરાઈડસ મુકવામાં આવેલ છે.

વોટર પાર્કઃ-

અમદાવાદ મ્યુ. કોર્પો. તથા પ્રાઈવેટ પાર્ટી સાથે પબ્લીક પાર્ટનરશીપ ના ભાગરુપે વોટર પાર્ક બાલવાટિકામાં બનાવવામાં આવેલ છે. જે તાઃ૧૮-૨-૦૨ થી પબ્લીક માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. આ વોટરપાર્કમાં જુદા જુદા પ્રકારની સ્લાઈડો નાના બાળકો માટે અલગથી નાની સ્લાઈડ જેવી કે કાઈંગ ટ્રી, શાવરઝૂલા, કન્વેયર બેલ્ટ, રીવોલીંગ રેસ્ટોરન્ટ, ઉપરાંત સોનાબાથ, સ્ટીમબાથ, જીમનેશીયમ, બર્થ ડે પાર્ટી હોલ તથા કોન્ફરન્સ ની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત ટ્રેન દ્વારા વાનગીઓ પીરસતો ડાઈનીંગ હોલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલોપમેન્ટ :-

- કાંકરિયા લેકફ્રન્ટ ખાતે તિથર્ડ બલુન મુલાકાતીઓ માટે શરૂ કરવામાં આવેલ છે.
- કાંકરિયા લેકફ્રન્ટ ખાતે સુવર્ણ જયંતિ એક્સપ્રેસ નામે નવી ટ્રેઈન મુલાકાતીઓ માટે શરૂ કરવામાં આવેલ છે.
- કાંકરિયા લેકફ્રન્ટ ખાતે કાંકરિયા કાર્નીવલ - ૨૦૧૦ દરમિયાન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે બાળકો તથા મોટેરાઓ માટે કિડ્સ સીટી ખુલ્લી મુકવામાં આવી.
- કાંકરિયા લેકફ્રન્ટ ખાતે તા.૨૫.૧૨.૨૦૧૦ થી તા.૩૧.૧૨.૨૦૧૦ દરમિયાન કાંકરિયા કાર્નીવલ - ૨૦૧૦નું આયોજન કરવામાં આવ્યું જેમાં અમદાવાદ શહેર તથા અન્ય શહેરોના - પ્રદેશોના મુલાકાતીઓએ મોટી માત્રામાં સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવાનો તથા માણવાનો લાભ લીધેલ છે.

ઝૂ કોમ્પ્લેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલ આવકની માહિતી

ક્રમ	વર્ષ	ઝૂ	બાલવાટિકા અને ને.હિ.મ્યુઝીયમ	એમ્યુ.પાર્ક ૫૬%મુજબ	વોટરપાર્ક ૩૦%મુજબ	કુલ
૧	૨૦૦૭-૨૦૦૮	૧૧૯૯૩૪૫૦	૩૪૪૭૨૧૧	૪૫૯૭૫૧૭	૧૮૧૧૪૪૮	૨૧૮૪૯૬૨૬

૨	૨૦૦૮-૨૦૦૯	૧૨૮૭૧૫૦૦	૩૫૨૮૧૯૯	૫૧૨૧૨૫૬	૧૮૫૬૭૩૬	૨૩૩૭૭૬૯૧
૩	૨૦૦૯-૨૦૧૦	૧૪૩૦૨૮૫૦	૩૯૭૭૮૬૫	૫૯૭૪૫૬૯	૧૮૫૬૭૩૬	૨૬૧૧૨૦૨૦
૪	૨૦૧૦ - ૨૦૧૧	૧૪૦૧૫૧૫૦	૩૯૭૩૨૨૦	૬૩૫૫૮૦૯	૧૮૫૬૭૩૬	૨૬૨૦૦૯૧૫
૫	૨૦૧૧-૨૦૧૨	૧૭૪૧૫૭૨૪	૪૪૨૭૩૮૦	૭૪૮૭૩૪૯	૧૮૫૬૭૩૬	૩૧૧૮૭૧૮૯

ઝૂ કોમ્પ્લેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા

ક્રમ	વર્ષ	ઝૂ	બાલવાટિકા અને ને.હિ.મ્યઝીયમ	કુલ
૧	૨૦૦૭-૨૦૦૮	૧૩૯૮૪૦૦	૧૨૪૩૩૯૬	૨૬૪૧૭૯૬
૨	૨૦૦૮-૨૦૦૯	૧૪૮૫૨૧૦	૧૨૯૪૭૮૪	૨૭૭૯૯૯૪
૩	૨૦૦૯-૨૦૧૦	૧૬૯૪૮૦૦	૧૪૬૫૦૦૦	૩૧૫૯૮૦૦
૪	૨૦૧૦-૨૦૧૧	૧૬૫૯૧૦૦	૧૪૮૪૧૫૦	૩૧૪૩૨૫૦
૫	૨૦૧૧-૨૦૧૨	૨૧૪૨૬૦૮	૧૬૪૪૯૦૦	૩૭૮૭૫૦૮

૨.૯ નાણાં ખાતુ
૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ ચીફ એકાઉન્ટન્ટશ્રીની દેખરેખ નીચે ડે.મ્યુ.કમિ.શ્રીની (ફાઈનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

અ.નં.	વિભાગનું નામ	અ.નં.	વિભાગનું નામ
૧.	તિજોરી વિભાગ	૧૧.	તસલમાત વિભાગ
૨.	એ.એ.જી.વિભાગ	૧૨.	લોન વિભાગ
૩.	નોકર એડવાન્સ વિભાગ	૧૩.	સ્ટોર વેરીફીકેશન વિભાગ
૪.	પી.એફ.વિભાગ	૧૪.	ખાતાવહી વિભાગ
૫.	જી.આઇ.એસ.	૧૫.	બજેટ વિભાગ
૬.	એવોર્ડ સેલ	૧૬.	એલ.આઇ.સી.વિભાગ
૭.	નિવૃત્તિના લાભ વિભાગ	૧૭.	એલ.ટી.સી. વિભાગ
૮.	પેન્શન વિભાગ	૧૮.	વેલ્ફેર વિભાગ
૯.	પેમેન્ટ વિભાગ	૧૯.	મેડીકલ રી-ઈમ્બસર્સમેન્ટ વિભાગ
૧૦.	ગ્રાન્ટ વિભાગ	૨૦.	ઈન્કમટેક્ષ વિભાગ

અહેવાલી વર્ષમાં નાણાંખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

(૧) તિજોરી વિભાગ :-

સમગ્ર કેશ તથા ચેક પેમેન્ટની કામગીરી ઉપરાંત ફીક્સ ડીપોઝીટ અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નીચે મુજબનાં નાણાંકીય વ્યવહારો કરવામાં આવ્યા છે.

અ.નં.	ટ્રાન્ઝેક્શન પ્રકાર	ટ્રાન્ઝેક્શન નંબર	રકમ રૂા.(કરોડમાં)
૧.	રોકડ રીસીપ્ટ	૩૪૫૮૯	૨૨૪૫૧.૪૬
૨.	બેંક રીસીપ્ટ	૧૬૨૬૭	૭૪૮૩૯૭.૩૩
૩.	રોકડ પેમેન્ટ	૧૪૨૮૬	૪૪૭૩.૩૧
૪.	બેંક પેમેન્ટ	૫૨૦૨૬	૭૫૯૩૦૪.૯૭
૫.	એડજસ્ટમેન્ટ	૧૧૦૩૬	૮૪૯૭૪.૮૯
	કુલ	**૧૨૮૨૦૪**	**૧૬૧૯૬૦૧.૯૬**

(૨) **એ.એ.જી. વિભાગ :- જનરલ વિભાગ**

નાણાં ખાતાની એ.એ.જી. વિભાગ દ્વારા કર્મચારીઓના સર્વિસ મેટરોને લગતા પ્રશ્નો બાબતે વિવિધ કર્મચારીઓ – ખાતાઓ મારફતે પૂછવામાં આવતા અભિપ્રાયો નિષ્ણાતરૂપે આપે છે. સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કુલ ૧૩૭૨ અભિપ્રાયો વિવિધ પ્રકારનાં જેવા કે સ્ટેગર્ડ ઈન્ક્રીમેન્ટ, પગાર ફિકસેશન, સ્પે. રજાઓને લગતાં, સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામાં ને લગતાં, ઘરભાડાને લગતાં વાહન ભથ્થા, સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના પગાર અંગેના અભિપ્રાયો આપવામાં આવે છે.

(૩) **નોકર એડવાન્સ વિભાગ :- જનરલ વિભાગ**

નાણાં ખાતાનો નોકર એડવાન્સ વિભાગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાયમી અને એકટીગ કર્મચારીઓને વિવિધ પ્રકારની લોનો આપે છે. તેમાં મુખ્યત્વે મકાન લોન, મોટરકાર લોન, સ્કુટર લોન અને સાયકલ લોન આપે છે. અહેવાલી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કર્મચારીઓને સદર પ્રકારની કોઇ લોન આપવામાં આવેલ નથી.

(૪) **પી. એફ. વિભાગ :- જનરલ વિભાગ**

નાણાં ખાતાના પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં કર્મચારીઓને આપવામાં આવેલી લોનમાં પી.એફ. યોજનામાંથી કુલ ૬૩૭૦ કર્મચારીઓને લોન આપવામાં આવેલ છે. તેમાં સી.પી.એફ. યોજનામાંથી રૂા. ૫૮,૯૦,૦૦૦/- અને જી.પી.એફ. યોજનામાંથી રૂા.૨૭,૬૦,૦૪,૦૦૪/- લોન પેટે આપવામાં આવેલા છે અને રીફંડની કુલ ૨૩ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીઓની નોકરીના અંત સમયે ચૂકવવામાં આવતા ફાઈનલ પી.એફ. ફાળાની ચૂકવણી માટે કુલ ૯૬૦ સર્વિસ બુકો વર્ષ દરમ્યાન ઈન્વર્ડ થઈ તે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે અને ફાઈનલ પી.એફ.ની ચૂકવણી પેટે કર્મચારીઓને સી.પી.એફ.માંથી રૂા.૧,૨૫,૦૫,૨૭૧/- અને જી.પી.એફ.માંથી રૂા.૧૭,૦૨,૧૭,૮૨૫/- ચૂકવવામાં આવેલા છે. તે ઉપરાંત લીંક ઈન્સ્યુરન્સ પેટે ૬૧ કર્મચારીઓને રૂા.૩૦,૦૪,૨૦૦/- ચૂકવવામાં આવેલ છે.

આ ઉપરાંત પી.એફ. વિભાગ દ્વારા સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષની વાર્ષિક હિસાબોની સ્લીપો કર્મચારીઓને વહેંચવામાં આવેલ છે. સને ૨૦૧૦-૨૦૧૧ ના વાર્ષિક હિસાબો કર્યા, બ્રોડશીટો બનાવી, દર પાંચ વર્ષે બનાવવામાં આવતા એડવાન્સ રજીસ્ટરો ૨૦૧૦-૨૦૧૧ના બનાવ્યા. ડી.એ.પી.એફ., ડી.એ. ઈન પી.એફ. તથા એવોર્ડ ૧૯૯૬ની ફાઈલોનું રીચેકીંગ કરી સુધારાની કામગીરી કરી કુલ ૩૯ પી.એફ. બેલેન્સ સર્ટીફિકેટ આપવામાં આવેલ છે. સેન્ટ્રલ વર્કશોપના ગર્વ. પી.એફ.માં જોડાયેલ કર્મચારીઓ પૈકી નિવૃત કર્મચારીઓને મોંઘવારી તફાવતની જમા રકમની ચૂકવણી કરવામાં આવેલ છે.

(૫) **જી.આઈ.એસ. વિભાગ (ગ્રુપ ઈન્સ્યુરન્સ સ્કીમ) :- જનરલ વિભાગ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે કર્મચારીઓ જી.આઈ.એસ. માં જોડાયેલા હોય તેવા કર્મચારીઓમાંથી સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નોકરીમાંથી મુક્ત થયા હોય તેવા ૯૬૯ જેટલા કર્મચારીઓના કેસમાં રૂા.૧,૬૫,૭૦,૯૨૭/- જેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

(૬) **એવોર્ડ સેલ :- જનરલ વિભાગ**

સરકારશ્રીના પગારપંચ દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા ઠરાવોનો એવોર્ડ સેલ દ્વારા અભ્યાસ કરી પગારધોરણનું ફિકસેશન કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૦-૧૧ સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગારપંચનો અમલીકરણ કરી કર્મચારીઓના પગાર ફિકસેશની કામગીરી કરવામાં આવેલ છે. સદરહુ સેલ જરૂરિયાત મુજબ હંગામી ધોરણે ઉઘાડવામાં આવે છે.

(૭) **નિવૃત્તિના લાભ વિભાગ :- (ટર્મિનલ બેનીફીટ સેલ) જનરલ વિભાગ**

નાણાં ખાતાના ટર્મિનલ બેનિફીટ સેલની કામગીરીમાં મુખ્યત્વે વર્ષ દરમ્યાન વિવિધ કારણોસર નોકરીમાંથી મુક્ત થતાં કર્મચારીઓનાં કેસોમાં કર્મચારીઓને નિવૃત્તિ, સ્વૈચ્છીક રાજીનામું,અનફીટ, બરતરફી, અવસાન સમયે પ્રવર્તમાન નિતિનિયમો મુજબ ગ્રેજ્યુઈટી, મૃત્યુ રાહત યોજના, લેણી નીકળતી રજાના રોકડ નાણાંમાં રૂપાંતર, કોમ્યુટેડ પેન્શન તેમજ પેન્શન બાંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ દરમિયાન ગ્રેજ્યુઈટીનાં કુલ ૪૨૨૫ અભિપ્રાય આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે

મૃત્યુ રાહત યોજના હેઠળ કર્મચારીનું ચાલુ નોકરીએ અવસાન થયું હોય તેવા ૧૧૭ કેસ ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ દરમ્યાન બનેલા છે તેમનાં વારસદારોને રૂા. ૨૫૦૦/- લેખે રૂા.૨,૯૨,૫૦૦/- ચૂકવવામાં આવેલા છે.

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ દરમિયાન લ્હેણી રજાનાં કુલ ૮૧૨ અભિપ્રાય આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે

(૮) **પેન્શન વિભાગ :- જનરલ વિભાગ**

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૧-૧-૮૩થી પેન્શન યોજના રાજ્ય સરકારના ધોરણે પેન્શનના નિતિ નિયમો મુજબ પેન્શનની ચૂકવણી કરવાની કામગીરી કરવામાં આવે છે. સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં કુલ પેન્શનર્સની સંખ્યા ૧૨૮૪૮ થઈ છે. આ તમામ પેન્શનરોને બેંક / મનીઓર્ડર / અને રોકડ મારફતે રૂા.૯૮,૩૪,૨૦,૭૧૯/- વાર્ષિક ચૂકવવામાં આવેલ છે. આ ઉપરાંત મેડીકલ રીઈમ્બર્સમેન્ટ સ્કીમમાં જોડાયેલાં પેન્શનરોનાં તબીબી સારવારના બીલોનાં નાણાં ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે. સારવાર પુસ્તિકા આપવાની કામગીરી થાય છે. આ ઉપરાંત પેન્શનર્સનાં ખોવાઈ ગયેલ, ફાટી ગયેલ તેમજ ફેમિલી પેન્શનનાં કિસ્સામાં નવા પેન્શન કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આવી ૪૬૦ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

પેન્શનરોનાં વાર્ષિક આવકનાં પ્રમાણપત્ર આશરે ૪૭૦૦ જેટલી આવેલી અરજી સંદર્ભે આપવામાં આવેલા છે.

આ ઉપરાંત ૧૫ વર્ષ પૂરા કરતાં પેન્શનરોનાં પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષમાં એક વખત તમામ પેન્શનરોનાં હયાતી બાબતે હયાતી ફોર્મ ભરાવવામાં આવે છે. ત્યારબાદ ફોર્મની ખતવણી કરવામાં આવે છે. હયાતી ફોર્મ ન ભર્યા હોય તેવા પેન્શનરોના સ્ટોપ પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ફેમીલી પેન્શન ચાલુ કરવાની કામગીરી, પેન્શન બંધ કરવાની કામગીરી, સેવા પેન્શન ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે.

મૃત્યુ પામતા પેન્શનર્સનું પેન્શન બંધ કરવુ. વારસદાર નક્કી કરી મૃત્યુ રાહત રકમ તેમને ચૂકવવી. હક્કદાર, વારસદારોનાં કિસ્સામાં ફેમીલી પેન્શન ચાલુ કરવું. સુધારા અપડેટ કરવા, ફેમીલી પેન્શન નક્કી કરવું, બંધ કરવાની તારીખ નક્કી કરવી. તે મુજબ મંજૂરી માંગવી.

વર્ષ દરમ્યાન મોંઘવારીમાં વધારો નક્કી થાય ત્યારે વધારા બાદની તારીખથી પેન્શન મૂળ પગારમાં સુધારો પામેલ પેન્શનર્સને અલગ તારવી તેના એરિયર્સની ગણતરી કરવી. વર્ષ દરમ્યાન બે વખત મોંઘવારીમાં વધારો થયેલ છે.

તમામ પેન્શનર્સ માટે શિડ્યુલ લખવામાં આવે છે. સુધારા મુજબ ડેટા અપડેટ કરવામાં આવે છે.

ભવિષ્યની ચોક્કસ તારીખે મૂળ પગારમાં ફેરફાર થતો હોય તેવા પેન્શનર્સ માટે રેડી-રેકનર અપડેટ રાખવાની કામગીરી કરવામાં આવે છે.

બેન્કનાં પેન્શન હેન્ડલીંગ બિલની ચૂકવણી કરવામાં આવે છે.

વધુમાં તા.૦૧/૦૪/૨૦૦૯ થી અમલમાં આવેલ છઠ્ઠા પગારપંચનો અમલ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જે કોઈ લાભ પેન્શનરને આપવામાં આવે તેનો તાકીદે અમલ કરી લાભ આપવામાં આવે છે.

(૯) **પેમેન્ટ વિભાગ :-**

વિવિધ ખાતાઓમાંથી આવતાં કર્મચારીઓનાં એસ્ટાબ્લીશમેન્ટને લગતાં પગાર બીલો, પગાર પુરવણી, રોજીંદા મજૂરોનાં પુરવણી બીલો, પાર્ટ ટાઈમ, ફુલ ટાઈમ, મલ્ટી પરપઝ મસ્ટરો, ટી.એ.ડી.એ.નાં બીલો, બોનસ, ફેસ્ટીવલ, ફુડ, મોંઘવારીના પુરવણી બીલો, મેડીકલ રીઈમ્બર્સમેન્ટનાં બીલો, ઈન્ક્રીમેન્ટ તફાવતનાં બીલો, ઓડીટ વિભાગનાં પાર્ટ બીલો, એબસ્ટ્રેક્ટ વિગેરની પાસીંગની કામગીરી કરવામાં આવે છે.

(૧૦) **ગ્રાંટ વિભાગ :-**

રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાંટ તથા સરકારી લોન મેળવવાની સમગ્ર પ્રક્રિયા, તેનાં હિસાબો મેઈન્ટેઈન કરવાની કામગીરી આ વિભાગ દ્વારાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન રૂા.૧૭,૩૩,૯૩,૬૭,૯૮૦/- ની ગ્રાંટ મેળવવાની કામગીરી કરેલ છે.

(૧૧) **તસલમાત વિભાગ :-**

અહેવાલી વર્ષ ૨૦૧૦-૧૧માં ફુડ, ફેસ્ટીવલ તથા એડવાન્સીસના હિસાબોની કુલ ૧૪૬૪૦ એન્ટ્રીઓ નોંધેલ છે. અહેવાલી વર્ષમાં આ વિભાગ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવતા કોમ્પ્યુટરમાં એન્ટ્રીઓ કરી જરૂરી સુધારા વધારા કરેલ છે. આ વિભાગે કરેલ કામગીરી નીચે મુજબ છે.

અ.નં.	બજેટ હેડ	એન્ટ્રીની સંખ્યા	ઉધારખર્ચ ઉધાર(લાખમાં)	જમાખર્ચી જમા(લાખમાં)
૧	૨	૩	૪	૫
૧.	ફેસ્ટીવલ એડવાન્સ	૭૫૪૦	૨૬૦.૬૧	૨૬૬.૪૭
૨.	ફૂડગ્રેઈન એડવાન્સ	૭૬૨૩	૪૨.૭૧	૬૫૯.૫૨
૩.	કેપીટલ સિવાયના અન્ય કામો	૩૮૧	૧૨૧૪.૧૪	૧૧૪.૮૯
૪.	મુસાફરી ભથ્થા અંગે એડવાન્સ	૬૭	૪.૭૨	૬.૮૩
	કુલ	૧૫૬૧૧	૧૫૨૨.૧૮	૧૦૪૭.૭૧

(૧૨) લોન વિભાગ :-

પબ્લીક લોન તથા અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવાની તથા લોનનાં વ્યાજ તથા મુદલની ચુકવણી કરવાની ઉપરાંત લોન અને સીકીંગ ફંડના હિસાબો રાખવાની કામગીરી આ વિભાગમાં કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન પબ્લીક લોન, હુડકો,બોન્ડ ઈસ્યુ, એલ.આઈ.સી. વિ. નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવેલ લોનનાં મુદલ પેટે રૂા.૬,૫૫,૯૫,૦૦૦ /- તથા વ્યાજ પેટે રૂા.૧૦,૦૦,૧૪,૭૫૩/- મળીને કુલ રૂ. ૧૬,૫૬,૦૯,૭૫૩/-ની ચુકવણી કરવાની કામગીરી કરેલ છે.

(૧૩) સ્ટોર વેરીફીકેશન વિભાગ :-

જુદા જુદા ખાતાોમાં જરૂરી કન્ટીજન્સી એપ્રુવ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

(૧૪) ખાતાવહી વિભાગ :-

વાઉચરો તેમજ ચિલનોનું ચેકલીસ્ટ સાથે ચેકીંગ કરી કોમ્પ્યુટરમાં જરૂરી સુધારા વધારા કરી, મ્યુ.કોર્પો.નાં હિસાબો કરવાની તથા અનામતનાં હિસાબો રાખવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

(૧૫) બજેટ વિભાગ :-

મ્યુ.કોર્પો.નું જનરલ બજેટ તૈયાર કરી સ્ટે.કમિટી તથા બોર્ડમાં મંજુર કરાવવાની વિધી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સ્કુલ બોર્ડ, એમ.જે.લાયબ્રેરી તથા વી.એસ.હોસ્પિટલનાં બજેટની મંજૂરી બજેટ વિભાગ દ્વારા લેવામાં આવે છે. એડવાન્સીસનાં બજેટ તૈયાર કરી મંજુરી મેળવવી, કેશફલો નીતિ નકકી કરવી, તથા તેના રીલીઝ અંગેની મંજૂરી મેળવવી, બજેટ અંગેના અભિપ્રાયો આપવા, રીએપ્રોપ્રિએશન સ્ટે.કમિટીમાં મંજુર કરાવવા, વિવિધ નાણાંકીય સંસ્થાઓ તથા ગવર્નમેન્ટને નાણાંકીય પરિસ્થિતી અંગેના આંકડાઓ તથા માહિતી પુરા પાડવાની કામગીરી વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સને ૨૦૧૨-૨૦૧૩ નું બજેટ તથા ૨૦૧૧-૨૦૧૨ ના રીવાઈઝ બજેટ તૈયાર કરવામાં આવેલ છે. ઉપરાંત વી.એસ.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરી ત્થા સ્કૂલ બોર્ડનો કેશફલો નકકી કરવાની કામગીરી આ વિભાગ સંભાળે છે.

(૧૬) **બેંક રીકન્સીલીએશન (એફ.એ.એસ.) વિભાગ :-**

વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન બેંક સ્ટેટમેન્ટના હિસાબો વચ્ચેની મેળવણી કરવાની, હિસાબમાં તફાવત શોધવાની, સ્ટેન્ડીગ એન્ટ્રીઓ અલગ તારવવાની તેમજ તેના સંબધિત વાઉચર શોધવાની કામગીરી કરેલ હતી.

(૧૭) **એલ.ટી.સી. વિભાગ :-**

આ વિભાગમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓના તથા વા.સા.હોસ્પિટલ તથા મેડીકલ કોલેજના કર્મચારીઓના એલ.ટી.સી. અભિપ્રાય આપવામાં આવે છે. તથા મ્યુનિ. કોર્પો.ના કર્મચારીઓના એલ.ટી.સી. બીલો પાસ કરવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પો.ના તમામ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓના ટી.એ.ડી.એ.નો અભિપ્રાય આપવાની તથા મ્યુનિ. કોર્પો.ના, શેઠ વા.સા.હોસ્પિટલ, એમ.જે.લાયબ્રેરીના તમામ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓના વાર્ષિક ઈન્કમટેક્ષ પત્રકો ચેક કરી તેમને ભરવાની થતી ઈન્કમટેક્ષની રકમ નકકી કરવામાં આવે છે.

(૧૮) **વેલ્ફેર વિભાગ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કર્મચારીઓના હિત માટે જેવા કે મકાન ખરીદવા, મકાન રીપેરીંગ, સામાજીક ધાર્મિક કારણોસર કોર્પોરેશનમાં નોકરી કરતાં કર્મચારીઓને વેલ્ફેર લોન આપવામાં આવે છે. જેથી કરીને તેઓ પોતાનું કાર્ય અથવા દેવું ચૂકતે કરી શકે સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ માટે વેલ્ફેર ખાતા દ્વારા કુલ ૨,૬૧૧ કર્મચારીઓને રૂા.૫૦,૬૭,૮૭,૩૯૦/- લોન પેટે ચૂકવેલ છે.

(૧૯) **મેડીકલ રી-ઈમ્બર્સમેન્ટ વિભાગ :-**

નાણાં ખાતાની મેડીકલ રી-ઈમ્બર્સમેન્ટ બ્રાન્ચ દ્વારા વર્ષ દરમ્યાન કર્મચારીઓ, કાઉન્સીલરશ્રીઓ, પેન્શનરો તથા તેમના આશ્રિતોના મેડીકલ બીલોનું ચેકીંગ કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સ્કુલબોર્ડના કર્મચારીઓના મેડીકલ રી-ઈમ્બર્સમેન્ટ બીલોનું ચેકીંગ પણ કરવામાં આવે છે.

રેવન્યુ એકાઉન્ટનો સારાંશ :-

અહેવાલી રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા. ૦.૧૮ કરોડની હતી. વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા. ૨૧૪૨.૧૨ કરોડ થયેલ છે. ગત વર્ષે રેવન્યુ આવક રૂા. ૧૮૯૯.૫૭ કરોડ હતી. આમ રેવન્યુ આવકમાં ૨૦૧૦-૧૧ની સરખામણીમાં એકંદરે રૂા. ૨૪૨.૫૫ કરોડનો વધારો થયેલ છે. આ અંગેની માહિતી દર્શાવતું પત્રક ૨.૧૦.૧ સામેલ કરેલ છે. આવકના મુખ્ય સાધનોની વિગત નીચે મુજબ છે.

સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં સરકારશ્રી તરફથી રૂા. ૮૨૬.૭૩ કરોડ લાખ આપવામાં આવેલ છે. જે આશરે ગત વર્ષ જેટલી છે.

૧. **પ્રોપર્ટી ટેક્ષ :-**

પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર જેવા કે પાણીકર, કોન્ઝર્વન્સી ટેક્ષની ગતવર્ષની આવક રૂા.૪૯૭.૮૫ કરોડની હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૫૩૧.૩૪ કરોડ થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં **પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર**ની આવકમાં ૬.૭૩% વધારો થયેલ છે.

૨. **મ્યુ.માલમિલ્કતમાંથી કર-દર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક :-**

આ આવક ગતવર્ષે રૂા. ૨૪૭.૦૧ કરોડ હતી જે અહેવાલી વર્ષમાં રૂ.૩૩૪.૮૫ કરોડ થયેલ છે. ગત વર્ષની સરખામણીમાં રૂા. ૮૭.૮૪ કરોડનો તથા ટકાવારીની દ્રષ્ટિએ ૩૫.૫૬%નો વધારો દર્શાવે છે.

૩. **ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન :-**

ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશનની આવક ગત વર્ષે માં રૂા. ૨૪૧.૯૬ કરોડ હતી. જે અહેવાલી વર્ષમાં રૂા.૩૫૮.૧૯ કરોડ થયેલ છે.

ગત વર્ષની સરખામણીમાં અહેવાલી વર્ષમાં રેવન્યુ ખર્ચમાં રૂા.૨૪૧.૦૪ કરોડનો વધારો તથા ટકાવારીની દ્રષ્ટિએ ૧૮.૨૨% નો વધારો થયેલ છે

અહેવાલી વર્ષમાં મ્યુ. કોર્પોરેશનની આવક ખર્ચ અને વિવિધ લોન અંગેની માહિતી પત્રક ૨.૧૦.૧ થી ૨.૧૦.૧૦ માં દર્શાવાઇ છે.

પત્રક ૨.૯.૧

સને૨૦૧૦-૨૦૧૧ ની સરખામણીમાં ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં રેવન્યુ આવક ખર્ચ અને સિલકમાં ફેરફાર દર્શાવતુ પત્રક

(રૂા.કરોડમાં)

અ.નં.	વિગત	૧૦-૧૧નું ખરેખર	૧૧-૧૨નું ખરેખર	૧૦-૧૧ ની સરખામણીમાં વધઘટ	૧૦-૧૧ની સરખામણીમાં ટકાવારી વધઘટ
૧	૨	૩	૪	૫	૬
૧.	શરૂઆતની સિલક	૦.૨૦	૦.૧૮	-૦.૦૨	-૧૦.૦૦%
૨.	આવક	૧૮૯૯.૫૭	૨૧૪૨.૧૨	૨૪૨.૫૫	૧૨.૭૭%
૩.	ખર્ચ	૧૩૨૨.૭૯	૧૫૬૩.૮૩	૨૪૧.૦૪	૧૮.૨૨%
૪.	વર્ષાંતે સરપ્લસ (૨-૩)	૫૭૬.૭૮	૫૭૮.૨૯	૧.૫૧	૦.૨૬%
૫.	કુલ સરપ્લસ (૧+૪)	૫૭૬.૯૮	૫૭૮.૪૭	૧.૪૯	૦.૨૬%
૬.	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૫૭૬.૮૦	૫૭૮.૩૦	૧.૫	૦.૨૬%
૭.	આખરની સિલક	૦.૧૮	૦.૧૭	-૦.૦૧	-૫.૫૬%

પત્રક ૨.૯.૨
સને ૨૦૧૦-૧૧ ની સરખામણીમાં ૨૦૧૧-૧૨નાં વર્ષમાં રેવન્યુ આવકમાં મુખ્ય બજેટમાં ટકાવારી ફેરફાર દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	બજેટ હેડ	રેવન્યુ આવક		ટકાવારી વધઘટ
		૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	
૧	૨	૩	૪	૫
૧.	ઓક્ટ્રોયના બદલે સરકારશ્રીની ગ્રાન્ટ	૮૨૬.૬૨	૮૨૬.૭૩	૦.૦૧%
૨.	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર	૪૯૭.૮૫	૫૩૧.૩૪	૬.૭૩%
	મ્યુ.કર તથા દરનું કુલ	**૧૩૨૪.૪૭**	**૧૩૫૮.૦૭**	૨.૫૪%
૩.	નોન ટેક્ષની આવક	૨૪૭.૦૧	૩૩૪.૮૫	૩૫.૫૬%
૪.	ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન	૨૪૧.૯૬	૩૫૮.૧૯	૪૮.૦૪%
૫.	અન્ય આવક	૮૬.૧૩	૯૧.૦૧	૫.૬૭%
	કુલ	**૧૮૯૯.૫૭**	**૨૧૪૨.૧૨**	૧૨.૭૭%

પત્રક ૨.૯.૩
અ.મ્યુ.કોર્પો.ની છેલ્લા ૨ વર્ષની આવકનો હિસાબ દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૧	ટેક્ષની આવક		
	૧.૧ જનરલ ટેક્ષ	૨૭૦.૧૫	૨૭૭.૫૬
	૧.૨ પાણીનો ટેક્ષ	૬૦.૬૯	૬૫.૩૯
	૧.૩ કોન્ઝરવન્સી ટેક્ષ	૬૬.૪૦	૭૧.૪૨
	૧.૪ વ્હીકલ ટેક્ષ	૨૫.૩૩	૩૦.૦૦
	૧.૫ થીયેટર ટેક્ષ	૦.૫૬	૦.૫૫
	૧.૬ વોટર અને સુઅરેઝ ચાર્જીસ	૫.૨૩	૩.૪૨
	૧.૭ પ્રોફેશનલ ટેક્સ	૬૮.૮૩	૮૨.૩૭
	કુલ	**૪૯૭.૧૯**	**૫૩૦.૭૧**
૨	ખાસ કાયદામુજબની આવક		
	૨.૧ ડબા એક્ટ મુજબની આવક	૦.૫૪	૦.૫૧
	૨.૨ એડલ્ટ્રેશન એક્ટ મુજબની આવક	૦.૧૦	૦.૦૬
	૨.૩ ગુમાસ્તાધારા અંગેની આવક	૦.૧૧	૦.૧૦
	૨.૪ નર્સીંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ મુજબની આવક	૦.૧૪	૦.૧૮
	૨.૫ આર.ટી.આઈ. ચાર્જીસ	૦.૦૧	૦.૦૧
	કુલ	**૦.૯૦**	**૦.૮૬**

અ.નં.	વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૩	નોન-ટેક્ષ આવક		
	૩.૧ મ્યુ.જમીન તથા મકાનનાંથી આવક	૧૧.૭૩	૧૬.૬૨
	૩.૨ મ્યુ.મિલ્કત પર જાહેરખબરની આવક	૬.૦૧	૪.૪૮
	૩.૩ વોટર કનેક્શન ફી / ચાર્જીસ	૬.૪૬	૫.૯૨
	૩.૪ નામ ટ્રાન્સફર ફી	૧.૩૩	૦.૨૫
	૩.૫ એમ્બ્યુલન્સ તથા શબવાહિની ચાર્જીસ	૦.૧૧	૦.૨૬
	૩.૬ મેડીકલ સર્વિસ ચાર્જીસ અને ફી	૬.૫૪	૭.૪૮
	૩.૭ પ્લાન અને મકાન સ્કુટીની ફી	૬.૫૦	૭.૫૪
	૩.૮ માર્કેટ અને સ્લોટર હાઉસ ફી	૦.૦૨	૦.૦૩
	૩.૯ એજ્યુકેશન ફી	૨.૯૫	૦.૦૦
	૩.૧૦ રજીસ્ટ્રેશન ફી	૦.૦૦	
	૩.૧૧ સ્ટેન્ડ ફી	૦.૧૮	૦.૨૪
	૩.૧૨ રસ્તા કપાત પુનઃ સ્થાપન ચાર્જ	૭.૩૫	૮.૩૦
	૩.૧૩ ડ્રેનેજ કનેક્શન ફી / ચાર્જ	૪.૬૯	૬.૦૫
	૩.૧૪ જોખમકારક અને ત્રાસદાયક ધંધાની લાયસન્સ ફી	૨.૩૯	૨.૯૩
	૩.૧૫ ફેરિયાની લાયસન્સ ફી	૦.૦૧	૦.૦૨
	૩.૧૬ ક્વાટર્સ હાયર પરચેઝ વેચાણની આવક	૧.૦૩	૦.૩૩
	૩.૧૭ ડેવલપમેન્ટ ચાર્જીસ	૪.૪૨	૬.૨૫
	૩.૧૮ બેટરમેન્ટ ચાર્જીસ	૧.૯૬	૯.૦૨
	૩.૧૯ ઝૂ પ્રવેશ ફી જોય રાઈડઝ ફી	૫.૦૮	૭.૧૨
	૩.૨૦ વોટર સપ્લાય ચાર્જ	૦.૦૩	૦.૦૩
	૩.૨૧ અન્ય સર્વિસ ફી અને ચાર્જીસ	૨૩.૩૯	૩૬.૩૨
	૩.૨૨ એફ.એસ.આઈ. ફી	૧૩૧.૨૫	૧૬૦.૭૮
	૩.૨૩ ટ્રી પ્લાન્ટેશન ફી	૭.૬૨	૬.૮૯
	૩.૨૪ નોન ટી.પી. ડેવલપમેન્ટ અને ડ્રાફ્ટ ટી.પી. આવક	૧૫.૯૬	૫૩.૯૨
	કુલ	**૨૪૭.૦૧**	**૩૪૦.૭૮**
૪	ગ્રાંટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન		
	૪.૧ પ્રાથમિક કેળવણીની ગ્રાંટ	૧૯૨.૯૦	૨૪૧.૩૮
	૪.૨ માધ્યમિક કેળવણીની ગ્રાંટ	૨.૩૬	૨.૬૦
	૪.૩ વ્યાયામ કેળવણીની ગ્રાંટ	૦.૦૧	૦.૦૧
	૪.૪ એજ્યુકેશન સેસની ગ્રાંટ	૨૪.૧૬	૩૯.૮૪
	૪.૫ રસ્તા મરામત - નિભાવ સબસીડી	૦.૦૦	૨૫.૦૩
	૪.૬ અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ ગ્રાંટ (યુ.સી.ડી.)	૦.૧૫	૦.૦૬
	૪.૭ પી.પી. પ્રોગ્રામની યોજનાની ગ્રાંટ	૦.૨૨	૦.૩૪

અ.નં.	વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
	૪.૮ આઈ.સી.ડી.એસ. ગ્રાંટ	૮.૩૮	૩૦.૯૨
	૪.૯ ફેમીલી પ્લાનીગ ગ્રાંટ	૧.૦૨	૧.૪૩
	૪.૧૦ એકટ મુજબ થતો દંડ	૦.૨૦	૦.૧૦
	૪.૧૧ અન્ય રેવન્યુ ગ્રાંટ	૦.૦૦	૧૦.૧૦
	૪.૧૨ દાન	૦.૦૪	૧.૪૯
	૪.૧૩ સેન્સસ ગ્રાંટ	૬.૭૧	૫.૨૭
	૪.૧૪ ઓકટ્રોયની અવેજીમાં ગ્રાન્ટ	૮૨૬.૬૩	૮૨૬.૭૩
	કુલ	**૧૦૬૨.૭૮**	**૧૧૮૫.૩૦**
૫	અન્ય આવક		
	૫.૧ પુસ્તકો ચોપાનીયા ફોર્મ્સ અને માલસામાન વેચાણની આવક	૦.૧૮	૦.૧૧
	૫.૨ પ્રિમીયમની આવક	૨૪.૩૦	૧૧.૦૬
	૫.૩ વેપારી તથા કોન્ટ્રાક્ટર્સ પાસેથી મળેલી દંડની રકમ	૨.૬૧	૧.૦૫
	૫.૪ વ્યાજની આવક	૧૦.૨૭	૨૧.૩૨
	૫.૫ પરચુરણ આવક	૪૪.૪૮	૪૦.૦૯
	૫.૬ ચણતર ફી	૯.૮૬	૧૦.૮૪
	કુલ	**૯૧.૭૦**	**૮૪.૯૧**
	કુલ રેવન્યુ આવક	૧૮૯૯.૫૮	૨૧૪૨.૧૨

પત્રક ૨.૯.૪

મુખ્ય બજેટ હેડ પ્રમાણે છેલ્લા બે વર્ષનું રેવન્યુ ખર્ચ દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	બજેટ હેડ	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૧.	**સામાન્ય કરભાર અને કરની વસુલાત**	૨૪૩.૪૩	૩૧૦.૫૨
૨.	મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ	૪૧.૩૨	૫૨.૩૬
૩.	લોકોની સલામતી	૪૭.૯૨	૫૬.૦૪
૪.	પાણી પૂરૂ પાડવું	૧૬૬.૧૫	૧૭૧.૫૮
૫.	કોન્ઝરવન્સી	૫૬.૩૫	૬૩.૭૧
૬.	લોકોની તંદુરસ્તી	૨૬.૩૭	૫૧.૦૯
૭.	રસ્તા સાફ,ધોવા,છાંટવા તથા કચરો ઉપાડવા	૧૮૩.૦૬	૨૨૦.૫૧
૮.	વૈદકીય મદદ	૧૨૦.૧૮	૧૨૫.૦૨

૯.	માર્કેટ અને કતલખાના	૦.૪૯	૦.૫૭
૧૦.	જન્મ મરણની નોંધણી	૨.૯૮	૩.૩૮
૧૧.	બગીચા,સંગ્રહસ્થાન,રમતગમતનાં મેદાનો-સાધનો	૧૬.૧૬	૨૦.૫૫
૧૨.	માહિતી અને પ્રકાશન	૧૫.૫૨	૧૬.૯૭
૧૩.	જાહેર બાંધકામ	૭૦.૫૯	૮૪.૨૦
૧૪.	રસ્તા, પુલો, ફૂટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રેઈન	૨૪.૫૮	૨૮.૭૬
૧૫.	સાર્વજનિક કેળવણી	૨૭૯.૪૪	૩૩૭.૧૫
૧૬.	લોન ચાર્જીસ	૫.૧૦	૩.૭૨
૧૭.	લાયસન્સીગ, રીમુઅલ ઓફ એન્ક્રોચમેન્ટ એન્ડ એડમી ઓફ શોપ્સ એક્ટ	૫.૨૨	૬.૨૧
૧૮.	પરચુરણ	૧૭.૯૩	૧૧.૪૯
	કુલ	**૧૩૨૨.૭૯**	**૧૫૬૩.૮૩**

પત્રક ૨.૯.૫
મુખ્ય પેટા વિભાગો મુજબ રેવન્યુ ખર્ચનું વર્ગીકરણ

(રૂા. કરોડમાં)

અ. નં.	પેટા વિભાગનું નામ	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	ટકાવારી વધઘટ
૧	૨	૩	૪	૫
૧.				
૨.	એસ્ટાબ્લીશમેન્ટ	૬૨૯.૯૯	૭૨૩.૯૯	૧૪.૯૨%
૩.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૩૫.૫૪	૪૧.૨૯	૧૬.૧૮%
૪.	મરામત અને નિભાવ	૯૯.૦૫	૧૨૧.૭૨	૨૨.૮૯%
૫.	એનર્જી-વીજળી-બળતણ અને કન્ઝયુએબલ સ્ટોર્સ	૧૨૫.૨૨	૧૨૦.૭૬	-૩.૫૬%
૬.	સર્વિસીસ તથા પ્રોગ્રામનાં ખર્ચા	૬૫.૫૬	૮૮.૮	૩૫.૪૫%
૭.	ગ્રાંટ, સબસીડી, કોન્ટ્રીબ્યુશન	૩૫૪.૩૬	૪૨૭.૪૨	૨૦.૬૨%
૮.	લોન ચાર્જીસ	૧૨.૦૦	૩૬.૯૬	૨૦૮.૦૦%
૯.	અન્ય ખર્ચ	૧.૦૭	૨.૮૯	૧૭૦.૦૯%
	કુલ	**૧૩૨૨.૭૯**	**૧૫૬૩.૮૩**	૧૮.૨૨%

પત્રક ૨.૯.૬
મ્યુનિસિપલ કોર્પોરેશનના છેલ્લા બે વર્ષમાં ખર્ચનો હિસાબ દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	ખર્ચની વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
ક	**સામાન્ય કરભાર અને કરની વસુલાત**		
	૧. કોર્પો કમિટી અને સેક્રેટરી ઓફીસ	૫.૨૧	૫.૫૭
	૨. ચીફ ઓડીટરની ઓફિસ	૨.૦૪	૨.૨૮
	૩. મ્યુ. કમિશનરશ્રીનું પર્સનલ એસ્ટા.	૦.૧૨	૦.૧૩
	૪. મ્યુ. કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ	૬.૨૫	૯.૬૭
	૫. લીગલ ડીપાર્ટમેન્ટ	૧.૪૬	૧.૬૧
	૬. ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ડીપાર્ટમેન્ટ	૦.૬૬	૦.૭૫
	૭. આયોજન અને આંકડાખાતુ	૦.૫૫	૦.૬૩
	૮. ટાઈપીસ્ટ પુલ	૧.૩૭	૧.૬૦
	૯. સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ	૦.૪૯	૦.૫૬
	૧૦. નાણાંખાતુ	૩૪.૧૫	૫૫.૭૬
	૧૧. સેન્ટ્રલ સ્ટોર્સ ઓફિસ	૧.૩૯	૧.૬૦
	૧૨. મેટ્રો. મેજીસ્ટ્રેટની ઓફિસ	૦.૦૧	૦.૭૪
	૧૩. બસ અંગેનું ખર્ચ	૦.૨૨	૦.૩૯
	૧૪. મ્યુ. ઓફિસનાં ટેલીફોન અંગેનું ખર્ચ	૦.૩૯	૦.૧૬
	૧૫. ઈ.ડી.પી. સેલ કોમ્પ્યુટર ખાતુ	૪.૬૭	૫.૮૨
	૧૬. ઈલેક્શન ખાતુ	૨.૪૮	૩.૦૩
	૧૭. એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડીપાર્ટમેન્ટ	૨૩.૬૧	૨૯.૯૯
	૧૮. સરકારી એજ્યુકેશન સેસ ખાતુ	૦.૩૬	૦.૩૯
	૧૯. ઓફિસનાં મકાનો	૨.૩૮	૨.૨૧
	૨૦. પ્રોવિડન્ડ ફંડ, પેન્શન , ગ્રેજ્યુઈટી, કોન્ટ્રીબ્યુશન	૧૫૪.૫૭	૧૮૬.૫૪
	૨૧. વીજીલન્સ ખાતુ	૧.૦૭	૧.૦૯
	કુલ	**૨૪૩.૪૫**	**૩૧૦.૫૨**
ખ	**મિલ્કત લેન્ડ એક્વીઝીશન એન્ડ મેનેજમેન્ટ**		
	૧. એસ્ટેટ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ	૩૪.૪૮	૩૫.૦૩
	૨. ટાઉન ડેવલપમેન્ટ	૫.૨૨	૬.૬૩
	૩. એડીશનલ ટાઉન પ્લાનીંગ ખાતુ	૦.૨૫	૯.૦૪
	૪. એસ્ટેટ એક્વીઝીશન ખાતુ	૧.૧૩	૧.૩૭
	૫. અર્બન સીટી ડેવલપમેન્ટ સંકલીતનગર	૦.૦૭	૦.૦૭
	૬. એસ્ટેટ હુડકો – હાઉસીંગ	૦.૧૮	૦.૨૨
	કુલ	**૪૧.૩૩**	**૫૨.૩૬**

અ.નં.	ખર્ચની વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
ગ	**લોકોની સલામતી**		
	૧. બંબાખાતુ	૧૨.૧૯	૧૫.૦૮
	૨. રોશની ખાતુ	૩૪.૯૨	૪૦.૩૮
	૩. ટ્રાફિક કન્ટ્રોલ	૦.૪૫	૦.૩૨
	૪. કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ	૦.૩૬	૦.૨૬
	કુલ	**૪૭.૯૨**	**૫૬.૦૪**
ઘ	**પાણી પૂરૂ પાડવું**		
	૧. દૂધેશ્વર વોટર વર્કસ	૬.૪૨	૭.૩૭
	૨. બીજા પાણીનાં પંપીગ સ્ટેશનો	૮૮.૯	૮૦.૯૩
	૩. પાણીની વહેંચણી	૧૩.૭૧	૧૫.૯૧
	૪. કોતરપુર વોટર વર્કસ	૧૦.૧૩	૧૦.૫૪
	૫. રાસ્કા વોટર પ્રોજેકટ	૪૬.૯૯	૫૬.૮૩
	કુલ	**૧૬૬.૧૫**	**૧૭૧.૫૮**
ચ	**કન્ઝરવન્સી**		
	૧. પીરાણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન	૧.૩૭	૨.૧૮
	૨. વાસણા ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન	૧.૭૩	૧.૮૮
	૩. જમાલપુર ડ્રેનેજ પંપીગ સ્ટેશન	૧.૦૬	૦.૮૩
	૪. ન્યુ સબર્બન ડ્રેનેજ પંપીગ સ્ટેશન	૦.૪૯	૦.૫૧
	૫. બ્રાંચ સુએજ પંપીગ સ્ટેશન	૮.૧૧	૧૦.૨૬
	૬. ડ્રેનેજ લાઈન	૨૧.૩૯	૨૪.૫૨
	૭. સુએજ ફાર્મ	૦.૪૬	૦.૪૩
	૮. વાસણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૧.૧૬	૦.૯૨
	૯. પીરાણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૨.૯૯	૩.૬૬
	૧૦. સેન્ટ્રલ લેબોરેટરી	૧.૪૮	૧.૬૬
	૧૧. જાજરૂ અને પેશાબખાના	૧.૫૬	૧.૭૫
	૧૨. ખાળકૂવા	૩.૨૪	૩.૧૬
	૧૩. ઓ.કે. ચેમ્પીયન	૧૧.૨૧	૧૧.૯૧
	૧૭. ન્યુ પીરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૦.૦૬	૦.૦૧
	૧૮. ન્યુ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૦.૦૪	૦.૦૩
	કુલ	**૫૬.૩૫**	**૬૩.૭૧**
છ	**લોકોની તંદુરસ્તી**		
	૧. હેલ્થ ખાતુ	૧૦.૪૨	૧૫.૯૨
	૨. પબ્લીક હેલ્થ લેબોરેટરી	૦.૩૧	૦.૩૫
	૩. ડીસ્ઈન્ફેક્શન્સ	૦.૧૧	૦.૧૨

અ.નં.	ખર્ચની વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
	૪. મચ્છર નિવારણ	૫.૩૦	૭.૦૮
	૫. રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી ઝૂંબેશ	૧.૭૦	૧.૯૯
	૬. ક્ષય નિવારણ	૦.૦૨	૦.૦૩
	૭. હાનીકારક પ્રાણીઓનાં ઉપદ્રવથી બચવા	૦.૯૫	૧.૧૨
	૮. વિસ્તૃત રોગ પ્રતિકારક રસી મુકવાની યોજના	૦.૨૦	૦.૧૭
	૯. અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ	૦.૮૭	૦.૮૨
	૧૦. ઢોરત્રાસ અંકુશ વિભાગ	૩.૦૦	૩.૪૮
	૧૧. આઈ.સી.ડી.એસ. ૧ થી ૫	૧.૨૨	૧૭.૯૮
	૧૨. શહેરી કુટુંબ કલ્યાણ	૦.૮૦	૦.૬૭
	૧૩. ચાર મુદ્દા હેલ્થ પ્રોગ્રામ	૧.૪૭	૧.૩૬
	કુલ	**૨૬.૩૭**	**૫૧.૦૯**
જ	**રસ્તા સાફ ધોવા, છાંટવા તથા શહેરનો કચરો ઉપાડવા**		
	૧. રસ્તા સાફ કરવા	૧૪૩.૨૬	૧૮૨.૬૨
	૨. શહેરનો કચરો ઉપાડવા	૩૨.૯૮	૩૦.૦૮
	૩. ચાલી,સોસાયટી તથા ઝૂંપડપટ્ટીમાં સફાઈ	૬.૮૨	૭.૮૧
	કુલ	**૧૮૩.૦૬**	**૨૨૦.૫૧**
ઝ	**વૈદકીય મદદ**		
	૧. દવાખાના	૪.૯૭	૫.૭૮
	૨. મેટરનીટી હોમ	૪.૪૭	૫.૦૪
	૩. એલ.જી.હોસ્પિટલ	૧૭.૬૭	૨૧.૩૫
	૪. શા.ચી.લા. હોસ્પિટલ	૧૭.૧૬	૧૯.૩૪
	૫. શેઠ ચી.હ.નગરી હોસ્પિટલ	૩.૨૯	૩.૧૮
	૬. ટી.બી.ક્લીનીક	૦.૭૮	૦.૬૩
	૭. ચેપી રોગ હોસ્પિટલ	૧.૦૦	૦.૯૫
	૮. એમ્બ્યુલન્સ	૦.૩૫	૦.૪૬
	૯. ગ્રાંટ મેડીકલ (વી.એસ.હોસ્પિટલની ગ્રાન્ટ)	૬૯.૮૪	૬૭.૫૬
	૧૦. પી.પી.પ્રોગ્રામ	૦.૬૫	૦.૭૩
	કુલ	**૧૨૦.૧૮**	**૧૨૫.૦૨**
ટ	**માર્કેટ અને કતલખાના**		
	૧. માર્કેટ	૦.૦૭	૦.૦૫
	૨. કતલખાના	૦.૪૨	૦.૫૨
	કુલ	**૦.૪૯**	**૦.૫૭**
ઠ	**જન્મમરણની નોંધણી**		
	૧. જન્મમરણની નોંધણી	૨.૯૮	૩.૩૮
	કુલ	**૨.૯૮**	**૩.૩૮**

અ.નં.	ખર્ચની વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
ડ	**બગીચા,સંગ્રહસ્થાન અને રમતગમતનાં મેદાનો- સાધનો**		
	૧. બગીચા	૭.૯૪	૯.૮૬
	૨. રમતગમતનાં મેદાનો –સાધનો વિ.	૦.૦૬	૦.૦૩
	૩. કાંકરિયા તળાવ	૧.૭૮	૨.૮૭
	૪. ફૂવારા તથા શહેર સુશોભન	૦.૨૬	૦.૩૦
	૫. સ્ટેડીયમ	૦.૦૧	૦.૦૦
	૬. ઝૂ ડીપાર્ટમેન્ટ	૩.૪૯	૩.૯૩
	૭. મ્યુઝીયમ (સંસ્કાર કેન્દ્ર)	૦.૨૫	૦.૫૪
	૮. સ્વીમીંગ પુલ (સ્નાનાગાર)	૨.૩૦	૨.૯૭
	૯. ફીઝીયોથેરાપી સ્કુલ	૦.૦૬	૦.૦૫
	કુલ	**૧૬.૧૫**	**૨૦.૫૫**
ઢ	**માહિતી અને પ્રકાશન**		
	૧. માહિતી અને ફરિયાદ ખાતુ (કન્ટ્રોલ રૂમ)	૦.૩૧	૦.૩૩
	૨. મ્યુ.સેન્ટ્રલ લાયબ્રેરી	૦.૦૮	૦.૦૬
	૩. પબ્લીસીટી ડીપાર્ટમેન્ટ	૧૫.૧૩	૧૬.૫૮
	કુલ	**૧૫.૫૨**	**૧૬.૯૭**
ણ	**જાહેર બાંધકામ**		
	૧. ઈજનેર ખાતુ (સામાન્ય દેખરેખ)	૪૪.૫૫	૫૫.૯૫
	૨. વર્કશોપ નં.૨ (રોલર)	૧.૩૮	૨.૦૨
	૩. સેન્ટ્રલ વર્કશોપ	૨૪.૬૬	૨૬.૨૩
	કુલ	**૭૦.૫૯**	**૮૪.૨૦**
ત	**રસ્તા,પુલો,ફુટપાથ અને સ્ટ્રોમ વોટર ડ્રઈન**		
	૧. રસ્તા, પુલો, ફૂટપાથ	૨૨.૯૭	૨૬.૮૨
	૨. સ્ટ્રોમ વોટર ડ્રેઈન	૧.૬૧	૧.૯૪
	કુલ	**૨૪.૫૮**	**૨૮.૭૬**
થ	**સાર્વજનિક કેળવણી**		
	૧. પ્રાથમિક કેળવણી	૨૫૨.૮૨	૩૦૭.૦૦
	૨. મ્યુ.ગર્લ્સ હાઈસ્કુલ	૦.૪૬	૦.૪૧
	૩. મ્યુ.માધ્યમિક શાળાઓ અને તેની કેન્દ્રીય કચેરી	૧.૭૨	૧.૮૦
	૪. મ્યુ. વ્યાયામ વિદ્યાલય	૦.૮૩	૧.૫૩
	૫. મ્યુ. મેડીકલ કોલેજ	૧૮.૯૪	૨૧.૩૬
	૬. પુસ્તકાલય	૧.૩૭	૧.૫૩
	૭. બાળ પુસ્તકાલય	૦.૨૩	૦.૨૨
	૮. એમ. જે. લાયબ્રેરીને ગ્રાન્ટ	૩.૦૮	૩.૩૦
	કુલ	**૨૭૯.૪૫**	**૩૩૭.૧૫**

અ.નં.	ખર્ચની વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
દ	**લોન ચાર્જીસ**		
	૧. લોનનું વ્યાજ	૧.૨૨	૦.૯૬
	૩. બોન્ડ ઈસ્યુનું વ્યાજ	૨.૬૩	૨.૬૪
	૪. સ્ટેટ બેંકને વ્યાજ આપવા અંગેનું મહેનતાણું	૦.૧૩	૦.૧૨
	૭. એન.એચ.પી.લોન ઈ. ડબલ્યુ. એસ.વ્યાજ	૦.૦૫	૦.૦૦
	૯. એન.એચ.બી.ઈ.ડબલ્યુ.એસ. લોનના મુદ્દલની ચૂકવણી	૧.૦૭	૦.૦૦
	કુલ	**૫.૧૦**	**૩.૭૨**
ધ	**લાયસન્સીંગ,રીમુવલ ઓફ એન્ક્રોચમેન્ટ એન્ડ એડમી.ઓફ શોપ્સ એક્ટ**		
	૧. ખાદ્ય વસ્તુઓની તપાસ તથા લાયસન્સીગ	૨.૧૫	૨.૯૫
	૨. ગુમાસ્તાધારા ઓફિસ	૦.૦૫	૦.૦૫
	૩. એન્ક્રોચમેન્ટ ખાતુ	૩.૦૨	૩.૨૧
	કુલ	**૫.૨૨**	**૬.૨૧**
ન	**પરચુરણ**	૧૭.૯	૧૧.૫૦
	એકદંર કુલ	૧૩૨૨.૭૯	૧૫૬૩.૮૩

પત્રક ૨.૯.૭
સને ૨૦૧૧-૧૨ અંતે ઋણની પરિસ્થિતિ

(રૂા. કરોડમાં)

અ.નં.	લોનનું વર્ગીકરણ	તા.૧.૪.૧૦ના રોજ બાકી લોન	નવી આવેલ લોન	ભરપાઈ કરેલ લોન	વર્ષાંતે બાકી લોન
૧	૨	૩	૪	૫	૬
૧	સરકારી લોન	૮૦.૧૧	૦.૦૦	૦.૦૦	૮૦.૧૧
૨	પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઈગ)	૮.૦૦	૦.૦૦	૭.૯૦	૦.૧૦
૩	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫.૯૦	૦.૦૦	૦.૦૦	૧૫.૯૦
૪	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬.૯૦	૦.૦૦	૦.૦૦	૨૬.૯૦
	હુડકો લોન (ગેપ ફંડ)	૧૨૯.૦૦	૦.૦૦	૬.૫૬	૧૨૨.૪૪
	કુલ	**૨૫૯.૯૧**	**૦.૦૦**	**૧૪.૪૬**	**૨૪૫.૪૫**

પત્રક ૨.૯.૮
છેલ્લા બે વર્ષમાં થયેલ કેપીટલ આવકની માહિતી દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૧	રેવન્યુ આવકમાંથી કેપીટલમાં ટ્રાન્સફર	૫૭૬.૮૦	૫૭૮.૩૦
	કેપીટલ ગ્રાંટ	૦	૦
૨	એ. જી.એમ.એફ.બીની ગ્રાંટ	૧૨.૬૨	૯.૪૨
૩	બી. ધારાસભ્યશ્રી ની ગ્રાંટ/સંસદસભ્યશ્રીની ગ્રાંટ	૭.૬૩	૯.૬૮
૪	સી. ઝૂના વિકાસઅર્થેડેવલોપમેન્ટ ઓથોરીટીની ગ્રાંટ	૦.૧૩	૦.૦૫
૫	નાણાપંચની ગ્રાંટ	૧૨.૬૪	૧૬.૧૨
૬	ફાયર ટેક્ષની આવક	૯.૯૭	૧૦.૨૧
૭	ચાલીઓ તથા સોસાયટીમાં વો.પાઈપ લાઈન, ડ્રેનેજ લાઈન, રસ્તા, રીસરફેસ તથા સ્ટ્રીટ લાઈટ	૦.૮૯	૧.૧૭
૮	હુડકો ગેપ ફંડ લોન	૧૨૯.૦૦	૦.૦૦
૯	એસઆર.એફ.ડી.સી.એલ.ની લોનનુ રીપેટ	૮૩.૦૦	૧૬૨.૩૮
૧૦	અન્ય કેપીટલ આવક	૫.૩૪	૦.૦૨
૧૧	ઈ.ડબલ્યુ.એસ.માટે લાભાર્થીઓનો ફાળો	૧.૭૮	૧.૯૨
૧૨	સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૧૦૦.૦૦	૪૩૬.૦૦
૧૩	જે.એન.એન.યુ.આર.એમ. અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૦૪.૧૪	૧૪૩.૪૭
	કુલ કેપીટલ આવક	**૧૧૪૩.૯૪**	**૧૩૬૮.૭૪**

પત્રક ૨.૯.૯
કેપીટલ વર્કસ લોન એકાઉન્ટનાં જુદા જુદા બજેટ હેડ હેઠળ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

(રૂા. કરોડમાં)

અ.નં.	બજેટ હેડ	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૧.	રોડ, ફૂટપાથ અને પોળ પેવમેન્ટ	૨૯૫.૬૦	૨૯૯.૧૪
૨.	પુલો	૧૦૨.૦૪	૨૦.૭૩
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૬૦.૨૨	૧૨.૧૭
૪.	લાઈટીગ	૪.૮૪	૧૦.૫૨
૫.	બિલ્ડીગ	૧૫૨.૨૩	૮૪.૩૫
૬.	જાહેર સ્થળો	૭૨.૩૩	૨૪.૨૦
૭.	પ્લાન્ટ,મશીનરી અને ઈક્વીપમેન્ટ	૪.૨૬	૨૮.૯૩

૮.	મોટર ટ્રાન્સપોર્ટનાં સાધનો	૨૯.૫૨	૧૩૯.૮૫
૯.	આર્થિક રીતે નબળા વર્ગ અંગેના કામો	૧૧૩.૦૭	૬૭.૨૭
૧૦.	પબ્લીક જાજરૂ અને પેશાબખાના	૨.૨૪	૧.૨૯
૧૧.	એક્વીઝીશનનાં કામો	૦.૬૩	૧૦.૬૦
૧૨.	ઓફિસ ફર્નિચર,ફીક્ચર્સ,ઈક્વીપમેન્ટ	૦.૧૮	૦.૨૬
૧૩.	વોટર પ્રોજેક્ટ	૧૩૬.૯૮	૭૧.૨૪
૧૪.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૬૬.૬૩	૧૨૮.૭૭
૧૫.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૦૩	૦.૫૬
૧૬.	જી.એમ.એફ.બીની ગ્રાંટ	૧.૯૧	૩.૬૩
૧૭.	એમ.એલ.એ. ગ્રાંટમાંથી કરવાના કામો	૩.૮૩	૪.૬૫
૧૮.	એમ.પી.ગ્રાંટમાંથી કરવાનાં કામો	૨.૦૫	૧.૭૮
૧૯.	રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ બોર્ડ	૧૦૫.૯૩	૧૫૭.૫૮
૨૦.	જી.આઇ.ડી.સી.એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ સ્કીમ	૦.૦૦	૦.૧૪
૨૧.	૧૦મા નાણાં પંચની ભલામણ અંગેની ગ્રાંટ	૦.૦૦	૦.૩૦
૨૨.	ઇ.ગર્વનન્સ	૩.૪૦	૧૧.૭૮
૨૩.	એ.એમ.ટી.એસ. ને લોન	૧૩૮.૦૮	૧૫૨.૯૧
૨૪.	અમદાવાદ જનમાર્ગ લી.	૧૨.૦૦	૧૭.૦૦
૨૫.	અર્બન ટ્રાન્સપોર્ટફંડ - એ.જે.એલ.	૨.૦૦	૦.૦૦
૨૬.	અ.મ્યુ.કો. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૧૪.૫૮	૧૦.૮૧
૨૭.	સફાઇ કામદાર રાહત યોજનાની ગ્રાન્ટમાંથી કરવાના કામો	૦.૦૦	૦.૦૦
૨૮.	નિર્મલ ગુજરાત અન્વયે ટોયલેટ સ્કીમ યોજના	૬.૯૦	૫.૪૫
૨૯.	અન્ય	૦.૪૫	૦.૪૪
૩૦.	સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	-૧૬૨.૦૨	-૩૯.૮૬
	કુલ	**૧૨૬૯.૯૧**	**૧૨૨૬.૪૯**

૨.૧૦ સેન્ટ્રલ રેકર્ડખાતુ
૨૦૧૧-૧૨

અ.મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતા પૈકી સેન્ટ્રલ રેકર્ડ વિભાગ અતિ મહત્વનો અને જાહેર જનતાની અવરજવરથી વ્યસ્ત હોવાની સાથે જાહેરજનતાના હિતાર્થે અનેક પ્રકારની કામગીરી કરે છે. આ વિભાગમાં જન્મમરણની નોંધ, બિલ્ડીગ કન્સ્ટ્રક્શનના મંજુર થયેલા પ્લાન તથા તેના ઉપયોગની રજાચીઠ્ઠીની નકલો મ્યુ.ટેક્ષ, ડીમાન્ડ, ખાતાના ઈમ્પોર્ટ બીલ વિગેરે દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવામાં આવે છે.
અહેવાલી વર્ષમાં જન્મમરણના રેકર્ડની નકલો મેળવવા માટે ૧૬૯૨૨ અરજીઓ આવેલી.જ્યારે અગાઉના વર્ષની ૪૨૬૩ અરજીઓ બાકી રહેલી હોવાથી કુલ ૧૨૬૫૯ અરજીઓ થવા પામેલ.વર્ષ દરમ્યાન તે પૈકી ૧૨૭૬૧ અરજીઓનો નિકાલ થતાં વર્ષ આખરે ૪૧૬૧ અરજીઓ બાકી રહેવા પામી હતી. એટલે કે ૭૫.૪૧% કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

મિલકતની આકારણી અંગેના ઠરાવોની પ્રમાણિત નકલો મેળવવા માટે તથા પ્રમાણિત નકલો પ્લાન-રોડ લાઇનની નકલો,મતદારયાદીની નકલ મેળવવા પ્રજા તરફથી અરજીઓ આવે છે. અહેવાલી વર્ષમાં આવી ૧૫૭૭ અરજીઓ આવેલ. જેમાં ગત વર્ષની બાકી અરજીઓ ૭૬૨ મળી કુલ ૨૩૩૯ અરજીઓમાંથી વર્ષ દરમ્યાન૧૬૦૫ અરજીઓનો નિકાલ થયેલ અને વર્ષના અંતે ૭૩૪ અરજીઓ બાકી રહેતા ૬૮.૬૧ અરજીઓનો નિકાલ થવા પામેલ.અહેવાલી વર્ષ દરમ્યાન નિકાલ થયેલ અરજીઓની માહિતી પત્રક ૨.૧૧.૧માં દર્શાવેલ છે.

આ ખાતાના ટેન્ડર ઓફિસર દ્વારા જુદા જુદા ખાતાની જુદી જુદી કામગીરી માટે જાહેર નોટીસો આપીને મંગાવેલ ટેન્ડરો સ્વીકારીને ખોલવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૨૬૮ વર્કીંગ દિવસો પૈકી ૧૫૮ દિવસ ટેન્ડર ખોલવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા ખાતાના કુલ ૨૩૦૦ ટેન્ડરો ખોલવામાં આવ્યા હતા. માસવાર ટેન્ડરોની વિગત પત્રક ૨.૧૧.૨ માં દર્શાવી છે. અને ખાતાવાર ટેન્ડરની માહિતી પત્રક ૨.૧૧.૩માં દર્શાવેલ છે.

જન્મમરણની કોમ્પ્યુટરાઇઝ લેમીનેશન કરી નકલ આપવાનો ચાર્જ રૂા.૨૫/- લેવામાં આવે છે. બાંધકામ પ્લાનની નકલ મેળવવાની ડીપોઝીટ પ્લાન દીઠ રૂા.૧૦૦/- છે. તેમજ રોડલાઇનની નકલોનો ચાર્જ રૂા.૧૦૦/- છે. ટેક્ષ ખાતાના હરકત રજીસ્ટર ઠરાવની નકલ મેળવવાનો ચાર્જ રૂા.૧૦/- છે.બી.યુ.પરમીશન,ટેક્ષના ડીમાન્ડ દાખલાની નકલ,તેમજ ગુમાસ્તાધારાની નકલ આ તમામ નકલોનો ચાર્જ રૂા.૧૦/- છે. જી.ડી.ઇ.એસ.ટી. ઠરાવ વિ.ની પ્રમાણીત નકલોનો ચાર્જ રૂા.૫/- લેવાય છે.

અહેવાલી વર્ષમાં જન્મ મરણની નકલની ફી,પ્લાન,,રોડ લાઇન તેમજ અન્ય નકલોની આવક રૂા.૫,૧૧,૧૫૪/- થયેલ છે. જેમાંથી રીફંડ રૂા.૧,૦૧૬૫૦/- ચૂકવાતાં નેટ આવક રૂા.૪,૦૯૫,૦૪/--ની થયેલ છે. ગત વર્ષે કુલ આવક રૂા. ૫,૧૧,૧૫૪/- થઈ હતી.

પત્રક ૨.૧૦.૧

વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન આવેલ અને નિકાલ થયેલ અરજીઓનું પૃથ્થકરણ

અ. નં.	પ્રમાણિત નકલ	અગાઉની બાકી અરજીઓ	નવી આવેલ અરજીઓ	કુલ અરજીઓ	નિકાલ કરેલ અરજીઓ	બાકી અરજીઓ	કુલ અરજીઓની સામે નિકાલ થયેલ અરજીઓની ટકાવારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	જન્મમરણ નકલની અરજી	૪૨૬૩	૧૨૬૫૯	૧૬૯૨૨	૧૨૭૬૧	૪૧૬૧	૭૫.૪૧
૨	મંજૂર થયેલ પ્લાન, રોડ લાઈન, બી.યુ. પરમીશન, રજાચીઠ્ઠી, મતદારયાદી, ઓક્ટ્રોય પંહોચ, ટેક્ષડીમાન્ડ, ગુમાસ્તાધારા પ્રમાણપત્ર, જી.ડી.ઈ.એસ.ટી. ઠરાવની નકલ	૭૬૨	૧૫૭૭	૨૩૩૯	૧૬૦૫	૭૩૪	૬૮.૬૧

પત્રક ૨.૧૦.૨

વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન જુદા જુદા તથા માસવાર આવેલ ટેન્ડરોની સંખ્યા દર્શાવતુ પત્રક

અ. નં.	ખાતાનુ નામ	એપ્રિલ	મે	જૂન	જુલાઇ	ઓગષ્ટ	સપ્ટે.	ઓકટો.	નવે.	ડીસે.	જાન્યુ.	ફેબ્રુ.	માર્ચ	કુલ
૧	ઇજનેર બી.આર.ટી.એસ.													
૨	લાઇટ	૫	૪૦	૧૨	૩૩	૩	૧૬	૫		૨	૯	૧૫	૨	૧૪૨
૩	સેન્ટ્રલ સ્ટોર્સ	૩૭૯	૨૫	૧૯	૪૧	૧૦૬	૩૫	૪	૭૯			૧૦	૩૪૯	૧૦૪૭
૪	સેન્ટ્રલ વર્કશોપ												૨	૨
૫	હેલ્થ જન્મ મરણ	૫૧	૧૨	૧			૩	૧			૧	૨૨		૯૧
૬	સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ	૭૮		૪૧		૨૮		૩		૭૧	૫૩	૧૩	૪૦	૩૨૭
૭	એસ.ટી.પી.	૧૩	૩	૪	૬	૨	૨૩		૨	૯	૩	૧૪	૩	૮૨
૮	વોટર ઓપરેશન	૨૧	૨૫	૧૪	૧૭	૩૫	૩૫	૮	૧૭	૧૯	૮	૨૮		૨૨૭
૯	એલ.જી./શા.ચી.લા./નગરી	૮	૨	૮	૫		૪	૪	૨		૧			૩૪
૧૦	આંગણવાડી												૪	૪
૧૧	ઇલેકશન													
૧૨	ઝુ			૧૭							૧૦			૨૭
૧૩	સી.એન.સી.ડી.	૪		૧૬										૨૦
૧૪	એસ્ટેટખાતુ મધ્યસ્થ કચેરી						૮	૪	૫	૯	૧૧૧			૧૩૭
૧૫	એસ્ટેટખાતુ પબ્લીક હોલ વિભાગ	૨૦	૪							૨૭				૫૧
૧૬	ફાયર બ્રિગેડ	૩				૬	૧૩	૪	૪	૨	૬	૭		૪૫
૧૭	નગરી હોસ્પિટલ													
૧૮	વ્યાયામ વિદ્યાલય			૧૨										૧૨
૧૯	કોમ્પ્યુટર ડીપા.	૫	૩			૩	૨							૧૩
૨૦	સોલીડ વે.મે.					૧		૪		૫	૪			૧૪
૨૧	પબ્લીસીટી			૬			૮	૧	૧૦					૨૫
૨૨	મેલેરીયા													
૨૩	સેન્ટ્રલ ઓફીસ													
૨૪	ડ્રેનેજ પ્રોજેકટ													
	કુલ	૫૮૭	૧૧૪	૧૫૦	૧૦૨	૧૮૪	૧૪૭	૩૮	૧૧૯	૧૪૪	૨૦૬	૧૦૯	૪૦૦	૨૩૦૦

પત્રક ૨.૧૦.૩

વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન આવેલ અને નિકાલ થયેલ અરજીઓનું પૃથ્થકરણ

અ. નં.	ખાતાનુ નામ	કુલ	ટકાવારી
૧	ઈજનેર બી.આર.ટી.એસ.	--	
૨	લાઈટ	૧૪૨	૬.૧૭
૩	સેન્ટ્રલ સ્ટોર્સ	૧૦૪૭	૪૫.૫૨
૪	સેન્ટ્રલ વર્કશોપ	૨	૦.૦૯
૫	હેલ્થ જન્મ મરણ	૯૧	૩.૯૬
૬	સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ	૩૨૭	૧૪.૨૨
૭	એસ.ટી.પી.	૮૨	૩.૫૭
૮	વોટર ઓપરેશન	૨૨૭	૯.૮૭
૯	એલ.જી. હોસ્પિટલ		
૧૦	શા.ચી.લા. હોસ્પિટલ/નગરી	૩૪	૧.૪૮
૧૧	ઈલેકશન	--	
૧૨	ઝુ	૨૭	૧.૧૭
૧૩	સી.એન.સી.ડી.	૨૦	૦.૮૭
૧૪	એસ્ટેટખાતુ મધ્યસ્થ કચેરી	--	
૧૫	એસ્ટેટખાતુ પબ્લીક હોલ વિભાગ	૧૮૮	૮.૧૭
૧૬	ફાયર બ્રિગેડ	૪૫	૧.૯૬
૧૭	નગરી હોસ્પિટલ	૪	૦.૧૭
૧૮	વ્યાયામ વિદ્યાલય	૧૨	૦.૫૨
૧૯	કોમ્પ્યુટર ડીપા.	૧૩	૦.૫૭
૨૦	સોલીડ વે.મે.	૧૪	૦.૬૧
૨૧	પબ્લીસીટી	૨૫	૧.૦૯
૨૨	મેલેરીયા	--	
૨૩	સેન્ટ્રલ ઓફીસ	--	
૨૪	ડ્રેનેજ પ્રોજેકટ	--	
	કુલ	૨૩૦૦	૧૦૦

માસનું નામ	કામના દિવસની સંખ્યા	માસ દરમિયાન ટેન્ડર ખોલવાની રાખેલ કામગીરીના દિવસો	કામકાજના દિવસો પૈકી ટેન્ડરની કામગીરી હાથ ધરાયેલ હોય તો તે દિવસોની ટકાવારી	આવેલ ટેન્ડરોની કુલ સંખ્યા	*ટેન્ડર ખોલવાના દિવસ દીઠ સરેરાશ આવેલ ટેન્ડરની સંખ્યા*
એપ્રિલ	૧૯	૧૩	૬૮.૪૨	૫૮૭	૩૧
મે	૨૩	૧૩	૫૬.૫૨	૧૧૪	૫
જૂન	૨૪	૧૩	૫૪.૧૬	૧૫૦	૬
જુલાઈ	૨૪	૧૪	૫૮.૩૩	૧૦૨	૪
ઓગષ્ટ	૨૧	૧૧	૫૨.૩૮	૧૮૪	૯
સપ્ટેમ્બર	૨૩	૧૭	૭૩.૯૧	૧૪૭	૬
ઓકટો.	૧૯	૦૭	૩૬.૮૪	૩૮	૨
નવે.	૨૨	૧૧	૫૦.૦૦	૧૧૯	૫
ડીસે.	૨૪	૧૩	૫૪.૧૬	૧૪૪	૬
જાન્યુ.	૨૩	૧૬	૬૯.૫૬	૨૦૬	૯
ફેબ્રુ.	૨૨	૧૫	૬૮.૧૮	૧૦૯	૫
માર્ચ	૨૪	૧૫	૬૨.૫૦	૪૦૦	૧૭
કુલ	૨૬૮	૧૫૮		૨૩૦૦	

સને ૨૦૧૧-૧૨ નો સેન્ટ્રલ રેકર્ડ ડીપાર્ટમેન્ટનું આવકનું પત્રક

માસ	ગ્રોસ આવક	રીફંડ	*નેટ આવક*
એપ્રિલ	૪૨૩૮૦	૧૩૭૧૩	૨૮૬૬૭
મે	૩૪૯૬૫	૮૮૯૭	૨૬૦૬૮
જૂન	૪૯૨૫૯	૨૬૧૩૬	૨૩૧૨૩
જુલાઈ	૪૫૩૮૦	૧૧૮૧૮	૩૩૫૬૨
ઓગષ્ટ	૩૧૨૮૦	૪૨૯૯	૨૬૯૮૧
સપ્ટેમ્બર	૪૭૦૨૦	૯૧૬૯	૩૭૮૫૧
ઓકટો.	૩૨૦૯૦	૧૯૦	૩૧૯૦૦
નવે.	૩૯૮૧૦	૫૭૦	૩૯૨૪૦
ડીસે.	૪૬૯૮૦	૧૩૨૦	૪૫૬૬૦
જાન્યુ.	૪૦૬૮૦	૧૭૧૦	૩૮૯૭૦
ફેબ્રુ.	૪૩૬૯૫	૨૮૨૦	૪૦૮૭૫
માર્ચ	૫૭૬૧૫	૨૧૦૦૮	૩૬૬૦૭
કુલ	૫૧૧૧૫૪	૧૦૧૬૫૦	૪૦૯૫૦૪

સેન્ટ્રલ રેકર્ડ ખાતાનો સને ૨૦૧૧-૧૨ નો વાર્ષિક વહીવટી અહેવાલ										
	જન્મમરણની અરજન્ટ તેમજ રૂટીન નકલ મેળવવાની આવેલ અરજીની વિગત					*મંજૂર થયેલ પ્લાન, રોડ લાઈન, બી.યુ. પરમીશન, રજાચીઠ્ઠી, મતદારયાદી, ઓક્ટ્રોય પંહોચ, ટેક્ષડીમાન્ડ, ગુમાસ્તાધારા પ્રમાણપત્ર, જી.ડી.ઈ.એસ.ટી. ઠરાવની નકલ*				
	અગાઉની બાકી અરજી	નવી આવેલ અરજી	કુલ	માસ દરમિયાન નિકાલ થયેલ અરજી	માસ અંતે બાકી અરજી	અગાઉની બાકી અરજી	નવી આવેલ અરજી	કુલ	માસ દરમિયાન નિકાલ થયેલ અરજી	માસ અંતે બાકી અરજી
એપ્રિલ	૮૫૩	૧૦૮૬	૧૯૩૯	૧૫૮૯	૩૫૦	૬૮	૧૦૪	૧૭૨	૧૦૮	૬૪
મે	૩૫૦	૯૬૧	૧૩૧૧	૧૦૦૫	૩૦૬	૬૪	૧૩૮	૨૦૨	૧૨૯	૭૩
જૂન	૩૦૬	૯૯૦	૧૨૯૬	૧૧૧૧	૧૮૫	૭૩	૧૩૭	૨૧૦	૧૩૯	૭૧
જુલાઈ	૧૮૫	૧૦૮૮	૧૨૭૩	૧૦૪૫	૨૨૮	૭૧	૧૨૭	૧૯૮	૧૪૬	૫૨
ઓગષ્ટ	૨૨૭	૮૫૯	૧૦૮૬	૯૦૧	૧૮૫	૬૬	૧૧૨	૧૭૮	૧૧૫	૬૩
સપ્ટેમ્બર	૧૮૫	૧૦૩૯	૧૨૨૪	૧૦૨૧	૨૦૩	૬૩	૧૨૭	૧૯૦	૧૩૧	૫૯
ઓક્ટો.	૨૦૩	૧૨૦૯	૧૪૧૨	૧૨૪૫	૧૬૭	૫૯	૧૩૭	૧૯૬	૧૩૮	૫૮
નવે.	૧૬૭	૮૫૬	૧૦૨૩	૮૦૦	૨૨૩	૫૮	૬૦	૧૧૮	૭૧	૪૭
ડીસે.	૨૨૩	૯૬૨	૧૧૮૫	૭૬૩	૪૨૨	૪૭	૧૪૮	૧૯૫	૧૨૫	૭૦
જાન્યુ.	૪૨૨	૧૩૧૫	૧૭૩૭	૧૨૦૦	૫૩૭	૭૦	૧૫૬	૨૨૬	૧૬૭	૫૯
ફેબ્રુ.	૫૩૭	૧૧૪૭	૧૬૮૪	૧૦૭૯	૬૦૫	૫૯	૧૯૦	૨૪૯	૧૮૫	૬૪
માર્ચ	૬૦૫	૧૧૪૭	૧૭૫૨	૧૦૦૨	૭૫૦	૬૪	૧૪૧	૨૦૫	૧૫૧	૫૪
કુલ	૨૬૬૯	૯૨૮૦	૧૧૯૪૯	૮૭૧૬	૩૨૩૩	૫૩૨	૧૧૫૧	૧૬૮૩	૧૧૬૯	૫૧૪

૨.૧૧ પ્લાનીંગ એન્ડ ફાયનાન્સ સેલ
૨૦૧૧-૧૨

૨૦૧૧-૧૨ નો ખાતાની કામગીરીનો વાર્ષિક વહીવટી અહેવાલ

આ વિભાગની મુખ્ય કામગીરી નીચેના ચાર વિભાગમાં વહેંચી શકાય.

(૧)રાજય સરકાર /કેન્દ્ર સરકાર તરફથી ૧૦મા/૧૧મા નાણાં પંચની મળેલ ગ્રાંટ,માન.સંસદસભ્યશ્રી /ધારાસભ્યશ્રી ના બજેટહેડ હેઠળ દર વર્ષે મળેલ/મળવાપાત્ર ગ્રાંટ,ગુ.મ્યુ.ફા.બોર્ડની મોનરંજન કર,કેબલ ટી.વી.ડીસ્ક એન્ટેના,શહેરી ગરીબ યોજના,વ્યવસાયવેરો,૧૩મું નાણાં પંચ વિગેરે યોજના હેઠળ વિકાસના કામો માટે નિયત ધારાધોરણ મુજબ મળેલ/મળવાપાત્ર ગ્રાંટ સામે કેપીટલ નેચરના કામો ની મંજુરી સંબંધિત સક્ષમ સત્તાઓ પાસેથી મેળવી તેનો નિયમિત માસિક પ્રગતિ અહેવાલ ની સમીક્ષા બેઠક રાખી સમીક્ષા કરી અને સમયાંતરે પ્રગતિ અહેવાલ સંબંધિત સરકારશ્રીના વિભાગને મોકલવાને લગતી મોનીટરીંગની સમગ્ર કામગીરી.

(૨)વાર્ષિક વહીવટી અહેવાલ દર વર્ષે અ.મ્યુ.કો.ના તમામ ખાતાઓનો એકત્રિત કરી સંકલિત કરી સ્ટે.કમિટીની મંજુરી અર્થે મૂકવાને લગતી કામગીરી.

(૩)જુદા જુદા સરકારશ્રીના વિભાગો દ્વારા/ખાનગી સંસ્થાઓ દ્વારા નિયત નમુના પત્રકમાં સમયાંતરે જુદા જુદા પ્રકારની આંકડાકીય માહિતી મંગાવવામાં આવે છે.તેનુ એકત્રિકરણ કરી સંબંધિત સંસ્થાને મોકલવાને લગતી કામગીરી તેમજ અમદાવાદ શહેરની આંકડાકીયરૂપ રેખા નામની પુસ્તિકામાં સમાવિષ્ટ જુદી જુદી આંકડાકીય માહિતી મેળવી તૈયાર કરી તેને અ.મ્યુ.કો.ની વેબસાઇટ ઉપર મુકવાને લગતી કામગીરી

(૪)(અ)અ.મ્યુ.કો.માં જુદા જુદા વિભાગ/ઝોન દ્વારા રૂા.૧ લાખ ઉપરાંતના ટેન્ડરની નાણાંકીય પાસાની સ્ક્રુટીની કરી નિયત ફોરમેટમાં દર અઠવાડીયે ટેન્ડર સ્ક્રુટીની કમીટીની મીટીંગ બોલાવી તેમા વિચારણા અર્થે રજુ કરવા માટે એજન્ડા રૂપે તૈયાર કરવાને લગતી કામગીરી.

(બ)અ.મ્યુ.કો.ના જુદા જુદા ખાતાઓમાં કોઇપણ નવી હંગામી/કાયમી જગ્યા ઉઘાડવાની હયાત જગ્યાઓ સાથે નવા એલાઉન્સીસ જોડવાને લગતી સ્ક્રુટીની કામગીરી,હયાત રોજીંદા કર્મચારીઓની મુદ્દત લંબાવવાને લગતી કામગીરી તેમજ વર્ગ-૪ ના ફુલ ટાઇમ રોજીંદા કર્મચારીઓને નક્કી થયેલ નીતિ મુજબ જરૂરી ચકાસણી કરી કાયમ કરવા માટે ભલામણ કરવાને લગતી સમગ્ર કામગીરી.

ઉપરોકત કામગીરીના અનુસંધાનામાં અહેવાલી વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(ક) માન.ધારાસભ્યશ્રીની ગ્રાંટ હેઠળના કામો :-

સને ૮૯/૯૦ થી મળતી આ ગ્રાંટ હેઠળ મહાનગરપાલિકાની હદવિસ્તારનાં ધારાસભ્યશ્રીઓ તેમના મતવિસ્તારને લગતી ન્યુનતમ જરૂરિયાતોને લગતાં વિકાસના કામો જીલ્લા કલેકટરશ્રી સૂચવે છે. જેની મોનીટરીંગને લગતી સમગ્ર કામગીરી આ ખાતામાં કરવામાં આવે છે. ધારાસભ્યદીઠ જે તે વર્ષમાં સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં રાજય સરકાર દ્વારા ધારાસભ્ય દીઠ રૂા.૫૦/- લાખની ગ્રાંટ સરકારશ્રીએ ફાળવેલ છે. કોઈ એક કામના ખર્ચની મર્યાદા વધુમાં વધુ રૂા. ૩/- લાખ સુધી છે જ્યારે સરકારી/મહાનગરપાલીકા /નગરપાલીકા દ્વારા સંચાલીત હોસ્પિટલોમાં અદ્યતન મશીનો/સાધનો વસાવવા માટે પોતાના ફંડમાંથી રૂા.૫ લાખની મર્યાદામાં જે તે શહેરના કોઇપણ ધારાસભ્યશ્રી તેમની ગ્રાંટમાંથી શહેરના કોઇપણ વિસ્તારમાં કામ સુચવી શકે છે. જુદા જુદા વર્ષની ગ્રાંટ હેઠળ અહેવાલી વર્ષના અંતે થયેલ પ્રગતિની વિગત નીચે મુજબ છે.

આમ અહેવાલી વર્ષમાં ૨૦૧૦-૧૧ ના વર્ષની ગ્રાંટ હેઠળ ૨૩૧ કામો પૂર્ણ થયેલ છે રૂા.૧૭૮.૩૭ લાખનો ખર્ચ પડેલ છે,૨૦૧૧-૧૨ના વર્ષની ગ્રાંટ હેઠળ ૧૧૧ કામો પૂર્ણ થયેલ છે રૂા.૬૭.૯૮ લાખનો ખર્ચ પડેલ છે, આમ સદર બે વર્ષ હેઠળ એકંદરે ૩૪૨ કામો પૂર્ણ થયેલ છે રૂા.૨૪૬.૩૫ લાખનો ખર્ચ પડેલ છે અને સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષની ગ્રાંટ હેઠળ ધારાસભ્યશ્રી મુજબનું ૩૧-૦૩-૧૨ અંતિત પ્રગતિ દર્શાવતું સમરી પત્રક ૨.૧૨.૨ અને ૨.૧૨.૩ માં સામેલ છે.

(ખ) માન.સંસદસભ્યશ્રીઓની ગ્રાંટ હેઠળના કામો :-

સને ૯૩-૯૪ ના વર્ષથી શરૂ થયેલ આ ગ્રાંટ હેઠળ માન.સંસદસભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારમાં ન્યુનતમ જરૂરિયાતના કામો કરાવી શકે છે. સને ૯૩-૯૪ માં સંસદસભ્યદીઠ રૂ.૫ લાખ અને ત્યાર પછીના ૯૪-૯૫ થી ૯૭-૯૮ સુધી સંસદસભ્યદીઠ રૂા.૧ કરોડની ગ્રાંટ અને ૯૮/૯૯ના વર્ષથી સંસદસભ્ય દીઠ રૂા.૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.એપ્રિલ-૦૨ની ગાઈડ લાઈન મુજબ આ ગ્રાંટ હેઠળ તેઓ કોઈ એક કામના ખર્ચની રકમ રૂ.૨૫/- લાખથી વધે નહીં તે રીતે કામો સુચવી શકતા હતા જે મર્યાદા નવેમ્બર ૨૦૦૫ની માન.સંસદ સભ્યશ્રી ના મત વિસ્તારની વિકાસ યોજનાના કામોની ગાઈડ લાઈનમાં દૂર કરવામાં આવેલ છે જેથી હવે રૂ.૨ કરોડની મર્યાદામાં કોઇ પણ રકમનું કામ આ ગ્રાંટ હેઠળ સુચવી શકાય છે.વર્ષ ૨૦૧૧-૧૨ થી સંસદસભ્યશ્રી દીઠ રૂા.૫ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવે છે.અહેવાલી વર્ષાન્તે જુદા જુદા વર્ષની ગ્રાન્ટ હેઠળ થયેલ કામગીરી નીચે મુજબ છે.

આમ અહેવાલી વર્ષમાં ૨૦૧૦-૧૧ની ગ્રાંટ હેઠળ ૨૯ કામો પૂર્ણ અને રૂા.૭૩.૫૭ લાખનો ખર્ચ, ૨૦૧૧-૧૨ની ગ્રાંટ હેઠળ ૮ કામો પૂર્ણ અને રૂા.૯.૧૨ લાખનો ખર્ચ થયેલ છે આમ સદર બે વર્ષ હેઠળ એકંદરે ૩૭ કામો પૂર્ણ થયેલ છે અને રૂા.૮૨.૬૯ લાખનો ખર્ચ પડેલ છે. સને ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ ના વર્ષની ગ્રાંટ હેઠળ સંસદસભ્યશ્રી મુજબનું મંજુર થયેલ કામોની તા.૩૧-૩-૧૨ અંતિત પ્રગતિ દર્શાવતી સમરી પત્રક ૨.૧૨.૪ અને ૨.૧૨.૫માં સામેલ છે.

માન.ધારાસભ્યશ્રી તથા સંસદસભ્યશ્રીની ગ્રાંટ હેઠળના ઉપરોક્ત વિશ્લેષણ ઉપરથી માલુમ પડે છે કે સતત ફોલોઅપને કારણે કામોની પ્રગતિની ઝડપમાં ઘણોજ વધારો થયેલ છે અને મળેલ ગ્રાંટનો મહદ અંશે ઉપયોગ થાય તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

દશમાં/અગિયારમાં નાણાંપંચની ગ્રાન્ટ

ગુ.મ્યુ.ફા.બોર્ડ.ની જુદી જુદી યોજના હેઠળ અહેવાલી વર્ષ દરમ્યાન મંજુર થયેલ કામોની સમરી નીચે મુજબ છે.વર્ષ:- ૨૦૧૧-૧૨

અ.નં.	મંજુરી વર્ષ	ગ્રાંટનો પ્રકાર	મંજુર થયેલ ગ્રાંટની રકમ	મંજુર થયેલ કામોની સંખ્યા	મંજુર થયેલ કામોની અંદાજીત રકમ	સ્ટે.ક.ઠ.નં./તારીખ
૧	૨૦૧૧-૧૨	૧૩મુ નાણાં પંચ	૭,૯૭,૩૯,૯૪૭/-	૧	૧૦,૦૬,૦૬,૯૨૦/-	૧૬૩૫/ ૦૧-૧૨-૧૧

૨	૦૬-૦૭ ની વ્યવસાયવેરા ની ફાળવેલ ગ્રાંટ પૈકી રહેતી બચત સામેના કામો	વ્યવસાય વેરા	૧,૬૩,૯૧,૯૦૮/-	૧૩	૧,૬૩,૯૧,૯૦૮/-	૨૧૪૮/ ૦૯-૦૨-૧૨
૩	૨૦૧૧-૧૨	મનોરંજન કર	૨૧,૦૧,૧૬૦/-			મંજુરીની પ્રક્રિયામાં
૪	૨૦૧૧-૧૨	વ્યવસાય વેરા	૧,૧૬,૧૩,૮૭૦/-			મંજુરીની પ્રક્રિયામાં
૫	૨૦૧૧-૧૨	મોનરંજન કર કેબલ ટીવી.ડીસ્ક એન્ટેના	૩,૯૧,૩૩,૨૯૩/-			મંજુરીની પ્રક્રિયામાં

ફાયનાન્સ સેલ

આ વિભાગ દ્વારા મ્યુ.કોર્પો.ના વિવિધ વિભાગોમાં કરવામાં આવતા ખર્ચ,ખરીદી કે નાણાંકીય બાબતોનું નિયમન કરાય છે.આ વિભાગ દ્વારા ટેન્ડર સ્ક્રુટીની કમિટી અને એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચને લગતી અંતર્ગત નાણાંકીય અંકુશ માટે ખર્ચમાં કરકસર કરવાનું મહત્વ ધ્યાનમાં રાખી વાસ્તવિક પરિસ્થિતિ તથા જરૂરિયાતની અનિવાર્યતા તેમજ મ્યુ.કોર્પો.ની નાણાંકીય પરિસ્થિતિ તથા અન્ય સંલગ્ન બાબતોનો અભ્યાસ કરી તેને અસરકારક બનાવવા માટે તેમજ આ કામગીરી અને નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે સદર વિભાગ અગત્યનો ભાગ ભજવે છે.

ટેન્ડર સ્ક્રુટીની કમિટીમાં કોર્પો.ના કોઈપણ ખાતા દ્વારા એક લાખ રૂપિયાથી વધુ રકમની કરવામાં આવતી ખરીદી/ટેન્ડરની દરખાસ્તોને બે ડે.મ્યુ.કમિ.શ્રી(રોટેશન મુજબ) બે એડી.સીટી.એન્જીશ્રી(રોટેશન મુજબ) તથા ડે.મ્યુ.કમિ.(ફાયનાન્સ)સ્પે.સીટી એન્જીશ્રી અને સીટી એન્જીશ્રી(કાયમી સભ્ય)ની બનેલ છે.તેમજ એજન્ડા ઉપરના કામનો જે તે વિભાગના વડાને હાજર રાખવામાં આવે છે. કમિટી દ્વારા નાણાંકીય અસરો અને ટેકનીકલ બાબતોને ધ્યાનમાં લઈ તપાસવામાં આવે છે. ચર્ચા-વિચારણા અને પ્રશ્નોત્તરીને અંતે દરખાસ્ત યોગ્ય જણાય તો તેને અમલીકરણ માટે મંજૂરી અર્થે મ્યુ.કમિ.શ્રીને ભલામણ કરાય છે. આ દરમ્યાન દરખાસ્તમાં ભાવ વધુ જણાય તો અન્ય સક્ષમ અધિકારી દ્વારા ફેરમુલ્યાંકન કે ચકાસણી કે મંતવ્ય જેવા કારણસર પરત પણ મોકલાય છે.આસી.મેનેજર (સ્ક્રુટીની) દ્વારા પ્લાનીંગ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ટેન્ડરોની નાણાંકીય પાસાની ચકાસણી કરી એજન્ડા તૈયાર કરી દર અઠવાડિયે આ કમીટી સમક્ષ મુકવામાં આવે છે.આ કમિટી સામાન્ય રીતે અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વાર મળતી હોય છે.

ફાયનાન્સ સેલ દ્વારા ૨૪૩૯ દરખાસ્તોની નાણાંકીય ચકાસણી કરી ટેન્ડર સ્ક્રુટીની મીટીંગમાં મંજુરી માટે મુકવામાં આવેલ છે.તેમજ ટેન્ડર સ્ક્રુટીની મીટીંગમાં જે તે ખાતા દ્વારા તાકીદની જરૂરીયાત વાળી ૨૪૪ ફાઈલો રજુ થયેલ તેનો નિર્ણય પણ ટેન્ડર સ્ક્રુટીની મીટીંગમાં ખાતાના અધિકારીની રજુઆત મુજબ કરાવવામાં આવેલ છે.

જુદા જુદા ખાતાઓમાં જુદી જુદી કેટેગરીની ઉઘાડવામાં આવેલ હંગામી તથા રોજીંદા દરની જગાઓની પૂરી થતી મુદત લંબાવવા કે કાયમ કરવા કે રદ કરવા અંગેની માહિતી અત્રેના પરિપત્રથી મેળવવામાં આવે છે. અને તેનો ચોકસાઈથી અભ્યાસ કરી સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્તોની મ્યુનિ. કમિ.શ્રીની સમયાંતરે મંજુરી મેળવવામાં આવે છે.

વર્ષ ૨૦૧૧-૧૨માં વર્ગ-૪ના રોજીંદા કામદારો કે જેઓ એ તા.૧૫/૮/૦૪ ના રોજ ૫ વર્ષ ૯૦૦ દિવસ પુર્ણ થયેલ હોય તેવા કામદારોને કાયમ કરવાની સ્ટે.ક.ઠ.નં- ૪૪૭ તા.૧૩/૮/૦૪ થી નકકી થયેલ નીતિ મુજબ આવેલ અરજીઓ પૈકી ૩ રોજીંદા કામદારને કાયમ કરવા રજુઆત કરી મ્યુ.કમિશ્રીનો નિર્ણય મેળવવામાં આવેલ છે. આમ, તા.૩૧/૩/૧૨ સુધીમાં ૦૩ કામદાર કાયમ કરવામાં આવેલ.આમ આ ખાતુ કોર્પોરેશનમાં કાર્યદક્ષ નાણાંકીય આયોજનને પાર પાડવાની એક અગત્યની ફરજ અદા કરી વહીવટી તંત્રનું અગત્યનું અંગપૂરવાર થતું રહયું છે.ઉપરોક્ત કાર્ય ઉપરાંત મ્યુ.કોર્પો.દ્વારા પ્રગટ અને વિતરીત થતી ડાયરીઓ પૈકી કોમ્લીમેન્ટરી ડાયરીઓના વિતરણ બાબતમાં પણ અગત્યતા, અગ્રીમતા અને જરૂરીયાત મુજબ નિયમન કરે છે.જેમાં બચતનો અભિગમ કેન્દ્રસ્થાને હોય છે.

પ્લાનીંગ ઓફિસરની સરકારી પત્રોના નિકાલ માટે નોડલ ઓફિસર તરીકે નિયુકિત થયેલ હોઇ જાહેરહિતની યોજનાઓની માસવાર માહિતી મોકલવા સંકલન સહિતની કામગીરી,સરકારી પત્રો અન્વયે માન.મુખ્યમંત્રી,માન.ધારા સભ્યશ્રીઓ,માન.મંત્રીશ્રીઓ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણવિભાગ તરફથી આવતા પત્રો જે તે સંલગ્ન વિભાગને મોકલી તેના જવાબ થવા અંગેના ફોલોઅપની કામગીરી તથા તેની એકત્રીત માહિતી રાખવાની કામગીરી તથા મહાનગર પાલિકા સંકલન સમિતિની બેઠક અંગેનું સમયાંતરે આયોજન ઉપરાંત માન.મુખ્યમંત્રીશ્રીના પ્રજાકિય પ્રશ્નોના ઓનલાઇન નિકાલ માટેના કાર્યક્રમ સ્વાગત અંતર્ગત આવતા પ્રશ્નોના જવાબ સાથે જે તે સંલગ્ન જવાબદાર અધિકારીશ્રીને ઉપસ્થિત રાખવા સહિત સ્વાગત કાર્યક્રમ અંગેના સંકલનની કામગીરી વિગેરે વિશેષ જવાબદારી વાળી કામગીરીઓ પણ આ ખાતા દ્વારા નિભાવવામાં આવે છે.જેની માહિતી પત્રક નં.૨:૧૨:૭ માં દર્શાવેલ છે.

પત્રક - ૨.૧૧.૧

તા.૩૧.૦૩-૨૦૧૨ ના રોજ અ.મ્યુ.કોર્પો.માં ફરજ બજાવતાં કર્મચારીઓની વર્ગવાર,જાતિવાર માહિતી દર્શાવતુ પત્રક

અનુ. નં	જાતિ	વર્ગ-૧	વર્ગ-૨	વર્ગ-૩	વર્ગ-૪	જાતિ બતાવેલ નથી	કુલ
૧	અનુસુચિત જાતિ	૩૦	૬૧	૭૯૯	૧૧૨૬૬	૧૫૦	૧૨૩૦૬
૨	અનુસુચિત જનજાતિ	૨૦	૧૪૨	૪૯૮	૧૭૮	૧૩	૮૫૧
૩	બંક્ષીપંચ	૨૦	૧૬૦	૮૮૭	૬૬૨	૬૪	૧૭૯૩
૪	સામાન્ય/અન્ય	૧૬૪	૩૮૨	૨૭૩૨	૧૫૦૨	૮૮	૪૮૬૮
૫	શારિરીક ખોડખાંપણવાળા	૧	૧૨	૮૦	૨૨	૧	૧૧૬
૦	જાતિ બતાવેલ નથી	૧૦	૧૬	૧૨૫	૧૨૮૭	૭૫૬	૨૧૯૪
	કુલ	૨૪૫	૭૭૩	૫૧૨૧	૧૪૯૧૭	૧૦૭૨	૨૨૧૨૮

પ્રાપ્તિસ્થાન :-

મ્યુનિ.કોર્પો.ના કર્મચારીઓની પેરોલ સીસ્ટમના આધારે કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટમાંથી મેળવેલ માહિતીના સંકલનથી

પત્રક ૨.૧૧.૨

માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૧૦-૧૧ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૧૨ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

અ.નં.	માન.ધારા સભ્યશ્રીનું નામ	મંજૂર થયેલ કામોની સંખ્યા	વહીવટી મંજૂરી મળેલ રકમ (રૂ.લાખમાં)	પડેલ ખર્ચ (રૂ.લાખમાં)	કામોની ભૌતિક પ્રગતિ			
					પૂર્ણ કામો	પ્રગતિમાં	શરૂ ન થયેલ	કુલ કામો
૧	શ્રી અશોકભાઇ ભટ્ટ	૪૭	૫૦.૩૬	૩૮.૦૪	૪૬	૦	૧	૪૭
૨	શ્રી ભરતભાઇ બારોટ	૨૭	૪૦.૫૧	૧૪.૧૭	૧૯	૩	૫	૨૭
૩	શ્રી બાબુભાઇ પટેલ	૧	૧.૪૯	૦	૦	૧	૦	૧
૪	શ્રી ફારૂકભાઇ શેખ	૨૮	૫૦.૨૨	૭.૪૯	૧૩	૧૦	૫	૨૮
૫	શ્રી ગ્યાસુદ્દીન શેખ	૧૯	૪૩.૭૯	૨૩.૭૩	૧૮	૦	૧	૧૯
૬	શ્રી ગીતાબેન પટેલ	૧૫	૧૬.૮૭	૦.૪૯	૩	૦	૧૨	૧૫
૭	શ્રી માયાબેન કોડનાની	૨૯	૫૦.૨૩	૯.૬૩	૧૫	૪	૧૦	૨૯
૮	શ્રી નરેન્દ્રભાઇ મોદી	૪૧	૫૦.૮૪	૩૪.૬૬	૩૩	૦	૮	૪૧
૯	શ્રી પ્રદિપસિંહ જાડેજા	૪૧	૪૯.૯૮	૦.૪૮	૫	૧૨	૨૪	૪૧
૧૦	શ્રી રાકેશભાઇ શાહ	૨૭	૫૦.૮૦	૧૩.૮૭	૧૫	૪	૮	૨૭
૧૧	શ્રી સાબીરભાઇ કાબલી	૩૧	૪૩.૯૭	૧૪.૮૦	૨૨	૫	૪	૩૧
૧૨	શ્રી શૈલેષભાઇ પરમાર	૩૭	૫૦.૨૦	૨.૭૬	૧૮	૧૬	૩	૩૭
૧૩	શ્રી વલ્લભભાઇ કાકડીયા	૨૬	૪૭.૫૭	૧૮.૨૪	૨૪	૦	૨	૨૬
	કુલ	૩૬૯	૫૪૬.૮૪	૧૭૮.૩૭	૨૩૧	૫૫	૮૩	૩૬૯

પત્રક ૨.૧૧.૩

માન.ધારાસભ્યશ્રીની સને ૨૦૧૧-૧૨ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૧૨ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

અ.નં.	માન.ધારા સભ્યશ્રીનું નામ	મંજૂર થયેલ કામોની સંખ્યા	વહીવટી મંજૂરી મળેલ રકમ (રૂ.લાખમાં)	પડેલ ખર્ચ (રૂ.લાખમાં)	કામોની ભૌતિક પ્રગતિ			
					પૂર્ણ કામો	પ્રગતિમાં	શરૂ ન થયેલ	કુલ કામો
૧	શ્રી અમિતભાઇ શાહ	૭	૧૧.૯૨	૦	૦	૦	૭	૭
૨	શ્રી ભરતભાઇ બારોટ	૦	૦	૦	૦	૦	૦	૦
૩	શ્રી ભુષણ ભટ્ટ	૪૯	૪૫.૧૭	૨૫.૮૧	૪૮	૧	૦	૪૯
૪	શ્રી ફારૂકભાઇ શેખ	૩૫	૪૬.૯૬	૬.૯૪	૭	૧૪	૧૪	૩૫
૫	શ્રી ગ્યાસુદ્દીન શેખ	૨૩	૪૯.૨૯	૨૧.૩૨	૧૨	૫	૬	૨૩
૬	શ્રી ગીતાબેન પટેલ	૦	૦	૦	૦	૦	૦	૦
૭	શ્રી માયાબેન કોડનાની	૬	૧૧.૫૮	૦	૦	૧	૫	૬
૮	શ્રી નરેન્દ્રભાઇ મોદી	૧૨	૧૯.૭૩	૦	૦	૧	૧૧	૧૨
૯	શ્રી પ્રદીપસિંહ જાડેજા	૨	૨.૭૫	૦	૦	૦	૨	૨
૧૦	શ્રી રાકેશભાઇ શાહ	૪	૧૧.૭૩	૦	૧	૧	૨	૪
૧૧	શ્રી સાબીરભાઇ કાબલી	૪૮	૫૦.૧૦	૧૩.૨૮	૩૫	૪	૯	૪૮
૧૨	શ્રી શેલેષભાઇ પરમાર	૧૪	૨૨.૭૭	૦	૬	૧	૭	૧૪
૧૩	શ્રી વલ્લભભાઇ કાકડીયા	૫	૭.૧૨	૦.૬૩	૨	૧	૨	૫
	કુલ	૨૦૫	૨૭૯.૧૩	૬૭.૯૮	૧૧૧	૨૯	૬૫	૨૦૫

માન.સંસદસભ્યશ્રીની સન૨૦૧૦-૧૧ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૧૨ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

પત્રક ૨.૧૧.૪

અ.નં.	માન.સંસદ સભ્યશ્રીનું નામ	મંજૂર થયેલ કામોની સંખ્યા	વહીવટી મંજૂરી મળેલ રકમ (રૂ.લાખમાં)	પડેલ ખર્ચ (રૂ. લાખમાં)	કામોની ભૌતિક પ્રગતિ			
					પૂર્ણ કામો	પ્રગતિમાં	શરૂ ન થયેલ	કુલ કામો
૨	શ્રી હરિનભાઇ પાઠક	૨૯	૬૯.૩૧	૪૯.૪૬	૨૩	૪	૨	૨૯
૩	શ્રી ડો.કીરીટ સોલંકી	૭	૧૬.૮૧	૭.૧૫	૩	૨	૨	૭
	શ્રી. એલ.કે. અડવાણીજી	૨૦	૭૪.૫૧	૧૪.૬૯	૨	૧૧	૭	૨૦
૪	શ્રી પ્રવિણ રાષ્ટ્રપાલ	૨	૬.૩૯	૨.૨૭	૧	૦	૧	૨
	કુલ	૫૮	૧૬૭.૦૩	૭૩.૫૭	૨૯	૧૭	૧૨	૫૮

પત્રક ૨.૧૧.૫

સંસદસભ્યશ્રીની સને ૨૦૧૧-૧૨ની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ કામોની તા.૩૧.૩.૧૨ અંતિત પ્રગતિ દર્શાવતુ પત્રક

અ.નં.	માન.સંસદ સભ્યશ્રીનું નામ	મંજૂર થયેલ કામોની સંખ્યા	વહીવટી મંજૂરી મળેલ રકમ (રૂ. લાખમાં)	પડેલ ખર્ચ (રૂ. લાખમાં)	કામોની ભૌતિક પ્રગતિ			
					પૂર્ણ કામો	પ્રગતિમાં	શરૂ ન થયેલ	કુલ કામો
૧	શ્રી હરિનભાઈ પાઠક	૨૮	૭૬.૭૭	૯.૧૨	૮	૨	૧૮	૨૮
૨	શ્રી ડો. કિરીટભાઈ સોલંકી	૧૯	૮૬.૬૩	૦	૦	૩	૧૬	૧૯
૩	શ્રી એલ.કે અડવાણીજી	૧૭	૨૦૪.૪૩	૦	૦	૧	૧૬	૧૭
૪	શ્રી પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ	૦	૦	૦	૦	૦	૦	૦
	કુલ	૬૪	૩૬૭.૮૩	૯.૧૨	૮	૬	૫૦	૬૪

પત્રક ૨:૧૧:૬

વર્ષ ૨૦૧૧-૧૨ ના પ્લાનીંગ વિભાગમાં સરકારી પત્રોની તેમજ મળેલ જવાબની માહિતી દર્શાવતુ પત્રક (તા:૦૮/૦૫/૨૦૧૨ અંતિત)

અ.નં.	નામ	આવેલ પત્રોની સંખ્યા	જવાબ કરેલ	બાકી
૧	શહેરી વિકાસ શહેરી ગૃહનિર્માણના પત્રો	૧૧૬૬	૯૪૧	૨૨૫
૨	માન.મંત્રીશ્રીના કાર્યાલયના પત્રો	૬૮૬	૫૦૩	૧૮૩
૩	માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના પત્રો	૪૮૦	૩૮૫	૯૫
૪	માનવ અધિકારના પત્રો	૧૮	૧૩	૫
૫	મંત્રીશ્રીના પત્રો	૮૬	૪૫	૪૧
૬	રાજયપાલશ્રીના પત્રો	૬૫	૫૨	૧૩
	વિરોધપક્ષના નેતાશ્રીના પત્રો	૧૦૫	૭૭	૨૮
કુલ		૨૬૦૬	૨૦૧૬	૫૯૦

૨.૧૨ જનમાર્ગ- બી.આર.ટી.એસ

૨૦૧૧-૧૨

જનમાર્ગ - બીઆરટીએસ પ્રોજેકટ કેન્દ્ર સરકાર નાં જેએનએનયુઆરએમ પ્રોજેકટ અંતર્ગત ચાલી રહેલ છે.આ કામ નીચે મુજબનાં ત્રણ ભાગ માં મંજુર થયેલ છે.

અ.નં.	ફેઝ	રકમ (રૂા.લાખમાં)
૧	પાયલોટ પ્રોજેક્ટ- આર.ટી.ઓ. પીરાણા- ૧૨.૩ કિ.મી.	૮૭૬૦.૦૦
૨	ફેઝ-૧ - ૪૬.૦ કિ.મી. બી.આર.ટી. કોરીડોર	૪૦૫૭૨.૦૦
૩	ફેઝ-૨ - ૩૦.૫ કિ.મી. બી.આર.ટી. કોરીડોર	૪૮૮૧૩.૦૦
	કુલ (૮૮.૮ કિ.મી.)	**૯૮૧૪૫.૦૦**

મંજૂર થયેલ ૮૮.૮ કિ.મી. બી.આર.ટી. નેટવર્ક પૈકી પાયલોટ પ્રોજેક્ટ આર.ટી.ઓ. થી પીરાણા પૂર્ણ કરીને તા.૧૪.૦૯.૨૦૦૯ ના રોજ બી.આર.ટી.એસ. ઓપરેશન શરૂ કરેલ છે. ફેઝ-૧ ના પિરાણા થી દાણીલીમડા - મણિનગર , દાણીલીમડા -નારોલ અને નારોલ થી નરોડા નાં રુટ ની કામગીરી પુરી થયેલ છે અને આ રુટ ઉપર બીઆરટીએસ બસો ઓપરેશનલ થયેલ છે.

જનમાર્ગ - બીઆરટીએસ માં પુરા થયેલા કામોની વિગત નીચે મુજબ છે.

	વિગત	અંદાજીત રકમ રૂા. (કરોડમાં)	થયેલ પ્રોગ્રેસ રૂા. કરોડમાં	/કામ પુરુ કરેલ તારીખ રીમાર્ક્સ
	આર.ટી.ઓ. સર્કલ થી પીરાણા (૧૨.૫૦ કિમી.)	૮૫.૮૯	૭૮.૨૭	૧૪-૧૦-૨૦૦૯
	નારોલ સર્કલથી નરોડા પાટીયા(૧૩.૪ કિમી.)	૧૩૩.૭૩	૧૨૯.૭૭	૧૫-૧૨-૨૦૧૦
	પીરાણા થી દાણીલીમડા થી ચંડોળા થી નારોલ અને દાણીલીમડા થી શાહઆલમ થી પુષ્પકુંજ થી મણીનગર- (૧૧.૬૮ કિમી.)	૭૮.૩૫	૭૪.૨૭	૧૫-૦૪-૨૦૧૦
	બીઆરટીએસ નાં ફેઝ -૧ નાં બસ શેલ્ટરો નાં કામ	૨૭.૦૧	૨૦.૧૬	૩૧-૧૦-૨૦૧૦
	જનમાર્ગ માટે ચંડોળા નજીક બસ ડેપો તૈયાર કરવાનાં કામ અંગે	૨.૨૮	૨.૦૭	૩-૧૧-૨૦૧૦

	જનમાર્ગ માટે ચંડોળા નજીક બસ વર્કશોપ તૈયાર કરવાનાં કામ અંગે	૫.૨૨	૪.૭૮	૩-૧૧-૨૦૧૦
	ઠક્કરબાપાનગર જંકશન સબ - વે ભાગ -૧ નું કામ	૩.૧૮	૩.૧૮	૩૧-૦૬-૨૦૦૯
	ઠક્કરબાપાનગર જંકશન સબ - વે ભાગ -૨ નું કામ	૫.૧૫	૫.૧૫	૩૧-૪-૨૦૧૦
	સોની ની ચાલી જંકશન સબ-વે ભાગ - ૧ નું કામ	૫.૨૩	૫.૨૩	૩૧-૬-૨૦૦૯
	સોની ની ચાલી જંકશન સબ-વે ભાગ - ૨ નું કામ	૪.૧૨	૪.૧૨	૯-૪-૨૦૧૦
	ફેઝ-૧ પેકજ -૫ એ માં ૧૪ બસ શેલ્ટર બનાવવાનું કામ(વાડજ-દુધેશ્રવર -દિલ્હીદરવાજા સુધી ૬ બસ શેલ્ટર	૬.૩૧	૧.૯૧	૩૧-૦૮-૨૦૧૧
	૧૩૨ ફૂટ રીંગ રોડ થી વાડજ થી દુધેશ્વર થી દિલ્હીદરવાજા થી પ્રેમ દરવાજા(૫.૫કિમી.)	૪૦.૮૮	૨૬.૦૦	૩૧-૦૮-૨૦૧૧
	મણીનગર રેલ્વે સ્ટેશન પાસે એ.એમ.ટી.એસ.ની બસો માટે બસ સ્ટેન્ડ તૈયાર કરવાનું કામ	૧.૫૫	૦.૯૦	૧૫/૨/૨૦૧૨

જનમાર્ગ - બીઆરટીએસ નાં હાલમાં ઓપરેશનલ રુટ ઉપર કુલ ૬૧ બસ શેલ્ટર બનાવવામાં આવેલા છે. આ ઉપરાંત ચંડોળા ખાતેનાં વર્કશોપ અને ડેપોમાં ૫૫ બસો ની પાર્કીંગની સુવિધા રાખવામાં આવેલ છે.તેમજ કુલ ૭ બસો નાં રીપેરીંગ માટની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.આ ઉપરાંત બસોને ધોવા માટે વોશિંગ રેમ્પ અને પેઇન્ટીંગ એરિયા રાખેલ છે. બસોનાં ઈંધણ માટે ફીલીંગ સ્ટેશન કરવામાં આવેલ છે.

જનમાર્ગ- બીઆરટીએસમાં હાલમાં ચાલુ કામોની વિગતો નીચે મુજબ છે.

	વિગત	**અંદાજીત રકમ રૂા.(કરોડમાં)**	**થયેલ પ્રોગ્રેસ રૂા.(કરોડમાં)**	**પુરુ કરવાની તારીખ / રીમાર્ક્સ**
	ફેઝ- ૨; પેકેજ -૧ પૂર્વ વિસ્તાર નાં કામો	૧૧૬.૭૪	૩૭.૦૭	કામ ચાલુ
	ફેઝ-૨ પેકેજ ઈ-૧ પુર્વ વિસ્તાર ૨૩બસ શેલ્ટર બનાવવાનુ કામ	૨૧.૯૭	૧.૨૨	કામ ચાલુ
	ફેઝ-૨ પેકેજ ઈ-૨ પુર્વ વિસ્તાર ૧૯બસ શેલ્ટર બનાવવાનુ કામ	૧૯.૧૭	૦.૩૨	કામ ચાલુ
	ફેઝ- ૨; પેકેજ -૨ પશ્ચિમ વિસ્તાર નાં કામો	૧૨૯.૨૨	૪૮.૫૦	કામ ચાલુ
	ફેઝ-૨ પેકેજ-૧ પશ્ચિમ વિસ્તાર ૧૭ બસ શેલ્ટર બનાવવાનુ કામ	૧૭.૦૭	૦.૫૨	કામ ચાલુ
	ફેઝ-૨ પેકેજ-૨ પશ્ચિમ વિસ્તાર ૨૧બસ શેલ્ટર બનાવવાનુ કામ	૨૧.૧૮	૧.૨૫	કામ ચાલુ

બીઆરટીએસ નાં વાડજ - દુધેશ્વર અને દિલ્હી દરવાજા રુટ નું કામ પુરુ થયેલ છે .જયારે ફેઝ - ૨ નાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તારનાં કામો હાલમાં ચાલુ છે.સદર પેકેજમાં સમાવેલા રુટ ની વિગત નીચે મુજબ છે.

પૂર્વ વિસ્તાર પેકેજ -૧ નાં રુટ

(૧) એલિસબ્રીજ થી આસ્ટોડિયા
(૨) શાહે આલમ થી આસ્ટોડિયા થઇ સારંગપુર થઇ ઓઢવ સોની ની ચાલી
(૩) ઓઢવ સોની ની ચાલી થી સરદાર પટેલ રીંગ રોડ
(૪) કાલુપુર બ્રીજ થી નરોડા પાટીયા થી નરોડા ગામ સ્મશાન સુધી

પશ્ચિમ વિસ્તાર પેકેજ -૨ નાં રુટ ની વિગત -

(૧) શીવરંજની થી ઇસ્કોન થઇ બોપલ રીંગ રોડ સુધી શીવરંજની થી ઇસ્કોન થઇ બોપલ રીંગ રોડ સુધી
(૨) એઇસી થી ભુયંગદેવ થઇ સોલા બ્રીજ સુધી એઇસી થી ભુયંગદેવ થઇ સોલા બ્રીજ સુધી
(૩) આરટીઓ થી ટોરેન્ટ સર્કલ થી વિસત જંકશન થઇ ચાંદખેડા
(૪) નેહરુનગર થી ગુલબાઇ ટેકરા થઇ ગુજરાત કોલેજ

જનમાર્ગ - બીઆરટીએસ માં રોડ ની મધ્યમાં ડેડીકેટેડ બસ લેન આપવામાં આવેલ છે.આ ઉપરાંત, રોડ વીડથ અવેલેબલ હોય તે મુજબ ફુટપાથ , સાયકલ ટ્રેક , પાર્કીંગ તેમજ મીક્ષ ટ્રાફીક લેન રાખવામાં આવેલ છે.રસ્તાની બન્ને બાજુ એ વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઇન રાખવામાં આવેલી છે.તૈયાર થયેલા બસ શેલ્ટરો આધુનિક સુવિધા થી સજજ છે.જેમાં ટ્રાન્સીટ મેપ,બસ રુટની માહિતી ,પેસેન્જર ઇન્ફર્મેશન સિસ્ટમ ,વિગેરેનો સમાવેશ થાય છે. બસ શેલ્ટરમાં સિનીયર સીટીઝન તેમજ શારીરીક વિકલાંગ વ્યકિતઓ માટે સ્પેશિયલ રેમ્પની સુવિધા છે.જેમાં પીળા કલરનાં ટેકટાઇલ ટાઇલ્સ લગાવેલા છે.જે અંધજનોને બસમાં જવા - આવવા માટે મદદરુપ છે. બસ શેલ્ટરમાં જવા - આવવા માટે પેડેસ્ટ્રીયન ક્રોસીંગ નો ઉપયોગ કરવામાં આવે છે.નારોલ - નરોડાનાં સ્ટ્રેચમાં ઠક્કરબાપાનગર અને સોનીની ચાલી ખાતે પેસેન્જરની અવર - જવર માટે પેડેસ્ટ્રીયન સબ-વે બનાવવામાં આવેલ છે.

૨.૧૩ કન્ટ્રોલ રૂમ

૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જનતાની પ્રાથમિક જરૂરિયાતો સંતોષકારક કામગીરી કરેલ છે, આ જરૂરીયાતોમાં શુધ્ધ પાણી પુરૂ પાડવું, ગંદા પાણીનો નિકાલ કરવો, ડ્રેનેજના કામ સારા અને સુઘડ રસ્તા આપવા તેમજ ડામર પેચ કરવું તેમજ ફુટપાથના પથ્થરનું લેવલ સરખું કરવું, દીવાબત્તીની સારી સગવડ આપવી તથા પ્રાથમિક આરોગ્ય અને તબીબી સેવાઓ તેમજ પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવી વગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત બધીજ સેવાઓ જાહેર હિતને લાગતી હોવાથી તે અંગે જનતાની રોજ ફરીયાદ આવતી રહે છે. આ ફરિયાદો ઝડપી અને સમયસર નિકાલ કરવા કંટ્રોલ રૂમ દ્વારા પગલાં લેવામાં આવે છે. જનતાની ફરિયાદને જે-તે ઝોનમાં કંટ્રોલ રૂમ તથા વાયર લેસ મારફતે જે-તે અધિકારીને પહોંચાડવામાં આવે છે. ખૂબજ અગત્યની ફરિયાદોનો ૨૪ કલાકમાં અને બાકીની તમામ ફરિયાદોનો ૭ દિવસમાં નિકાલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

૨૭૩૩૧ અહેવાલ નવી ફરિયાદો તથા અગાઉની ફરિયાદો ૦૦ કુલ મળીને વર્ષમાં ૨૭૩૩૧ ફરિયાદો હતી જેમાં પૂર્વ ઝોનને લગતી ૬૮૩ ફરિયાદ, પશ્ચિમ ઝોનને લગતી ૩૨૮ ફરિયાદ, ઉત્તર ઝોનને લગતી ૫૧૧૩ ફરિયાદ, દક્ષિણ ઝોનને લગતી ૧૨૩૭ ફરિયાદ અને મધ્ય ઝોનને લગતી ૧૪૪૩ ફરિયાદ, નવા પશ્ચિમઝોન ૪૮૩૧ તેમજ લાઈટ ખાતાને લગતી ૧૨૭૯૪ ફરિયાદો અને બગીચાને લગતી ૯૦૨ કુલ ફરિયાદો, બધા ઝોનની ફરિયાદો ૨૭૩૩૧ અગાઉની બાકી ૦૦ મળી કુલ ૨૭૩૩૧ ફરિયાદો આવેલ તેમાંથી ઝોનવાઈઝ ફરિયાદોનો નિકાલ ૨૬૩૧૧ થયેલ છે. તેની વર્ષના અંતે કુલ બાકી ફરિયાદો ૧૦૨૦ છે. ઝોનવાઈઝ માહિતી આ સાથે ૨.૧૪.૧ થી ૨.૧૪.૬માં છ ઝોનની લાઈટ ફરીયાદો પત્રક૨.૧૪.૭ માં તથા ૨.૧૪.૮ પત્રકમાં ઝોન વાઈઝ નોંધાયેલ અને નિકાલ થયેલ ફરિયાદોનો સમાવેશ કરેલ છે.

તા.૦૧.૦૪.૨૦૧૦ થી કંટ્રોલ રૂમ ખાતે નોંધાયેલ નિકાલ અને બાકી રહેલ ફરિયાદનો વાર્ષિક અહેવાલ નીચે મુજબ તા. ૦૧.૦૪.૨૦૦૯ થી ૩૧.૦૩.૨૦૧૧ સુધીની આંકડાકીય માહિતી

પૂર્વ ઝોન

પત્રક ૨.૧૩.૧

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૬૦	૬૦	૦૦
૨.	મે - ૧૧	૦૦	૫૫	૫૫	૦૦
૩.	જુન – ૧૧	૦૦	૫૬	૫૬	૦૦
૪.	જુલાઈ - ૧૧	૦૦	૭૨	૭૨	૦૦
૫.	ઓગષ્ટ - ૧૧	૦૦	૬૫	૬૫	૦૦
૬.	સપ્ટેમ્બર - ૧૧	૦૦	૫૦	૫૦	૦૦
૭.	ઓક્ટોબર - ૧૧	૦૦	૫૦	૫૦	૦૦
૮.	નવેમ્બર - ૧૧	૦૦	૪૨	૪૨	૦૦
૯.	ડીસેમ્બર -૧૧	૦૦	૫૭	૫૭	૦૦
૧૦.	જાન્યુઆરી - ૧૨	૦૦	૫૦	૫૦	૦૦
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૦૦	૬૧	૬૧	૦૦
૧૨.	માર્ચ - ૧૨	૦૦	૬૫	૬૫	૦૦
	કુલ	**૦૦**	**૬૮૩**	**૬૮૩**	**૦૦**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૬૮૩
(A)	**કુલ**	૬૮૩
(B)	નિકાલ	૬૮૩
(A-B)	વર્ષના અંતે નિકાલ બાકી	૦૦

નોંધ -

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૨ થી જે-તે ઝોનને વાયરલેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

પશ્ચિમ ઝોન

પત્રક ૨.૧૩.૨

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૨૯	૨૯	૦૦
૨.	મે - ૧૧	૦૦	૩૫	૩૫	૦૦
૩.	જુન – ૧૧	૦૦	૪૦	૪૦	૦૦
૪.	જુલાઈ - ૧૧	૦૦	૧૯	૧૯	૦૦
૫.	ઓગષ્ટ - ૧૧	૦૦	૨૩	૨૩	૦૦
૬.	સપ્ટેમ્બર - ૧૧	૦૦	૨૪	૨૪	૦૦
૭.	ઓક્ટોબર - ૧૧	૦૦	૨૭	૨૭	૦૦
૮.	નવેમ્બર - ૧૧	૦૦	૨૫	૨૫	૦૦
૯.	ડીસેમ્બર - ૧૧	૦૦	૩૦	૩૦	૦૦
૧૦.	જાન્યુઆરી - ૧૨	૦૦	૨૬	૨૬	૦૦
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૦૦	૨૬	૨૬	૦૦
૧૨.	માર્ચ - ૧૨	૦૦	૨૪	૨૪	૦૦
	કુલ	**૦૦**	**૩૨૮**	**૩૨૮**	**૩૨૮**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૩૨૮
(A)	**કુલ**	૩૨૮
(B)	નિકાલ	૩૨૮
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	**૦૦**

નોંધ -

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૨ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

<u>ઉત્તર ઝોન</u>

પત્રક ૨.૧૩.૩

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૪૦૧	૩૯૬	૦૫
૨.	મે - ૧૧	૦૫	૩૯૬	૩૯૮	૦૩
૩.	જુન – ૧૧	૦૩	૩૬૮	૩૬૫	૦૬
૪.	જુલાઈ - ૧૧	૦૬	૪૫૬	૪૬૦	૦૨
૫.	ઓગષ્ટ - ૧૧	૦૨	૫૫૬	૫૫૨	૦૬
૬.	સપ્ટેમ્બર - ૧૧	૦૬	૪૬૦	૪૫૮	૦૮
૭.	ઓક્ટોબર - ૧૧	૦૮	૪૭૩	૪૭૪	૦૭
૮.	નવેમ્બર - ૧૧	૦૭	૪૭૭	૪૭૮	૦૬
૯.	ડીસેમ્બર - ૧૧	૦૬	૩૮૮	૩૯૦	૦૪
૧૦.	જાન્યુઆરી - ૧૨	૦૪	૩૮૫	૩૮૨	૦૭
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૦૭	૩૭૯	૩૮૦	૦૬
૧૨.	માર્ચ - ૧૨	૦૬	૩૭૪	૩૮૦	૦૦
	કુલ	**૬૦**	**૫૧૧૩**	**૩૧૧૨**	**૬૦**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૫૧૧૩
(A)	**કુલ**	૫૧૧૩
(B)	નિકાલ	૫૧૧૩
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	**૦૦**

<u>નોંધ -</u>

સદરહુ ફરિયાદો હવે પછી એટલેકે એપ્રિલ - ૨૦૧૨ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

<u>દક્ષિણ ઝોન</u>

પત્રક ૨.૧૩.૪

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૧૦૦	૯૫	૦૫
૨.	મે - ૧૧	૦૫	૧૧૧	૧૦૭	૦૯
૩.	જુન – ૧૧	૦૯	૯૭	૯૪	૧૨
૪.	જુલાઈ - ૧૧	૧૨	૧૩૦	૧૨૮	૧૪
૫.	ઓગષ્ટ - ૧૧	૧૪	૮૫	૭૫	૨૪
૬.	સપ્ટેમ્બર - ૧૧	૨૪	૯૮	૯૬	૨૬
૭.	ઓક્ટોબર - ૧૧	૨૬	૧૧૪	૧૧૨	૨૮
૮.	નવેમ્બર -૧૧	૨૮	૧૨૦	૧૨૮	૨૦
૯.	ડીસેમ્બર - ૧૧	૨૦	૧૧૮	૧૧૫	૨૩
૧૦.	જાન્યુઆરી - ૧૨	૨૩	૯૦	૮૦	૩૩
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૩૩	૮૦	૯૦	૨૩
૧૨.	માર્ચ - ૧૨	૨૩	૯૪	૭૧	૪૬
	કુલ	**૨૧૭**	**૧૨૩૭**	**૧૧૯૧**	**૨૬૩**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૧૨૩૭
(A)	**કુલ**	**૧૨૩૭**
(B)	નિકાલ	**૧૧૯૧**
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	૪૬

<u>નોંધ -</u>

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૨ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

મધ્ય ઝોન

પત્રક ૨.૧૩.૫

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૧૨૧	૧૧૮	૦૩
૨.	મે - ૧૧	૦૩	૧૨૨	૧૨૧	૦૪
૩.	જુન – ૧૧	૦૪	૧૧૮	૧૨૦	૦૨
૪.	જુલાઈ - ૧૧	૦૨	૧૨૦	૧૧૭	૦૫
૫.	ઓગષ્ટ - ૧૧	૦૫	૧૨૪	૧૨૦	૦૯
૬.	સપ્ટેમ્બર - ૧૧	૦૯	૧૨૪	૧૩૦	૦૩
૭.	ઓક્ટોબર - ૧૧	૦૩	૧૦૯	૧૧૦	૦૨
૮.	નવેમ્બર - ૧૧	૦૨	૧૧૫	૧૧૫	૦૨
૯.	ડીસેમ્બર - ૧૧	૦૨	૧૩૬	૧૩૩	૦૫
૧૦.	જાન્યુઆરી - ૧૨	૦૫	૧૩૬	૧૪૦	૦૧
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૦૧	૧૧૧	૧૧૦	૦૨
૧૨.	માર્ચ - ૧૨	૦૨	૧૦૭	૧૦૯	૦૦
	કુલ	**૩૮**	**૧૪૪૩**	**૧૪૪૩**	**૩૮**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૧૪૪૩
(A)	**કુલ**	**૧૪૪૩**
(B)	નિકાલ	**૧૪૪૩**
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	**૦૦**

નોંધ -

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૨ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

નવા પશ્ચિમઝોન

પત્રક ૨.૧૩.૬

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧૩.	એપ્રિલ - ૧૧	૦૦	૨૬૭	૨૬૫	૦૨
૧૪.	મે - ૧૧	૦૨	૨૯૮	૨૯૫	૦૫
૧૫.	જુન – ૧૧	૦૫	૪૩૮	૪૪૦	૦૩
૧૬.	જુલાઈ - ૧૧	૦૩	૬૦૧	૫૯૬	૦૮
૧૭.	ઓગષ્ટ - ૧૧	૦૮	૬૪૬	૬૪૮	૦૬
૧૮.	સપ્ટેમ્બર - ૧૧	૦૬	૭૧૩	૭૧૦	૦૯
૧૯.	ઓક્ટોબર - ૧૧	૦૯	૩૮૨	૩૮૨	૦૯
૨૦.	નવેમ્બર - ૧૧	૦૯	૪૨૬	૪૨૮	૦૭
૨૧.	ડીસેમ્બર - ૧૧	૦૭	૨૭૬	૨૭૪	૦૯
૨૨.	જાન્યુઆરી - ૧૨	૦૯	૨૬૨	૨૬૦	૧૧
૨૩.	ફેબ્રુઆરી - ૧૨	૧૧	૨૫૨	૨૫૦	૧૩
૨૪.	માર્ચ - ૧૨	૧૩	૨૭૦	૨૬૯	૧૪
	કુલ	**૮૨**	**૪૮૩૧**	**૪૮૧૭**	**૯૬**

તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૪૮૩૧
(A)	**કુલ**	**૪૮૩૧**
(B)	નિકાલ	**૪૮૧૭**
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	**૧૪**

<u>નોંધ -</u>

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૧ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

<u>છ ઝોનની લાઈટની ફરિયાદો નીચે મુજબ છે.</u>

પત્રક ૨.૧૩.૭

અ. નં.	માસનું નામ	શરૂઆતની બાકી	આવક	નિકાલ	બાકી
૧.	એપ્રિલ - ૧૧	૦૦	૧૦૬૬	૯૭૪	૯૨
૨.	મે - ૧૧	૯૨	૧૦૫૪	૧૦૭૫	૭૧
૩.	જુન – ૧૧	૭૧	૧૦૬૧	૧૦૮૬	૪૬
૪.	જુલાઈ - ૧૧	૪૬	૧૦૫૩	૯૮૦	૧૧૯
૫.	ઓગષ્ટ -૧૧	૧૧૯	૧૦૭૫	૧૦૫૭	૧૩૭
૬.	સપ્ટેમ્બર - ૧૧	૧૩૭	૧૦૪૮	૯૫૨	૨૩૩
૭.	ઓક્ટોબર - ૧૧	૨૩૩	૧૧૦૫	૯૫૬	૩૮૨
૮.	નવેમ્બર - ૧૧	૩૮૨	૧૧૫૦	૯૯૮	૫૩૪
૯.	ડીસેમ્બર - ૧૧	૫૩૪	૧૦૦૮	૯૨૮	૬૧૪
૧૦.	જાન્યુઆરી - ૧૨	૬૧૪	૧૦૩૦	૯૯૦	૬૫૪
૧૧.	ફેબ્રુઆરી - ૧૨	૬૫૪	૧૧૪૦	૯૯૮	૭૯૬
૧૨.	માર્ચ - ૧૨	૭૯૬	૧૦૦૪	૮૪૩	૯૫૭
	કુલ	**૩૬૭૮**	**૧૨૭૯૪**	**૧૧૮૩૭**	**૪૬૩૫**

_તારીજો

	શરૂઆતની બાકી	૦૦
	આવક	૧૨૭૯૪
(A)	**કુલ**	**૧૨૯૪**
(B)	નિકાલ	**૧૧૮૩૭**
(A-B)	**વર્ષના અંતે નિકાલ બાકી**	**૯૫૭**

<u>નોંધ -</u>

સદરહુ ફરિયાદો હવે પછી અટલેકે એપ્રિલ - ૨૦૧૧ થી જે-તે ઝોનને વાયર લેસ મારફતે જાણ કરવામાં આવેલ છે. તાકીદે નિકાલ કરવામાં આવે છે.

ઝોન વાઈઝ નોંધાયેલ અને નિકાલ થયેલ ફરિયાદની માહિતી દર્શાવતુ પત્રક

૨.૧૩.૮

અ. નં.	ઝોનનું નામ	શરૂઆતની બાકી	નોંધાયેલ કુલ ફરિયાદ	નિકાલ કુલ ફરિયાદ	એકંદરે કુલ બાકી
	પૂર્વ ઝોન	૦૦	૬૮૩	૬૮૩	૦૦
	પશ્ચિમ ઝોન	૦૦	૩૨૮	૩૨૮	૦૦
	ઉત્તર ઝોન	૦૦	૫૧૧૩	૫૧૧૩	૦૦
	દક્ષિણ ઝોન	૦૦	૧૨૩૭	૧૨૩૭	૪૬
	મધ્ય ઝોન	૦૦	૧૪૪૩	૧૪૪૩	૦૦
	નવા પશ્ચિમઝોન	૦૦	૪૮૩૧	૪૮૩૧	૧૪
	લાઈટ	૦૦	૧૨૭૯૪	૧૨૭૯૪	૯૫૭
	બગીચા	૦૦	૯૦૨	૯૦૨	૦૩
	કુલ	**૦૦**	**૨૭૩૩૧**	**૨૭૩૩૧**	**૧૦૨૦**

૨.૧૪ સ્નાનાગાર ખાતુ

૨૦૧૧-૧૨

સને ૧૯૫૬ માં લાલદરવાજા સ્નાનાગારની શરૂઆતથી શહેરના નાગરીકોને તૈરાકીની તાલીમ તેમજ કસરતની સેવા આપવાની શરૂઆત કરવામાં આવેલ. સમયે સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરીકો માટે સદર સેવાનુ વિસ્તરણ કરવામાં આવેલ છે. હાલમાં સ્નાનાગાર ખાતા દ્વારા ૧૪ સ્નાનાગારો તેમજ મેમ્કો સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ સ્નાનાગાર દ્વારા તૈરાકીની તાલીમ તથા તૈરાકીની કસરતની સેવા આપવામાં આપવમાં આવે છે.

૧૪ સ્નાનાગારો પૈકી ૧૨ સ્નાનાગારો ઉપર ૫ થી ૧૨ વર્ષના બાળકોને તૈરાકીની તાલીમ આપવાની સુવિધા ઉપલબ્ધ છે તથા

૯ સ્નાનાગારો ઉપર મોટા સ્ત્રી સભ્યો માટે તૈરાકીની તાલીમ આપવાની તથા તરવાની સુવિધા ઉપલબ્ધ છે.

સને ૨૦૧૧-૧૨ દરમ્યાન સ્નાનાગાર ખાતા દ્વારા નીચે મુજબની ખાસ કામગીરી કરવામાં આવેલ છે.

- દક્ષિણઝોન, ખોખરા વોર્ડમાં આવેલ જુનુ ખોખરા સ્નાનાગાર તોડીને તદ્દન નવુ જીમ્નેશીયમ સાથે બનાવેલ નવુ ખોખરા સ્નાનાગાર તથ બાળસ્નાનાગાર નાગરીકોની સેવામાં જુન-૨૦૧૧માં લોકાર્પણ કરવામાં આવેલ છે. સ્નાનાગાર ખાતા દ્વારા સદર સ્નાનાગાર પર તૈરાકી જાણકાર તથા તાલીમની કામગીરી શરૂ કરવામાં આવેલ છે તથા નાગરીકોનો ઉત્તમ પ્રતિસાદ સાંપડેલ છે.
- ઉત્તરઝોન, અસારવા વોર્ડ ખાતે અસારવા સ્નાનાગારનું રીપેરીંગ કરી તથા નવીનીકરણ કરી અધ્યતન ફિલ્ટરપ્લાન્ટ સાથે તૈયાર કરી નાગરીકોની સેવામાં અસારવા સ્નાનાગાર તથા બાળસ્નાનાગારનુ સપ્ટે-૨૦૧૧ માં લોકાર્પણ કરવામાં આવેલ છે. સ્નાનાગાર ખાતા દ્વારા સદર સ્નાનાગાર પર તૈરાકી જાણકાર તથા તાલીમની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- ઉત્તરઝોન, સરસપુર વોર્ડ ખાતે રીપેરીંગ કરી તથા નવીનીકરણ કરી અધ્યતન ફિલ્ટરપ્લાન્ટ સાથે તૈયાર કરી નાગરીકોની સેવામાં સરસપુર સ્નાનાગારનુ જુન-૨૦૧૧ માં લોકાર્પણ કરવામાં આવેલ છે. સ્નાનાગાર ખાતા દ્વારા સદર સ્નાનાગાર પર તૈરાકી જાણકાર તથા તાલીમની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- ખેલમહાકુંભ-૨૦૧૧ અંતર્ગત અમદાવાદ જીલ્લા તથા ગ્રામ્ય કક્ષાની તરણસ્પર્ધાનું આયોજન સ.પ.સ્ટેડીયમ સ્નાનાગાર પર સ્નાનાગાર ખાતા તરફથી સુંદર તથા વ્યવસ્થીત રીતે આયોજન કરેલ હતુ.
- ખેલમહાકુંભ-૨૦૧૧ અંતર્ગત ગુજરાત રાજય કક્ષા ફાઇનલ સ્પર્ધાનું આયોજન સ.પ.સ્ટેડીયમ સ્નાનાગાર પર સ્નાનાગાર ખાતાના સ્ટાફની કામગીરીની મદદથી કરવામાં આવેલ હતુ.
- કાંકરીયા કાર્નિવલ-૨૦૧૧ અંતર્ગત સીનીયર સીટીઝન રમત સ્પર્ધામાં તરણ સ્પર્ધાનુ અ.મ્યુ.કોર્પો. સંચાલિત સ્નાનાગારોમાં ઝોન પ્રમાણે આયોજન કરી તેની ફાઇનલ સ્પર્ધા કાંકરીયા સ્નાનાગાર પર રાખેલ હતી. તેનુ સફળ સંચાલન સ્નાનાગાર ખાતા દ્વારા કરવામાં આવેલ હતુ.

ગત વર્ષ દરમ્યાન થયેલ ખાસ કામગીરી ઉપરાંત જુના સ્નાનાગારો પર પણ નાગરીકોનો ઉત્તમ પ્રતિસાદ સાંપડેલ છે. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન જાણકાર સભ્યો, મોટાશિખાઉ સભ્યો તથા બાળશિખાઉ સભ્યો મળીને કુલ=૩૪,૭૧૬ સભ્યોએ સ્નાનાગારની સેવાનો લાભ લીધેલ છે. સદર સેવા બદલ નાગરીકો તરફથી સભ્ય ફી,

ફોર્મ ફી, ડુપ્લીકેટ કાર્ડ ફી તેમજ અન્ય સેવાની ફી પેટે રૂ.૧,૭૫,૭૦,૫૫૦/- અંકે રૂપિયા એક કરોડ પંચોતેર લાખ સીત્તેર હજાર પાંચસો પચાસ પૂરા સ્નાનાગાર ખાતાની આવક રૂપે જમા આવેલ છે. આ સાથે વાર્ષિક આવક તથા સભ્ય સંખ્યા દર્શાવતુ પત્રક સામેલ છે.

સ્નાનાગાર ખાતા દ્વારા શહેરના નાગરીકોને ઉત્તમ તૈરાકી જાણકાર તથા તાલીમ તેમજ તૈરાકીને લગતી અન્ય સેવાઓ મળે તે માટેના સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે.

૦૧-૦૪-૨૦૧૧ થી ૩૧-૦૩-૨૦૧૨ સુધીની સભ્ય સંખ્યા અને આવકની માહીતી

અ.નં.	સ્નાનાગાર નું નામ	જાણકાર સભ્ય સંખ્ય			મોટા શીખાઉ સભ્ય સંખ્ય	બાળ શીખાઉ સભ્ય સંખ્ય	કુલ સભ્ય સંખ્યા	કુલ આવક
		વાર્ષીક	ત્રીમાસીક	માસીક				
૧	વાસણા સ્નાનાગાર	૯૯૨	૧૨૫૨	૩૭	૧૬૧૫	૮૨૮	૪૭૨૪	૨૫૦૩૯૬૫
૨	સ્ટેડિયમ સ્નાનાગાર	૨૪૫૦	૩૮૪	૦	૨૦૩૪	૧૩૯૬	૬૨૬૪	૩૭૦૦૫૭૦
૩	વાડજ સ્નાનાગાર	૫૭૨	૩૯૭	૧૪	૬૭૫	૫૫૦	૨૨૦૮	૮૨૨૯૪૦
૪	રાણીપ સ્નાનાગાર	૪૯૬	૪૮૪	૦	૧૦૪૬	૩૩૦	૨૩૫૬	૧૩૨૫૬૫૫
૫	બાગેફિરદોશ સ્નાનાગાર	૮૫૨	૬૬૫	૨૪	૨૧૦૯	૮૩૧	૪૪૮૧	૨૩૮૦૯૫૦
૬	ઓઢવ સ્નાનાગાર	૩૫૨	૮૬૩	૨૭	૧૦૨૫	૪૦૩	૨૬૭૦	૧૨૫૭૧૮૫
૭	કાંકરીયા સ્નાનાગાર	૧૦૩૬	૪૯૭	૨૪	૧૨૨૮	૦	૧૭૫૪	૧૭૫૪૪૯૫
૮	લાલદરવાજા સ્નાનાગાર	૬૬૭	૪	૨	૬૯૧	૪૮૯	૧૮૫૩	૭૦૫૬૫૫
૯	હાજીપુરા સ્નાનાગાર	૫૪૮	૬	૦	૩૪૫	૨૭૩	૧૧૭૨	૫૫૮૭૮૦
૧૦	સાબરમતી સ્નાનાગાર	૮૮૫	૫	૦	૭૧૦	૫૨૦	૨૧૨૦	૬૮૪૫૩૫
૧૧	ખોખરા સ્નાનાગાર	૧૧૬૬	૦	૦	૬૬૧	૫૪૧	૨૩૬૮	૮૭૧૯૬૫
૧૨	અસારવા સ્નાનાગાર	૧૫૮	૫૧	૯	૧૬૩	૦	૩૮૧	૧૩૭૬૧૦
૧૩	સારંગપુર સ્નાનાગાર	૬૬૦	૧	૦	૪૩૦	૩૪૫	૧૪૩૬	૫૦૫૯૯૫
૧૪	સરસપુર સ્નાનાગાર	૫૨૫	૮	૦	૩૯૬	૦	૯૨૯	૩૬૦૨૫૦
	કુલ	૧૧૩૫૯	૪૬૧૭	૧૩૭	૧૩૧૨૮	૬૫૦૬	૩૪૭૧૬	૧૭૫૭૦૫૫૦

૨.૧૫ સંસ્કાર કેન્દ્ર (મ્યુઝીયમ)

૨૦૧૧-૧૨

સને ૨૦૧૧-૧૨ વર્ષ દરમ્યાન સંસ્કાર કેન્દ્રમાં કોમર્શીયલ પ્રદર્શનો, અધિવેશનો, સાંસ્કૃતિક પ્રોગ્રામો તથા જુદીજુદી જ્ઞાતિઓના લગ્ન મેળાવડા તથા સમુહ લગ્નોના આયોજન કરવામાં આવ્યા હતા.

આમ સને ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન યોજાયેલ પ્રદર્શનોના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંસ્કાર કેન્દ્રને રૂા.૧૦,૫૦,૫૪૫/- ની આવક થવા પામી છે.

સને ૨૦૧૦-૧૧ દરમ્યાન યોજેલ પ્રદર્શનોની માહિતી દર્શાવતું પત્રક

અ નું.	તારીખ	પ્રદર્શન યોજનાર સંસ્થાનું નામ/સરનામું	પ્રદર્શનનો પ્રકાર	ભાડાની રકમ (રૂા.માં)	શ્રીર્ક્રૂ
૧	૧૪/૦૫/૧૧	મહાગુજરાત મોચી જ્ઞાતી કર્મચારી મંડળ	રસોડું	૧૦૦૧/-	
૨	૧૭/૦૫/૧૧	દિગમ્બર જૈન મહા સમિતિ	રસોડું	૧૦૦૧/-	
૩	૨૧/૦૭/૧૧ થી ૩૦/૦૭/૧૧	આર્ટ એન્ડ માઇન્ડ ટ્રેનીગ સેન્ટર	ચિત્ર પ્રદર્શન	૨૦૦૦/-	
૪	૨૫/૦૬/૧૧ થી ૨૬/૦૬/૧૧	બોડી લાઇન હોસ્પીટલ	રસોડું	૨૦૦૦/-	
૫	૨૯/૦૪/૧૧ થી ૩૦/૦૪/૧૧	હસનલાલ સમશેરખાન પઠાણ	રીસેપ્શન	૧૦૦૦૦/-	
૬	૧૬/૦૪/૧૧	તસમીન કોર્પોરેશન	સંગીત સંધ્યા	૧૫૦૦૦/-	
૭	૨૪/૦૪/૧૧	સમર્પણ ગૃપ c/o દિનેશભાઇ અમૃતલાલ	રસોડું	૧૦૦૧/-	
૮	૦૫/૦૫/૧૧ થી ૦૮/૦૫/૧૧	ધી ગુજરાત સાર્વજનીક વેલ્ફેર ટ્રસ્ટ	વિધા અભ્યાસ	૪૦૦૪/-	
૯	૨૨/૦૪/૧૧	અધિક મદદનીશ ઇજનેર મંડળ	રસોડું	૧૦૦૧/-	
૧૦	૨૪/૦૪/૧૧	ખડાયતા મિત્ર મંડળ	રસોડું	૧૦૦૧/-	
૧૧	૦૩/૦૫/૧૧	વિશ્વધર્મ ચેતના મંચ	રસોડું	૧૦૦૧/-	
૧૨	૦૯/૧૨/૧૧ થી ૧૧/૧૨/૧૧	ચોપન એકડા જૈન સમાજ	સમુહ લગ્ન	૬૦૦૬/-	
૧૩	૨૯/૧૦/૧૧	સુલેમાનભાઇ આર. પઠાણ	લગ્ન પ્રસંગ	૩૦૦૦૦/-	
૧૪	૦૪/૦૧/૧૨ થી ૦૮/૦૧/૧૨	કેર ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ	રસોડું	૫૦૦૫/-	
૧૫	૨૩/૦૯/૧૧ થી ૨૪/૦૯/૧૧	સૈયદ ઝાકીર હુસેનભાઇ	સમુહ લગ્ન	૩૫૦૦૦/-	
૧૬	૦૩/૧૦/૧૧ થી ૦૪/૧૦/૧૧	દાનીશભાઇ કુરેશી	રીસેપ્શન	૩૫૦૦૦/-	

૧૭	૧૯/૦૮/૧૧ થી ૨૧/૦૮/૧૧	ક્રિએટીવ ડેટ	ચિત્ર પ્રદર્શન	૬૦૦/-	
૧૮	૧૬/૦૧/૧૨ થી ૨૨/૦૧/૧૨	એન પરમાર એક્સપોઝીશન	પ્રદર્શન	૬૫૦૦૦/-	
૧૯	૧૬/૧૨/૧૧ થી ૧૯/૧૨/૧૧	સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર મંડળ	પસંદગી મેળો	૪૦૦૮/-	
૨૦	૦૬/૦૯/૧૧ થી ૧૨/૦૯/૧૧	આકાર એક્સ્પો પ્રા.લી.	પ્રદર્શન	૫૫૦૦૦/-	
૨૧	૨૭/૧૨/૧૧	મનુભાઇ નાથાભાઇ પાનસુરીયા	રીસેપ્શન	૧૫૦૦૦/-	
૨૨	૦૪/૧૨/૧૧ થી ૦૭/૧૨/૧૧	બનાસકાંઠા પીપા પંથી દરજી સમાજ	સમુહલગ્ન	૮૦૦૮/-	
૨૩	૩૧/૧૨/૧૧ થી ૦૧/૦૧/૧૨	ગુજરાત માલી ફેડરેશન	પસંદગી મેળો	૪૦૦૪/-	
૨૪	૨૩/૧૨/૧૧ થી ૨૪/૧૨/૧૧	સમસ્ત બ્રહમ સમાજ ગુજરાત	પસંદગી મેળો	૩૦૦૬/-	
૨૫	૦૪/૧૦/૧૧ થી ૧૮/૧૦/૧૧	જી.એચ.માસ્ટર ફોટો જર્નાલીસ્ટ	ફોટો પ્રદર્શન	૧૦૦૦/-	
૨૬	૨૦/૧૧/૧૧	સલીમ સી હકીમ એડવોકેટ	જીમણવાર	૧૫૦૦૦/-	
૨૭	૨૬/૧૧/૧૧ થી ૨૭/૧૧/૧૧	સમસ્ત બ્રહમ સમાજ	પસંદગી મેળો	૨૦૦૪/-	
૨૮	૧૦/૦૯/૧૧ થી ૧૬/૦૯/૧૧	મોર્ડન આર્ટ ડીઝાઇનર	પ્રદર્શન	૧૪૦૦/-	
૨૯	૧૪/૧૦/૧૧ થી ૧૬/૧૦/૧૧	યુસુફભાઇ સી મન્સુરી	રીસેપ્શન	૩૫૦૦૦/-	
૩૦	૦૫/૦૧/૧૨ થી ૦૯/૦૧/૧૨	પ.પુ.આચાર્ય શ્રી રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ	દીક્ષા સતાપ્દી	૫૦૦૫/-	
૩૧	૦૫/૦૧/૧૨ થી ૦૯/૦૧/૧૨	પ.પુ.આચાર્ય શ્રી રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ	આર્ટ ગેલેરીમાં દીક્ષા સતાપ્દી	૧૦૦૦/-	
૩૨	૨૮/૧૧/૧૧ થી ૦૨/૧૨/૧૧	કમળાબેન શાંતીલાલ ચુનીલાલ કપાસી	સમુગ લગ્ન	૫૦૦૫/-	
૩૩	૧૩/૧૦/૧૧ થી ૧૫/૧૦/૧૧	સ્પિક મૌકે	ઇચત્ર પ્રદર્શન	૬૦૦/-	
૩૪	૨૪/૦૨/૧૨ થી ૨૬/૦૨/૧૨	મારવાડ જૈન સંઘ	સાંસ્કૃતિક કાર્યક્રમ	૬૦૦૬/-	
૩૫	૨૫/૦૧/૧૨ થી ૨૬/૦૧/૧૨	મુસ્તુફાભાઇ એચ શેખ	રીસેપ્શન	૩૫૦૦૦/-	

૩૬	૧૬/૧૧/૧૧	જે.વી.મોમીન	રીસેપ્શન	૧૫૦૦૦/-	
૩૭	૨૯/૦૧/૧૨ થી ૩૧/૦૧/૧૨	અસરફખાન પઠાણ	જીમણવાર	૨૦૦૦૦/-	
૩૮	૨૨/૦૨/૧૨ થી ૨૩/૦૨/૧૨	આબાદ હુસેન પઠાણ	રીસેપ્શન	૨૦૦૦૦/-	
૩૯	૨૭/૦૧/૧૨ થી ૨૮/૦૧/૧૨	ઈકબાલ એ સુરતી	જમણવાર	૨૦૦૦૦/-	
૪૦	૨૭/૦૨/૧૨	મૌલીક કે વિધાઘર	રીસેપ્શન	૧૫૦૦૦/-	
૪૧	૧૬/૦૨/૧૨ થી ૧૭/૦૨/૧૨	રીઝવાન જોહરાવાલા	જમણવાર	૨૦૦૦૦/-	
૪૨	૩૧/૦૧/૧૨	મેરૂનીશા હનીફભાઈ લાખવાના	જમણવાર	૧૫૦૦૦/-	
૪૩	૧૫/૧૨/૧૧ થી ૨૧૨૧/૧૨/૧૧	દેવીબા વાળા	ચિત્ર પ્રદર્શન	૧૪૦૦/-	
૪૪	૩૦/૦૩/૧૨ થી ૦૧/૦૪/૧૨	લોહાણા પરીવાર	સમુહ લગ્ન	૬૦૦૬/-	
૪૫	૨૫/૧૨/૧૧ થી ૨૯/૧૨/૧૧	હર્ષદભાઈ શાહ	ચિત્ર પ્રદર્શન	૧૦૦૦/-	
૪૬	૧૮/૦૨/૧૨	ઝાકીરહુસેન મહંમદમીયા	જમણવાર	૧૫૦૦૦/-	
૪૭	૨૭/૦૨/૧૨ થી ૨૩/૦૩/૧૨	જૈનમભાઈ કુમારભાઈ શાહ	ધાર્મિક પ્રસંગ	૫૨૦૫૨/-	
૪૮	૨૭/૦૧/૧૨ થી ૩૧/૦૧/૧૨	શશીકાંત સાતજીતે	ચિત્ર પ્રદર્શન	૧૦૦૦/-	
૪૯	૧૩/૧૧/૧૧ થી ૧૫/૧૧/૧૧	અસલમભાઈ કાગદી	જમણવાર	૨૫૦૦૦/-	
૫૦	૧૦/૦૧/૧૨ થી ૧૫/૦૧/૧૨	એન પરમાર એક્સ્પોઝીશન	ફકત બાંધકામ માટે	૩૦૦૦૦/-	
૫૧	૩૧/૦૩/૧૨	ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુ.	જમણવાર	૧૫૦૦૦/-	
૫૨	૧૬/૦૪/૧૨ થી ૧૯/૦૪/૧૨	છજર્જ્ઝરક્ક્ષ	પ્રદર્શન	૬૫૦૦૦/-	
૫૩	૧૭/૦૧/૧૨ થી ૨૧/૦૧/૧૨	સુરજભાઈ રામાવત	ચિત્ર પ્રદર્શન	૧૦૦૦/-	
૫૪	૧૫/૦૩/૧૨ થી ૨૨/૦૩/૧૨	જૈનમભાઈ કુમારભાઈ શાહ	આર્ટ ગેલેરીમાં ધાર્મિક પ્રસંગ	૧૬૦૦/-	
૫૫	૦૪/૦૪/૧૨ થી ૦૭/૦૪/૧૨	અજીતભાઈ એસ.પટેલ	ફોટો પ્રદર્શન	૮૦૦/-	

૫૬	૦૭/૦૨/૧૨ થી ૧૬/૦૨/૧૨	સોળગામ લેઉઆ પટેલ સમુહ લગ્ન	સમુહ લગ્ન	૨૦૦૦૦/-	
૫૭	૨૧/૧૨/૧૨ થી ૨૨/૧૨/૧૨	ઝફરભાઇ સરેસભાઇ	રીસેપ્શન	૨૦૦૦૦/-	
૫૮	૧૫/૧૨/૧૨ થી ૧૬/૧૨/૧૨	સુરેન્દ્રભાઇ બક્ષી	રીસેપ્શન	૨૦૦૦૦/-	
૫૯	૨૯/૧૨/૧૨	મહમદ આમીન પઠાણ	રીસેપ્શન	૩૦૦૦૦/-	
૬૦	૩૦/૧૨/૧૨	શરીફખાન કાસમભાઇ પઠાણ	સામાજીક પ્રસંગ	૩૦૦૦૦/-	
૬૧	૨૧/૦૬/૧૨ થી ૨૫/૦૬/૧૨	કમળાબેન શાંતીલાલ કપાસી	સમુહ લગ્ન	૧૦૦૧૦/-	
૬૨	૦૨/૦૬/૧૨	કુત્બુદ્દીન એન તીરમીજી	રીસેપ્શન	૧૫૦૦૦/-	
૬૩	૧૩/૦૯/૧૨ થી ૧૬/૦૯/૧૨	એનેક્ષી મીડીયા માર્કેટીગ	પ્રદર્શન	૪૦૦૦૦/-	
૬૪	૦૭/૧૨/૧૨ થી ૧૦/૧૨/૧૨	સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર મંડળ	પસંદગી મેળો	૪૦૦૮/-	
૬૫	૨૦/૦૨/૧૨ થી ૨૪/૦૨/૧૨	કચ્છી જૈન સમાજ	મેળો	૧૧૦૦૦૦/-	
			કુલ	૧૦,૫૦,૫૪૫/-	

૨.૧૬ વિજિલન્સ ખાતુ
૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના વિજીલન્સ ખાતાની કામગીરી મ્યુનિ.કમિશનરશ્રી અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (વિજીલન્સ)ની સીધી દેખરેખ અને તેઓની રાહભરી હેઠળ કરવામાં આવે છે. વિજીલન્સ ખાતા દ્વારા મ્યુનિ.કોર્પો.ના તમામ ખાતાઓની નિયમિતતા અંગેની દેખરેખ અને મ્યુનિ.કોર્પોના વહીવટી તથા ટેકનીકલ ખાતાઓના અધિકારી / કર્મચારીઓ વિરૂધ્ધ આવેલ લાંચ,ભ્રષ્ટાચાર,ગેરરીતી અને ગેરવર્તણૂંકને લગતી ફરીયાદોની તપાસ કરી સક્ષમ સત્તાને હકીકતલક્ષી રીપોર્ટ રજુ કરી વિજીલન્સ ખાતાને મળેલ ફરીયાદોનો યોગ્ય રીતે નિકાલ કરવાની કામગીરી ઉપરાંત મ્યુનિ.કોર્પો.ના ખાતાઓની વહીવટી કાર્યપધ્ધતિ અને પ્રણાલી પ્રથાની સમીક્ષા કરવાની, કવોલીટી ઇમ્પ્રુવમેન્ટ માટે સેમ્પલ ટેસ્ટીગ કરાવવાની તથા મ્યુનિ.કોર્પો.ના તમામ ખાતાઓ / વિભાગોનું હાજરી ચેકીગ કરી મ્યુનિ.કોર્પો.ના તમામ વિભાગો / ખાતાઓને કાર્યક્ષમ,નિયમિત રાખવાની પણ કામગીરી કરવામાં આવતી હોય છે.મ્યુનિ.કોર્પો.ના વિજીલન્સ ખાતાની કામગીરી (૧) જનરલ અને (૨) ટેકનીકલ એમ બે વિભાગમાં વહેચાયેલ છે.

વિજીલન્સ ખાતાની તમામ વહીવટી બાબતોનું સંચાલન તેમજ વિજીલન્સ ખાતાના બન્ને વિભાગોનું સુપરવિઝન,દેખરેખ અને વિજીલન્સ ખાતાના આસી.મેનેજરો,વિજીલન્સ ઓફીસરો અને આસી.વિજીલન્સ ઓફીસરોને વિજીલન્સ તપાસને લગતુ માર્ગદર્શન આપવાની કામગીરી **મેનેજર /ડેપ્યુટી એચ.ઓ.ડી.શ્રી** દ્વારા કરવામાં આવે છે વિજીલન્સ ખાતાના બન્ને વિભાગોના વિજીલન્સ તપાસ રીપોર્ટ તથા હાજરી ચેકીગના રીપોર્ટ **મેનેજર/ ડેપ્યુટી એચ.ઓ.ડી.શ્રી** મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિર્ણયાર્થે મુકવામાં આવે છે.

(અ) **જનરલ વિભાગ :-**

- અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના વહીવટી બાબતો ને લગતા ખાતાઓને લગતી મળેલ ફરીયાદોનો નિકાલ તથા ખાતાની વહીવટી કામગીરી જનરલ વિભાગ દ્વારા કરવામાં આવે છે.વિજીલન્સ ખાતાની જનરલ વિભાગને લગતી કામગીરી માટે ૦૩ આસી.મેનેજરોની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૧) **આસી.મેનેજર (જન.૦૧)**

- મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ, હેલ્થ, સ્કૂલ બોર્ડ, સેન્ટ્રલ ઓફીસ,પબ્લીસીટી,એકાઉન્ટ,ઓડીટ, લાઇટ,જન્મ-મરણ,મ્યુનિ.મેડીકલ કોલેજો,માધ્યમિક શાળાઓ,ગુમાસ્તાધારા, આઇ.આર, લીગલ, વિજીલન્સ,સિવીક સેન્ટર્સ, પાવર પ્લાન્ટ, વોટર ઓપરેશન, મેલેરીયા, પ્રોફેશનલ ટેક્ષ, એ.એમ.ટી.એસ, સેક્રેટરી, ઇજનેર શીરસ્તેદાર, સેન્ટ્રલ લેબોરેટરી અને પ્લાનીગ વિગેરે ખાતાઓને લગતી વિજીલન્સ ખાતાને મળેલ ફરીયાદોની વિજીલન્સ તપાસની કામગીરી તથા સ્ટાફની હાજરી ચેકીગની કામગીરી આસી.મેનેજર (વિજી.જન.૦૧) દ્વારા કરવામાં આવે છે.પરંતુ હાલમાં આસી.મેનેજર (જન.૦૧) ની જગ્યા ખાલી હોવાથી ઉપરોકત ખાતાઓ આસી.મેનેજર(જન.૦૨) અને આસી.મેનેજર (જન.૦૩)ને સરખા ભાગે વહેચી દેવામાં આવેલ છે.

(૨) **આસી.મેનેજર (જન.૦૨)**

- મ્યુનિ.કોર્પો.ના રેફયુજ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,પાર્કસ એન્ડ ગાર્ડન,સેન્ટ્રલ રેકર્ડ તથા ટેન્ડર ઓફીસ,સેન્ટ્રલ વર્કશોપ,સેન્ટ્રલ સ્ટોર્સ,સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ,મ્યુનિ.હોસ્પીટલો (તમામ)

પ્રસુતિગૃહો / દવાખાના, કુટુંબ કલ્યાણ, આર.સી.એચ.સેવાઓ, ફાયર બ્રીગેડ, સ્નાનાગાર, મ્યુઝિયમ, કાંકરીયા લેંક, ઝુ, બાલવાટીકા, એમ.જે.લાયબ્રેરી,સી.એન.સી.ડી., સ્લોટર હાઉસ, વિગેરે ખાતા ઓને લગતી વિજીલન્સ ખાતાને મળેલ ફરીયાદોની વિજીલન્સ તપાસની કામગીરી તથા સ્ટાફની હાજરી ચેકીંગની કામગીરી આસી.મેનેજર (જન.૦૨) દ્વારા કરવામાં આવે છે.

(૩) **<u>આસી.મેનેજર (જન.૦૩)</u>**

- મ્યુનિ.કોર્પો.ના તમામ ખાતાના અધિકારી / કર્મચારીને એન.ઓ.સી.અંગે ની કામગીરી તેમજ મ્યુનિ.કોર્પો.ના વ્હીકલ ટેક્ષ, યુ.સી.ડી, મધ્યાહન ભોજન યોજના , ઈલેકશન, બાલભવન / પુસ્તકાલય, વ્યાયામ વિધાલય, પ.વ.એકાઉન્ટ, એસ.ટી.પી.,એસ્ટેટ/ ટી.ડી.ઓ.(નોન ટેકનીકલ) વિગેરે ખાતાઓને લગતી વિજીલન્સ ખાતાને મળેલ ફરીયાદો તથા આસી.મેનેજર (જન.૦૧) અને આસી.મેનેજર (જન-૦૨) ની યાદીમાં નથી તેવા મ્યુનિ.કોર્પો.ના બાકી રહેતા તમામ ખાતાઓની મળેલ ફરીયાદોની વિજીલન્સ તપાસની કામગીરી તથા સ્ટાફની હાજરી ચેકીંગની કામગીરી આસી.મેનેજર (જન.૦૩) દ્વારા કરવામાં આવે છે.

(બ) **<u>ટેકનીકલ વિભાગ :-</u>**

વિજીલન્સ ખાતાના ટેકનીકલ વિભાગની કામગીરી ત્રણ વિભાગમાં વહેચાયેલ છે.

૧. <u>એન્જીનીયરીંગ વિભાગ :-</u>

- મ્યુનિ.કોર્પોરેશનના પાણી,રોડ,ગટર,બ્રીજ પ્રોજેક્ટ જેવા ટેકનીકલ કામગીરી સાથે સંકળાયેલ ઈજનેર ખાતાની મળેલ ફરીયાદોની વિજીલન્સ તપાસ કરી ફરીયાદોનો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવે છે.મ્યુનિ.કોર્પો.ના કોન્ટ્રાકટરો દ્વારા કરાતા કામોનું સુપરવિઝન કરી કામની કવોલીટી મેન્ટેન કરાવવાની કામગીરી અને સ્ટાફની હાજરી ચેકીંગની વિજીલન્સ ખાતાના ટેકનીકલ વિભાગ દ્વારા કરવામાં આવે છે.ઈજનેર ખાતાની ટેકનીકલ કામગીરી માટે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ૦૨ વિજીલન્સ ઓફીસર (ટેક.)ની નિમણૂંક કરવામાં આવેલ છે

૨. <u>એસ્ટેટ/ ટી.ડી.ઓ.વિભાગ :-</u>

- સમગ્ર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની હદમાં થતાં ગેરકાયદેસર દબાણો તથા બાંધકામોને લગતી તેમજ એસ્ટેટ / ટી.ડી.ઓ.ખાતાના અધિકારી / કર્મચારીઓને લગતી વિજીલન્સ ખાતાને મળેલ ફરીયાદોની વિજીલન્સ તપાસ કરી ફરીયાદોનો નિકાલ કરવાની તથા સ્ટાફની હાજરી ચેકીંગની કામગીરી વિજીલન્સ ઓફીસર (એસ્ટેટ/ટી.ડી.ઓ.) દ્વારા કરવામાં આવે છે.

૩. <u>ઈલેકટ્રીક એન્ડ મીકેનીકલ વિભાગ :-</u>

વિજીલન્સ ઓફીસર (ઈ એન્ડ એમ)ની જગ્યા હાલમાં ખાલી હોવાથી તેમની જગ્યાની કામગીરી આસી.મેનેજર(જન-૦૨) તથા આસી.મેનેજર (જન-૦૩) દ્વારા કરવામાં આવે છે.

વિજીલન્સ ખાતા દ્વારા સને.૨૦૧૧-૧૨ના વર્ષમાં **<u>કુલ- ૯૦૬</u>** ફરીયાદો પૈકી **<u>૫૨૧</u>** ફરીયાદોનો એટેલે કે **<u>૫૭.૫૦%</u>** ફરીયાદો / કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ **<u>કુલઃ ૫૨૧</u>** કેસો / ફરીયાદો પૈકીના **<u>૪૧૦</u>** કેસો / ફરીયાદો વિજીલન્સ તપાસના અંગે સાબિત ન થતાં સક્ષમ સત્તા દ્વારા દફતરે કરાયેલ છે.**<u>૬૬</u>** કેસો / ફરીયાદોમાં વિજીલન્સ તપાસ કરવાની થતી ન હોવાથી

મ્યુનિ.કોર્પોરેશનના સબંધિત વિભાગોને યોગ્યાર્થે મોકલી આપેલ છે.જયારે નિકાલ થયેલ ફરીયાદો પૈકીના **૪૫** કેસો વિજીલન્સ તપાસના અંતે સાબિત થયેલ અને સાબિત થયેલ કેસોમાં કસુરવાર જણાયેલ કુલ **૧૧૧** મ્યુનિ.અધિકારી/ કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા અંગેની આગળની કાર્યવાહી અર્થે **૪૫** કેસોની મૂળ ફાઇલો આઇ.આર.ખાતે તેમજ અન્ય જે તે સબંધિત ખાતાઓને મોકલી આપેલ છે.વધુમાં સને.૨૦૧૧-૧૨ વર્ષના અંતે **૩૮૫** ફરીયાદો / કેસો પેન્ડીગ રહેવા પામેલ છે એટલે કે **૪૨.૪૯ %** કેસો પેન્ડીગ રહેલ છે.

સને.૨૦૧૧-૧૨ના વર્ષમાં વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ફરીયાદો / કેસોની વિગતો દર્શાવતુ પત્રક

અ.નં.	વિભાગનું નામ	અગાઉના વર્ષની પેન્ડીગ રહેલ ફરીયાદો/ કેસોની સંખ્યા	સને.૨૦૧૧-૧૨માં મળેલ ફરીયાદો / કેસોની સંખ્યા	કુલ ફરીયાદો/કેસોની સંખ્યા	સને.૨૦૧૧-૧૨ના વર્ષમાં નિકાલ થયેલ ફરીયાદો/ કેસોની સંખ્યા	વર્ષના અંતે પેન્ડીગ રહેલ ફરીયાદો/કેસોની સંખ્યા
૧.	જનરલ	૧૧૪	૧૭૬	૨૯૦	૧૫૦	૧૪૦
૨.	ટેકનીકલ	૧૦૭	૦૭૦	૧૭૭	૦૫૩	૧૨૪
૩.	એસ્ટેટ-ટી.ડી.ઓ.	૨૩૪	૨૦૫	૪૩૯	૩૧૮	૧૨૧
	કુલઃ-	**૪૫૫**	**૪૫૧**	**૯૦૬**	**૫૨૧**	**૩૮૫**

તા.૧૫/૦૫/૨૦૧૨ની સ્થિતિએ વિજીલન્સ ખાતાના અધિકારી / કર્મચારીઓની વિગતો દર્શાવતુ પત્રક :-

અ.નં.	હોદ્દો	શીડયુલ મુજબ મંજુર થયેલ જગ્યાઓ	ભરાયેલ જગ્યાઓ	ખાલી જગ્યાઓ
૧.	ડાયરેકટર ઓફ વિજીલન્સ	૧	૦	**૧**
૨.	આસી.મેનેજર (જનરલ)	૩	૨	**૧**
૩.	વિજીલન્સ ઓફીસર (જનરલ)	૩	૨	**૧**

૪.	વિજીલન્સ ઓફીસર (ટેકનીકલ)	૫	૨	૩
૫.	વિજીલન્સ ઓફીસર (એસ્ટેટ-ટીડી.ઓ.)	૧	૧	૦
૬.	વિજીલન્સ ઓફીસર (ઈએન્ડ એમ)	૧	૦	૧
૭.	આસી.વિજીલન્સ ઓફીસર (જનરલ)	૧૪	૩	૧૧
૮.	ટેકનીકલ સુપરવાઈઝર (સિવીલ)	૫	૦	૫
૯.	સબ ઈન્સ્પેકટર (એસ્ટેટ-ટીડી.ઓ.)	૧	૧	૦
૧૦.	ટેકનીકલ સુપરવાઈઝર	૧	૦	૧
૧૧.	સ્ટેનો	૧	૧	૦
૧૨.	ટાઈપીસ્ટ	૧	૦	૧
૧૩.	સીની.કલાર્ક	૩	૩	૦
૧૪.	જુની.કલાર્ક	૪	૪	૦
	કુલ :-	**૪૪**	**૧૯**	**૨૫**

૨.૧૭ પબ્લિસિટી ખાતુ.
૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાનાર જાહેર સમારંભો,સન્માન સમારંભો,ઉદઘાટન સમારંભો,જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભો,ભૂમિપૂજનવિધિઓ,શિલારોપણવિધિઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો ના અયોજન અંગે ની કામગીરી તથા શહેરના જુદા જુદા વોર્ડમાં ગરીબ કલ્યાણ મેળા,કાંકરિયા કાર્નિવલ,સૌ પ્રથમવાર સાબરમતી મેરેથોન દોડ નું આયોજન તથા સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ નાં શુભારંભ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ. તેમજ પ્રેસનોટ પ્રસિદ્ધિ અને મ્યુનિસિપલ કોર્પોરેશન ના વિવિધ ખાતાઓના કામો ને લગતી જાહેર ખબરો દૈનિકો માં છપાવવા સંબંધી કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે.ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન ના કામો સંબંધી દૈનિકોમાં પ્રસિદ્ધ થતાં સમાચારોના પ્રેસ કટીંગ મેયરશ્રી,સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી,મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરી જે તે ખાતા ને જરૂરી કાર્યવાહી માટે પબ્લિસિટી ખાતા દ્વારા જણાવવામાં આવે છે.

હ્રાક્રા દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓમાંથી માહિતી મંગાવી મ્યુનિ.ડેસ્ક ડાયરી છપાવવાની કામગીરી કરવામાં આવે છે.તથા અમદાવાદમ્યુનિ કોર્પોરેશન દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોમાં કામ કરનાર વિવિધ પાર્ટીઓના બીલોનાં પેમેન્ટની ચુકવણીની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ.કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ દ્વારા વિકાસ કામોને લગતી જાહેર ખબરો,ટેન્ડર નોટીસો પ્રસિદ્ધ કરવામાં આવી હતી.વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના અયોજન,બજેટ ની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરીકો ને જાણ થાય તેવા ઉપયોગી સુચનોની માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિદ્ધ કરાવવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશની પ્રચાર-પ્રસારની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં શહેરના જુદા જુદા વોર્ડમાં વિવિધ કામો ના ઉદ્ઘાટન સમારંભો,પ્રતિમા અનાવરણવિધિઓ,નામાભિધાનવિધિઓ,ખાતમુહુર્તવિધિઓ,પ્રદર્શનો,સાંસ્કૃતિક કાર્યક્રમો અને સત્કાર સમારંભો વગેરે વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા દ્વારા થયા હતા.આ ફંકશનોના પ્રિન્ટિંગ,ફોટોગ્રાફીના કામો મહોત્સવ-ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી વિવિધ સ્થળે પોસ્ટરો,બેનરો-હોર્ડિંગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

૨.૧૮ સેન્ટ્રલ સ્ટોર્સ
૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરની જનતાની સુખ સગવડો ને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડવા અને અમદાવાદ શહેરના વિકાસ માટે કરવામાં આવતા કામો માટે સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરીયાત પ્રમાણેના માલ ખરીદ કરવામાં આવે છે.અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓને તેમના ઇન્ડેન્ટો મુજબ માલ ઇસ્યુ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સની છેલ્લા પાંચ વર્ષની ખરીદી અને ઇસયુની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

ટેબલ-એ

વર્ષ	ઉઘડતીસિલક(રૂા.માં)	ખરીદી (રૂા.માં)	ઇસ્યુ (રૂા.માં)	વર્ષ આખરે બેલેન્સ(રૂા.માં)
૨૦૦૭-૦૮	૭૯૩૯૦૭૦૫/-	૧૮૨૬૬૨૯૫૧/-	૧૫૭૨૨૪૧૭૬/-	૧૦૪૮૨૯૪૮૦/-
૨૦૦૮-૦૯	૧૦૪૮૨૯૪૮૦/-	૪૩૦૪૨૩૨૦૩/-	૪૦૪૭૬૮૮૨૭/-	૧૩૦૪૮૪૮૫૬/-
૨૦૦૯-૧૦	૧૩૦૪૮૪૮૫૬/-	૫૫૦૬૫૯૩૫૨/-	૫૫૭૬૬૫૨૦૨/-	૧૨૩૫૭૯૦૦૬/-
૨૦૧૦-૧૧	૧૨૩૫૭૯૦૦૬/-	૭૫૫૮૩૦૬૬૫/-	૭૨૨૯૨૨૧૬૫/-	૧૫૬૪૮૭૫૦૬/-
૨૦૧૧-૧૨	૧૫૬૪૮૭૫૦૬/-	૪૯૬૨૦૦૬૭૨/-	૪૩૦૯૯૮૦૦૭/-	૨૨૧૬૯૦૧૭૧/-

સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ કરેલ ખરીદી તથા ઇસ્યુ કરેલ માલની સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સના હીસાબોની વિગત નીચે જણાવ્યા મુજબ છે.જેમાં સને ૨૦૧૧-૧૨ ના માલની માસ વાર ખરીદી તથા ઇસ્યુની રકમ દર્શાવવામાં આવી છે.સેન્ટ્રલ સ્ટોર્સમાં ખરેખર ખરીદી થયેલ છે.તેમજ ચીફ એકાઉન્ટ ખાતે મોકલવામાં આવેલ એબ્સ્ટ્રેક્ટના હિસાબી આંકડા ઉપરથી છે.જેનો ખર્ચ સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિ.સેન્ટ્રલ સ્ટોર્સ બજેટહેડ ઉપર પાડેલ છે.તથા જમાં કરાવેલ રકમોની છે.

ટેબલ-બી

માસ	ખરીદીની રકમ (રૂપિયા લાખમા)	ઇસ્યુની રકમ (રૂપિયા લાખમા)
એપ્રિલ	૧૭૮.૭૦	૧૭૧.૮૮
મે	૫૧૨.૪૮	૧૭૨.૦૦
જુન	૨૧૫.૬૫	૨૧૭.૯૮
જુલાઇ	૨૪૯.૩૭	૨૧૯.૩૫
ઓગસ્ટ	૧૭૧.૩૮	૧૫૨.૧૪
સપ્ટેમ્બર	૨૩૪.૭૭	૩૫૧.૧૭
ઓકટોમ્બર	૫૦૯.૭૮	૩૦૦.૮૪
નવેમ્બર	૭૧૩.૦૯	૪૯૨.૫૦
ડીસેમ્બર	૫૮૦.૨૬	૭૦૭.૧૮
જાન્યુઆરી	૫૩૦.૮૦	૫૯૪.૧૫
ફેબ્રુઆરી	૪૬૯.૭૦	૪૭૫.૬૦
માર્ચ	૫૯૬.૦૨	૪૫૫.૧૯
કુલ	**૪૯૬૨.૦૦**	**૪૩૦૯.૯૮**

સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન કરાયેલ ખરીદી અને ઇસ્યુની માહિતી ઉપર જણાવેલ છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇજનેર ખાતા માટે એફ.આર.સી કવર,લીક્વીડ ક્લોરીન ગેસ વિગેરેની ખરીદીની મંજુરી મેળવી રેઇટ કોન્ટ્રાક્ટ કરેલ છે.અને માલ મંજુરી મુજબનો ઇજનેર ખાતામાં બારોબાર લેવામાં આવેલ છે.અને માલનું પેમેન્ટ ઇજનેર ખાતા મારફતે બારોબાર કરવામાં આવે છે. બ્લીચીંગ પાવડર ,ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી,કોપર સલ્ફેટ,ફટકડી વિગેરેની ખરીદીની મંજુરીથી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે.તેમજ મંજુર થયેલ ટેન્ડર મુજબ જે તે ખાતાના બજેટહેડમાં ખર્ચ પાડીને માલ સામાન મેળવવામાં આવે છે.

સેન્ટ્રલ સ્ટોર્સના સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમા થયેલ કુલ ખરીદી :-

(૧) ૧૫૧ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતે ખર્ચ પાડીને ખરીદ કરવામાં આવેલ તેની રકમ (લાખમાં) રૂા. **૪૯૬૨.૦૦**

(૨) અન્ય જુદા-જુદા ખાતે ખર્ચ પાડીને સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ દરમ્યાન સબંધિત ખાતાઓદ્વારા ખરીદી માટે

સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે રેઇટ કોન્ટ્રાક્ટ પ્રક્રિયા મંજુર કરાવા અંગેની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	ખાતાનું નામ	આઇટમ	રકમ (રૂપિયામાં)લાખમાં
૧	રાસ્કા વિયર પ્રોજેક્ટ (વોટર પ્રોજેક્ટ)	ક્લોરીન ગેસ	૧,૯૧=૦૯
૨	ઇજનેર ખાતુ(એફ.આર.સી કવર)	એફ.આર.સી કવર	૧,૯૪=૩૯
		કુલ ખર્ચ	**૩,૮૫=૪૮**

(૩) ઉપરોક્ત ખાતાએ જે તે વસ્તુઓની ખરીદી કરી પોતાના ખાતામાં બારોબાર ખર્ચ પાડેલ છે.

અનુક્રમ નંબર ૧ થી ૨ ખરીદી અંગેનો કુલ ખર્ચ

ઉઘડતી સિલક	૧૫૬૪૮૭૫૦૬/-
ખરીદી	૪૯૬૨૦૦૬૭૨/-
ઇસ્યુ ૨૦૧૧-૧૨	૪૩૦૯૯૮૦૦૭/-
તારીખ ૩૧/૦૩/૨૦૧૨ ના રોજ બંધ સિલક	૨૨૧૬૯૦૧૭૧/-

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ ખરીદી રૂા. **૪૯૬૨.૦૦** લાખમાં કરી છે.છેલ્લા પાંચ વર્ષમાં ખરીદી કરવા અંગે નીકળેલ (૧) ટેન્ડરો (૨) ઇન્કવાયરી અને ભાવ માંગ (૩) બજાર પરચેઇજ અને ઓફરથી કરવાની જે વિધિ કરેલ માલ-સામાનની માહિતી નીચે જણાવ્યા મુજબ છે.

ટેબલ ડી

અ.નં.	વર્ષ	ટેન્ડરની સંખ્યા
૧	૨૦૦૭-૨૦૦૮	૨૮૯
૨	૨૦૦૮-૨૦૦૯	૨૫૬
૩	૨૦૦૯-૨૦૧૦	૨૬૯
૪	૨૦૧૦-૨૦૧૧	૧૭૫
૫	૨૦૧૧-૨૦૧૨	૨૨૯

ટેબલ ઇ

અ.નં.	વર્ષ	રકમ	ઓફર્સ તથા બજાર પરચેઇજની સંખ્યા
૧	૨૦૦૭-૨૦૦૮	૧૭૩૦૮૫૨/-	૬૯

૨	૨૦૦૮-૨૦૦૯	૧૨૬૪૦૮૯/-	૭૮
૩	૨૦૦૯-૨૦૧૦	૧૩૨૭૨૯૩/-	૮૨
૪	૨૦૧૦-૨૦૧૧	૨૨૯૬૪૬૮/-	૨૫
૫	૨૦૧૧-૨૦૧૨	૧૬૪૫૬૫૯/-	૨૩

સામાન્ય રીતે સમાચાર પત્રોમાં જાહેર ખબર દ્વારા ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી અ.મ્યુ.કો.ની વેબસાઇટ પરટેન્ડર નોટીસપ્રસિધ્ધ કરીને ટેન્ડરો દ્વારા અને ટેન્ડર ઓફરો મંગાવી ખરીદી કરવામાં આવે છે.કેટલીક આઇટમોની ખરીદી વાર્ષિક રેઇટ કોન્ટાક્ટથી અને કેટલી આઇટમોની ખરીદી વસ્તુઓ ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવાનું આવશ્ક બને છે.જેથી ગુણવત્તાની યોગ્ય નિયત્રણ અને માલ પ્રાપ્તિની સરળતા સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનું નાણાકીય અને વહિવટી હિત જળવાઇ રહે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીગ કરાવવા અંગે આવતા ઇન્ડેન્ટોના આધારે પ્રિન્ટીગ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રિન્ટીગ કામ કરાવવા અંગેની ઓફરની ઇન્કવાયરી ની વિગત નીચે મુજબ છે.

ટેબલ એફ

અ.નં.	વર્ષ	ઇન્કવાયરીની સંખ્યા
૧	૨૦૦૭-૨૦૦૮	૪૧૨
૨	૨૦૦૮-૨૦૦૯	૪૩૩
૩	૨૦૦૯-૨૦૧૦	૪૭૮
૪	૨૦૧૦-૨૦૧૧	૨૯૯
૫	૨૦૧૧-૨૦૧૨	૩૦૦

સેન્ટ્રલ સ્ટોર્સના જુદા-જુદા ઇસ્યુ વિભાગો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ખાતાઓનેં માલ ઇસ્યુ કરવામાં આવે છે.તસંદર્ભે માલ મેળવવા આવેલ વર્ષવાર ઇન્ડેન્ટોની સંખ્યા નીચે મુજબ છે.

ઇસ્યુ વિભાગ	૨૦૦૭-૦૮	૨૦૦૮-૦૯	૨૦૦૯-૨૦૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
કન્ટી-જન્સી ૧-૨	૨૭૬૫	૩૯૬૯	૨૭૮૬	૧૪૭૬	૨૨૫૩
પ્રિન્ટીગ	૫૧૯	૪૩૩	૫૩૩	૪૨૩	૪૨૧
હાર્ડવેર	૬૬૪	૮૦૪	૩૯૭	૩૯૪	૫૯૧
સીમેન્ટ	૩૧૪	૩૩૬	૨૫૪	૧૯૧	૧૮૯
ડ્રેસ	૧૪૬	૫૬૫	૧૨૨	૨૮૭	૨૨૭
સ્ટીલ	૧૨૬	૧૨૦	૮૩૪	૧૨૬	૧૨૫
સી.પી.સી.	૩૮૯૫	૩૪૦૧	૪૧૩૫	૪૪૫૬	૩૭૬૨
એબ્સ્ટેક્ટ	૬૩૫૩	૭૪૯૦	૮૨૯૧	૫૩૯૬	૬૨૨૦

આ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના સને ૨૦૧૧-૧૨ ની સાલના વાર્ષિક અહેવાલમાં ખરીદી અને ઇસ્યુ અંગેની સઘળી બાબતો દર્શાવવામાં આવી છે.મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટે થઇને કુલ વાર્ષિક ખરીદી તથા ખાતાઓની સરળતા ખાતર રેઇટ કોન્ટ્રાક્ટ થી ખરીદીની મંજુરી પ્રક્રિયા સહિત કુલ રૂા. ૫૩૪૭.૪૮ લાખમાં કરવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ

તરફથી માલની જરૂરીયાત મુજબના ઇન્ડેન્ટ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા માલ ઇસ્યુ કરવામાં આવે છે.અને આ ઇસ્યુ થયેલ માલ-સામાનનો ઉપયોગ કરીને અમદાવાદ શહેરની જનતાની સુખાકારી અને આવશ્યક સેવા ઓ પુરી પાડીને શહેરના વિકાસ માટેની અને પ્રાથમિક જરૂરીયાતવાળા કામો સરળતાથી સમયસર કરવામાં આવેલ છે.અમદાવાદ શહેરની પ્રાથમિક સગવડ પુરી પાડવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સઘળા ખાતાઓને માલ ઇસ્યુ કરી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના કર્મચારીઓએ ખંત અને ઉત્સાહથી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાનની કામગીરી નિષ્ઠાપુર્વક સોપાયેલ ફરજ બજાવેલ છે.

વિભાગ પ્રમાણેની ખરીદી અને ઇસ્યુની માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વિભાગનું નામ	ખરીદી લાખમાં	ઇસ્યુ લાખમાં
૧	કન્ટી જન્સી ૧-૨	૨૫૦.૧૦	૨૬૨.૧૪
૨	પ્રિન્ટીગ	૬૩.૮૪	૫૦.૧૮
૩	હાર્ડવેર	૯૦.૩૪	૭૬.૧૩
૪	સીમેન્ટ	૧૪.૪૦	૧૩.૦૬
૫	ડ્રેસ	૨૬.૪૭	૨૫.૬૦
૬	સ્ટીલ	૧૫.૮૪	૧૪.૧૪
૭	સી.પી.સી.	૪૫૦૧.૦૧	૩૮૬૮.૭૩
	કુલ	**૪૯૬૨.૦૦**	**૪૩૦૯.૯૮**

આ ઉપરાંત સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા ઇન્વેન્ટરી સિસ્ટમની જરુરિયાત તથા આધુનિક સમયને અનુરુપ અપગ્રેડ કરીતમામ ખાતાઓને માલ સામાનની ઉપલબ્ધીની જાણકારી મળી રહે તે હેતુસર ઇન્વેન્ટરી સિસ્ટમ ઇન્ટ્રનેટ પર મુકી પારદર્શકતા અને વહિવટી સુગમતા માટેનાં પ્રયાસમાં સફળતા મેળવેલ છે.

૨.૧૯ ઈન્ડસ્ટ્રીયલ રીલેશન વિભાગ

૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) લેબર સેલ

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ઘણા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટએકટ-૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટીમાં મુદ્દતના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૧૯ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૨૩ નવા દાખલ થયેલ. આમ કુલ ૩૪૨ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૨૨ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૩૨૦ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૫૧૩ કેસો પેન્ડીંગ હતા. વર્ષ

દરમ્યાન નવા ૧૭ કેસો દાખલ થયેલ. આમ કુલ ૫૩૦ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૬૮ કેસોની નિકાલ થયેલ છે અને વર્ષ અંતે ૪૬૨ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-૨ (પી) અન્વયે સમાધાન કરાવવાની કલમ-૩૩(૨) (બી) અન્વયે એપ્રુવલ એપ્લીકેશન કામગીરી તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદ્દેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે.યુનિયનના હોદ્દેદારને રક્ષીત કામદાર તરીકે જાહેર ન કરવા અત્રેથી કાર્યવાહી કરવામાં આવેલ હતી.પરંતુ શ્રમ આયુકતશ્રી દ્વારા એક યુનિયનના હોદ્દેદારને રક્ષીત કામદાર જાહેર કરવામાં આવેલ.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાંમ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-લેબર ઓફિસર મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૧૪૧ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય ૩૦૭ અરજી આવેલ. આમ કુલ ૪૪૮ અરજીઓ પૈકી ૨૬૨ અરજીઓ મંજુર કરેલ છે.તથા ૮ અરજીઓ ના મંજુર કરેલ છે.અને બાકી ૧૭૮અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

(૨) **ઈન્કવાયરી સેલઃ-**

ઈન્કવાયરી સેલમાં સાત ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૧૩૩ કેસોમાં ચાર્જશીટ, ૩૯૧ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૧૫ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે.૧૩૬ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે.૧ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૩ માસ માટે, ૨૫ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૬ માસ માટે,૮૧ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ એક વર્ષ માટે, ૧૦ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૧ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૩ વર્ષ માટે, ૧ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૫ વર્ષ માટે, ૨૩ કેસોમાં એક ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે, ૨ કેસોમાં ૨ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર વિના, ૨૨ કેસોમાં બે ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૭ કેસોમાં ત્રણ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૩ કેસોમાં ચાર ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે , ૨ કેસમાં પાંચ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણ માટે, ૧ કેસોમાં ચાલુ ગ્રેડમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૨૯ કેસોમાં દંડની શિક્ષા ,૩૭ કેસોમાં રીમુવલ/ ડીસમીસલ નોકરીના અંતના હુકમો કરવામાં આવેલા છે.૧ કેસોમાં એક પાયરી નીચે ઉતારવાની શિક્ષા, ૬૪ કેસોમાં ઠપકો/તાકીદ/ચેરવણી આપવામાં આવેલ છે.વધુમાં ૨૧ કેસોમાં પેન્શન કાપની શિક્ષાના હુકમો કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલિસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે.સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૧૧-૧૨ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

પત્રકઃ ૨.૧૯.૧

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૦૭-૨૦૦૮	૩૮૮	૦૧૯	૪૦૭	૦૫૦	૩૫૭
૨૦૦૮-૨૦૦૯	૩૫૭	૧૦૩	૪૬૦	૦૨૪	૪૩૬
૨૦૦૯-૨૦૧૦	૪૩૬	૦૭૦	૫૦૬	૦૧૬	૪૯૦
૨૦૧૦-૨૦૧૧	૪૯૦	૦૩૬	૫૨૬	૦૧૩	૫૧૩
૨૦૧૧-૨૦૧૨	૫૧૩	૦૧૭	૫૩૦	૦૬૮	૪૬૨

પત્રક : ૨.૧૯.૨

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબર કોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૦૭-૨૦૦૮	૩૦૨	૦૩૧	૩૩૩	૧૬૯	૧૬૪
૨૦૦૮-૨૦૦૯	૧૬૪	૧૦૪	૨૬૮	૦૩૩	૨૩૫
૨૦૦૯-૨૦૧૦	૨૩૫	૨૨૮	૪૬૩	૦૪૦	૪૨૩
૨૦૧૦-૨૦૧૧	૪૨૩	૦૭૬	૪૯૯	૧૭૭	૩૨૨
૨૦૧૧-૨૦૧૨	૩૨૨	૦૨૩	૩૪૫	૦૨૨	૩૨૩

પત્રકઃ ૨.૧૯.૩

ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતું પત્રક

અ. નં.	વિગત	૨૦૦૭-૦૮	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪	૫	૬	૭
૧	કર્મચારીઓને આપેલ શોકોઝ નોટીસની સંખ્યા	૪૮૭	૪૦૧	૩૨૫	૩૦૨	૩૯૧
૨	કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા	૨૨૦	૧૮૫	૧૫૩	૧૨૮	૧૩૩
૩	સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા	૦૫૩	૦૪૬	૦૨૪	૦૩૯	૦૧૫
૪	હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસોની સંખ્યા	૦૭૭	-	૦૯૧	૧૨૩	૦૩
૫	૧ દિવસના પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	૦૩૧	-	૦૫૧	-	-
૬	૧/૨ દિવસના પગારના દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	૦૨૪	-	૦૪૯	૦૩૯	-

પત્રકઃ ૨.૧૯.૪

નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી નીયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દશાર્વતું પત્રક

વર્ષ	ગત વર્ષની બાકી અરજીઓ	વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ	કુલ અરજીઓ	મંજુર કરેલ અરજીઓ	ના મંજુર કરેલ અરજીઓ	વર્ષાન્તે બાકી અરજીઓ
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૦૭-૦૮	૧૪૧	૪૩૬	૫૭૭	૩૨૪	-	૨૫૩
૨૦૦૮-૦૯	૨૫૩	૪૪૦	૬૯૩	૫૧૮	૦૬	૧૬૯
૨૦૦૯-૧૦	૧૬૯	૪૫૭	૬૨૬	૪૧૯	૧૯	૧૮૮
૨૦૧૦-૧૧	૧૮૮	૨૮૮	૪૭૬	૩૨૮	૦૭	૧૪૧
૨૦૧૧-૧૨	૧૪૧	૩૦૭	૪૪૮	૨૬૨	૦૮	૧૭૮

૨.૨૦ સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ
૨૦૧૧-૧૨

મ્યુનિ.કોર્પોરેશનનાં જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ, ટી.ડી.ઓ., લીગલ, બગીચાખાતુ, સી.એન.સી.ડી., સ્લોટરહાઉસ, ઝૂ,બાલવાટિકા, બાલભવન, મ્યુ.સેકન્ડરી સ્કુલ,ગુમાસ્તાધારા,મધ્યઝોન વિગેરે ખાતાઓ દ્વારા કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થા સાથે જે પત્રવ્યવહાર કરવામાં આવે છે. તેના પત્રો જુદી જુદી માહિતીઓ, પત્રકો, ટેન્ડર ફોર્મ, સરકયુલરો ટાઇપ કરવાની કામગીરી આ ખાતા દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત રાજય સરકારના અધિકારીઓ સાથે યોજાતી જુદી જુદી મીનીટસ અત્રે કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરવામાં આવે છે.આ ઉપરાંત મ્યુનિ.કોર્પો.ના મધ્યઝોન ખાતા ધ્વારા બહાર પાડવામાં આવતા ટેન્ડર ફોર્મ,જરૂરી મંજુરીઓ પણ અત્રે ટાઇપ કરવામાં આવે છે.તદ ઉપરાંત જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગ્યા નથી તેવા તમામ ખાતાનું કોમ્પ્યુટરનું કામ તેમજ ટાઇપકામ અત્રે કરવામાં આવે છે.તદ ઉપરાંત અન્ય ખાતાના ટાઈપીસ્ટ રજા ઉપર જાય ત્યારે તે ખાતાનું કામ પણ અત્રે કરવામાં આવે છે.

સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ ખાતામાં આવેલ ઝેરોક્ષ મશીનો તેમજ કોપી પ્રીન્ટર મશીનો ધ્વારા કોર્પો.ના તમામ ખાતાઓની આવેલ ઝેરોક્ષને લગતી તેમજ પ્રીન્ટરને લગતી તમામ કામગીરી કરવામાં આવે છે.કોર્પોરેશનના તમામ ખાતાઓનું સાઇકલોસ્ટાઇલનું કામ અત્રેથી કરવામાં આવે છે.સરેરાશ દરરોજની ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલી કોપીઓ કાઢવામાં આવે છે.તદ ઉપરાંત સેન્ટ્રલ ઓફિસ તથા ચીફ.એકા.ખાતાના સરકયુલરો જી.ડી.એસ.ટી.ની કોપીઓ તેમજ અન્ય ખાતાઓની જરૂરી નોંધ તેમજ માહિતીની કોપી પ્રીન્ટર ઉપર નકલો કાઢવામાં આવે છે.કોપી પ્રીન્ટર મશીનો ધ્વારા બલ્કમાં કોપીઓ નીકળે છે.આ ઉપરાંત અત્રે આવેલ ફેકસ મશીન ધ્વારા રાજય સરકારમાં,કેન્દ્ર સરકારમાં,જુદી જુદી અર્ધસરકારી કચેરીઓમાં,સંસ્થાઓમાં પત્ર વ્યવહાર પણ કરવામાં આવે છે.

૨.૨૧ ચીફ ઓડિટ ખાતુ
૨૦૧૧-૧૨

મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના તથા ટ્રાન્સપોર્ટ ફંડના,શેઠ વા.સા,જન.હોસ્પિટલ,અને શેઠ મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક અને ખર્ચના હિસાબી રેકર્ડ તપાસવાનું તથા આ ખાતાઓની કામગીરી કાનુન મુજબ થાય છે કે કેમ?તે તપાસવાનું કામ આ ખાતુ કરે છે.તેમજ શેઠ મા.જે.પુસ્તકાલય તથા એ.એમ.ટી.એસ.વિભાગનાં એસ્ટાબ્લીશમેન્ટ સિવાયનાં તમામ બીલોનું પ્રિઓડીટ કરવામાં આવે છે.મ્યુ.કોર્પોની કામગીરી છ ઝોનમાં ઝોનવાઇઝ કરવામાં આવે છે.અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હસ્તકનાં જુદા જુદા સ્ટોર્સ,તમામ મ્યુ.હોસ્પીટલો અને દવાખાના ,બાલભવન,લાઇબ્રેરી,શેઠ.મા.જે.પુસ્તકાલય,શેઠ વા.સા.હોસ્પીટલ અને એ.એમ.ટી.એસ.વિભાગના તમામ સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન ખાતાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

મ્યુ.ચીફ ઓડિટરશ્રી-પત્રક-૨.૨૧.૧

ડે. **મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૧**	**ડે.મ્યુ.ચીફ ઓડિટરશ્રી** (ઇન્ચાર્જ)	
૧. એસ્ટાબ્લીશમેન્ટ	૧ એ.એમ.ટી.એસ.	
૨. વાર્ષિક અહેવાલ	૨.શેઠ વા.સા.હોસ્પિટલ	
૩. પૂર્વ ઝોન	૩.એમ.જે.લાયબ્રેરી	
૪.મધ્ય ઝોન	૪.નવા.પ.ઝોન	
	આસી.મેનેજરશ્રી.૧	આસી.મેનેજરશ્રી.૨
	૧. ઇજનેર પ્રોજેકટ/ એસ્ટેટ/ ટી.ડી.ઓ	૧.એસ્ટાબ્લીશમેન્ટ
	૨. દ.ઝોન	૨.એ.એમ.ટી.એસ.
	૩.ઉત્તર ઝોન	૩.કન્કરન્ટ/એકાઉન્ટ
	૪. આઉટડોર પોષ્ટ ઓડિટ	૪. .નવા પ.ઝોન
	૫. જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ	
	૬.કમ્પ્યુટરગૃપ	
	૭.પ.ઝોન	

સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન નીકળેલ વાંધાઓ તે પૈકી દફતરે તથા બાકી વાંધાની વિગત દર્શાવતું પત્રક ૨.૨૧.૨

અ.નં	વિગત	કુલ નિકળેલા વાંધા	દફતરે થયેલ વાંધા	બાકી વાંધા
૧	આઉટડોર પોસ્ટ ઓડિટ-૧	૨૩૦	૭૨	૧૫૮
૨	ઈજનેર ગ્રુપ	૩૧	૪	૨૭
૩	ઉત્તરઝોન	૬૫૩	૧૦૨	૫૫૧
૪	કંકરન્ટ ઓડીટ	૪૯૧	૧૧૮	૩૭૩
૫	દક્ષિણ ઝોન	૩૫૬	૫૬	૩૦૦
૬	નવા.પશ્ચિમ ઝોન	૭૦૯	૧૮૭	૫૨૨
૭	પૂર્વ ઝોન	૪૨૮	૮૨	૩૪૬
૮	પશ્ચિમ ઝોન	૫૨૬	૫૯	૪૬૭
૯	મધ્ય ઝોન	૪૯૯	૧૦૬	૩૯૩
૧૦	એકાઉન્ટ ગૃપ	૫૧	૩	૪૮
૧૧	જેએનએનયુઆરએમ પ્રોજેકટ	૨૦	૦	૨૦
	કુલ વાંધાઓ	૩૯૯૪	૭૮૯	૩૨૦૫
ક્રમ નં.	ખાતાનું નામ	કુલ નિકળેલા વાંધા	દફતરે થયેલ વાંધા	બાકી વાંધા
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૪૦૬	૩૮૬	૨૪
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૧૭૪	૬૮	૧૦૬
૧૪	વા.સા.હોસ્પિટલ	૩૧૩	૯૭	૨૧૬
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૩૧૧	૨૯૫	૧૬
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૮૬	૧૯	૬૭
	કુલ વાંધાઓ	૫૨૮૪	૧૬૫૪	૩૬૩૪

સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન દફતરે થયેલ વાંધાઓની વિગત દર્શાવતુ પત્રક

પત્રક-૨.૨૧.૩

અ.નં.	ગ્રુપ/ઝોનનું નામ	વાંધાની સંખ્યા	રીકવરીની રકમ
૧	પશ્ચિમઝોન	૯૭	૧૯૨૬૨૭.૦૦
૨	પૂર્વઝોન	૧૬૭	૧૩૨૪૭૮.૦૦
૩	ઉત્તરઝોન	૧૨૯	૧૦૯૭૩૯.૦૦
૪	મધ્યઝોન	૧૫૦	૯૩૭૩૦.૦૦
૫	દક્ષિણ ઝોન	૧૩૫	૧૪૬૧૩૯.૦૦
૬	કંકરન્ટ ઓડીટ	૧૫૯	૧૦૧૩૨.૦૦
૭	ઈજનેર પ્રોજેકટ	૨	૪૩૨૭.૦૦
૮	આઉટ ડોર પોષ્ટ ઓડીટ	૮૬	૩૮૪૯૪૮૫.૦૦
૯	નવા પશ્ચિમ ઝોન	૩૧૮	૧૮૪૦૯૯૦.૦૦
૧૦	ઈજનેર	૬	૮૬૦૭.૦૦
૧૧	જેએનએનયુઆર એમ પ્રોજેકટ	૨	૧૭૪૫૦૧૧૭.૦૦
૧૨	એકાઉન્ટ ગૃપ	૧૦૩	૨૯૫૭૯૪.૦૦
	કુલ વાંધાઓ	**૧૩૫૪**	**૨૪૧૩૪૧૬૫.૦૦**
૧૩	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૪૦૫	૯૯૯૦૬.૦૦
૧૪	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૭૭	૮૩૧.૦૦
૧૫	વા.સા.હોસ્પિટલ	૧૪૫	૪૦૦૯૭૨.૦૦
૧૬	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૩૦૦	૩૯૨૧૬.૦૦
૧૭	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૨૭	૧૫૧.૦૦
	કુલ વાંધાઓ	**૨૩૦૮**	**૨,૪૬,૭૫,૨૪૧.૦૦**

૨.૨૨ હેરીટેજ વિભાગ

૨૦૧૧-૧૨

અમદાવાદ શહેર આશરે ૬૦૦ વર્ષ પુરાણું ઐતિહાસિક શહેર છે.અમદાવાદ શહેરના ગોરવવંતા વારસાની શહેરના નાગરીકોને, તેમજ દેશ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ મહામુલા વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા અંગે નાગરિકોમાં જાણકારી વધે તેમજ પરસ્પર સહકારથી તેનો ઉતરોતર વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરીટેજ વિભાગ કામગીરી કરે છે.

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં હેરીટેજ વિભાગ દ્વારા તબકકાવાર હેરીટેજ ને લગતા સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) હેરીટેજ વોકીંગ ટુરઃ-

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સહયોગથી શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણી વાળા મકાનો, ઐતિહાસિક સ્થાપત્યો, મંદિરોનો પગપાળા ચાલીને ગાઇડ ધ્વારા પરિચય કરાવવા અંગે હેરીટેજ વોકીગ ટુરનુ આયોજન કરવામાં આવેલ છે. આ વોકીગ ટુર શ્રી સ્વામીનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮.૦૦ વાગે પ્રથમ સ્લાઇડ શો બતાવ્યા બાદ શરુ કરવામાં આવે છે. અને નકકી કરેલા રુટ ઉપરના રસ્તા ઉપરથી પસાર થઇ જુમ્મા મસ્જીદ ખાતે ટુર સમાપ્ત થાય છે.

(૨) ચબુતરા :-

ચબુતરો એ પોળની એક લાક્ષણિકતા છે. લગભગ અમદાવાદ કોટ વિસ્તારની ઘણી પોળોમાં લાકડાની કોતરણીયુકત તેમજ પથ્થરના નકશીયુકત ચબુતરા આવેલ છે. આવા ચબુતરા કે જે અમદાવાદ ની આગવી ઓળખ છે. તેને પણ રીપેરીગ/રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરેલ છે.

(૩) કવિશ્રી દલપતરામ જંયતિ ઉજવણી :-

ગુજરાત ભાષાના મહાનકવિ અને સમાજસુધારક કે જેઓની પ્રતિમા લાંબેશ્વરની પોળ (હેરીટેજ વોક ટુર) કે જયાં તેઓ રહેતા હતા. તે મકાનમાં કવિ દલપતરામ સમારક બનાવી મુકવામાં આવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માનનીય મેયરશ્રી, મ્યુનિ પદાધિકારીઓ અને જાહેર જનતા દ્વારા કવિશ્રીની જન્મ જંયતિનો પુષ્પાજંલીના કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

(૪) ઐતિહાસિક વાવનું રીપેરીંગ કામ :-

બાપુનગર એસ.પી.ઓફીસ રોડ પર આવેલ ઐતિહાસિક વાવનું રીપેરીગ કામ પણ કરવામાં આવેલ છે.

(૫) પત્થર પેવીંગનું કામ :-

હેરીટેજ વોક રૂટમાં આવતી શાંતીનાથની પોળમાં આવેલ ચોકમાં પત્થર પેવીગનું કામ કરવામાં આવેલ છે.

(૬) કેલિકો ડોમનું રીપેરીંગ કામ :-

રિલીફ રોડ ઉપર આવેલ કેલિકો ડોમનું રીપેરીંગ કામનું આયોજન કરવામાં આવેલ છે,તથા રીસ્ટોરેશન પ્રાપોઝલ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.

(૭) **<u>વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી</u>** :-

વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી દરમિયાન તા.૧૯-૧૧-૨૦૧૧ થી તા.૨૫ -૧૧-૨૦૧૧ સુધી જુદા-જુદા કાર્યક્રમો કરવામાં આવેલા.

(૮) **<u>ભદ્રપ્લાઝા ડેવલપમેન્ટ</u>** :- ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા થઈને પાનકોર નાકા સુધી ભદ્ર પ્લાઝા ડેવલપમેન્ટના કામના ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે,જેનું કામ હાલમાં ચાલુ છે.

૩.૧એસ્ટેટ એન્ડ ટાઉન પ્લાનીંગ વિભાગ
૨૦૧૧-૧૨

ગુજરાતના અગ્રસ્થાન ધરાવતા અમદાવાદ શહેરના ઔધોગિકરણ તથા શહેરીકરણની ઝડપી પ્રક્રિયાને કારણે તથા વાણિજય ક્ષેત્રે પણ મોખરાનું સ્થાન ધરાવતા શહેર ઉપરનું ભારણ સતત વધતુ જ રહે છે. શહેરની આજુબાજુના વિસ્તારોમાંથી અનેક નાગરિકો ધંધા રોજગારની શોધમાં શહેરમાં આવતા જ રહે છે. જેના પ્રમાણમાં શહેરમાં નવા બાંધકામનું પ્રમાણ ઓછુ હોવાને કારણે રહેવાલાયક મકાનોની અછત સ્વાભાવિક રીતે વર્તાય છે. શહેરના સુવ્યવસ્થિત આયોજનાર્થે તથા તેના અમલની મહત્વની કામગીરી અ.મ્યુ.કો.ના એસ્ટેટ અને નગરવિકાસ ખાતા દ્વારા બજાવવામાં આવે છે.

એસ્ટેટ વિભાગની કામગીરીનું સંકલન તથા નીતિ-વિષયક નિર્ણયો ડે. મ્યુનિ.કમિ.(એસ્ટેટ)શ્રી ના માર્ગદર્શન હેઠળના એસ્ટેટ ઓફિસરશ્રી સંભાળે છે.

<u>૩.૧ એસ્ટેટ વિભાગ :-</u>

એસ્ટેટ ખાતુ બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ અન્વયે મળેલ સત્તાનુસાર વિવિધ કામગીરી સંભાળે છે. મ્યુ.કોમ્યુનીટી હોલ ભાડેથી આપવા, પગથિયા ફી વસુલ કરવી, મ્યુ.જમીન લાયસન્સ ફી થી આપવી, કાંકરીયા નૌકાવિહારનું આયોજન કરવું. મ્યુ.હદ અંગેની કામગીરી સંભાળવી, રોડ લાઈનો મુકવી, રસ્તાઓના નામ આપવા, હુડકો યોજના હેઠળ મકાનો ફાળવવા, ફેરીયાઓને લાયસન્સ આપવા, લારી સ્ટેન્ડ નકકી કરવા તથા પરવાના આપવા, ભયજનક મકાનો ઉતારવા તથા તેના સમારકામ માટે કોર્પો.એકટ કલમ ૨૬૪ મુજબ નોટિસો આપવી.જશોદાનગર સંકલિતનગર તથા અન્ય રબારી વસાહતોમાં ભાડા ઉઘરાવવાની કામગીરી નગર વિકાસની યોજનાઓ મંજૂર થાય તેના કબ્જા ફેરફારની નોટિસો આપવી, જમીનોની ફેરબદલી કરવી, નગરવિકાસ યોજના અન્વયે મ્યુ.કોર્પો.ની જમીનો સંપાદન કરવી, રસ્તાઓ પહોળા કરવા, સ્લમ કલી.કવાટર્સ, સ્ટાફ કવાટર્સ, મ્યુ. કોર્પોની માલિકીનાં રહેઠાણો, મકાનો, ગોડાઉનો, દુકાનો, માર્કેટ ભાડેથી આપવા તથા ભાડા ઉઘરાવવા, બેટરમેન્ટ ચાર્જના નાણાં વસુલ કરવા, બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે જાહેર રાજમાર્ગ ઉપરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા, મ્યુ.માર્કેટ, હાઉસીગ, હેલ્થ સેન્ટર, શોપીંગ સેન્ટર વિગેરે. હેતુ માટેના પ્લોટો - ૯૯ વર્ષના ભાડાપટ્ટેથી આપવાની કામગીરી આ ખાતુ સંભાળે છે. ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી જુદી જુદી મિલ્કતોની માહિતી પત્રક ૩.૧.૧ માં દર્શાવી છે.

એસ્ટેટ ખાતાના જુદા જુદા વિભાગોની કામગીરી નીચેજણાવ્યા મુજબની છે.

રેન્ટ વિભાગ :-

મ્યુ.કોર્પો.એ બાંધેલ મિલ્કત જેવી કે મ્યુ.માર્કેટ, મીની-સ્ટોલ, છુટા છવાયા ગોડાઉનો, સ્લમ-કવાટર્સ, સ્ટાફ-કવાટર્સ, મીટ- ફીશ માર્કેટ વિ. નું ભાડુ નિયમીત રીતે આ વિભાગ દ્વારા ઉઘરાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં આવી મિલ્કતોનું ભાડું ઉઘરાવવાથી લાખની ભાડાની તથા પ્રીમીયમની આવક વસુલ આવેલ છે. હાલમાં નવી બાંધેલ દુકાનો ભાડે આપવાના બદલે પ્રિમીયમ લઇ ૯૯ વર્ષના ભાડેપટેથી તથા મીનીસ્ટોલો ૩૦ વર્ષના ભાડાપટાથી આપવાની પ્રથા ચાલુ કરવામાં આવી છે.મ્યુ.કોર્પો.ના જુદા જુદા ૨૯ પ્લોટોમાં કેન્દ્ર સરકારની એન્વાયરમેન્ટલ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ લોન મેળવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.તેમાંથી અમુક પ્લોટોમાંના છાપરાવાસીઓને લાયસન્સ બનાવી તેમની પાસેથી લાયસન્સ ફી વસુલ કરવામાં આવે છે.દાણીલીમડામાં સાઇટ એન્ડ સર્વિસની યોજના હેઠળના મકાનોને ઉપરદળનું કામ સ્ટેટબેન્ક ઓફ ઈન્ડીયાની

લોન અપાવી ૩૧૫ મકાનો બંધાવ્યા છે.મ્યુ.મિલકતની ભાડાની ઉપજ અને અન્ય ઉપજ પત્રક ૩.૧.૨માં દર્શાવેલ છે.

હુડકો વિભાગ :-

હુડકોની સહાયથી જુદી જુદી સ્કીમ હેઠળ ઓછી આવક જૂથ રહેઠાણ યોજના આવક જૂથ રહેઠાણ યોજના નં.૧. માં બાપુનગર સ્ટેડિયમ પાસે ૪૨૦ મકાનો, વાડજમાં ૧૫૦ મકાનો, એન.આઇ.જી.સ્કીમ હેઠળ ૧૯૨ મકાનો, ડબલ્યુ.એસ. સ્કીમ હેઠળ ૨૦૪ મકાનો ઓછી આવક જૂથ રહેઠાણ યોજના નં.૩ હેઠળ ૩૯૬ એલોટમેન્ટ કરવામાં આવેલ મકાનોના લોનના હપ્તા વસૂલ કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

લેન્ડ એકવીઝીશન બ્રાન્ચ:

લેન્ડ એકવીઝીશન એકટ હેઠળ જમીન સંપાદનની તેમજ લેન્ડ સીલીગ એકટ હેઠળ ફાજલ જાહેર થયેલ જમીનો મેળવવાની કામગીરી આ બ્રાંચ કરે છે. જમીન સંપાદન કરવાની કાર્યવાહીમાં કોર્ટના દાવા થાય તો મ્યુ. એડવોકેટ શ્રી તથા સરકારી વકીલશ્રીને મળી કેસ ચલાવવા તથા તાકીદે નિકાલ કરવા અંગે જરૂરી કામગીરી પણ અત્રેથી થાય છે. અહેવાલી વર્ષમાં બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક ૩.૧.૩ માં દર્શાવેલ છે.

મીન્સ પ્રોફિટ વિભાગ:

મ્યુ. રીઝર્વ પ્લોટો (ઝૂંપડા સાથે) નો કબજો, સ્લીપવાળા છાપરાવાસીઓ પાસેથી મ્યુ. કોર્પો.ને નકકી કરેલ ધારાધોરણ મુજબ દર માસે કબ્જેદાર પાસે જઇને મીન્સ પ્રોફીટ વસૂલ કરવામાં આવે છે.

એસ્ટેટ વેલ્યુએશન વિભાગ :-

મ્યુ. કર્મચારીઓના બિલ્ડીગ લોનની ફાઇલમાં કર્મચારીઓએ જે તે વિસ્તારમાં ખરીદેલ મકાનના સંદર્ભમાં તેની જમીન કિંમત અને અભિપ્રાય આપવાની કામગીરી આ વિભાગમાં થાય છે. મ્યુ. કોર્પો.ના અન્ય ખાતા તથા ઝોનમાંથી થતી જમીન કે મિલ્કત વેચાણ કે ભાડે આપવા તથા વળતર ચૂકવવા જમીન કિંમત અહી નકકી કરવામાં આવે છે.

એલ.એન.ડી. વિભાગ :-

ભયજનક મકાન ઉતારવા જે તે સંબધિતને નોટીસ આપવામાં આવે છે. મકાનોના જોખમી ભયજનક ભાગ આ વિભાગ દ્વારા ઉતારી લેવામાં આવે છે. મકાન મરામત અંગે નોટીસો આપવામાં આવે છે. આ કામગીરીનું ઝોનવાઇઝ પત્રક ૩.૧.૪ માં દર્શાવેલ છે.

જાહેરખબર વિભાગ:-

જાહેરાતના બોર્ડની નિયત થયેલ લાયસન્સ ફી વસુલ થઇ પરવાનગી આપવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.આ વિભાગની છેલ્લા બે વર્ષની આવક નીચે મુજબ છે.

અ.નં.	ઝોનનું નામ	મ્યુનિ.મિલકત ઉપરની આવક	ખાનગી મિલકત ઉપરની આવક	અનામત આવક	પરચુરણ આવક	ઝોન વાઇઝ કુલ આવક (રૂપિયામાં)
૧	ઉત્તર	૫,૭૭,૬૩૬/-	૯,૦૧,૪૦૪/-	૧,૯૮,૨૩૮/-	૨,૧૦/-	૧૬,૭૯,૩૭૮/-
૨	દક્ષિણ	૩૨,૭૧,૫૩૪/-	૩૯,૩૧,૩૪૨/-	૨,૪૭,૯૫૨/-	૬૨,૫૦૧/-	૭૫,૧૩,૩૨૯/-

૩	પૂર્વ	૮,૪૧,૬૩૭/-	૫,૪૮,૩૪૦/-	૧,૬૮,૩૨૫/-	----------	૧૫,૫૮,૩૦૨/-
૪	પશ્ચિમ	૮,૦૬,૦૩,૧૯૦/-	૨,૮૦,૦૯,૮૫૦/-	૧૨,૮૦,૯૭૪/-	૨૧,૪૦૦	૧૦,૯૯,૧૫,૪૧૪/-
૫	મધ્ય	૩૪,૧૮,૧૧૨/-	૪૪,૦૪,૩૮૮/-	૧૪,૩૪,૯૬૧/-	૨,૯૦૦/-	૯૨,૬૦,૩૬૧/-
૬	નવા પશ્ચિમ	૮૫,૮૩,૧૧૦/-	૯૪,૧૪,૮૭૨	૪,૪૩,૦૫૮/-	૬૮,૫૯૩/-	૧,૮૫,૦૯,૬૩૩/-
૭	મધ્યસ્થ કચેરી	૨૬,૪૩,૪૫૦/-	----------	૨૫,૯૮,૦૦૦/-	૧૨,૩૨,૧૦૯/-	૬૪,૭૩,૫૫૯/-
કુલ		૯,૯૯,૩૮,૬૬૯/-	૪,૭૨,૧૦,૧૯૬	૬૩,૭૧,૫૦૮/-	૧૩,૮૯,૬૦૩/-	૧૫,૪૯,૦૯,૯૭૬/-

<u>લાયસન્સ પરમીટ વિભાગ:</u>

શહેરની નિયત કરેલ સ્ટ્રીટ લેન્ડવાળી જગામાં પબ્લીક પાર્કિંગ, ટેલિફોન, એસ.ટી.સ્ટેન્ડના રોડ માટેની કામગીરી અત્રેથી કરી તે અંગેની ફી વસૂલ લેવામાં આવે છે. મ્યુ. સ્ટ્રીટ લેન્ડ ઉપર જૂના તથા નવા લારી સ્ટેન્ડોની લાયસન્સ ફી લેવામાં આવે છે.

<u>એસ્ટેટ દબાણ વિભાગ:</u>

બી.પી.એમ.સી.એકટની કલમ ૨૩૧ અન્વયે આવા દબાણો દૂર કરી લોકોની અવરજવર માટે જગા ખુલ્લી કરવામાં આવે છે.આવા દૂર કરેલા દબાણો ગોડાઉનમાં જમા કરાય છે.અહેવાલી વર્ષમાં ૩૬૪૭૦ કુલ દબાણો દૂર કરેલ છે.જ્યારે દબાણ ગોડાઉનની આવક રૂા.૧.૫૩ લાખ રહેવા પામેલ છે. ઝોનવાઇઝ દબાણને માહિતી પત્રક ૩.૧.૬માં દર્શાવેલ છે. કોર્ટ લીટીગેશનમાં થયેલ હુકમો અને અપાયેલ માર્ગદર્શક સિધ્ધાંતોને લઇ શહેરમાંથી દબાણો દૂર કરવાની યોજના સુપ્રિમ કોર્ટે માન્ય રાખતા સીટી સીવીલ કોર્ટે તમામ દાવા તથા હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે તમામ રીટ પીટીશનો કાઢી નાંખેલ તેથી દબાણ દૂર કરવામાં સરળતા રહે છે.

એસ્ટેટ દબાણ વિભાગ દ્વારા અ.મ્યુ.કો.ની હદના વિસ્તારમાં (૧)ટાટા ટેલિ.સર્વિસ લિમીટેડ(૨)ભારતી ટેલિ.લિમીટેડ(૩) બી.જી.બ્રોડ બેન્ડ નેટવર્ક ઇન્ડીયા(૪)બિરલા એ.ટી.એન્ડ ટી લિમીટેડ(૫)ફેસલ લિમીટેડ(સેલફોર્સ)ને જમીન ખોદાણ કરી ઓપ્ટીકલ ફાઇબર નાખવા તથા ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા લિમીટેડ, તથા અદાણી એક્ષપોર્ટ લિમીટેડ દ્વારા જમીનમાં ખોદાણ કરી ગેસ પાઇપ લાઇન નાખવાની કામગીરી મંજુરી આપવામાં આવે છે.અ.મ્યુ.કો.ના રીઝર્વ પ્લોટોમાં દરેક ઝોનમાં શાકભાજી બજાર,મીનીસ્ટોલ,રાત્રિ ખાણીપીણી બજાર એન્ડ પાર્ક,ચીલ્ડ્રન પાર્ક વિ.ના આયોજનનું કામકાજ દબાણ વિભાગ કરે છે.

<u>એસ્ટેટ ડ્રોઈંગ વિભાગ:</u>

મ્યુ. કોર્પો. એકટ ની કલમ ૨૧૦(૧)એ અને ૨૧૦(૧)બી તથા ૨૯૫ મુજબ તપાસ કરી રોડ લાઇનમાં ફેરફાર કરવાની કામગીરી તથા જમીન સંપાદન,રેવન્યુ ફી, અદલાબદલી વેચાણ ભાડાપટ્ટે સ્કીમ એકવીઝીશન હેઠળ સંપાદન કરેલ જમીનના સ્કેચ રાખવા તેની દાખલા બુકે નોંધ રાખવી, જમીન સેટ-બેકના કેસો લેન્ડ

એકવીઝીશન હેઠળ સંપાદન કરવાની જમીનના સ્કેચ બનાવી તેની કોપીઓ પૂરી પાડવા , રોડ લાઇનના સીટી સર્વે મુજબના મૂળ સિરિઝ ૧૦ના સ્કેચ રીવાઇઝ રેકર્ડને ચેક કરી છેલ્લી રોડ લાઇન સ્થિતિ તૈયાર કરવી તથા નવી તૈયાર કરેલ સ્કીમની કોપી મુજબ ફેરો કોપી તૈયાર કરવી વિગેરે કામગીરી હેડ ડ્રાફટમેન મારફતે કરાવવામાં આવે છે.અહેવાલી વર્ષ દરમ્યાન આ વિભાગની કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૭ આ સાથે સામેલ છે

<u>કોમ્પીટન્ટ ઓફિસરની કચેરી:</u>

ગુજરાત પબ્લિક પ્રીમાઇસીસ એકટ ૧૯૭૨ અન્વયે ટેનન્ટ-ઇન-એરીયર્સ પેટા ભાડુત કરારની શરતોના ભંગ, મકાન અને જમીનોમાં ખાલી પ્રત્યક્ષ કબ્જા તથા ટ્રેસપાસર અંગે કેસ દાખલ કરવામાં આવે છે.આ પહેલા કોર્પો.નાં એડવોકેટશ્રી તરફથી ટેનેન્સી ટર્મિનેટની નોટિસ આપવામાં આવે છે.બી.પી.એમ.સી.એકટ કલમ-૪થી શોકોઝ નોટીસ આપવામાં આવે છે.સામાવાળાને જાતે અથવા વકીલ રોકી ખુલાસો કરવાની તક આપવામાં આવે છે.ત્યારબાદ જજમેન્ટના આધારે એકટ કલમ-૫ મુજબ ઇવીકશન ઓર્ડર બજાવીને મ્યુ. પ્રોપર્ટીનો ખાલી પ્રત્યક્ષ કબ્જો કોર્પો.ને આપવામાં આવે છે.મે. કોમ્પીટન્ટ ઓફિસરશ્રીના જજમેન્ટ વિરૂધ્ધ પાર્ટી બી.પી.એમ.સી.એકટની કલમ-૯ મુજબ અપીલ માટે સીટી સિવિલ કોર્ટમાં જઇ શકે છે.અહેવાલી વર્ષમાં બોર્ડ પર કુલ ૨૦૦ કેસો છે. જેમાંથી ઇવીકશન કેસો ૪ છે. જેમાંથી સ્થળ પર એક મિલ્કતનો કબ્જો લીધો છે. આ વિભાગ દ્વારા અહેવાલી વર્ષમાં થયેલ કામગીરી દર્શાવતું પત્રક ૩.૧.૮ આ સાથે સામેલ છે.

<u>એસ્ટેટ પબ્લીક હોલ મેનેજમેન્ટ:</u>

એસ્ટેટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શેઠ મંગળદાસ ટાઉનહોલ,ટાગોર મેમોરીયલ હોલ,ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ,મ્યુ. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસ,પાર્ટી પ્લોટ, ઓપન-એર થીએટર ,સરદાર પટેલ સ્ટેડિયમ,કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ,કાંકરીયા નૌકાવિહાર વિ.નું સંચાલન તથા બુકિંગનું કામ સંભાળવામાં આવે છે.આ મિલ્કતો શહેરના નાગરિકોને જરૂરીયાત પ્રમાણે પ્રસંગોપાત બુકીગથી આપવામાં આવે છે.તેમજ કાર્યક્રમ પુર્ણ થયા પછી બુંકીગ કરાવનાર પાર્ટીઓ પાસેથી ૧૦.૩૦% સર્વીસ ટેક્ષ વસુલ કરી તેમના રીફંડના બીલો બનાવવામાં આવે છે.તથા ભાડુ ઇલેકટ્રીક ચાર્જ,નુકસાનીની રકમ પર ૮% સર્વિસચાર્જ લેવામાં આવે છે.મનોરંજન માટેના મુખ્ય ત્રણ હોલની છેલ્લા બે વર્ષની માહિતી ૩:૧:૧માં દર્શાવેલ છે.અહેવાલી વર્ષમાં મ્યુ.હોલની ડીપોઝીટ તથા ફીની માહિતી પત્રક ૩.૧.૯ માં દર્શાવેલ છે. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસની છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલ વપરાશની વિગત પત્રક ૩.૧.૧૧માં દર્શાવેલ છે.પબ્લીક હોલની છેલ્લા બે વર્ષની ભાડાની આવક પત્રક ૩.૧.૧૨ માં દર્શાવેલ છે.

<u>ટી.પી.એસ.ના અ.મ્યુ.કો.હસ્તકના જાહેર હેતુ માટે રિઝર્વ પ્લોટની વિગત:</u>

ઝોનમાં આવતા ટી.પી.એસના જાહેર હેતુ માટેના પ્લોટો જાળવણી તથા તેના પર કોઇ દબાણ ન થાય તે માટે ઝોન કચેરીના પગી(વોચમેન) દ્વારા તે સાચવવામાં આવે છે.આ પ્લોટો ફરતે તાર ની વાડ કે દિવાલ કરવામાં આવે છે.એક્વીઝીશન વિભાગમાં ખુલ્લા પ્લોટોની યાદી મેળવી,જુદા જુદા હેતુઓ માટેના ખુલ્લા પ્લોટો અંગે ખાતા તરફથી માહિતી મંગાવીને પ્રો.સર્વેયર વિભાગમાંથી એસ્ટેટ ઓફીસર સમક્ષ મુકી અભિપ્રાય મોકલવામાં આવે છે.

<u>સુએઝ ફાર્મ :</u>

અ.મ્યુ.કો એ સમગ્ર શહેરના ગંદા પાણીના નિકાલ,અન્ડર ગ્રાઉન્ડ સીસ્ટમ,ડ્રેનેજ દ્વારા એકત્ર થતાગંદા પાણીના નિકાલ માટે વર્ષો અગાઉ સંપાદન કરેલ જમીન સાબરમતી નદીના પૂર્વ તરફના ભાગે પીરાણા સુએઝ

ટ્રીટમેન્ટ તથા પશ્ચિમ તરફના ભાગે વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે.પીરાણા સુએઝ ફાર્મની કુલ જમીન સર્વે પ્રમાણે ૨૬૬૨ એકર જ્યારે વાસણા સુએઝ ફાર્મની જમીન ૪૬૦ એકર છે.

વર્ષો અગાઉ અ.મ્યુ.કો.દ્વારા સંપાદન કરેલ જમીનોમાં જુદા જુદા ૨૨૫ ખેડુતોને સાંથ ઉપર સુએઝફાર્મના પાણીથી ખેતી કરવા માટે જમીનો આપેલી.પીરાણા સુએઝ ટ્રીટમેનટ પ્લાન્ટ ખાતે ૭૨ એમ.જી.ડી.ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ થતાં શુધ્ધ થયેલ સુએઝનું પાણી નદીમાં નાંખવામાં આવે છે,જે હાલમાં બંધ છે.પરંતુ નવો પીરાણા સુએઝ ટ્રીટમેનટ પ્લાન્ટ ૧૮૦ એમ.જી.ડી.છે.તથા વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૭૫ એમ.જી.ડી.છે.અગાઉ આ ખાતાનો હવાલો ઇજનેર ખાતા પાસે હતો.સને ૧૯૮૦માં નગર વિકાસ ખાતાને સોંપવામાં આવેલ હતો.સને ૨૦૦૨-૦૩ થી અઅ ખાતાનો વહીવટ એસ્ટેટ ખાતા પાસે છે.

સ્ટે.ક.ઠ.નં.૨૭૦૪ તાઃ-૩૦/૦૩/૮૯ મુજબ ૧/૩ જમીન લીઝ ડીડથી દસ્તાવેજ કરી આપવાની કાર્યવાહી ચાલે છે.સને ૨૦૧૦-૧૧ સુધીના કુલ ૧૮૩(ખાતાવહી પ્રમાણે ૧૬૦)દસ્તાવેજ થયેલા છે.આ સમાધાનમાં ગ્યાસપુરના અમુક ખેડુતો હાલમાં જોડાયેલ ન હોવાથી આ પ્રકરણમાં અ.મ્યુ.કો.દ્વારા કોર્ટમાં દરખાસ્તો દાખલ કરવામાં આવેલઅને જે ખેડુતો ખેડુત મંડળ સાથે જોડાયેલ છે.તેમને ખેડુત મંડળ દ્વારા ૧/૩ જમીન ફાળવવામાં આવેલ છે.તેમજ ખેડુત મંડળ જે નામ સુચવે તે નામે કાયમી લીઝ-ડીડ કરી આપવામાં આવે છે.

પીરાણા સુએઝ ફાર્મની કુલ જમીન ૨૬૬૨ એકર છે તે પૈકી ૧૭૦૦ એકર જમીન ખેડુતોના કબ્જામાં હતી જયારે વાસણા સુએઝ ફાર્મની કુલ જમીન ૪૯૦ એકર છે તે પૈકી સર્વેનં.૫૧૪ પૈકી ૧૭૦ એકર જમીનનોકબ્જો મળેલ નથી.જે અંગે સરકારશ્રી સમક્ષ પ્રકરણ ચાલુ છે.વાસણા ફાર્મની આશરે ૪૦ એકર જમીન જુદા જુદા ખેડુતોને સાંથ ઉપર આપવામાં આવેલ છે.હંસપુરા બ્લોકનં.૭૧,૭૨, અને ૭૩ની જમીનોનો કબ્જો સુએઝ ફાર્મ પાસે નથી.ઉત્તરઝોન (એસ્ટેટ વિભાગે)કબજો સોંપવામાં આવેલ છે.

સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં નીચે પ્રમાણે આવક થયેલ છે.		
અ.નં.	આવકનો પ્રકાર	આવક રૂા.
૧	દરમ્યાન ઉપજ	૧૨,૩૨૯/-
૨	પરચુરણ	૧૬૯/-
૩	પ્રિમીયમ	૭૫૫/-
૪	ટોકન ભાડુ	૪૧,૩૧,૪૭૫/-
૫	દાવા ખર્ચ	૫૦૦૦/-
૬	આર.ટી.આઇ	૨૪૬/-
કુલ આવક		૪૧,૪૯,૯૭૫

પત્રક-૩.૧.૧

એસ્ટેટ ખાતા દ્વારા વહીવટ કરવામાં આવતી મિલ્કતોની સંખ્યા દર્શાવતુ પત્રક ૨૦૧૧-૧૨

અ.ન.	મિલ્ક'નું નામ	પૂર્વ ઝોન	પશ્ચિમ ઝોન	ઉત્તર ઝોન	દક્ષિણ ઝોન	નવા પશ્ચિમ ઝોન	મધ્ય ઝોન
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	સ્ટાફ કવાટર્સ	૫૨૬	૧૪૪	-	-	-	૧૫૬૮
૨	લેબર સ્ટાફ કવાટર્સ	-	-	૮૯	૧૪૧	-	૧૪૦
૩	સ્લમ કવાટર્સ	૬૦૫	૬૯૨	૨૩૩૭	૨૩૦૪	-	૧૧૨
૪	દુકાનો	૨૩૪	૧૬૯	૪૬૯	૧૫૮	-	૨૭૭૬
૫	મીની સ્ટોલ	૧૭૦	૩૫	૧૬૩	૧૪૮	-	૧૩
૬	મોટા સ્ટોલ	-	-	-	-	-	-
૭	મીટ એન્ડ ફીશ સ્ટોલ	૩૦	-	-	-	-	-
૮	રેસ્ટોરેન્ટ	-	-	-	૧	-	-
૯	ગોડાઉન	૯	-	૭	૧૩	-	૨૬
૧૦	ફેકટરી શેડ	-	-	૯૬	-	-	-
૧૧	ઓફિસો	-	-	-	૧	-	-
૧૨	દાણીલીમડાસાઇટ	-	-	-	૩૪૦	-	-
૧૩	લાટી બજાર લીટ પ્લોટ	-	-	-	૬૭	-	-
૧૪	જમીન સાઇટ	-	-	-	--	-	-
૧૫	લીઝ પ્લોટ	-	-	-	૨૬	-	૪
૧૬	છુટક લીઝ એન્ટ્રી	-	૧૦૬	-	૧	-	-
૧૭	મ્યુ. યાળાઓ	-	-	-	૧	-	-
૧૮	શાળાના રૂમ	-	-	-	-	-	૬૩
૧૯	બેંન્ક મકાન	-	-	૧	-	-	૧
૨૦	પોસ્ટ ઓફિસ	-	-	૧	-	-	૧
૨૧	પોલીસ ચોકી	-	-	૨	૨	-	૩
૨૨	સંકલી' નગર	-	--	-	-	-	-
૨૩	એન્વાયરમેન્ટ સ્કીમ છાપરા	૫૮૦	--	-	-	-	-
૨૪	એકવીઝીશન ચાલી	-	-	-	-	-	-

	છાપરા						
૨૫	નાથાલાલ ઝઘડા બ્રીજ નીચની દુકાનો.	૦૪	-	-	૭૦	-	-
૨૬	નાથાલાલ ઝઘડા બ્રીજ નીચેના મીની સ્ટોલ	-	-	-	૮	-	-
૨૭	કાંકરીયા લેઈક ફ્રન્ટ મીનીસ્ટોલ	૨૪૫૪	-	-	૧	-	-
૨૮	ઈ.ડબલ્યુ.એસ. દુકાનો	૧૦૮૮	-	૧૬	૪૦	-	-
૨૯	મીન્સ પ્રોફીટ છાપરાં	-	-	-	-	-	-
૩૦	મકાન	-	-	-	૫૭૬	-	-
૩૧	ઈ.ડબલ્યુ.એસ.મકાનો	-	-	-	૧૦૭૪	-	-
૩૨	ઝુંપડા	-	-	-	૮૨૨	-	-
૩૩	કેન્ટીન	-	-	-	૧	-	-
૩૪	પેટ્રોલપંપ	-	-	-	--	-	-
૩૫	એ.ઈ.સી.સબસ્ટેશન (ટોરેન્ટ)	-	-	-	૭	-	-
૩૬	મેડીકલ સ્ટોર્સ				૧		
	કુલ	**૫૭૦૦**	**૧૧૪૬**	**૩૧૮૧**	**૫૮૦૩**	-	**૪૭૦૭**

પત્રક -૩.૧.૨

મ્યુ. મિલ્કત ભાડાની અન્ય ઉપજની વિગત દર્શાવતું પત્રક.(રૂા.લાખમાં)૨૦૧૧-૧૨

અ.ન.	મિલ્કતનું નામ	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ	ન.પશ્ચિમ	મધ્ય
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	મકાન-દુકાન	૮૭,૪૭,૧૪૨			-		-
૨	સ્લમ-સ્કીમ	-			-		-
૩	ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ	-			-		૧૩,૬૪,૮૩૪
૪	લાયસન્સ ફી	-			૧૫,૨૫,૩૧૦		-
૫	લેબર કવાટર્સ	-			-		-
૬	નિર્વાસિત	૧૦,૩૭૫			-		-
૭	રબારી વસાહત	-			-		-
૮	દાણાપીઠ	-			-		-
૯	શાક માર્કેટ	-			-		-
૧૦	મીટ માર્કેટ	-			-		-
૧૧	ફીશ માર્કેટ	-			-		-
૧૨	છૂટી જમીન	-			૧,૨૦,૬૦૦		-
૧૩	પ્રિમીયમ	-			૬૦,૮૦૦		૧,૮૫,૦૦,૦૦૦
૧૪	પરચુરણ	-			-		૬૦,૩૧૮
૧૫	દાવા ખર્ચ	-			-		-
૧૬	કવાટર્સ હાયર પરચેઝ	-			૮૧,૬૦૦		૨૯,૬૬,૧૯૨
૧૭	સંકલીતનગર	-			-		-
૧૮	મીની સ્ટોલ ભાડા	-			૧૦,૫૮,૨૬૮		-

૧૯	સ્કુલ બોર્ડ ભાડા	-			-		-
૨૦	અન્ય કવાટર્સ ભાડા	-			-		-
૨૧	અન્ય મકાન ભાડા	-			-		-
૨૨	ગોડાઉન ભાડા	-			-		-
૨૩	મીન્સ પ્રોફીટ	-			-		-
૨૪	બેટરમેન્ટ ચાર્જ	૫,૨૧,૦૨૭	૧૨,૩૭,૬૨૩	૧,૪૯,૦૩૫	૫,૦૫,૩૦૩		૭૪,૦૮૨
૨૫	નામ ટ્રાન્સફર ફી	-		૨૬,૧૨,૫૭૩	૧૩,૦૦૦		૪,૮૧,૭૭૦
૨૬	હુડકો	-			-		-
૨૭	સીક્યોરીટી ફી / ડીપોઝીટ	-			-		૨,૦૮,૫૫૪
૨૮	અન્ય ડીપોઝીટ	-			-		-
૨૯	ટેમ્પરરી સ્ટોલ લાયસન્સ ફી	-			-		૧,૦૧,૧૪૪
૩૦	ઇ.ડબલ્યુ.એસ.લાભાર્થી ફાળો	-		૧૨,૭૩,૫૬૫	૫૭,૦૫,૧૫૩		
૩૧	વહીવટી ચાર્જ	૭૦,૦૦૦			૧૨,૫૯,૦૦૦		
૩૨	**JNNURMસ્કીમ અંતર્ગત લાભાર્થી ફાળો**	-			૧,૧૦,૦૪,૮૦૦		
	કુલ	**૯૩,૪૮,૫૪૪**	**૧૩,૬૫,૧૨૩**	**૪૦,૩૫,૧૭૩**	**૨,૧૩,૩૩,૮૩૪**		**૨,૩૭,૫૬,૮૯૪**

પત્રક-૩.૧.૩

સને ૨૦૧૧-૧૨ દરમ્યાન એસ્ટેટ એકવી. બ્રાન્ચની જાવક દર્શાવતું પત્રક

અ. ન.	કેસ નં.	વિગત	રકમ
૧	૨	૩	૪
૧	**ETS/ACQ/ 2262/A**	ટી.પી.સ્કીમ નં.૩(એલીસબ્રીજ-દરીયાપુર કાઝીપુર સેકશન)ફા.પલોટ ૩૦/એ અને ૩૦/બીની જમીનોના સંપાદન કરાવવા માટે માપણરર ફી રૂા.૩૦૦૦/- ડી.આઇ.એલ.આર.શ્રી કચેરી ખાતે તાઃ૦૮/૦૬/૨૦૧૧ ના રોજ તથા સીટી સર્વે સુપ્રિ-૧ ની કચેરી ખાતે રૂા.૧૪૧૦૦/- તાઃ૦૯/૦૬/૨૦૧૧ ના રોજ જમા કરાવેલ છે.	૧૭,૧૦૦
૨	**ETS/ACQ/ 3861**	રાયખડ વોર્ડ-૨ના સીટી સર્વે નંબર ૫૭૪૪,૫૭૦૭, ૪૨૪૦/એ-૨બી,૪૭૮૪,૫૭૫૭, ૫૭૭૨,૪૭૮૫ ની જમીનો સંપાદન કરવાના કેસમાં સંયુકત માપણી કરાવવા માપણરર ફીરૂા.૨૧૦૦/-સીટી સર્વે સુપ્રિશ્રી-૩ની કચેરીમાં તાઃ૧૪/૧૨/૨૦૧૧ ના રોજ જમા કરાવેલ છે.	૨૧૦૦/-
		ટી.પી,સ્કીમ નં.૨૨ (પાલડી એક્ષટેન્શન) ના ફા.પ્લોટનં.૧૨૧ તથા મોજે શાહવાડીના રે.સ.નં.૩૩૫,૫૩૦/૨+૩.૬૨૭/૧/૧ થી ૪,૬૨૭/૨ ની જમીનો સંપાદન કરવાના કેસમાં સયુંકત પામણી કરાવવાની માપણી ફી રૂા.૧૬,૮૦૦/- ડી.આઇ.એલ.આર.શ્રીની કચેરીમાં તાઃ૧૫/૧૨/૨૦૧૧ ના રોજ જમા કરાવેલ છે.	૧૬,૮૦૦/-
૩	**DPL/ACQ/ 97**	ઠી.પી.સ્કીમ નં.૩ (એલીસબ્રીજ)શેખપુર-ખાનપુર સેકશનના ફા.પ્લોટ નં.૯૯/૨ પૈકી તથા ચંગીસપુર સેકશનના ફા.પ્લોટનં.૫૦૫/૧ની જમીન સંપાદન કરવાના કેસમાં કલમ-૪નું જાહેરનામું દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરાવવાના બીલના રૂા.૧૬,૯૧૩/-તાઃ૧૦/૦૨/૧૨ તથા ટાઇમ્સ ઓફ ઇન્ડિયા દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરાવવાના બીલ રૂા.૭,૫૨૪/-તાઃ૧૦/૦૨/૧૨ ના રોજ ચુકવેલ છે.	૨૪,૪૩૭/-
૪	**ETS/ACQ/ 3857**	રેલ્વેપુરા વોડઉના સી.સ.નં.૧૪૫૨ થી ૧૪૬૬ ની જમીનો સંપાદન કરવાના કેસમાં સંયુકત માપણી	૪૫૦૦/-

		કરાવવાની માપણી ફી રૂા.૪૫૦૦/- સીટી સર્વે સુપ્રિ-ઉશ્રીની કચેરીમાં તાઃ૧૭/૧૧/૨૦૧૧ ના રોજ જમા કરાવેલ છે.	
૫	**ETS/ACQ/**	મોજે;વાડજના રે.સ.નં.૫૦૯ ની જમીન સંપાદન કેસમાં કોમ્પેન્સેશન કેસનં.૧૦/૮૮ માં નામ.સીટી સીવીલ કોર્ટના તાઃ૦૪/૧૨/૨૦૦૯ ના ચુકાદા મુજબ વધારાના વળતરની રકમ રૂા.૧૬,૦૫,૯૩૬/-નો રજીસ્ટ્રારશ્રી,સીટી સીવીલ કોર્ટ.અમદાવાદના નામનો આઇ.સી.આઇ.સી.આઇ.બેંક લી.નો તાઃ૨૫/૦૨/૧૨ નો પે-ઓર્ડરનં.૧૧૮૦૪૪ વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી અમદાવાદને તાઃ૨૮/૦૨/૧૨ ના રોજ મોકલી આપેલ છે.	૧૬,૦૫,૯૩૬/-
૬	**ETS/ACQ/ 394/A**	ફર્સ્ટ અપીલ નં.૧૧૪૮/૨૦૦૯ ની પબ્લીક નોટીસ ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ કરવાના બીલની ચુકવણીની રકમ	૨૮,૨૨૪/-
૭	**ETS/ACQ/ 32894/F**	મોજે શાહવાડીના રે.સર્વેનં.૫૧૪/અ/૧ની જમીન અંગે સી.એ.નં.૨૦૬૫/૨૦૧૧ ઇન મીસ.સી.એ.નં.૩૩૩૩/૨૦૦૯ ઇન ફર્સ્ટ અપીલ નં.૨૪૯૦/૨૦૦૪ માં નામ.હાઇકોર્ટની ડીવીઝન બેન્ચના તાઃ૨૯/૦૭/૨૦૧૧ ના ઓર્ડર સામે સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી.નં.૨૨૧૧૫/૨૦૧૧ દાખલ કરવા જરૂરી ડોક્યુમેન્ટના અંગ્રેજી ટ્રાન્સલેશન કરાવવા તથા ટાઇપ કરાવવા પેપર્સના બીલ પેટેની રકમ	૧૩,૫૫૦/-

પત્રક - ૩.૧.૪

સને ૨૦૧૧-૧૨ દરમ્યાન એલ.એન.ડી. વિભાગની કામગીરી દર્શાવતું પત્રક.

અ. ન.	વિગત	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ	ન.પ.ઝોન	મધ્ય	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ભયજનક મકાનો ઉતારવા આપેલ નોટિસ	૨	-	૩	૭	-	૪૨૮	૪૪૦
૨	ભયજનક મકાનો ઉતાર્યા	૧	-	૧	૬	-	૧૨૭	૧૩૫
૩	મકાન સમારકામ અંગે આપેલ નોટિસ	૫	-	૭	૧૬	-	-	૨૮
૪	૧૦ ડી.મુજબ આપેલ સર્ટીફીકેટ	-	-	-	-	-	-	-
૫	કોર્પો.એકટ કલમ૩૯૨(૧) બી મુજબ કોર્ટમાં કરેલ ફરિયાદ	-	-	-	-	-	-	-
૬	મ્યુ.માલિકીની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો	-	-	-	-	-	-	-
૭	મ્યુ.રાજમાર્ગોની જમીન ભાડાપટ્ટે આપેલ કેસો	-	-	-	-	-	-	-
૮	રેવન્યુ ફી મેળવેલ જમીનની વિગતો મેળવવા	-	-	-	-	-	-	-
૯	જમીનનો અદલોબદલો કર્યા હોય તેવાં કેસો	-	-	-	-	-	-	-
૧૦	વિશેષ ધારામાંથી મુકિત મેળવેલ જમીનની વિગતો	-	-	-	-	-	-	-
૧૧	બક્ષીસ દાનમાં મેળવેલ જમીનની વિગતો	-	-	-	-	-	-	--
૧૨	મ્યુ.કોર્પો.એકટની ૨૦૫ કલમ મુજબ ખાનગી રસ્તાને મ્યુ.રાજમાર્ગ તરીકે જાહેર કરેલ વિગતો	-	૧	-	-	-	૧	૧
	કુલ	૮	૧	૧૧	૨૯	-	૫૫૫	૬૦૪

પત્રક –૩.૧.૫

સને ૨૦૧૧-૧૨ દરમ્યાન એસ્ટેટ પરમીટ લારી સ્ટેન્ડ વિભાગની લાયસન્સ ફી તથા અન્ય રકમ વસુલ કર્યાની વિગત દશાવતું પત્રક . (રૂા.)

અ. ન.	બજેટ હેડનું નામ	પૂર્વ	પશ્ચિમ	ઉત્તર	દક્ષિણ	ન.પ.ઝોન	મધ્ય
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	લારી સ્ટેન્ડની લાયસન્સ ફી	-	-	-	-	-	-
૨	લારી સ્ટેન્ડ પરચુરણ આવક	-	-	-	-	-	-
૩	લારી સ્ટેન્ડ અનામત	-	-	-	-	-	-
૪	અધ્ધર ચંદરવા લાયસન્સ ફી	-	-	-	-	-	-
૫	નિર્વાસિત પ્લોટોની અનામત સંખ્યા	૬૦ નંગ	-	-	-	-	-
૬	નિર્વાસિત પ્લોટોની લાયસન્સ ફી	૧૦૩૭૧	-	-	-	-	-
૭	ટેમ્પરરી સ્ટેન્ડ લાયસન્સ ફી	૩૦૩	-	-	-	-	-
૮	એસ્ટેટ લાયસન્સ અનામત	-	-	-	૧૩,૮૪,૮૭૭	-	-
૯	રમતગમતનું મેદાન	-	-	-	-	-	-
૧૦	છુટી જમીન/ફ્રી હોલ્ડ લાયસન્સ ફી	-	-	-	-	-	-
૧૧	પગથિયાં	-	-	-	-	-	-
૧૨	એસ્ટેટ પરચુરણ (દબાણ)	૨૭,૧૨,૦૯૧	-	૧૨,૩૧,૦૬૩	-	૪૫,૧૪૬	૧૨,૧૧૦
૧૩	નિર્વાસિત પ્લોટ/ટ્રાન્સફર ફી	-	-	-	-	-	-
૧૪	મ્યુ.પ્લોટોની ભાડાની આવક	૭૩,૪૭૯	૯,૨૩,૦૦૦	૧,૪૮,૧૪૮	-	૧,૬૦,૫૭	-
૧૫	એન્ક્રોચમેન્ટ આવક	-	-	-	-	-	૧,૩૦,૦૦૦

૧૬	પરમીટ ફી	-	૨૯,૮૭,૦૦૦	-	-	૬૭,૮૨,૬૩૮	-
૧૭	એસ્ટેટ લીઝ હોલ્ડર જમીનનું ભાડું	-	-	-	-	-	-
૧૮	એસ્ટેટ લાયસન્સ અનામત	૫,૫૮૬	-	-	૧,૫૪,૮૧૦	-	-
૧૯	આર.ઓ.લાયસન્સ ફી	-	-	-	૪,૦૮,૩૪૮	-	-
૨૦	મોબાઇલ ટાવર લાયસન્સ ફી	-	-	-	-	-	-
૨૧	સર્વિસ ટેક્ષ ફી.	-	-	-	૧,૩૯,૯૮૬	-	-
	કુલ.....	૨૮,૦૧,૮૩૦	૩૯,૧૦,૦૦૦	૧૩,૭૯,૨૧૧	૨૦,૮૮,૦૨૧	૬૯,૮૮,૩૪૧	૧,૪૨,૧૧૦

પત્રક ૩.૧.૬

સને ૨૦૧૧-૧૨ દરમ્યાન ઝોનવાઈઝ દૂર કરવામાં આવેલ દબાણની માહિતી દર્શાવતું પત્રક.

અ.ન.	ઝોનનું નામ	લારી	ગલ્લા	કેબીન	કોલુ	પરચુરણ	કાચા શેડ	પાકાશેડ	ઓટલા	કોસ વોલ (ફુટ)	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	પૂર્વ ઝોન	૪૩	-	-	-	૮૮૦	-	૩૩૪	૩૨૭	૫૮	૧૬૪૨
૨	પક્ષ્યિમ ઝોન	૮૨૮	૭	-	-	૧૭૦૩૦	૨૪૬	-	૪૧	૧	૧૮૧૫૩
૩	ઉત્તર ઝોન	૩૭	-	૦૧	-	૬૭૨	૧૦૫૨	-	૨૧૮	૫૩૬	૨૫૧૬
૪	દક્ષિણ ઝોન	૧૩૦	૦૩	૦૪	૦૪	૧૭૨૫	૨૮૦	૧૮૦	૭૭૦	૧૭૦	૩૨૬૬
૫	ન.પ.ઝોન	૨૮૫	૧૩	-	૦૪	૩૬૪૭	૭૬	૫૪	૩૨	૪૨	૪૧૫૩
૬	મધ્ય ઝોન	૯૫	૦૧	૦૧	૦૨	૩૩૮૦	૧૯૩૮	૧૩૦	૭૯૭	૩૯૬	૬૭૪૦
કુલ		૧૪૧૮	૨૪	૦૬	૧૦	૨૭૩૩૪	૩૫૯૨	૬૯૮	૨૧૮૫	૧૨૦૩	૩૬૪૭૦

સને ૨૦૧૧-૧૨ વર્ષ દરમ્યાન થયેલ આવક

મેમનગર ગોડાઉન આવક નવા પશ્ચિમ ઝોન	રૂા.૪૫,૧૪૬/-
મેમનગર ગોડાઉનની આવક	રૂા.૩૨,૫૧૦/-
જયભારત ગોડાઉનની આવક	રૂા.૩૯,૮૩૬/-
સુએઝ ગોડાઉનની આવક	રૂા.૩૫,૩૪૮/-

કુલ આવક	૧,૫૨,૮૪૦/-

પત્રક-૩.૧.૭

એસ્ટેટ ડ્રોઈંગ બ્રાન્ચની સને ૨૦૧૧-૧૨ની કામગીરી દર્શાવતું પત્રક

અ.ન.	કેસની ટુંકી વિગત	સંખ્યા	પેન્ડીંગ	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧	ઈટીએસ/એનએમ રસ્તાના નામ/ચોક	૨૪	-	૨૪
૨	રોડ લાઈન ઈટીએસ/ઈઆરએલ	૧૩	-	૧૩
૩	રોડ લાઈન પાર્ટ પ્લાન અરજી	૧૪૯	-	૧૪૯
૪	ઝોનિંગ સર્ટીની અરજી	૧૬૫	-	૧૬૫
૫	દાખલા બુકની નોંધ નવી હદ	૧૭૫	-	૧૭૫
૬	દાખલા બુકની નોંધ જુની હદ	૧૫૬	-	૧૫૬
૭	આર.ટી.આઈ,અરજી	૧૬	-	૧૬
૮	સેન્ટ્રલ રેકર્ડ ખાતાના બિલ્ડીંગ પ્લાન ચેકીંગ	૭૫	-	૭૫
૯	અન્ય પરચુરણ અરજી	૫૦	-	૫૦
	કુલ	૮૨૩		૮૨૩

પત્રક –૩.૧.૮

સને ૨૦૧૧-૧૨ના વર્ષ ની સી.ઓ.પી. બ્રાન્ચની વિગત દર્શાવતુ પત્રક

અ.ન.	વિગત	કેસોની સંખ્યા
૧	૨	૩
૧	ગત વર્ષના બાકી કેસોની સંખ્યા	૨૭૪
૨	ચાલુ વર્ષના નવા કેસોની સંખ્યા	૧૧૪
૩	કુલ સંખ્યા	૩૮૮
૪	દફતરે	૨૦
૫	પાછલી સાલના ઇકવીશન થયેલા પરંતુ કબ્જો લેવાનો બાકી કેસોની સંખ્યા (જે તે ઝોનમાંથી ખાતાએ પુરશીસ રજુ કરેલ ન હોવાથી)	૬૨૦
૬	નિકાલ થયેલ પરંતુ કબ્જો લેવાનો બાકી કેસોની સંખ્યા	૧૯
૭	ઇવીકશન બજાવવાના બાકી કેસો	૧૬૨
૮	અહેવાલી વર્ષમાં કબ્જો લીધેલા કેસોની સંખ્યા	૦૨
૯	વર્ષના અંતે બાકી રહેલ કેસો	૭૧
૧૦	નવા કેસો બોર્ડ ઉપર પેન્ડીગ	૧૧૪

પત્રક ૩.૧.૯ તથા પત્રક ૩:૧:૧૦

સને ૨૦૧૧-૧૨ મ્યુ.કોમ્યુનીટી હોલ, મેમોરીયલ હોલ, પીકનીક હાઉસ વિ. ભાડે મેળવવા માટેની ડીપોઝીટ અને દૈનિક ભાડાની માહિતી દર્શાવતું પત્રક.

અ.નં.	લેવામાં આવતા કોમ્યુ.હોલ ભાડાની વિગત	નક્કી થયેલ ભાડાની વિગત	નક્કી થયેલ ડીપોઝીટની વિગત	કુલ બુકીગ દિવસો	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રી લાલાકાકા કોમ્યુ. હોલ -શાહપુર દરવાજા બહાર	૨૫૦૦	૨૫૦૦	૯૭	
૨	શ્રી શ્યામપ્રસાદ વસાવડા કોમ્યુ.હોલ ખોખરા	૨૫૦૦	૨૫૦૦	૧૩૮	
૩	શ્રી ખંડુભાઇ દેસાઇ કોમ્યુ.હોલ અસારવા	૨૫૦૦	૨૫૦૦	૭૯	
૪	શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક કોમ્યુ.હોલ બાપુનગર	૨૫૦૦	૨૫૦૦	૧૧૫	
૫	ડો.ઓચ્છવલાલ તલાટી હોલ રાયપુર	૨૫૦૦	૨૫૦૦	૧૦	
૬	શ્રી નરોત્તમ ઝવેરી કોમ્યુ.હોલ પાલડી	૩૫૦૦	૩૫૦૦	૧૨૨	

૭	શ્રી વિરભગતસિંહ કોમ્યુ.હોલ ગોમતીપુર	૧૫૦૦	૧૫૦૦	૧૩૩	
૮	શ્રી લીલાધરભટ્ટ કોમ્યુ.હોલ બહેરામપુરા	૧૫૦૦	૧૫૦૦	૪૭	
૯	શ્રી વસંતરજબ કોમ્યુ.હોલ જમાલપુર	૨૦૦૦	૨૦૦૦	૧૩૪	
૧૦	દરિયાપુર કોમ્યુ.હોલ દરિયાપુર દરવાજા બહાર	૧૫૦૦	૧૫૦૦	૪૦	
૧૧	શ્રી બળવંતરાય ઠાકોર કોમ્યુ.હોલ પુષ્પકુંજ સર્કલ કાંકરીયા	૧૫૦૦	૧૫૦૦	૧૦૧	
૧૨	શ્રી વાસુદેવ ત્રિપાઠી કોમ્યુ.હોલ હલીમની ખડકી	૩૫૦૦	૩૫૦૦	૧૨૩	
૧૩	શ્રી ડી.કે પટેલ કોમ્યુ.હોલ નારાણપુરા	૪૦૦૦	૪૦૦૦	૧૪૫	
૧૪	શ્રી લાખાજી કુંવરજી કોમ્યુ.હોલ બારડોલપુરા	૨૦૦૦	૨૦૦૦	----	૦૧/૦૪/૧૨ થી બુકીગ ચાલુ કરેલ છે.
૧૫	શ્રી રૂક્ષ્મણીબેન ભાવસાર કોમ્યુ.હોલ સાબરમતી	(એ+બી) ૬૦૦૦ એ-૪૦૦૦	(એ+બી) ૬૦૦૦ એ-૪૦૦૦	૪૪ ૨૮	રીનોવેશમાં છે.
૧૬	શ્રી મંગળદાસ એસ.પટેલ મ્યુનિ.કોમ્યુ.હોલ	૨૦૦૦	૨૦૦૦	૧૩૩	
૧૭	સરદાર નગર કોમ્યુનીટી હોલ	૩૦૦૦	૩૦૦૦	૧૦૦	
૧૮	શ્રી પંડિત દિન-દયાલ ઉપાધ્યાય હોલ	૨૦૦૦	૨૦૦૦	૨૬	
૧૯	નરોડા મુઠીયા કોમ્યુનીટી હોલ	૫૦૦૦	૫૦૦૦	૫૯	
૨૦	ભુદરપુરા કોમ્યુ.હોલ	૧૫૦૦	૧૫૦૦		
૨૧	ભાઈપુરા કોમ્યુ.સેન્ટર	૧૫૦૦	૧૫૦૦	૨૩	
૨૨	ડો.બાબા સાહેબ આંબેડકર કોમ્યુ હોલ દાણીલીમડા	૧૫૦૦ ૨૦૦૦ ૩૦૦૦	૧૫૦૦ ૨૦૦૦ ૩૦૦૦	૬૫ ૦૨ ૧૨૪	
૨૩	મ્યુનિ.નવદીપ કોમ્યુ હોલ નારણપુરા	૧૦૦૦૦	૪૦૦૦	--	બુકીગ સંસ્થા કરે છે.
મ્યુ.પીકનીક હાઉસ અંગેની વિગતઃ-					
૧	શ્રી જયેન્દ્ર પંડિત કાંકરીયા પીકનીક હાઉસ.	૩૦૦૦	૩૦૦૦	૧૨૭	
૨	શ્રી નારણઘાટ પીકનીક હાઉસ	૨૦૦૦(એ)	૨૦૦૦(એ)	-	બુકીગ બંધ

		૩૦૦૦(એ+બી)	૩૦૦૦(એ+બી)		છે.રીવરફ્રન્ટના કારણે
૩	શ્રી રતિલાલ સોમનાથ ચકુડીયા મહાદેવ પીકનીક હાઉસ	૧૫૦૦	૧૫૦૦	--	દબાણ ગોડાઉન તરીકે ઉપયોગ થાય છે.
મ્યુનિ.પાર્ટી પ્લોટ અંગેની વિગતઃ-					
૧	લાયન શરદ મહેતા ગા.પા.પ્લોટ મેમનગર	૨૫૦૦	૨૫૦૦	૪૫	
૨	શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ ગા.પા.પ્લોટ-પ્રભુનગર અસારવા (રીશેપ્સન માટે તથા જમણવાર માટે) (ગરબા માટે)	૨૫૦૦ ૪૦૦૦	૨૫૦૦ ૪૦૦૦	૪૫	
૩	ભવાનસીહ બાપુ પાર્ટી પ્લોટ શાહપુર દરવાજા બહાર (રીશેપ્સન માટે તથા જમણવાર માટે) (ગરબા માટે)	૨૫૦૦ ૩૫૦૦	૨૫૦૦ ૩૫૦૦	૪૧	
૪	પ્રહલાદજી બુધ્ધસિંહ પાર્ટી પ્લોટ અમરાઇવાડી (રીશેપ્સન માટે તથા જમણવાર માટે) (ગરબા માટે)	૨૦૦૦ ૨૫૦૦	૨૦૦૦ ૨૫૦૦	૫૧	
૫	સાબરમતી બેંક પાર્ટી પ્લોટ સાબરમતી (રીશેપ્સન માટે તથા જમણવાર માટે) (ગરબા માટે)	૪૦૦૦ ૫૦૦૦	૪૦૦૦ ૫૦૦૦	૨૩	
૬	વિઠ્ઠલદાસ એસ.પટેલ પાર્ટી પ્લોટ(ગરબા માટે)	૨૫૦૦ ૪૦૦૦	૨૫૦૦ ૪૦૦૦	૬૩	
૭	એચ.એલ.પટેલ પાર્ટી પ્લોટ (દાણીલીમડા) (રીસેપ્શન તથા જમણવાર માટે) (ગરબા માટે)	૫૦૦૦ ૭૦૦૦(ગરબા)	૫૦૦૦ ૭૦૦૦(ગરબા)	૧૧૨	
મ્યુનિ.મેમોરીયલ હોલ અંગેની વિગત					
૧	ડો.બાબાસાહેબ આંબેડકર મેમો.હોલ-સરસપુર ૧.શો માટે(અર્થ પ્રાપ્તિ સિવાયનાં પ્રોગામ માટે) ૨. શો માટે(શીફટ અર્થ પ્રાપ્તિ) ૩.હોલનું કંમ્પાઉન્ડ(લગ્ન માટે) ૪. નવા બંધાયેલ ઓપન પેવેલિયન સાથે કંમ્પાઉન્ડ)	૩૦૦૦ ૫૦૦૦ ૨૦૦૦ ૫૦૦૦	૩૦૦૦ ૫૦૦૦ ૨૦૦૦ ૫૦૦૦		પ્રથમ પાળી-૦૨ બીજી પાળી-૧૧ ત્રીજી પાળી-૧૧ કંમ્પાઉન્ડ-૦૪

	૫.ફકત ઓપન પેવેલિયન (ગૃપ મીટીગ,ઈનામી સમારંભ.ભજન વ્યાખ્યાન માટે	૨૦૦૦	૨૦૦૦		
મ્યુનિ.ઓપન એર થિયેટર અંગેની વિગતઃ-					
૧	ઝુલેલાલ કાંકરીયા ઓપન થિયેટર-નગીનાવાડી સામે,કાંકરીયા ૧.(જાહેર સભા,વ્યાખ્યાન,પરિષદ,ઈનામી સંવાદો,સાંસ્કૃતિક પ્રોગ્રામ અર્થ પ્રાપ્તિ સિવાય) ૨.સગીત જલસા,નાટય પ્રયોગ,ગરબા અથવા સાંસ્કૃતિક પ્રોગ્રામ અર્થ પ્રાપ્તિ સાથે)	૨૦૦૦ ૪૦૦૦	૨૦૦૦ ૪૦૦૦		૧૬૮
સરદાર પટેલ સ્ટેડીયમ અંગેની વિગત					
૧	સરદાર પટેલ સ્ટેડીયમ (મેચ માટે) (પ્રેકટીસ માટે અંદરની વિકેટ) (બહારની વિકેટ)	૫૦૦૦ ૪૦૦૦ ૩૦૦૦	૫૦૦૦ ૪૦૦૦ ૩૦૦૦		૫૪ - ૨૧૯૦

પત્રક-૩.૧.૧૧

આંબેડકર હોલની છેલ્લાં ૨ વર્ષની શીફટવાઈઝ વપરાશની માહિતી દર્શાવતું પત્રક

અ.ન.	**હોલનું નામ**	**શીફટની વિગત**	**વર્ષ દરમ્યાન થયેલ વપરાશના દિવસો**		**વર્ષના ૩૬૫ દિવસ ધ્યાને લેતા હોલનો શીફટવાઈઝ ટકાવારી વપરાશ**	
			૧૦-૧૧	**૧૧-૧૨**	**૧૦-૧૧**	**૧૧-૧૨**
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**
૩	ડો.આંબેડકર હોલ	પ્રથમ બીજી ત્રીજી કમ્પા.	હોલ રીનોવેશન મં હોવાથી બુકીગ બંધ છે.	૦૨ ૧૧ ૧૧ ૧૭	હોલ રીનોવેશન મં હોવાથી બુકીગ બંધ છે.	૦.૫૫ ૩.૦૮ ૩.૦૮ ૪.૬૬

પત્રક-૩.૧.૧૨
છેલ્લાં ૨ વર્ષની પબ્લીક હોલનાં ભાડાની આવક (રૂ.લાખમાં)

અ.ન.	હોલનું નામ	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪
૧	ડો.આંબેડકર હોલ	હોલ રીપેરીગમાં છે.	૦.૭૯
૨	મ્યુ. કોમ્યુનીટી હોલ	૨૪૪.૪૮	૩૧૯.૫૭
૩	ઝુલેલાલ ઓપન એર થિયેટર	૩૧.૫૧	૨૯.૭૯
૪	પીકનીક હાઉસ તથા પાર્ટી પ્લોટ	૮૯.૪૯	૫૪.૪૫
૫	ટેન્ડર ફોર્મની આવક	૦૦.૩૬	૦.૨૭
૬	સરદાર પટેલ સ્ટેડીયમ	૧૪.૪૮	૧૭.૮૮
૭	શેઠ મંગળદાસ ટાઉન હોલ	-	૨૬.૩૬
૮	રવિન્દ્રનાથ ટાગોર મેમો.હોલ	-	૧૩૩.૩૬
૯	કુલ		૫૮૨.૪૭

પત્રક-૩.૧.૧૩
સને ૨૦૧૧-૧૨ વર્ષ દરમ્યાન મેળવેલ કબ્જાની વિગતો દર્શાવતુ પત્રક

અ.નં.	ખાતાનો તુમાર નં.	સર્વેનં./ફા.પ્લોટનં.	કબજા મેળવેલની વિગત
૧		---નીલ---	

પત્રક-૩.૧.૧૪
અહેવાલી વર્ષ દરમ્યાન કરેલ કામગીરી અન્વયે નીચે મુજબ આવક થયેલ છે.

અ.નં.	જગ્યાનું નામ	કુલ રકમ રૂા.
૧	કોમ્યુનીટી હોલ ભાડાની આવક	૩,૧૯,૫૭,૧૧૮/-
૨	પીકનીક હાઉસ,તથા પાર્ટી પ્લોટની આવક	૫૪,૪૫,૦૫૫/-
૩	ડો.બાબાસાહેબ આંબેડકર મેમો.હોલની આવક	૭૯,૧૯૯/-
૪	સરદાર પટેલ સ્ટેડીયમભાડાની આવક	૧૭,૮૮,૦૮૧/-
૫	ઝુલેલાલ ઓપન એર થિયેટરની ભાડાની આવક	૨૯,૭૮,૯૪૬/-
૬	શેઠ મંગળદાસ ટાઉન હોલ	૨૬,૩૬,૪૬૭/-
૭	રવિન્દ્રનાથ ટાગોર મેમોરીયલ હોલ	૦૧,૩૩,૩૬,૦૦૦/-
૮	ટેન્ડર ફોર્મેની આવક	૨૭,૦૦૦/-
૯	પરચુરણ આવક	----------
	કુલ	૫,૮૨,૪૭,૮૬૬/-

પત્રક-૩.૧.૧૫

સ્વ.રવિન્દ્રનાથ ટાગોર મેમોરીયલ હોલ વર્ષ ૨૦૧૦-૧૧ની વાર્ષિક આવક

લાઇટ બીલ+ અન્ય	સર્વિસ ટેક્ષ
એપ્રિલ-૨૪૧૫૫૧	૪૪,૭૮૧
મે-૩૨૦૧૧૨	૪૮,૨૩૭
જુન-૩૨૫૧૮૫	૫૪,૬૩૫
જુલાઇ-૩૬૨૧૬૭	૫૦,૩૦૬
ઓગષ્ટ-૩૩૦૯૪૧	૫૯,૯૯૩
સપ્ટેમ્બર-૩૩૬૪૨૨	૬૩,૬૫૯
ઓકટોબર-૨૬૨૨૫૮	૪૫,૮૨૮
નવેમ્બર-૧૫૬૧૬૩	૩૧,૯૭૯
ડીસેમ્બર-૧૪૩૯૫૯	૩૯,૨૧૧
જાન્યુઆરી૧૧૯૯૦૭	૪૦,૫૧૦
ફેબ્રુઆરી-૨૧૪૦૧૦	૪૭,૩૬૮
માર્ચ-૨૫૮૮૪૪	૫૩,૧૯૬
કુલ આવકઃ-૩૦,૭૧,૫૧૯	૫,૭૯,૭૦૩

પત્રક-૩.૧.૧૬

અહેવાલી વર્ષ દરમ્યાન શેઠ મંગળદાસ ટાઉનહોલની આવક૨૦૧૦-૧૧

માસ	**કુલ રકમ**
એપ્રિલ-૨૦૧૦	૧૮૫૦૭૦.૦૦
મે-	૨૨૨૨૫૧.૦૦
જુન-	૨૬૯૨૩૮.૦૦
જુલાઇ-	૩૧૨૭૬૦.૦૦
ઓગષ્ટ-	૨૫૫૭૭૮.૦૦
સપ્ટેમ્બર-	૨૧૧૬૩૧.૦૦
ઓકટોબર-	૨૫૯૯૪૫.૦૦
નવેમ્બર	૧૫૨૩૧૧.૦૦
ડીસેમ્બર	૪૩૦૪૨.૦૦
જાન્યુઆરી-૨૦૧૧	૫૬૯૮.૦૦
ફેબ્રુઆરી-	૨૩૯૩૪૮.૦૦
માર્ચ-	૧૮૮૮૩૮.૦૦
કુલ	૨૩૪૫૯૧૦.૦૦

પત્રક-૩.૧.૧૭
એસ્ટેટ હરાજી વિભાગની રીકવરી
૨૦૧૧-૧૨

ચીલન નં.	તારીખ	(રૂપીયા)રીકવરી
૧/૧	૨૮/૦૪/૧૧	૧૮૦
૧/૨	૦૪/૦૫/૧૧	૨૧૬
૧/૩	૦૨/૦૬/૧૧	૩૩૬
૧/૪	૧૪/૦૬/૧૧	૧૨૦૦
૧/૫	૧૫/૦૬/૧૧	૫૭૬
૧/૬	૨૨/૦૬/૧૧	૧૮૦
૧/૭	૨૪/૦૬/૧૧	૭૧૧૭
૧/૮	૨૮/૦૬/૧૧	૪૫૫૧
૧/૯	૨૯/૦૬/૧૧	૫૯૪૦
૧/૧૦	૦૧/૦૭/૧૧	૫૫૦
૧/૧૧	૨૬/૦૭/૧૧	૧૧૧૦
૧/૧૨	૧૦/૦૮/૧૧	૪૦૫૦
૧/૧૩	૧૮/૦૮/૧૧	૩૦૪
૧/૧૪	૨૦/૦૯/૧૧	૧૮૦
૧/૧૫	૦૪/૧૧/૧૧	૮૪૦
૧/૧૬	૧૩/૧૨/૧૧	૩૧૦૦
૧/૧૭	૨૬/૧૨/૧૧	૪૮૦
૧/૧૮	૨૯/૧૨/૧૧	૭૨
૧/૧૯	૦૬/૦૧/૧૨	૫૨૨૦
૧/૨૦	૧૭/૦૧/૧૨	૩૬૦
૧/૨૧	૧૦/૦૨/૧૨	૪૫૨૪
૧/૨૨	૨૧/૦૨/૧૨	૧૦૮૦
૧/૨૩	૦૨/૦૩/૧૨	૩૪૦૦
૧/૨૪	૨૨/૦૩/૧૨	૧૨૦
		૪૫૬૮૬

૩.૨ નગર વિકાસ ખાતુ
૨૦૧૧-૧૨

શહેરના વિકાસને ધ્યાનમાં રાખી શહેરનો વિકાસ નકશો અને વિકાસ યોજનાઓ તૈયાર કરવી,નગર રચના યોજનાઓ તૈયાર કરવી અને નામદાર સરકારશ્રી પાસે મંજુર કરાવવી,મકાનો બાંધવાની પરવાનગી આપવી,મકાનમાં ફેરફાર કરવા અંગે તથા જમીનોના લે-આઉટ પ્લાનો મંજુર કરવાનું,ઇન્ડસ્ટ્રીયલ પરમીટ મેળવવા અંગે આકીટેક્ટ, એન્જીનીયર, સર્વેયર, ક્લાર્ક ઓફ વર્કસ, અને સ્ટ્રકચરલ ડીઝાઈનરનાં રજીસ્ટ્રેશન કરવા અંગે, રોડ લાઈનમાં સંપાદિત થતી જગાનું વળતર ઠરાવવા અંગે, ગેરકાયદેસર બાંધકામો તથા ઉપયોગો અંગે નોટીસો આપવી તથા આ ગેરકાયદેસર બાંધકામ તોડાવવું તથા ઉપયોગ બંધ કરાવવો, ધારાકીય જોગવાઈ હેઠળ ફરિયાદો કરવી, ગરીબ અને આર્થિક રીતે પછાતવર્ગ તેમજ ઝૂંપડાવાસીઓ માટે વસવાટ અંગે આયોજન કરવું. આ તમામ કામગીરી નગર વિકાસ ખાતા દ્વારા થાય છે.અહેવાલી વર્ષમાં ગુજરાત રેગ્યુલેશન ઓફ અનઓથોરાઇઝડ ડેવલપમેન્ટ એક્ટ(ગૃડા) ૨૦૦૩ અંતર્ગત બિનપરવાનગીના બાંધકામોને નિયમીત કરવા અંગેની કામગીરી સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવેલ છે.

અ.મ્યુ.કોર્પો.ની હદમાં બાંધકામની પ્રવૃતિના નિયંત્રણ અને નિયમન માટે ત્રણ પ્રકારની પ્રવૃતિ હાથ ધરાય છે.

૧. ધી બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની જોગવાઈઓ હેઠળની જોગવાઈઓનો અમલ કરાવવાનું કામ.

૨. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ નગરરચના યોજનાઓ તૈયાર કરવાનું અને અમલી નગરરચના યોજના ધ્યાને લઇ વિકાસ પરવાનગીઓ આપવાનું કામ વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.પ્રજા તરફથી આવતી બાંધકામની અરજીઓનો નિકાલ, મકાન વપરાશની અરજીઓનો નિકાલ, ગેરકાયદેસર બાંધકામ માટે નોટીસો આપવી, અનધિકૃત ઉપયોગ બંધ કરવાની નોટીસો આપવી, કોર્ટ કામગીરી વિગેરે નગર વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.

૩. ધી ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ હેઠળ તૈયાર કરવામાં આવેલ રીવાઇઝડ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન બનાવવામાં આવેલ છે તેનો અમલ કરવાનું કામ.

અરજીઓનો નિકાલ,પ્રજા તરફથી આવતી બાંધકામોની અરજીનો નિકાલ,મકાન વપરાશની ગેરકાયદેસર બાંધકામ અંગેની નોટીસો આપવી,અનઅધિકૃત ઉપયોગ બંધ કરવાની નોટીસો આપવી કોર્ટ કામગીરી વિગેરે નગર વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન બી.યુ.પરમીશન માટે સ્વીકારેલ અરજીની સંખ્યા	વસુલ લીધેલ સ્કુટીફી ની વિગત
૯૩૯	રૂા.૪,૫૯,૩૩,૯૫૩

સીટી પ્લાનીગ ખાતાની કામગીરી

- અ.મ્યુ.કોર્પો.ની નવી ટાઉન પ્લાનીગ ૯ સ્કીમો બનાવવાની કામગીરી ચાલુમાં છે.

- નામ.સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમોમાં સ્થળે ડ્રાફટ સ્કીમ મુજબ ટી.પી.રસ્તાનું ડીમાર્કેશન કરવામાં આવ્યુ.જેના કારણે સ્કીમ વિસ્તારમાં જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ,બી.આર.ટી.એસ.,સ્ટ્રોમ વોટર ડ્રેનેજ,બ્રીજ પ્રોજેક્ટ,રોડ પ્રોજેક્ટ,ઇ.ડબ્લ્યુ.એસ.,હાઉસીગ પ્રોજેક્ટ વિગેરે ઝડપી બન્યા.
- મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ(કુલ-૧૮)નગર રચના યોજના અધિકારીશ્રીની કામ ચલાઉ પુનઃરચના સુધારા સાથે પરામર્શ પાઠવવામાં આવેલ છે.

- અમ.મ્યુનિ.કોર્પોરેશનમાં આવેલ ડ્રાફટ ટાઉન પ્લાનીગ સ્કીમોમાં નગર રચના અધિકારીશ્રી દ્વારા વિકાસ પરવાનગી અંતર્ગત અરજદારને અભિપ્રાય પાઠવવામાં આવેલ કેસોમાં રૂા.૪૮,૬૫,૩૮,૧૬૭/- અંકે રૂપિયા અડતાલીસ કરોડ પાંસઠ લાખ આડત્રીસ હજારએકસો સડસઠ પુરા નેટ ડિમાન્ડ ડીપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ છે.
- અમ.મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારનાં નોન ટી.પી.વિસ્તારમાં સર્વે કરી વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય પાઠવવામાં આવેલ છે.તેમાં રૂા.૪,૯૨,૧૪,૫૯૯/-અંકે રૂપિયા ચાર કરોડ બાણુ લાખ ચૌદ હજારપાંચસો નવ્વાણું પુરા નેટ ડીમાન્ડ પેટે આવક થયેલ છે.જયારે કુલ-૭૩,૧૭૭ ચો.મી.જમીનનું પઝેશન મેળવવા સંબંધિત ઝોનમાં જાણ કરવામાં આવેલ છે.

મકાન બાંધકામની અરજીઓ-

અહેવાલી વર્ષમાં જુદા જુદા ઝોનમાં મકાન બાંધકામની ગત વર્ષની કુલ ૩૨૬ અરજીઓ પેન્ડીગ હતી.અને વર્ષ દરમ્યાન નવી કુલ ૨૯૫૬ અરજીઓ આવવાથી કુલ ૩૨૮૨ અરજીઓ થયેલ. જેમાંથી વર્ષ દરમ્યાન ૧૩૧૧૮ અરજીઆનો નિકાલ થતાં વર્ષાન્તે ૧૬૪ અરજીઓ બાકી રહેલ.જેની વિગતવાર માહિતી પત્રક ૩.૨.૧.માં અને છેલ્લા ૨ વર્ષ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોન વાઈઝ માહિતી સામેલ પત્રક ૩.૨.૨ માં દર્શાવવામાં આવી છે.

અહેવાલી વર્ષમાં મકાન બાંધકામની નિકાલ થયેલ ૩૧૧૮ અરજીઓમાં સૌથી વધુ નવાપશ્ચિમઝોનમાં ૧૧૮૯ અરજીઓનો તથા સૌથી ઓછો નિકાલ મધ્યઝોનમાં ૪૯ અરજીઓનો કરવામાં આવેલ છે.મકાન વપરાશની નિકાલ થયેલ ૧૨૬૪ અરજીઓમાં સૌથી વધુ ૯૪૧ નવા પશ્ચિમઝોનમાં થયેલ છે. જયારે મદયઝોનમાં ૦૮ અરજીનો નિકાલ થયેલ છે.સીટી સીવીલ કોર્ટમાં ૨૮૨ અને હાઈકોર્ટમાં ૭૬ દાવાઓ ચાલુ છે. બીલ્ડીગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનની માહિતી દર્શાવતુ પત્રક ૩.૩.૩ માં દર્શાવેલ છે બાંધકામની પરવાનગી માટે ઝોનવાઇઝ કેટેગરીવાઇઝ મળેલ પ્લાનની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૪ માં દર્શાવેલ છે મંજુર થયેલ પ્લાનની સમય મર્યાદા ની ઝોન વાઇઝ માહિતી દર્શાવતુ પત્રક ૩.૩.૫ માં દર્શાવેલ છે રહેઠાણ એકમ સાથે રૂમની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૬ માં દર્શાવેલ છે અને મકાન બાંધકામ વાપરવાની રજા આપ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક ૩.૩.૭માં દર્શાવેલ છે.

લાયસન્સ ફી વિભાગ :-

મ્યુ.કોર્પો.ની હદના વિસ્તારમાં બાંધકામની પરવાનગી માંગનાર વ્યક્તિ/માલીકે નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી, જરૂરી દસ્તાવેજો સાથે કરવા ધારેલ બાંધકામનાં પ્લાન મ્યુ.કોર્પો.નો પરવાનો ધરાવનાર એન્જીનીયર, આર્કીટેક્ટ, એન્જિનીયર,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસની જરૂરી સહીઓ સાથે રજુ કરવાના હોયછે. સર્વેયર મારફતે તૈયાર કરાવવાના હોય છે.સદર પરવાનો એન્જીનીયર ,આર્કીટેક્ટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા ક્લાર્કસ ઓફ વર્કસ જી.ડી.સી.આર.વિનિમય-૯.૩માંદર્શાવેલ લાયકાત તથા અનુભવના આધારે આપવામાં આવે છે. તેઓએ જી.ડી.એસ.આર. વિનિમય નં.૯.૩માં દર્શાવ્યા મુજબ ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની રહેછે. આપવામાં આવનાર પરવાનો (લાયસન્સ) દરેક કેટેગરી માટેલાયસન્સ દીઠ લાયસન્સ ફીના રૂા.૧૦૦૦(નોન રીફંડેબલ) ડીપોઝીટ રૂા.૧૦૦૦ તથા લાયસન્સ સર્ટીફીકેટ તથા કન્ટીજન્સી ચાર્જ રૂા.૧૦૦ લેવામાં આવે છે. સદર પરવાનો પાંચ વર્ષની મુદત માટે આપવામાં આવે છે. અને દર પાંચ વર્ષે રીન્યુઅલ લાયસન્સ ફી લઇને રીન્યુ કરવામાં આવે છે.તથા આ અંગે પત્રકમાં જણાવ્યા મુજબની ફી વસુલ લેવામાં આવે છે.

પરવાનાનો પ્રકાર	આપેલ લાયસન્સની સંખ્યા	લાયસન્સ ફી ની આવક રૂા.	લાયસન્સ ડીપોઝીટની આવક રૂા.	લાયસન્સ સર્ટીની આવક રૂા.	કુલ આવક રૂા.
૧	૨	૩	૪	૫	૬
એન્જીનીયર	૫૨	૫૨૦૦૦	૫૨૦૦૦	૫૨૦૦	૧,૦૯,૨૦૦
આર્કિટેકટ	૧૯	૧૯૦૦૦	૧૯૦૦૦	૧૯૦૦	૩૯,૯૦૦
સ્ટ્રકચરલ ડીઝાઈનર	૧૭	૧૭૦૦૦	૧૭૦૦૦	૧૭૦૦	૩૫,૭૦૦
કલાર્ક ઓફ વર્કસ	૨૧	૨૧૦૦૦	૨૧૦૦૦	૨૧૦૦	૪૪,૧૦૦
કુલ	૧૦૯	૧,૦૯,૦૦૦	૧,૦૯,૦૦૦	૧૦,૯૦૦	૨,૨૮,૯૦૦

ડ્રોઈંગ વિભાગની કામગીરી :-

આ વિભાગની કામગીરીમાં મુખ્યત્વે વિકાસ યોજનાના નકશા બનાવવા, નગર આયોજન યોજનાના નકશા બનાવવા, યોજનાના મુસદ્દા તૈયાર કરવા, વિવિધ નકશાઓની નકલ તૈયાર કરી વેચાણ આપવી, બાંધકામની અરજીઓ કે પ્રજા તરફથી આપતી અરજીઓના પ્લાન તપાસી વિકાસ યોજના તથા નગર આયોજન યોજનાની દરખાસ્તો મુજબ અભિપ્રાય આપવા, નકશાઓનું રેકર્ડ રાખવું, જાહેર જનતાને નકશા જોવાની સવલતો આપવી વિગેરે કાર્યવાહી થાય છે

અ.નં.	વિગત	કેસ સંખ્યા	પ્રતિ કેસ ફીની રકમ	કુલ આવક
૧	પાર્ટ પ્લાન	૪૮૩૯	૧૦૦૦	૪૮,૩૯,૦૦૦
૨	ઝોનીગ	૪૦૦૩	૫૦૦	૨૦,૦૧,૫૦૦
૩	એફ ફોર્મ	૩૫૫૫	૫૦૦	૧૭,૭૭,૫૦૦
૪	અભિપ્રાય	૯૮૩	૨૦૦	૧,૯૬,૬૦૦
કુલ		૧૩૩૮૦	૨૨૦૦	૮૮,૧૪,૬૦૦

અમલીકરણ વિભાગ (ડી.એસ.ઓ.) :-

વગર રજાએ થતા ગેરકાયદેસર બાંધકામો કે વગર રજાએ થતો ઉપયોગ અટકાવવાની મહત્વની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે. આવા બાંધકામો અટકાવવા તથા તેને દૂર કરવા અનધિકૃત ઉપયોગ થતો રોકવા કે બંધ કરાવવા કાયદેસરની કામગીરીની જોગવાઈઓ ધી બોમ્બે પ્રોવીન્શીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૨૬૦, ૨૬૭, ૨૬૮ તથા ૪૭૮ અને ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ ૨૯,૩૭ અને કલમ ૪૯ અન્વયે જે તે ઝોનના વોર્ડ ઈન્સ્પેકટરો નોટીસ સહિત અન્ય પગલાં અંગેની જરૂરી કાર્યવાહી કરે છે.આ અંગેની કાયદેસરની કાર્યવાહી પૂરી થયેથી વોર્ડ ઈન્સ્પેકટર તથા આસી.ટી.ડી.ઓ. દ્વારા આપેલ નોટીસ મુજબનો અમલ કરવામાં આવે છે.ખાતા દ્વારા કરાવેલ અમલ અંગેના ખર્ચની રકમ વસુલ લેવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં અમલની કાર્યવાહી ની ઝોન વાઇઝ માહિતી નીચે મુજબ છે.૨૦૧૧-૧૨

ઝોન	કલમ ૨૬૦	કલમ ૨૬૮	કલમ ૪૭૮	રહેઠાણનાં યુનીટ	બિન રહેઠાણનાં યુનીટ	કુલ યુનીટ	ડીપાર્ટ.ખર્ચની વસુલ આવેલ રકમ રૂા.માં
પશ્ચિમ	૪૩	૦	૦	૨૦	૭૨	૯૨	૦
મધ્ય	૧૨૧	૦૪	૦	૯૪	૩૧	૧૨૫	૦
ઉત્તર	૧૨૦	૦૦	૦	૧૨	૫૬	૧૨૩	૧૫૦૦૦
પૂર્વ	૪૧૫	૦૪	૦	૧૪૪	૨૭૫	૪૧૯	૦
દક્ષિણ	૯૬	૦૦	૦	૩૯૨	૪૭	૪૩૯	૦
ન્યુ.પશ્ચિમ	૭૨	૬૦	૦૨	૩૧	૩૭	૬૮	૦
કુલ	**૮૬૭**	**૬૮**	**૦૨**	**૬૯૩**	**૫૧૮**	**૧૨૬૬**	**૧૫૦૦૦**

અહેવાલી વર્ષમાં બિનપરવાનગીના બાંધકામો અંગે લીધેલ પગલાંના કેસોની સંખ્યા અને આપેલ નોટીસોની સંખ્યાની ઝોનવાઇઝ માહિતી નીચે મુજબ છે.૨૦૧૧-૧૨

અ.નં	વિગત	પશ્ચિમ	મધ્ય ઝોન	ઉત્તર ઝોન	પૂર્વ ઝોન	દક્ષિણ ઝોન	નવા પશ્ચિમ	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	બિન પરવાનગીના બાંધકામો અંગે લીધેલ(૨૬૦ના કેસો)							
એ	પગલાંના કેસોની સંખ્યા	૫૫૫	૩૯૯	૩૧૦	૪૧૫	૩૯૮	૨૦૪	૨૨૮૧
બી	આપેલ નોટીસોની સંખ્યા	૮૬૯	૩૯૯	૩૧૦	૭૪૨	૪૯૪	૮૩૪	૩૬૪૮
૨	બિન પરવાનગીનો વપરાશ થતો અટકાવવા લીધેલ(૨૬૮ના કેસો)							
એ	પગલાંના કેસોની સંખ્યા	૨૯	૦૪	૦૪	૦૪	૦૨	૨૪	૬૭
બી	આપેલ નોટીસોની સંખ્યા	૧૧૧	૦૪	૦	૨૯	૪૬	૧૭૩	૩૬૩
૩	બિન પરવાનગીએ કરેલ ચેઇન્જ ઓફ યુઝ અંગે લીધેલ(૪૭૮ના કેસો)							
એ	પગલાંના કેસોની સંખ્યા	૩	-	૦	૦	-	૦	૩
બી	આપેલ નોટીસોની સંખ્યા	૩	-	૦	૦	-	૦	૩
કુલ		૧૫૭૦	૮૦૬	૬૨૪	૧૧૯૦	૯૪૦	૧૨૩૫	૬૩૬૫

પત્રક ૩.૨.૧
મકાન બાંધકામને લગતી અરજીની માહિતી દર્શાવતુ પત્રક ૨૦૧૧-૧૨

અ.નં.	વર્ષ	અગાઉના બાકી પ્લાન	નવા આવેલ પ્લાન	કુલ	નિકાલ થયેલ પ્લાન	વર્ષાંતે બાકી પ્લાન
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	૨૦૦૭-૦૮	૧૩૩	૧૧૯૭	૧૩૩૦	૧૨૦૧	૧૪૩
૨.	૨૦૦૮-૦૯	૧૪૩	૧૩૮૭	૧૫૩૦	૧૩૬૮	૧૬૨
૩.	૨૦૦૯-૧૦	૧૬૨	૧૭૦૪	૧૮૬૬	૧૫૧૪	૩૫૨
૪.	૨૦૧૦-૧૧	૩૫૨	૨૬૬૯	૩૦૨૧	૨૬૯૫	૩૨૬
૫.	૨૦૧૧-૧૨	૩૨૬	૨૯૫૬	૩૨૮૨	૩૧૧૮	૧૬૪

પત્રક ૩.૨.૨
સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન મકાન બાંધકામનાં પ્લાનની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક

અ. નં.	ઝોન	વર્ષ	અગાઉ ના બાકી પ્લાન	વર્ષ દરમ્યાન આવેલ પ્લાન	કુલ પ્લાન	નિકાલ થયેલ પ્લાન	વર્ષાંતે બાકી પ્લાન	નિકાલ થયેલ પ્લાની ટકાવારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧.	મધ્યઝોન	૧૦-૧૧	૧૩	૪૦	૫૩	૪૪	૦૯	૮૩
		૧૧-૧૨	૦૯	૩૫	૪૪	૪૩	૦૧	૯૭
૨.	પશ્ચિમ ઝોન	૧૦-૧૧	૧૪૩	૩૮૪	૫૨૭	૪૮૫	૪૨	૯૨
		૧૧-૧૨	૪૨	૪૨૭	૪૬૯	૪૨૩	૪૬	૯૦
૩.	પૂર્વ ઝોન	૧૦-૧૧	૧૪	૩૦૫	૩૧૯	૨૯૪	૨૫	૯૨
		૧૧-૧૨	૨૫	૫૨૮	૫૫૩	૫૪૨	૧૧	૯૮
૪.	ઉત્તર ઝોન	૧૦-૧૧	૯૯	૬૧૧	૭૧૦	૬૫૮	૫૨	૯૨
		૧૧-૧૨	૫૨	૫૪૦	૫૯૨	૫૬૧	૩૧	૯૪
૫.	દક્ષિણ ઝોન	૧૦-૧૧	૬૦	૪૫૮	૫૧૮	૪૩૯	૭૯	૮૪
		૧૧-૧૨	૭૯	૩૦૦	૩૭૯	૩૬૦	૧૯	૯૪
૬	ન.પ.ઝોન	૧૦-૧૧	૨૩	૮૭૧	૮૯૪	૭૭૫	૧૧૯	૮૬
		૧૧-૧૨	૧૧૯	૧૧૨૬	૧૨૪૫	૧૧૮૯	૫૬	૯૫
	કુલ	૧૦-૧૧	૩૫૨	૨૬૬૯	૩૦૨૧	૨૬૯૫	૩૨૬	૮૯
		૧૧-૧૨	૩૨૬	૨૯૫૬	૩૨૮૨	૩૧૧૮	૧૬૪	૯૫

પત્રક ૩.૨.૩
છેલ્લા ત્રણ વર્ષની બિલ્ડીંગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનને લગતી માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	વિગત	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
૧	૨	૩	૪	૫
૧.	મકાન બાંધકામની અરજીઓનો નિકાલ	૪૦૭	૫૨૮	૪૬૯
૨.	મકાન વપરાશની પરવાનગી પરવાનગી મેળવવા આવેલ અરજીની સંખ્યા	૭૨૨	૭૫૫	
૩.	મકાન વપરાશની પરવાનગીની સંખ્યા	૨૬૧	૫૨૮	૧૯૯૪
૪.	સીટી મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલ ફરીયાદ	૦૦	-	૦
૫.	મેટ્રોપોલીન કોર્ટમાં થયેલ ફરિયાદો	૦૦	૦૫	૦
૬.	સીટી સિવીલ કોર્ટનાં દાવા	૨૦૮	૨૨૮	૨૮૨
૭.	હાઈકોર્ટમાં ચાલુ દાવા	૬૯	૬૩	૭૬
૮.	સુપ્રિમ કોર્ટમાં ચાલુ દાવા	૦૩	૦૨	૦૧

પત્રક ૩.૨.૪
બાંધકામની પરવાનગી માટે છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ઝોન વાઈઝ,કેટેગરી વાઈઝ મળેલ પ્લાનની સંખ્યા દર્શાવતુ પત્રક(૨૦૧૧-૧૨)

અ. નં.	ઝોન	વર્ષ	નવા બાંધકામ (બી.એન.બી.)	સુધારા/વધારા (સી.આર.)	ભાગલા (બી.એન.એસ.)	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	મધ્ય	૨૦૧૦-૧૧	૩૮	૦૧	૦૧	૪૦
		૨૦૧૧-૧૨	૨૮	૦૪	૦૩	૩૫
૨.	પશ્ચિમ	૨૦૧૦-૧૧	૩૩૫	૨૩	૨૬	૩૮૪
		૨૦૧૧-૧૨	૩૬૭	૨૪	૩૬	૪૨૭
૩.	પૂર્વ	૨૦૧૦-૧૧	૨૮૯	૦૫	૧૧	૩૦૫
		૨૦૧૧-૧૨	૪૭૧	૨૯	૨૮	૫૨૮
૪.	ઉત્તર	૨૦૧૦-૧૧	૫૭૫	૦૮	૨૮	૬૧૧
		૨૦૧૧-૧૨	૪૯૭	૨૦	૨૩	૫૪૦
૫.	દક્ષિણ	૨૦૧૦-૧૧	૪૧૯	૧૫	૨૪	૪૫૮
		૨૦૧૧-૧૨	૨૭૩	૨૦	૦૭	૩૦૦
૬	ન.પ.ઝોન	૨૦૧૦-૧૧	૮૨૪	૦૯	૩૮	૮૭૧
		૨૦૧૧-૧૨	૧૦૫૯	૫૫	૧૨	૧૧૨૬
	કુલ	૨૦૧૦-૧૧	૨૪૮૦	૬૧	૧૨૮	૨૬૬૯
		૨૦૧૧-૧૨	૨૬૯૫	૧૫૨	૧૦૯	૨૯૫૬

પત્રક ૩.૨.૫

મંજુર થયેલ પ્લાનની સમયમર્યાદાની ઝોનવાઈઝ માહિતી દર્શાવતુ પત્રક(૨૦૧૧-૧૨)

અ. નં.	ઝોન	એક માસની અંદર	બે માસની અંદર	ત્રણ માસની અંદર	ચાર માસથી વધુ	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭
	મધ્યઝોન	૧૬	૦૬	૦૮	૦૮	૩૮
	પશ્ચિમ ઝોન	૨૭૪	૭૩	૨૧	૨૨	૩૯૦
	પૂર્વ ઝોન	૩૮૯	૯૮	૧૬	૦૭	૫૧૦
	ઉત્તર ઝોન	૩૯૮	૧૧૬	૧૩	૨૪	૫૫૧
	દક્ષિણ ઝોન	૨૫૫	૪૯	૨૫	૧૪	૩૪૩
	ન.પ.ઝોન	૭૬૫	૨૪૯	૬૩	૪૧	૧૧૧૮
	કુલ	૨૦૯૮	૫૯૧	૧૪૬	૧૧૬	૨૯૫૦

પત્રક ૩.૨.૬

રહેઠાણના એકમ સાથે રૂમ્સની સંખ્યા દર્શાવતુ પત્રક (૨૦૧૧-૧૨)

અ.નં.	વર્ષ	એક રૂમ	બે રૂમ	ત્રણ રૂમ	ચાર રૂમ કે તેથી વધુ રૂમ	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૨૦૦૭-૦૮	૫૬	૩૨૧	૨૫૭૫	૯૯૬	૩૯૪૮
૨	૨૦૦૮-૦૯	૩૫૮	૧૬૫૨	૮૭૮	૫૧૮	૩૪૦૬
૩	૨૦૦૯-૧૦	૦૯	૩૦૯૪	૧૧૦૮	૪૮૯	૪૭૦૦
૪	૨૦૧૦-૧૧	૨૧૬૩	૨૩૩૬	૨૦૦૮	૭૯૪	૭૩૦૧
૫	૨૦૧૧-૧૨	૨૦૮૯	૩૫૩૩	૩૨૩૬	૫૫૮	૯૪૧૬

પત્રક ૩.૨.૭

મકાન બાંધકામ વાપરવાની રજા આપ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક (બી.યુ.પરમીશન)(૨૦૧૧-૧૨)

ઝોન	મકાન વપરાશની પરવાનગી મેળવવા આવેલ અરજીની સંખ્યા	વાપરવાની રજા આપ્યાની સંખ્યા					
		બી.એન.બી.		સી.આર.		કુલ	
		રહેઠાણ	બિન રહેઠાણ	રહેઠાણ	બિન રહેઠાણ	રહેઠાણ	બિન રહેઠાણ
નવા પશ્ચિમઝોન		૯૨૭	૮૪	૧૪	૦૧	૯૪૧	૮૫
પશ્ચિમઝોન		૧૨૬	૨૫	૦૬	૦૦	૧૩૨	૨૫
મધ્યઝોન		૦૮	૧૧	૦૦	૦૦	૦૮	૧૧
ઉતરઝોન		૫૬	૦૫	૦૨	૦૩	૫૮	૦૮
પુર્વઝોન		૬૩	૨૯	૦૦	૦૦	૬૩	૨૯
દક્ષિણઝોન		૬૨	૨૩	૦૦	૦૦	૬૨	૨૩
કુલ		૧૨૪૨	૧૭૭	૨૨	૦૪	૧૨૬૪	૧૮૧

૪.૧ વોટર પ્રોજેકટ વિભાગ
૨૦૧૧-૧૨

અમદાવાદ શહેર ગુજરાતનું કોર્મશીયલ કેપીટલ છે તથા હાલમાં મેગાસીટીનો દરજ્જો મેળવેલ છે. અમદાવાદ શહેરનો કુલ વિસ્તાર ૪૬૬ ચો.કી.મી. છે તથા શહેરની હાલની વસ્તી અંદાજે ૫૫ લાખ જેટલી છે.

અમદાવાદ શહેરની ભવિષ્યની પાણી પુરવઠાની જરૂરીયાતને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરનાં સમગ્ર વિસ્તાર તથા વસ્તીને પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા માટે કરવાના થતા કામોનું આયોજન તથા અમલીકરણની કામગીરી વોટર પ્રોજેકટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત સાબરમતી નદીમાંથી કોતરપુર ખાતે તથા નર્મદા મેઈન કેનાલ એચ.આર.માંથી , સાબરમતી નદીમાં આવેલ સાત ફ્રેન્ચવેલ અને ઈન્ટેકવેલમાંથી,ધોળકા બ્રાન્ચ કેનાલમાંથી જાસપુર વોટર વર્કસ ખાતે તથા રાસ્કા જીજર ખાતે શેઢી બ્રાન્ચ કેનાલમાંથી જરૂરી પાણી પુરવઠો મેળવી કોતરપુર, દુધેશ્વર, જાસપુર તથા રાસ્કા ખાતેનાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણીનું શુધ્ધિકરણ કરી પાણીની મુખ્ય પાઈપલાઈન દ્વારા રોજનું આશરે ૧૦૦૦ મીલીયન લિટર જેટલું પાણી શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પહોંચાડવા તથા તેનું મોનીટરીગ કામ કરવા અંગેની તમામ કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે તેમજ સદરહુ કામગીરીમાં જરૂરીયાત મુજબ જરૂરી સુધારા વધારા અંગેની કામગીરી પણ અત્રેથી કરવામાં આવે છે.

કોતરપુર વોટર વર્કસ, દુધેશ્વર વોટર વર્કસ, તમામ ફ્રેન્ચવેલ, ઈન્ટેક વેલ, રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા નવા પશ્ચિમ ઝોન ખાતે જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરેના લગતા તમામ સિવિલ કામો અને મરામત અને નિભાવણીની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં પાણી પુરુ પાડતાં સ્ત્રોત નીચે મુજબ છે.

(અ) <u>સરફેસ વોટર સોર્સ</u>

	હાલનાં કુલ સોર્સની ક્ષમતા	હાલમાંવપરાશમાં લેવામાં આવતા સોર્સ
(૧) નર્મદા મેઈન કેનાલ	-૩૦૦ એમ.એલ.ડી.	-૩૩૦ એમ.એલ.ડી.
(૨)કોતરપુર ઈન્ટેક-૧ તથા ઈન્ટેક-૨		
ઈન્ટેક-૧	-૧૬૫ એમ.એલ.ડી.	- ૭૦ એમ.એલ.ડી.
ઈન્ટેક-૨	-૩૩૦ એમ.એલ.ડી.	- ૧૮૦ એમ.એલ.ડી.
(૩) નર્મદા કેનાલ જાસપુર વો.ટ્રીટમેન્ટ પ્લાન્ટ	-૨૭૫ એમ.એલ.ડી.	- ૧૯૫ એમ.એલ.ડી.
(૪) રાસ્કા વો.સપ્લાય (શેઢી કેનાલ દ્વારા)	-૨૦૦ એમ.એલ.ડી.	- ૧૨૦ એમ.એલ.ડી.

(૫) દુધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ - ૮૦ એમ.એલ.ડી. - ૦૦ એમ.એલ.ડી.

૧૩૫૦ એમ.એલ.ડી. ૮૯૫ એમ.એલ.ડી.

(બ) **સબ સરફેસ વોટર સોર્સ**

(૧) સાત ફ્રેન્ચવેલ -૧૮૦ એમ.એલ.ડી. - ૧૫૦ એમ.એલ.ડી.

(૨) બોર વેલ -૨૭૦ એમ.એલ.ડી. -૧૦૦એમ.એલ.ડી.

૪૫૦ એમ.એલ.ડી. **૨૫૦** એમ.એલ.ડી.

કુલ હયાત વોટર સોર્સની ક્ષમતા : ૧૮૦૦ એમ.એલ.ડી.

કુલ હાલમાં વપરાશમાં લેવામાં આવતા વોટર સોર્સની ક્ષમતા : ૧૧૪૫ એમ.એલ.ડી.

અમદાવાદ શહેરમાં હાલ પાણી શુધ્ધીકરણના ચાર પ્લાન્ટ છે. જેમાંથી હાલમાં ત્રણ પ્લાન્ટ કાર્યરત છે.જેની વિગત નીચે મુજબ છે.

	સોર્સની ક્ષમતા	**વપરાશમાં આવતા સોર્સની ક્ષમતા**
(૧) કોતરપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૭૧૫ એમ.એલ.ડી.	૬૦૦ એમ.એલ.ડી.
(૨) દુધેશ્વર વોટર વર્કસ ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	એમ.એલ.ડી.	૦૦ એમ.એલ.ડી.
(૩) જાસપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૨૭૫ એમ.એલ.ડી.	૨૦૦ એમ.એલ.ડી.
(૪) રાસ્કા ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૨૦૦ એમ.એલ.ડી.	૧૨૦ એમ.એલ.ડી.
	૧૨૬૦ એમ.એલ.ડી.	૯૨૦ એમ.એલ.ડી.

હાલના હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની માહિતી

અ.નં.	**ઝોન**	**વોટર ડીસ્ટ્રી. સ્ટેશનની સંખ્યા**	**ભુગર્ભ ટાંકીની ક્ષમતા (નચબ યચનર્નહ)**	**ઓવરહેડ ટાંકીની સંખ્યા**	**ઓવરહેડ ટાંકીની ક્ષમતા (નચબ યચનર્નહ)**	**કુલ ક્ષમતા (નચબ યચનર્નહ)**
૧	ઉત્તર ઝોન	૨૩	૨૬૯	૪	૬.૯	૨૭૫.૯
૨	દક્ષિણ ઝોન	૨૫	૩૦૯	૩	૮	૩૧૭
૩	મધ્ય ઝોન	૯	૩૨૮	૬	૩૨	૩૬૦

૪	પશ્ચિમ ઝોન	૨૫	૪૧૧.૩૦	૨૬	૩૮.૩૬	૪૪૯.૬૬
૫	પૂર્વ ઝોન	૨૫	૩૪૩.૨	૪	૯.૪	૩૫૨.૬
૬	નવા પશ્ચિમ ઝોન	૩૩	૨૦૫.૪૧	૯૮	૩૦.૨૦	૨૩૫.૬૧
	કુલ	**૧૪૦**	**૧૮૬૫.૯૧**	**૧૪૧**	**૧૨૪.૮૬**	**૧૯૯૦.૭૭**

કુલ કેપેસીટી = ૧૯૯૦.૭૭ (lac gallon)

= ૯૦૪.૮૦ (MLD)

કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ૮૪ મીલીયન લીટર ક્ષમતાની કલીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૧૦૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ તમામ ગામોને ૩૩ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં તથા ચાંદખેડા તથા મોટેરા ગામમાં આવેલ ૩ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે.અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરની આશરે ૫૫ લાખની વસ્તીને કુલ ૧૪૦ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દ્વારા દરરોજનું ૯૫૦ થી ૧૦૦૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે.

નાગરિકોને સેવા મેળવવા માટે ઉચ્ચ અધિકારી સુધી જવુ ન પડે અને તેમની રોજીંદી ફરીયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા વહીવટોનું વિકેન્દ્રીકરણ કરીને શહેરમાં ઝોનલ કચેરીઓ સ્થાપવાનો નિર્ણય કરી શહેરને છ ઝોનમાં વિભાજન કરેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી પશ્ચિમ ઔડા વિસ્તારના ૧૨ નગરપાલિકા અને ૧૮ ગ્રામપંચાયત વિસ્તારનો સમાવેશ નવા પશ્ચિમ ઝોનમાં કરવામાં આવેલ છે. જેમાં માત્ર વહીવટી વ્યવસ્થા માટે ૧૦ વોર્ડમાં વિભાજન કરવામાં આવેલ છે. એટલે કે સરખેજ, બોડકદેવ, વેજલપુર, થલતેજ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, રાણીપ, કાળી, જોધપુર,ગોતા નો સમાવેશ કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોન દ્વારા દરેક વોર્ડમાં નાગરિકોને મ્યુનિ.કોર્પોરેશનની ઈજનેર ખાતાને લગતી સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, જાહેર શૌચાલયો વિગરે સેવાઓ સરળતાથી મળે તે માટે સબ ઝોનલ ઓફીસોમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સબ ઝોનલ ઓફીસોમાં જઈ નાગરિકો તે વોર્ડ માં આવતા વિસ્તારની તેમની ઉપરોક્ત સેવાઓને લગતી ફરિયાદો નોંધાવી શકે છે, તથા ઝોન લેવલે **"જન સુવિધા કેન્દ્ર"**માં ટેલીફોનથી કોમ્પ્યુટર પર રજીસ્ટર કરાવી શકે છે અને તે રીતે ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવે છે.

★ઈજનેર પાણી વહેંચણી વિભાગની કામગીરી :-

પશ્ચિમ ઔડા વિસ્તારમાં આવેલા કુલ ૩૫ નગરપાલિકા/ ગ્રામપંચાયત વિસ્તારની (નવા પશ્ચિમ ઝોનમાં ૩૦) આશરે ૧૨ લાખ વસ્તીને ભૂગર્ભ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થા દ્વારા નગરપાલિકા/ ગ્રામપંચાયત અથવા પ્રાઈવેટ બોર દ્વારા પાણી મેળવવામાં આવતું હતું. આ ભૂગર્ભ બોરના પાણીમાં ક્ષારનું પ્રમાણ ઘણું વધારે હોઈ આ વિસ્તારમાં નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવા માટે ઔડા દ્વારા પશ્ચિમ ઔડા પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવેલ અને તે મુજબ ઔડા દ્વારા આ વિસ્તાર માટે નર્મદા કેનાલ માંથી સને ૨૦૧૬ સુધી આ વિસ્તાર માટે ૨૭૫ મીલીયન લીટર પ્રતિદિન તથા સને ૨૦૩૧ સુધી માટે ૪૦૦ મીલીયન લીટર પ્રતિદીન પાણી નર્મદા કેનાલમાંથી મેળવવા માટે સરદાર સરોવર નિગમ લી. માંથી રાજ્ય સરકાર શ્રી ની સહાય માંથી જરૂરી મંજુરી મેળવેલ અને જાસપુર ગામ પાસે ધોળકા બ્રાન્ચ કેનાલ માંથી નર્મદાનું રો વોટર મેળવી તેને શુધ્ધ કરવા માટેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધવામાં આવેલ છે આ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ૩૫ ગામોને શુધ્ધ કરેલ પાણી પહોંચાડવા માટેની આશરે ૯૪ કી.મી. લાંબી ટ્રંક મેઈન લાઈન નાંખવાની કામગીરી પણ ઔડા દ્વારા પુરી કરવામાં આવેલ છે. આ ૩૫ ગામો પૈકીના વધુ વસ્તી ઘનતા ધરાવતા નવા પશ્ચિમ ઝોનમાં સમાવેલ ૧૬ નગરપાલિકા/ ગ્રામપંચાયત વિસ્તારના પાણી વિતરણ કરવા માટે જરૂરી નવી ભૂગર્ભ ટાંકીઓ તથા પંપહાઉસ સાથેના કુલ ૩૨ હેડવર્ક્સ બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

★ નર્મદાનું પાણી કનેકશનથી લાભ મેળવેલ સોસાયટીઓ :-

અ.મ્યુ.કો. દ્વારા પ્રથમ તબક્કા ના આ ૧૬ ગામો પૈકીના ૧૩ ગામોના જેવા કે કાળી, રાણીપ, ચાંદલોડીયા, ઘાટલોડીયા, મેમનગર, થલતેજ, સોલા, બોડકદેવ, આંબલી, જોધપુર, વસ્ત્રાપુર, વેજલપુર અને સરખેજ વિસ્તારોના નવા બનાવેલ આશરે ૨૯ હેડવર્ક્સ દ્વારા ૧૦૭૧૪૭૫ વસ્તીને પંચાયત સમયના જુના હયાત આશરે ૮૯૫૬૬ કનેક્શન ધારકોને નવા હેડવર્ક્સ તથા હયાત ઓવરહેડ ટાંકીઓની મદદથી નર્મદાના શુધ્ધ કરેલ પાણી વિતરણ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ વિસ્તારની પ્રાઈવેટ બોર આધારિત અન્ય પ્રાઈવેટ સોસા. પૈકી ૫૨૨ કનેક્શનો દ્વારા ૫૫૮૫૮૦ વધુ વસ્તીને નર્મદાના શુધ્ધ કરલા પાણી પહોંચાડવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ હાલમાં પી.વી.સી. પાઈપ લાઈનને બદલે ડી.આઈ. પાઈપ લાઈન બદલવાની કામગીરી ચાલુ છે.

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા પહેલા આ ૧૩ ગામોમાં ચાલતા ૮૦ બોર ઉપરથી રોજ અપાતો પાણી પુરવઠો હવે બંધ કરી જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા માર્ચ - ૨૦૦૮ ના અંત સુધીમાં આશરે ૧૫૦

મિલિયન લીટર પાણી પુરવઠો પ્રતિદીન પુરો પાડવામાં આવે છે. મુળ યોજના મુજબ ૮૦ પૈકીના માત્ર ૫૦ બોર વિસ્તારોનો આ યોજનાની વિતરણ વ્યવસ્થામાં સામેલ કરવામાં આવેલ. આથી મ્યુ.કોર્પોરેશન દ્વારા બાકીના વધુ ૩૦ બોરોના આ યોજનાની લાઇનો સાથે જોડાણ કરવાની કામગીરી ચાલુ વર્ષે કરી તેઓને આ યોજનામાં સાંકળવામાં આવેલ છે. આમ આ વિસ્તારની વસ્તીને ઉચ્ચ ગુણવત્તા વાળા નર્મદાના શુધ્ધ કરેલા પાણી આપવાની સિધ્ધિ હાંસલ કરેલ છે અને સાથે સાથે ૮૦ બોરના વીજળીનાં બીલોની બચત કરેલ છે. આ બોરોને ચાલુ અવસ્થામાં રાખી જાસપુર થી મળતા પાણી પુરવઠામાં જી.ઇ.બી પાવરકટ કે અન્ય કારણસર ઘટ પડે ત્યારે તેમાંથી પાણી પુરવઠો પુરો પાડી પ્રજાની પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રયાસ કરવામાં આવે છે .

નવા.પ.ઝોનની હદમાં સમાવિષ્ટ ૩૦ નગરપાલિકા/ ગ્રામપંચાયત વિસ્તારો પૈકીના ઉપર દર્શાવેલ ૧૩ ગામ સિવાયના અન્ય ૧૭ ગામોના જે તે પંચાયત સમયે ચાલુ ૬૨ બોરો દ્વારા હયાત જુની વ્યવસ્થા મુજબની પાણી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલ છે અને આ તમામ બોરો ની મશીનરીની તથા ઇલેક્ટ્રીક પાવરની મરામત નિભાવની કામગીરી પણ જાળવી રાખવામાં આવેલ છે.

★ કલોરીનેશન :-

હાલ ચાલુ બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થામાં ક્લોરીનેટેડ પાણી આપવા માટે મ્યુ.કોર્પોરેશન દ્વારા નવા ક્લોરીન ડોઝર લગાવવાની કામગીરી પણ ચાલુ વર્ષે પુરી કરવામાં આવેલ છે. આમ આ બોર ઉપરથી તથા નર્મદા યોજનાના હેડવર્ક્સ ઉપરથી અપાતો તમામ પાણી પુરવઠો આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

★ નર્મદાનું પાણી આપવાનો પ્રોગ્રેસ :-

મુળ નર્મદા યોજના માં પ્રતિવ્યક્તિ ૧૪૦ લિટર પાણી મુજબ ૧ ઘરમાં એવરેજ ૫ વ્યક્તિ મુજબ ઘર દીઠ આશરે ૭૦૦ લિટર કે તેથી વધુ પાણી ૮ કલાકમાં પ્રતિદીન આપવાનું આયોજન હતું. પરંતુ તે વ્યવહારુ અને લોક અપેક્ષા મુજબનું ન હોઇ મ્યુ.કોર્પોરેશન દ્વારા પંચાયતની જુની વ્યવસ્થા મુજબ હયાત કનેકશન ધારકોને પાણી આપવાનું ચાલુ રાખેલ છે તથા નવા કનેકશન ધારકોને ૮ કલાક ને બદલે ૨ કલાકમાં તેટલું જ પાણી આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે અને આ માટે નર્મદા યોજના અન્વયે નાખવામા આવેલ પાઇપલાઇનોના નેટવર્ક માં જરૂરી સુધારા વધારા કરવાની કામગીરી માં પણ જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ છે. નર્મદા યોજનામાં નાંખવામાં આવેલ પાણીની લાઇનો પીવીસીની હોવાથી તથા પંચાયત સમયની જુની હયાત લાઇનો પીવીસી અથવા એસી અથવા આરસીસી પાઇપ હોવાથી તેમાં જોવા મળતા લીકેજ તથા પોલ્યુશનના વધારે પ્રમાણને ધ્યાનમાં રાખતા તબક્કા વાર આ વિસ્તારમાં નવી ડી.આઇ. પાઇપલાઇન નાખવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૮૦ થી ૨૦૦ મીમી સુધી આશરે ૮૨.૧૭ કીમી લંબાઇની તથા ૨૦૦મીમી થી વધુ મોટી આશરે ૯.૮૮ કીમી ની મળીને કુલ ૯૨.૫૬ કીમી નવી લાઇનો નાખવાની કામગીરી કરવામાં આવેલ છે.

★ પબ્લીક ટેપ :-

નવા.પ.ઝોનના ચાલી તથા ઝૂપડા વિસ્તારોમાં રહેતા ઓછી આવક વાળા શ્રમજીવી વર્ગને પણ નર્મદાના શુધ્ધ કરેલ પાણી મળી રહે તે હેતુથી રાણીપ, કાળી,ગોતા,વેજલપુર વિગેરે વિસ્તારોમાં થઇ કુલ ૧૩ સ્થળોએ નવી પબ્લીક ટેપ મુકવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઈજનેર રોડ વિભાગ ની કામગીરી

નવા.પ.ઝોનના આશરે ૧૭૮.૭૬ ચો. કીમી વિસ્તારમાં આવેલા ૧૨ નગરપાલિકા તથા ૧૮ ગ્રામપંચાયત પૈકી ના ૧૩૨ ફૂટ રીંગ રોડ તથા એસ.જી.હાઈવે વચ્ચેના વિસ્તારના ૨૦ ટીપી વિસ્તારમાં રસ્તાઓના વિકાસ મરામત નિભાવની કામગીરી નગરપાલિકા તથા ઔડા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતી હતી. આ સિવાયની અન્ય નવી ટીપી સ્કીમોના વિસ્તારોમાં ડ્રાફ્ટ ટીપી સકીમ મુજબ નવા રસ્તા ખોલવાની તથા તેનો વિકાસ અને મરામત નિભાવની કામગીરી ઔડા દ્વારા કરવામાં આવતી હતી.

મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવેશ થયા બાદ નવેમ્બર - ૨૦૦૭ પછી આ રસ્તાઓ માં અન્ય સર્વિસિસ માટે થયેલા ખોદાણકામો કે પાણીના ભરાવાને કારણે રસ્તા તુટવાના કીસ્સા ઘણા મોટા પ્રમાણમાં જોવા મળેલ છે. આવા રસ્તાઓના મરામત નિભાવની કામગીરી પેચવર્ક દ્વારા મ્યુ.કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ અને ચાલુ વર્ષે મ્યુ.કોર્પોરેશનના મેટલ ડેપો ઉપરથી તથા કોન્ટ્રાકટર પાસેથી હોટમીક્ષ મટીરીયલ મેળવી પેચવર્કનાં કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત અગ્રતાના ધોરણે આશરે ૫૯.૪૩કીમી રસ્તા પહોળા કરવાની તથા ૨૮.૫૬ કીમી રોડ નવા બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આશરે ૭૫.૯૫ કીમી લંબાઈના રોડ રીસરફેસ કરાવાની કામગીરી કરાવમાં આવેલ છે.

વિકાસના તબક્કામાં હોવાથી ટેલીફોન, ઈલેક્ટ્રીક કેબલ તથા ગેસ જેવી પાઈપલાઈન નાંખવાના કામો પ્રગતિમાં હોઈ આ ચાલુ કામોના કારણે થનાર ખોદાણ ને ધ્યાનમાં રાખી વધુ વિસ્તારોમાં રોડ વાઈડનીંગ તથા રીસરફેસનાં કામો આ ખોદાણનાં કામો પુરા થયા બાદ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સને ૨૦૧૧-૧૨ માં કુલ રૂા.૨૧૩૦ લાખ ના ખર્ચે રોડના કેપીટલના કામો તથા અંદાજે રૂા.૧૦૫.૫૫ લાખનાં ખર્ચે મરામત નિભાવના કામો રેવન્યુ બજેટ હેડ ખાતે ખર્ચો પાડી કરવામાં આવેલ છે.

-: ઈજનેર બિલ્ડીંગ વિભાગ ની કામગીરી :-

મ્યુ.કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયા બાદ નવા.પ.ઝોનના વિસ્તારમાં આવતી તમામ ૧૧ નગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય કાર્યાલયોમાં કાળી, ચાંદલોડીયા, રાણીપ, ઘાટલોડીયા, થલતેજ, ગોતા, વેજલપુર, સરખેજ, વસ્ત્રાપુર, જોધપુર, બોડકદેવ મ્યુ.કોર્પોરેશનની સબઝોનલ ઓફીસો તથા અન્ય ઓફીસો ની બેસવાની વ્યવસ્થા ગોઠવી આ વિસ્તારને પ્રજાની લોકસુખાકારીની પ્રાથમિક ફરજો તથા જવાબદારીઓ નિભાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જગતપુર, ચેનપુર, ઓગણજ, ગોતા, ભાડજ, આંબલી, મકરબા, મક્તમપુરા, ની ગ્રામપંચાયત ઓફીસો દ્વારા પંચાયત સમયે અપાતી માળખાકીય સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

નવી હદના વિસ્તારોમાં ટેક્ષની નવી આકારણી થાય ત્યાં સુધી પંચાયત સમયે આકારણી મુજબ લેવાતા કરની પ્રથા ચાલુ રાખી અને ઉપરોક્ત ઓફીસો દ્વારા કર ઉઘરાવવાની પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત જન્મ-મરણનાં દાખલા આપવાની સેવા પણ આ ઓફીસો ઉપરથી ચાલુ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સરખેજ, જોધપુર, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર, થલતેજ, ઘાટલોડીયા, ચાંદલોડીયા વિસ્તારોમાં અગાઉ જીલ્લા પંચાયત સમયના હેલ્થ સેન્ટરો ઉપરથી અપાતી સેવાઓ ચાલુ રાખવામાં આવેલ છે.

★ નવા પશ્ચિમ ઝોન બિલ્ડીંગનું કામ :-

નવા.પ.ઝોનના બોડકદેવ વોર્ડમાં ૩.૯૭ કરોડ ના ખર્ચે કોમ્યુનીટી હોલ બનાવવાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત રાણીપ વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર ૨.૧૦ કરોડ ના ખર્ચે અને કોમ્યુનીટી હોલ ૧.૧૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે.

★ અર્બન હેલ્થ સેન્ટર ના કામો :-

વેજલપુર, સરખેજ, મેમનગર, જોધપુર, ઘાટલોડિયામાં રૂા.૫ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટરના કામો પુરા કરેલ છે.

નવા પશ્ચિમ ઝોન ઈજનેર ખાતા દ્વારા ઉપરોક્ત ઓફીસોના મરામત નિભાવ માટેના રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોરમાંથી મેળવી કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત ન.પા. તથા પંચાયત સમયના પુર્વ હોદેદારો, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ / દર્શાવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

-: ઈજનેર ડ્રેનેજ વિભાગ ની કામગીરી :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારો માં તૈયાર થયેલ ટી.પી.સ્કીમ વિસ્તારો માં ઔડા દ્વારા ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઇનો નાંખવાની કામગીરી જુદા જુદા તબક્કામાં કરવામાં આવતી હતી. આ લાઇનોની જાળવણી માટે ઔડા દ્વારા જેટીંગ મશીન તથા ગલી એમ્ટીયર મશીનો વસાવી ચોકીંગની આવતી ફરીયાદોના નિકાલ માટે આ મશીનરીઓથી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવતી હતી. આ ઉપરાંત આ લાઇનોનાં નિયમીત જાળવણી અને ડીસીલ્ટીંગ માટે ભાડાની ડીસીલ્ટીંગ રીક્ષાઓ તથા અન્ય સાધનો તથા મજુરો રાખી કોન્ટ્રાકટ પધ્ધતિ થી કરાવવામાં આવતી હતી. ત્યારબાદ ઉચ્ચ કક્ષાએ લેવાયેલ નિર્ણય મુજબ તા. ૧.૪.૦૮ થી આ પ્રકારની સમગ્ર મરામત નિભાવની ની કામગીરી ઔડા દ્વારા મ્યુનિ. કોર્પોની સોંપવામાં આવેલ છે. જે. એન.એન. આર.યુ.એમ. પ્રોજેકટ અંતર્ગત નવા પશ્ચિમ ઝોનમાં કુલ ૧૦૨ કિમી. ડ્રેનેજ લાઇન નવી નાંખવામાં આવેલ છે. તેમજ ૭ કિમી ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત આશરે ૫ કિ.મી ની નવી સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન નાંખવામાં આવેલ છે.

★કેપીટલ વર્કસ ના કામો :-

સને ૨૦૧૧-૧૨માં નવા પશ્ચિમ ઝોનમાં જુદા જુદા કેપીટલના કામો કરવા માટે રૂા.૮૨.૭૪ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનનાં ૧૦ વોર્ડમાં પ્રાથમિક તબકકે કરવાના થતા જરૂરી કામો નો સર્વે કરી તે મુજબ ૨૧૩ કામો ના અંદાજો બનાવી ટેન્ડરો મંગાવી તેના કામો હાથ ધરવામાં આવેલ છે.

આ કામોમાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રસ્તા રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા, શક્ય હોય તથા લેવલ મળતું હોય તેવી જગ્યાએ સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુર થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જે મુજબ રોડ વિભાગનાં ૯૪ કામો માટે રૂા.૪૩૫૨.૮૯ લાખના, ડ્રેનેજ વિભાગનાં ૨૭ કામો માટે રૂા.૬૪૦.૪૫ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ વિભાગનાં ૧૫ કામો માટે રૂા.૧૬૦.૦૦ લાખનાં, પાણી વિભાગનાં ૫૫ ક્રોટે રૂા.૧૯૭૧.૫૧ લાખનાં, બિલ્ડીંગ/અન્ય વિભાગનાં ૨ કામો માટે રૂા. ૧૩૫.૦૦ લાખનાં તળાવનાં ૩ કામ માટેના રૂા.૨૮.૭૦ લાખના કામોનું પ્લાનીંગ કરેલ છે. જે પુર્તતાને આરે છે.

★આંગણવાડીનાં કામોઃ-

સને ૨૦૧૧-૧૨માં નવા પશ્ચિમ ઝોનમાં કુલ ૨૬ આંગણવાડી બનાવવાની પ્રપોઝલ ટેન્ડર મંજુરીની વિધીમાં છે.અને ચણતરની કુલ ૩૫ આંગણવાડી બનાવવાની પ્રપોઝલ મુકવામાં આવી છે.જેનુ ટેન્ડર મંજુરીની વિધીમાં છે.

★ **વ્યક્તિગત શૌચાલયનાં કામોઃ-**

રૂગાઉના વર્ષોમાં નવા પશ્ચિમઝોનમાં એન.જી.ઓ. દ્વારા ૪૩૫૦ વ્શકિતગત શૌચાલય બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે.સને ૨૦૧૧-૧૨માં નવા પશ્ચિમઝોનમાં પર્યાવરણ સ્વચ્છતા સંસ્થા શ્રી મોરાજી દેસાઇ લોક કેળવણી પ્રશિષ્ઠાન ટ્રસ્ટ,ગુજરાત એસોસીએશન ફોર રૂરલ એન્ડ અર્બન ડેવપલમેન્ટ વગેરે એન.જો.ઓ. દ્વારા કુલ ૧૪૬૦ વ્યકિતગત શૌચાલય પૈકી ૧૧૪૫ વ્શકિતગત શૌચાલય પુર્ણ કરેલ છે.બાકીની કામગીરી હાલમાં ચાલુ છે.

ન.પ.ઝોન ઈજનેર ખાતુ													
અ.નં.	વિગત			વોર્ડનું નામ-૨૦૧૧-૧૨									
			કુલ	થલતેજ	ગોતા	ચાંદલોડીયા	રાણીપ	બોડકદેવ	જોધપુર	સરખેજ	કાળી	વેજલપુર	ઘાટલોડીયા
૧	રોડ વાઈડનીગ	લંબાઈ કી.મી.	૫૯.૪૩૩	૧૬.૭૨૦	૬.૧૭૦	૫.૫૦૦	૫.૪૫૦	૪.૧૧૦	૫.૬૫૦	૩.૫૫૦	૪.૦૫૩	૫.૫૦૦	૨.૭૩૦
૨	નવા રોડ બનાવ્યા	લંબાઈ કી.મી.	૨૮.૫૬૩	૨.૦૦૦	૧૪.૪૦૩	૦.૭૦૦	૦.૦૦૦	૩.૮૪૦	૦.૭૦૦	૧.૮૫૦	૧.૯૫૦	૨.૫૦૦	૦.૬૨૦
૩	રીસરફેઈસ વધારાના રસ્તા/નવા રસ્તા	લંબાઈ કી.મી.	૭૫.૯૫૮	૧૮.૭૨૦	૧૨.૦૫૦	૨.૨૦૦	૨.૪૦૦	૧૧.૯૨૦	૬.૩૫૦	૪.૪૦૦	૩.૩૧૮	૧૦.૫૦૦	૧.૧૦૦
૪	પાણીની પાઈપ લાઈન ૮૦ એમ.એમ. થી ૨૦૦ એમ.એમ.	લંબાઈ કી.મી.	૮૨.૧૭૬	૧૨.૭૪૦	૬.૪૮૦	૨૮.૬૧	૦.૬૧૯	૬.૮૦૨	૧૪.૬૩૫	૫.૬	૧.૪૦૦	૧.૪૯	૩.૮૦૫
૫	પાણીની પાઈપ લાઈન ૨૦૦ એમ.એમ. થી વધુ.	લંબાઈ કી.મી.	૯.૮૮૦	૦.૦૦૦	૪.૪૬૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૬૭૦	૧.૦૯૦	૦.૦૦૦	૦.૩૫૦	૦.૮૮૦	૨.૪૩૦
૬	પાણીના કનેકશન ઘર વપરાશ	નંગ	૧૧૪૭.૦૦૦	૮૮.૦૦૦	૪૭.૦૦૦	૬૮૦.૦૦	૦.૦૦૦	૨૨.૦૦૦	૯૧.૦૦૦	૦.૦૦૦	૧૮૩.૦૦૦	૨૧.૦૦૦	૧૫.૦૦૦
૭	પાણીના કનેકશન ધધાર્થે	નંગ	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦
૮	પબ્લીક ટેપ	નંગ	૧૩.૦૦૦	૦.૦૦૦	૩.૦૦૦	૦.૦૦	૪.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૨.૦૦૦	૪.૦૦૦	૦.૦૦૦
૯	૯૦★૧૦ જાજરૂ જાજરૂ + ગુ.સ્યુ.ફા.બોર્ડ	નંગ	૯૪૪.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૫૮.૦૦	૮૯.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૭૫૦.૦૦	૨૭.૦૦૦	૨૦.૦૦૦	૦.૦૦૦

૧૦	ડ્રેનેજ લાઇન નવી	લંબાઇ કી.મી.	૭.૨૫૫	૨.૩૮૦	૦.૭૯૦	૦.૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૮૦૦	૧.૫૯	૦.૨૦૦	૧.૫૦૦	૦.૦૦૦
૧૧	ડ્રેનેજ લાઇન વધારાની	લંબાઇ કી.મી.	૧૨.૭૮૦	૧.૫૩૦	૦.૨૩૦	૧૦.૨૦	૦.૦૦૦	૦.૬૨૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૨૦૦	૦.૦૦૦
૧૨	વરસાદી પાણીની લાઇન	લંબાઇ કી.મી.	૨.૭૫૦	૧.૮૭૦	૦.૩૦૦	૦.૫૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૮૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦
૧૩	વરસાદી પાણીની લાઇન વધારાની	લંબાઇ કી.મી.	૫.૪૫૦	૦.૦૦૦	૦.૩૭૦	૪.૨૫૦	૦.૭૪૪	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૮૬	૦.૦૦૦	૦.૦૦૦૦
૧૪	રીસરફેઇસ એસી+ડીબીએમ	મીટર	૯૦૯૪૭.૮૭૦	૨૦૭૨૩.૦૦૦	૧૨૬૬૫.૦૦૦	૮૨૯૦.૦૦	૩૫૧૭.૦૦૦	૨૬૧૮૫.૧૨૦	૬૯૦૬.૦૦૦	૩૨૭૦.૦૦૦	૫૦૫૦.૦૦૦	૨૧૬૫.૦૦૦	૨૧૭૬.૭૫૦
૧૫	ખાસ વધારાના કરેલ કામો		૨.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦	૦.૦૦૦૦	૨.૦૦૦	૦.૦૦૦

૪.૧૩ બગીચા ખાતુ

૨૦૧૧-૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાનાં ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુકત બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે તે હેતુથી મ્યુનિ.કોર્પો.નાં બગીચા વિભાગ દ્વારા
વર્ષ: ૨૦૧૧-૧૨ માં કરવામાં આવેલ કામગીરીની ટૂંકી નોંધ નીચે મુજબ છે.

(૧) નવા બગીચાઓ બનાવવા - *Appendix-A*

(૨) હયાત બગીચાઓનું રીનોવેશન કરવું - *Appendix-B*

(૩) રોડની સેન્ટ્રલ વર્જ અને ટ્રાફીક સર્કલોનાં ડેવલપમેન્ટ/ રીનોવેશનની કામગીરી - *Appendix- C*

(૪) શહેરમાં કરેલ વૃક્ષારોપણની કામગીરી - *Appendix-D*

Appendix-A

❖ ***નવા બનાવવામાં આવેલ બગીચાઓ:***

અનુ.ન.	ઝોન	નવા બનાવેલ બગીચાનું નામ/ સ્થળ
૧	પૂર્વઝોન	નિકોલ ઓડીટોરીયમ, નિકોલ.
૨	પશ્ચિમ	સીની.સીટીઝન પાર્ક, ભઠ્ઠા, પાલડી
૩	ઉત્તરઝોન	કર્મવીર સંતશ્રી હવશ-દે-ગામા સિનિયર સિટીઝન પાર્ક, પ્રભાકર ટેનામેન્ટની બાજુમાં, કૃષ્ણનગર
૪	દ.ઝોન	પં.દિનદયાલ ઉપાધ્યાય ગાર્ડન સામેનો પ્લોટ, કાંકરીયા
૫	નવા પશ્ચિમઝોન	પદ્મશ્રી ઈશ્વરભાઈ પટેલ જોગર્સ પાર્ક, રાણીપ

Appendix-B

❖ ***હયાત બગીચાઓનાં રીનોવેશનની કામગીરી:***

અનુ.ન.	ઝોન	બગીચાનું નામ/ સ્થળ
૧	મધ્યઝોન	હાજીપુરા ગાર્ડન
૨	મધ્યઝોન	ઈન્દુલાલ યાજ્ઞીક ગાર્ડન
૩	પૂર્વઝોન	વીરમાયા ઉધાન, જનતાનગર, અમરાઈવાડી.
૪	પૂર્વઝોન	કૈલાશવન ગાર્ડન, હાટકેશ્વર.
૫	ઉત્તરઝોન	નરોડા વોર્ડમાં આવેલ નરોડા સ્મશાન ગૃહ ઉધ્યાન.
૬	દક્ષિણઝોન	પં.દિનદયાલ ઉપાધ્યાય ગાર્ડન
૭	નવા પશ્ચિમઝોન	પ્રહલાદ નગર ગાર્ડન,પ્રહલાદનગર
૮	નવા પશ્ચિમઝોન	વસ્ત્રાપુર લેક ગાર્ડન,વસ્ત્રાપુર
૯	નવા પશ્ચિમઝોન	રોઝા ગાર્ડન,સરખેજ
૧૦	નવા પશ્ચિમઝોન	આર.સી.ટેકનીકલ પાસેનો ગાર્ડન,
૧૧	નવા પશ્ચિમઝોન	કાળી લેક ગાર્ડન,કાળી ગામ

Appendix-C

❖ *નવા ટ્રાફીક સર્કલો અને રોડની સેન્ટ્રલ વર્જનું ડેવલપમેન્ટ અને રીનોવેશનની કામગીરી:*

બગીચા ખાતા દ્વારા શહેરનાં રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફીક સર્કલો, ટ્રા-એંગલો તેમજ રોડની વચ્ચેની સેન્ટ્રલ વર્જમાં ફુલ-છોડ વાવીને શહેરને સુંદર બનાવવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. આ અંગે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા ડેવલપમેન્ટ કરવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. બગીચા ખાતાએ ચાલૂ વર્ષમાં ડેવલપ/ રીનોવેટ કરેલ ટ્રાફીક સર્કલો નીચે મુજબ છે.

અનુ.ન.	ઝોન	ટ્રાફીક સર્કલનું સ્થળ
૧	મધ્યઝોન	દુધેશ્વર સર્કલ
૨	મધ્યઝોન	ઘેવર સર્કલ
૩	પૂર્વઝોન	હાટકેશ્વર સર્કલ
૪	દ.ઝોન	ખોખરા સર્કલ
૫	દ.ઝોન	અપ્સરા-આરાધના સીનેમા સેન્ટર વર્જ
૬	દ.ઝોન	આવકાર હોલ આગળનુ સર્કલ
૭	નવા પશ્ચિમઝોન	સુરધારા ચાર રસ્તા ટ્રાયંગલ
૮	નવા પશ્ચિમઝોન	નિકિતા પાર્ક ચાર રસ્તા ટ્રાયંગલ
૯	નવા પશ્ચિમઝોન	ગોરવપથ સર્કલ,ઘાટલોડિયા

❖ **સેન્ટ્રલ વર્જ સુશોભનની કામગીરીઃ**

બગીચા ખાતા દ્વારા શહેરની સેન્ટ્રલ વર્જમાં ફુલ-છોડ લગાડવાની કામગીરી કરી શહેરનાં રસ્તાની શોભામાં વધારો કરવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. બગીચા ખાતાએ ચાલૂ વર્ષમાં ડેવલપ કરેલ સેન્ટ્રલ વર્જની વિગતો નીચે મુજબ છે.

અનુ. ન.	ઝોન	ડેવલપ કરેલ સેન્ટ્રલ વર્જનો રોડ	રીમાર્કસ
૧	પૂર્વઝોન	પંચદેવ મહાદેવ સેન્ટ્રલ વર્જ, અર્બુદાનગર	સે.વર્જમાં કરણનું પ્લાન્ટેશન
૨	પૂર્વઝોન	નિકોલ ગામ રોડની સેન્ટ્રલ વર્જ, નિકોલ	સે.વર્જમાં કરણનું પ્લાન્ટેશન કરી ગેપ ફીલીગ
૩	પશ્ચિમ	નારણપુરા ચાર રસ્તાથી અંકુર સુધીની સેન્ટ્રલ વર્જ	નવું પ્લાન્ટેશન
૪	પશ્ચિમ	ગીતાબેન રાંભીયા સર્કલથી પંચવટી સર્કલ સુધી નવરંગપુરા.	પી. પી. પી. દ્વારા ડેવલોપમેન્ટ
૫	ઉત્તરઝોન	સરદાર નગર વોર્ડમાં આવેલ એરાપોર્ટથી પ્રીસ્ટાઇન હોટેલ ની સેનટ્રલ વર્જમાં કુંડા પ્લાન્ટેશ.	સી.સી કુંડામાં પ્લાન્ટેશન
૬	ઉત્તરઝોન	સરદાર નગર વોર્ડમાં એરપોર્ટ સર્કલ થી ઇન્દીરા બ્રીજ સુધી	નવું પ્લાન્ટેશન
૭	દક્ષિણઝોન	કાંકરીયા આઉટર પેરેફરી રીંગરોડની સે.વર્જ	સીમેન્ટ કોંક્રીટના કુંડામાં બોગનવેલ પ્લાન્ટેશન
૮	નવા પશ્ચિમઝોન	ગ્રીન એકર્સ થી કોર્પોરેટ રોડ તરફ સે.વર્જ	નવું પ્લાન્ટેશન

Appendix-D

❖ *બગીચા ખાતા દ્વારા શહેરમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મફત રોપ વિત્તરણ દ્વારા વૃક્ષારોપણ અંગે જન જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવેલ છે.*

અનું. નં.	વિગત	વૃક્ષારોપણની સંખ્યા	રીમાર્કસ
૧	શહેરનાં રોડની સાઈડે, મ્યુ.પ્લોટોમાં , વનીકરણ પ્લોટમાં, મ્યુ.માલીકીની મિલ્કતોનાં કમ્પાઉન્ડોમાં, મ્યુનિસિપલ બગીચાઓમાં પ્લાન્ટેશન	૨,૦૨,૭૫૫	પ્લાન્ટેશન પૈકી ૧૮,૫૪૪ ટ્રી-ગાર્ડ પ્લાન્ટેશન (એમ.પી./ એમ.એલ.એ. અને મ્યુ.કાઉન્સિલરશ્રી દ્વારા ફાળવેલ બજેટમાંથી)
૨	શહેરીજનોને કરવામાં આવેલ મફત રોપા વિત્તરણ	૪૨,૫૫૦	મફત રોપાનું વિત્તરણ

૪.૧૪ દિવાબત્તી (લાઈટ)

૨૦૧૧-૧૨

અમદાવાદ શહેરનાં ઝડપી વિકાસને કારણે શહેરના રસ્તાઓ ઉપરનાં ટ્રાફિકની ગીચતામાં તથા વાહનોની અવરજવરમાં સતત વધારો થતો જાય છે. ટ્રાફિકથી ધમધમતા માર્ગો ઉપરના પ્રકાશમાં સુધારો-વધારો કરવો જરૂરી હોવાથી તે અંગેની સઘળી કામગીરીનું આયોજન લાઇટ ખાતા દ્વારા કરવામાં આવે છે.

શહેરના ગીચ ટ્રાફિકવાળા મોટા માર્ગો પર ૨૫૦ વોટ, ૧૫૦ વોટ, ૧૦૦ વોટ, તથા ૭૦ વોટના સોડિયમ ફીટીંગ્સ લગાવી લાઈટીગમાં સુધારો કરવામાં આવેલ છે. ચાલી અને ઝૂંપડામાં ગોળાઓની જગાએ ૧૧ વોટ સી.એફ.એલ.માં રૂપાંતર કરવામાં આવેલ તથા ૪૦ વોટ ટયુબલાઈટનાં પોલ, ટી.પી.રોડ તથા સોસાયટીઓનાં અંદરના રસ્તાઓ ઉપર મુકવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં જનરલ બજેટ,સંસદસભ્યશ્રીનું બજેટ તથા ધારાસભ્યશ્રીઓનું બજેટ તથા મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી સ્ટ્રીટ લાઈટની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે. અહેવાલી વર્ષમાં શહેરમાં નાખેલ ટયુબલાઇટની સંખ્યા,મરકયુરી તથા સોડીયમની લાઇટ સંખ્યા ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઇટની સંખ્યા સામાન્ય લાઇટની સંખ્યા તથા કુલ થાંભલાની સંખ્યા આ સાથે સામેલ પત્રક ૪.૧૪.૧ માં દર્શાવી છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં કુલ ૪૬૧૬૦ કીલો વોટ યુનિટ વીજળીનો વપરાશ થયો છે. જે અંગેનો કુલ ખર્ચ રૂા.૧૯૮૭.૨૧ લાખ જેટલો થયો છે. તથા યુનિટ દીઠ વપરાશ ખર્ચ રૂા. ૪.૩૦ થાય છે. આ અંગેની છેલ્લા ચાર વર્ષની માહિતી પત્રક ૪.૧૪.૨ માં દર્શાવવામાં આવેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરમાં નવા ૪૫૪૦ લાઇટના થાંભલા નાંખવામાં આવ્યાં છે.આમ કુલ થાંભલાની સંખ્યા ૧૦૭૧૯૨ જેટલી થાય છે. જ્યારે શહેરમાં કુલ બત્તીની સંખ્યા ૧૨૩૫૭૦ થાય છે. બત્તીનાં પોઈન્ટ દીઠ સરેરાશ ઇલેકટ્રીક લોડ (વોટ) તથા બત્તી દીઠ સરેરાશ વીજળી વપરાશ અને ખર્ચની માહિતી પત્રક ૪.૧૪.૩ માં વિગતવાર દર્શાવેલ છે.

શહેરની લાઇટની સંખ્યામાં થયેલ વધારાને કારણે તેમજ સ્ટ્રીટ લાઇટીગ સુધારાને કારણે લોડ વધવાથી લોડ ડીસ્ટ્રીબ્યુશન કરવા માટે વધારાના ૩૮૧ નંગ સ્વીચીગ પોઇન્ટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્વીચીગ પોઇન્ટ મૂકવામાં આવેલ જે સાથે કુલ સ્વીચીગ પોઇન્ટની સંખ્યા-૧૮૧૫ થયેલ છે.

સને ૨૦૧૧-૧૨ના વર્ષ દરમ્યાન રોશની મરામત નિભાવ લાઇટીગ સુધારવા પોલ ખસેડવા અંગેના ખર્ચ રૂા.૪૮૨.૦૩ લાખનો ખર્ચ થયેલ છે. તથા સ્ટ્રીટ લાઇટ જનરલ અંગેના રૂા. ૧૦૩૬.૨૭ લાખનો ખર્ચ થયેલ છે.

પત્રક ૪.૧૪.૧
શહેરનાં રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારની દિવાબત્તીની સંખ્યા દર્શાવતુ પત્રક

વર્ષ	વર્ષ દરમ્યાન નાંખેલ નવા પોલની સંખ્યા	ટયુબલાઈટ ની સંખ્યા	મરક્યુરી લાઈટની સંખ્યા	સોડિયમ લાઈટની સંખ્યા	૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા	સામાન્ય લાઈટની સંખ્યા	કુલ સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૦૦૭-૦૮	૩૨૮૦	૨૫૬૫૪	૨૯૫૭	૩૮૯૪૯	૧૮૧૯૪+ ૫૭૬ ફલ્ડ લાઇટ	૩૭૭	૮૬૭૦૭
૨૦૦૮-૦૯	૨૮૧૬	૨૬૭૩૧	૩૦૬૪	૩૯૪૭૩	૧૯૧૯૧+ ૬૯૪ ફલ્ડ લાઇટ	૩૭૦	૮૯૫૨૩
૨૦૦૯-૧૦	૩૭૯૪	૨૭૪૬૫	૩૧૬૯	૪૧૧૬૭	૨૦૪૪૧+ ૭૧૫ ફલ્ડ લાઇટ	૩૬૦	૯૩૩૧૭
૨૦૧૦-૧૧	૯૩૩૫	૩૧૪૦૭	૩૨૦૭	૪૪૪૩૭	૨૨૫૧૨+ ૭૩૯ ફલ્ડ લાઇટ	૩૫૦	૧૦૨૬૫૨
૨૦૧૧-૧૨	૪૫૪૦	૩૩૦૨૨	૩૨૫૧	૪૭૦૮૩	૨૨૭૯૭+૭૩૯ ફલ્ડ લાઇટ	૩૦૦	૧૦૭૧૯૨

પત્રક ૪.૧૪.૨
વીજળી વપરાશ અને ખર્ચની માહિતી દર્શાવતુ પત્રક

વર્ષ	વીજળી વપરાશ ૧૦૦૦ કિલોવોટ	ખર્ચ રૂા.લાખમાં	યુનિટ દીઠ સરેરાશ ખર્ચ (રૂા.)
૧	૨	૩	૪
૨૦૦૭-૦૮	૩૪૫૬૮	૧૩૧૯.૬૬	૩.૮૧
૨૦૦૮-૦૯	૩૬૧૦૬	૧૩૫૯.૫૪	૩.૭૬
૨૦૦૯-૧૦	૪૨૭૧૭	૧૯૩૮.૦૯	૪.૫૪
૨૦૧૦-૧૧	૪૬૩૦૯	૧૮૯૧.૩૨	૪.૦૮
૨૦૧૧-૧૨	૪૬૧૬૦	૧૯૮૭.૨૧	૪.૩૦

પત્રક ૪.૧૪.૩

શહેરમાં આવેલ લાઈટનાં કુલ થાંભલા, વપરાશ દર્શાવતુ પત્રક

વર્ષ	થાંભલા ની સંખ્યા		બત્તીની કુલ સંખ્યા	બત્તીના પોઈન્ટ દીઠ સરેરાશ ઈલે. લોડ (વોટ)	બત્તીદીઠ સરેરાશ વિજળી વપરાશ (યુનિટ)	બત્તીદીઠ સરેરાશ વીજળી વપરાશનો ખર્ચ
૧	૨		૩	૪	૫	૬
	વર્ષ દરમ્યાન નવા	કુલ				
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૦૭-૦૮	૩૨૮૦	૮૦૦૫૮	૮૬૭૦૭	૮૭.૩૪	૩૯૮.૬૮	૧૫૨૧.૯૮
૨૦૦૮-૦૯	૨૮૧૬	૮૨૮૭૪	૮૯૫૨૩	૮૬.૭૪	૪૦૩.૩૨	૧૫૧૮.૬૫
૨૦૦૯-૧૦	૩૭૯૪	૯૩૩૧૭	૯૬૮૩૫	૮૬.૧૪	૪૫૭.૭૬	૨૦૭૬.૯૦
૨૦૧૦-૧૧	૯૩૩૫	૧૦૨૬૫૨	૧૧૨૬૪૦	૭૬.૫૯	૪૧૧.૧૩	૧૬૭૯.૦૯
૨૦૧૧-૧૨	૪૫૪૦	૧૦૭૧૯૨	૧૨૩૫૭૦	૭૩.૦૨	૩૭૩.૫૫	૧૬૦૮.૧૭

૪.૧૫ સેન્ટ્રલ વર્કશોપ

૨૦૧૧-૧૨

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપનું સંચાલન ડે.મ્યુનિસિપલ કમિશનર વર્કશોપ અને જોઈન્ટ ડાયરેકટર(મીકેનીકલ)શ્રીની સીધી દેખરેખ હેઠળ થાય છે. આ ખાતામાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

(૧) મોટર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૩૦૩ સંખ્યા છે.
(૨) રોલર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૯૩ સંખ્યા છે.
(૩)ટ્રાન્સપોર્ટવિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી ડ્રાયવરો મળીને કુલ ડ્રાયવર ૪૫૦ છે. આમ કુલ મળીને ૭૬૪ કર્મચારીઓ ફરજ બજાવે છે.

(૧)**<u>મોટર વિભાગ</u>** : શહેરમાં જુદા-જુદા ધાર્મિક પ્રસંગો, મેળાવડા, સમારોહ, જાહેર સભા વિગેરે પ્રસંગોએ તથા ઘણી વખત એન્જીનીયરીગ/હેલ્થ વિભાગની જરૂરીયાત અન્વયે મોબાઈલ ટોઈલેટ યુનિટો વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.તાજેતરમાં કોર્પોરેશનનનાં અધિકારીશ્રીઓને ફાળવવામાં આવતા વાહનો પણ ફાવળળામાં આવે છે.ઉપરોકત કોર્પોરેશનનાં હેલ્થ, એન્જીનીયરીગ વિગેરે જેવા અગત્યાનાં ખાતાઓનાં અધિકારીશ્રીઓાને પણ તેઓનાં અગાઉનાં વાહનો વધુ જુના /કન્ડમ થેયલ હોવાથી તેને બદલે નવા વાહનો તેમની ક્ષેત્રિય કામગીરીને વધુ અસરકારક બનાવવા ખરીદ કરી ફાળવવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા-જુદા વિભાગોની કામગીરીઓનાં અનુસંધાને જરૂરીયાતનાં વાહનો / સાધનો જેવા કે ટ્રીપલ ટ્રક, ડમ્પર લેસર વાહનો, વોટર ટેન્કર, ન્યુસન્સ ટેન્કર સહિતનાં તમામ જરૂરી વાહનો કે જે સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે તેનાં રીપેર - નિભાવની કામગીરી મોટર વિભાગ દ્વારા કરવામાં આવે છે. મોટર વિભાગનાં હસ્તકનાં હાલમાં ૬૧૯ જેટલા વાહનો ઉપલબ્ધ થયેલ છે.

સેન્ટ્રલ વર્કશોપ હસ્તકનાં કુલ વાહનોનું લીસ્ટનું પત્રક-અ (મોટર વિભાગ) તથા પત્રક-બ (રોલર વિભાગ) આ સાથે સામેલ છે.

(૨) <u>રોલર વિભાગ</u>:-

રોલર વિભાગ દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા હેલ્થ વિભાગની શહેરની સફાઈની મહત્વની કામગીરી માટે તથા ઈજનેર વિભાગ તેમ જ પાણી ખાતાની કામગીરી માટે વપરાતા જુદા-જુદા પ્રકારનાં મશીનોની મરામત અને નિભાવવાનું કામ કરવામાં આવે છે. જે મુખ્યત્વે ઈજનેર, રોડ ખાતાનાં કામ, રેફયુઝ ખાતાનાં કામ, હેલ્થ ખાતાનાં કામો તથા રોડ રીસરફેસીગનાં કામો માટે વપરાય છે. રોડ રીસરફેસીગનાં કામ માટે ફાળવવામાં આવતા રોડ રોલરની મરામત તથા જાળવણીનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રેફયુઝ, હેલ્થ તથા દબાણ ખાતાની કામગીરી માટેની હેવી ડયુટી મશીનરી જેવા કે વ્હીલડોઝર, બુલડોઝર.ફ્રન્ટ એન્ડ લોડર મશીનોની મરામત તથા નિભાવની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ખાળકુવા સફાઈની ગાડીઓનાં તથા ન્યુસન્સ વોટરીગ ગાડીઓનાં પંપ સેટ ઉપરાંત અન્ય ખાતાઓનાં ડેડ સ્ટોક રજીસ્ટર પર ચાલતા મશીનો જેવા કે સુએઝ કલીનીગ મશીનો, પોર્ટેબલ વાન ફોગ મશીનો, હોન્ડા મશીનની પણ રીપેર-નિભાવની કામગીરી અત્રેથી કરવામાં આવે છે. રોલર વિભાગ હસ્તક હાલમાં ૪૬૧ જેટલાં સાધનો ઉપલબ્ધ છે.ચોમાસાની ઋતુમાં નિચાણવાળા વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં નિકાલની કામગીરી માટે જરૂરી ટ્રોલી માઉન્ટેડ, ડીવોટરીગ પણ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે.

(૩) **<u>ટ્રાન્સપોર્ટ વિભાગ</u>**:-

આ વિભાગ દ્વારા જુદા જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી માટે વાહનો ત્રણ શીફટમાં પુરા પાડવામાં આવે છે. તેમજ વર્ષાન્તે ૪૧૫ કાયમી તથા ૩૫ રોંજીદા તેમજ અન્ય ૧૦૧ આમ કુલ મળી ૫૫૧ જેટલા

ડ્રાઈવર્સની શીફટ અનુસાર દૈનિક ધોરણે વાહન ખાતાની માંગણીઓ અનુસાર ફાળવણી પણ કરવામાં આવે છે. સારા નરસા પ્રસંગોએ જાહેર જનતાને વોટર ટેન્કર દ્વારા પાણી વેચાણથી નીચે જણાવેલ નિયત દરથી આપવામાં આવે છે.

૧. લગ્ન/ મરણ જેવા સારા નરસા પ્રસંગોએ ૨૫૦૦ લીટર કેપેસીટીની પીવાના પાણીની ટેન્કરનાં ૧ ફેરાના રૂપિયા ૭૫/- ચાર્જ લેવામાં આવે છે.

૨. છાંટવા માટે ૨૫૦૦ લીટર કેપેસીટીના પાણીની ટેન્કરના એક ફેરાના ૧૫૦/- રૂપિયા લેવામાં આવે છે.

૩. વ્યક્તિગત કે જાહેર સંસ્થાને પાણીની ટેન્કરનાં એક ફેરાના ૧૦૦/- રૂપિયા લેવામાં આવે છે.

૪. ઈન્ડસ્ટ્રીઝને પાણીની જરૂર પડે તો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કરનાં એક ફેરાના રૂપિયા ૧૫૦/- લેવામાં આવે છે.

૫. બાંધકામ માટે સામાન્ય રીતે પાણી આપવામાં આવતુ નથી. પરંતુ ખાસ સંજોગોમા પાણી આપવાની જરૂરીઆત જણાયતો ૨૫૦૦ લીટર કેપેસીટીની પાણીની ટેન્કર ૧ ફેરાના રૂપિયા ૩૦૦/- લેવામાં આવે છે.

૬. ધાર્મિક પ્રસંગે જાહેર સંસ્થાઓને ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનું હોય ત્યારે રૂપિયા ૧૦,૦૦૦/- ની મર્યાદામાં ૫૦% ના દરે પાણીનો ચાર્જ લેવામાં આવે છે.

૭. મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવાનું હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન હદ બહાર વધારાના પ્રત્યેક કિ.મી.દીઠ રૂપિયા ૧૦/- ચાર્જ કરવામાં આવે છે.

અહેવાલી વર્ષ દરમ્યાન જુદા-જુદા ઉપયોગ માટે વર્કશોપમાંથી પુરી પાડેલ પાણીની ટેન્કરોની માહિતી પત્રક 'ક' માં દર્શાવી છે.

૮. જુદા જુદા પ્રસંગોએ સક્ષમ સત્તાની મંજુરી/ઠરાવ અનુસાર મોબાઈલ ટોઈલેટ યુનિટો પણ આ વિભાગ દ્વારા પુરા પાડવામાં આવે છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કોર્પોરેશનનાં તમામ વિભાગોને ફાળવવામાં આવતાં વાહનો / સાધનોમાં જે પેટ્રોલ / ડીઝલ વિગેરે ઈસ્યુ કરવામાં આવે છે. તેનાં સંભવિત દુરઉપયોગ કે ગેરરીતિ અટકાવવા સારૂ કડક પગલાં લેવામાં આવે છે. તથા આ કામગીરીનું સીધું સંચાલન જવાબદાર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટર હસ્તક મુકી સમગ્ર કામગીરી ઉપર કડક નિયંત્રણ અને સુપરવીઝન રખાયેલ જેનાં પણ સારા પરિણામો પ્રાપ્ત થયેલ છે.

કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે જે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે. તેમાં સેન્ટ્રલ વર્કશોપ દ્વારા પુરા પાડવામાં આવતાં વાહનોનો મોટો ફાળો હોય છે. આ વાહનો દ્વારા કોર્પોરેશનનાં જુદા જુદા ઝોનમાંથી કચરો એકત્ર કરી નિયત ડમ્પીંગ સાઈટ પર તેનો નિકાલ કરવામાં આવે છે. આમ, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરનાં નગરજનોને પુરી પાડવામાં આવતી જુદી-જુદી સેવાઓ અંતર્ગત તેમાં ઉપયોગી વાહનો / સાધનો મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ખુબ કાર્યક્ષમ રીતે પુરા પાડી કોર્પોરેશનની કામગીરીને વધુ સક્ષમ બનાવવા સતત પ્રયત્ન કરવામાં આવે છે.

પત્રક - અ

ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતુ મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપમાં પત્રક

વર્ષ	ટ્રક્સ એચ.એમ. વી.	મીડીયમ પ્રકારનાં ગુડસ વ્હીકલ એચ.એમ.વી.	જીપ અને તે પ્રકારનાં વ્હીકલ એલ.એમ.એલ.	ટ્રેક્ટર	ટ્રેક્ટર ટ્રેઈલર અને જીપ ટ્રેઈલર	કુલ	ટકાવારી %
૧	૨	૩	૪	૫	૬	૮	૯
૨૦૦૬-૧૨	૯૯	૩૦	૯૬	૨૪	૪૦	૨૮૯	૪૦.૯૯
૨૦૦૧-૦૫	૩૯	૩	૪૨	૬	૧	૧૦૧	૧૪.૩૩
૧૯૯૬-૨૦૦૦	૩૬	૨૧	૧૫	૨	૧૬	૯૦	૧૨.૭૭
૧૯૯૧-૧૯૯૫	૫૬	૮	૮	૧	૪	૭૭	૧૦.૯૨
૧૯૮૬-૧૯૯૦	૫	૫	૧	૦	૧	૧૨	૧.૭૦
૧૯૮૧-૧૯૮૫	૧૮	૦	૦	૦	૫	૨૩	૩.૨૬
૧૯૭૬-૧૯૮૦	૨	૦	૦	૦	૪	૬	૦.૮૫
૧૯૭૧-૧૯૭૫	૩	૦	૦	૦	૦	૩	૦.૪૩
૧૯૬૬-૧૯૭૦	૫	૦	૦	૦	૦	૫	૦.૭૧
નગરપાલિકા	૦	૦	૩	૪૮	૩૩	૮૪	૧૧.૯૧
એ.એમ.ટી. એસ/ગર્વ	૧૫	૦	૦	૦	૦	૧૫	૨.૧૩
કુલ	૨૭૮	૬૭	૧૬૫	૮૧	૧૧૪	૭૦૫	૧૦૦.૦૦

પત્રક - બ

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા પ્રકારનાં વાહનોનું આયુષ્ય પ્રમાણે વર્ગીકરણ દર્શાવતુ પત્રક

વર્ષ	રોડ રોલર	જેસીબી	બુલ ડોઝર	વ્હીલ ડોઝર	એક્સકેવેટર સોઇલ કમપેકટર	રીક્ષા	પંપ ટ્રોલી	બોબકેટ	મેલેરીયા મશીન	કુલ	ટકવારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૨૦૦૬-૨૦૧૨	૦	૧૧	૧	૪	૬	૨	૨૬	૧૪	૨૦૭	૨૭૧	૫૮.૭૯
૨૦૦૧-૨૦૦૫	૦	૬	૦	૧	૨	૧૨	૦	૪	૨૫	૫૦	૧૦.૮૫
૧૯૯૬-૨૦૦૦	૧	૦	૩	૦	૦	૫	૩	૦	૧૦	૨૨	૪.૭૭
૧૯૯૧-૧૯૯૫	૦	૦	૧	૧	૦	૦	૧૧	૦	૫૦	૬૩	૧૩.૬૭
૧૯૮૬-૧૯૯૦	૦	૦	૦	૦	૦	૦	૨૬	૦	૧	૨૭	૫.૮૬
૧૯૮૧-૧૯૮૫	૦	૦	૦	૦	૦	૦	૬	૦	૦	૬	૧.૩૦
૧૯૭૬-૧૯૮૦	૧૦	૦	૦	૦	૦	૦	૧૧	૦	૦	૨૧	૪.૫૬
૧૯૭૧-૧૯૭૫	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦.૨૨
૧૯૬૬-૧૯૭૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦.૦૦
કુલ	**૧૨**	**૧૭**	**૫**	**૬**	**૮**	**૧૯**	**૮૩**	**૧૮**	**૨૯૩**	**૪૬૧**	**૧૦૦.૦૦**

પત્રક -ક

વોટર ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવામાં આવેલ તેની વિગતો

અ.નં.	વિગત	૨૦૧૦-૨૦૧૧ ફેરાની સંખ્યા	૨૦૧૦ - ૨૦૧૧ થયેલ આવક(રૂા.)	૨૦૧૧-૨૦૧૨ ફેરાની સંખ્યા	૨૦૧૧ - ૨૦૧૨ થયેલ આવક(રૂા.)
૧	લગ્ન/ મરણ જેવા સારા નરસા પ્રસંગે આપેલ પાણીની ટેન્કરો	૨૪૧૫	૧,૮૧,૧૨૫	૨૦૮૧	૧,૫૬,૦૭૫
૨	છાંટવા માટે આપેલ પાણીની ટેન્કરો	૦૦	૦૦	૦૦	૦૦
૩	વ્યક્તિગત કે જાહેર સંસ્થાને આપેલ પાણીની ટેન્કરો	૧૨૪૦	૧,૨૪૦૦૦	૧૨૭૮	૧,૨૭,૮૦૦
૪	ઈન્ડસ્ટ્રીઝને આપવામાં આવેલ પાણીની ટેન્કરો	૬૯	૧૦.૩૫૦	૧૧૪	૧૭,૧૦૦
૫	બાંધકામ માટે ખાસ કેસમાં આપેલ પાણીની ટેન્કરો	૦૦	૦૦	૦૦	૦૦
૬	જાહેર સંસ્થાઓને ધાર્મિક પ્રસંગે પુરૂ પાડેલ પાણી	૨૨	૧૧૦૦	૩૪	૧૭૦૦
૭	મ્યુ. હદ બહાર આપવામાં આવેલ પાણીની ટેન્કરો	૦૦	૦૦	૦૦	૦૦
૮	મો.ટોયલેટની આવક	૦૦	૦૦		૩૧૦૧
	કુલઃ-	૩૭૪૬	૩,૧૭,૧૭૫	૩૫૦૭	૩,૦૫,૭૭૬

વર્કશોપનાં વાહનો દીઠ સરેરાશ પેટ્રોલ અને ડીઝલ વપરાશની છેલ્લા પાંચ વર્ષની માહિતી દર્શાવતું પત્રક

ક્રમ	વર્ષ	પેટ્રોલથી ચાલતા વાહનોની સંખ્યા	પેટ્રોલ વપરાશ લીટરમાં	વાહન દીઠ સરેરાશ પેટ્રોલ વપરશ લીટરમાં	ડીઝલથી ચાલતા વાહનોની સંખ્યા	ડીઝલનો વપરાશ લીટરમાં	વાહન દીઠ સરેરાશ ડીઝલ વપરાશ લીટરમાં	સી.એન. જી.ગેસથી ચાલતા વાહનોની સંખ્યા	સી.એન. જી.ગેસ વપરાશ કી.ગ્રા	વાહન દીઠ સરેરાશ સી.એન. જી.ગેસ વપરાશ કી.ગ્રા
૧	૨૦૦૭-૦૮	૬૭	૫૨૪૪૬	૭૮૨	૪૯૬	૧૪૧૬૭૨૩	૨૮૫૬	-	-	-
૨	૨૦૦૮-૦૯	૬૭	૫૪૬૦૭	૮૧૫	૫૫૨	૧૩૫૫૮૪૬	૨૪૫૬	-	-	-
૩	૨૦૦૯-૧૦	૫૭	૪૧૯૩૧	૭૩૬	૬૦૨	૧૩૬૭૭૦૫	૨૨૭૨	-	-	-
૪	૨૦૧૦-૧૧	૫૭	૪૦૦૦૮	૭૦૧	૫૬૨	૧૩૮૧૮૯૪	૨૪૫૮	૩૫	૩૪૬૧૮	૯૮૯
૫	૨૦૧૧-૧૨	૬૦	૪૯૭૬૫	૮૨૯	૫૬૨	૧૩૧૯૦૯૭	૨૩૪૭	૩૫	૩૧૦૮૯	૮૮૮

૪.૧૬ સેન્ટ્રલ લેબોરેટરી

૨૦૧૧-૧૨

સેન્ટ્રલ લેબોરેટરી ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટના નમૂનાઓનું રોજબરોજ એકત્રીકરણ તેમજ કાંકરીયા તળાવ અને અન્ય તળાવો, સાબરમતી નદી, ખારીકટ કેનાલ, મેગા પાઈપલાઈનના વેસ્ટ વોટરના સેમ્પલો એકત્ર કરી પૃથ્થકરણ કરવામાં આવે છે.

દૂધેશ્વર વોટર વર્કસ ખાતે વોટર એનાલીસીસ વિંગ જે પીવાના પાણીની શુધ્ધતા ચકાસવા દરેક વોર્ડમાંથી પીવાના પાણીના સપ્લાય દરમ્યાન નમૂનાઓનું એકત્રીકરણ કરી બેકટેરીયોલોજીકલ અને કેમીકલ એનાલીસીસ રીપોર્ટની હેલ્થ તેમજ એન્જીનીયરીંગ ખાતાને જાણ કરવામાં આવે છે. તેમજ હેલ્થ, એન્જીનીયરીંગ અને શહેરીજનો તરફથી આવતી પાણીની પોલ્યુશન અંગેની ફરીયોદોનો પાણીના નમૂના લઈ ટેસ્ટ રીપોર્ટ તૈયાર કરી જે તે ખાતા સાથે સંકલન કરીને તાકીદે નિકાલ કરવામાં આવે છે. તેમજ જે તે વિસ્તારના ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમમાં ડોઝર મશીન વડે કલોરીનેશન કરવામાં આવે છે, જેની માત્રા જાણવા કલોરીન ચેકીંગની કામગીરી પણ સેન્ટ્રલ લેબોરેટરી ધ્વારા કરવામાં આવે છે. તેમજ ટયુબવેલ સ્ટેશન, ફેન્ચવેલ, કોતરપુર વોટર વર્કસ, દૂધેશ્વર વોટર વર્કસ, જાસપુર તેમજ રાસ્કા જેવા સોર્સના બેકટેરીયોલોજીક તેમજ કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત પીવાના પાણીની શુધ્ધતાની ચકાસણી , પીવાના પાણીના સપ્લાય દરમ્યાન પાણીના નમૂના મેળવી બેકટેરીયોલોજીક અને કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે તથા આ અંગેના રિપોર્ટ દર પંદર દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર તથા ત્રિમાસિક રિપોર્ટ ગુજરાતી તથા અંગ્રેજી દૈનિક પત્રમાં સેન્ટ્રલ લેબોરેટરી ધ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

ઔધોગિક એકમોના એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મોનીટરીંગની કામગીરી તેમજ તેમનું વેસ્ટવોટર નકકી કરેલ ધારા-ધોરણ મુજબ છે કે નહી તેની ચકાસણી કરવામાં આવે છે. જો વેસ્ટવોટર ધારા-ધોરણ મુજબ ન હોયતો આવા યુનીટ સામે નોટીસ આપવાની તેમજ કોર્ટ કેસ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જરૂર જણાય તો આવા યુનીટનું ડ્રેનેજ ડીસ-કનેકટ કરીને ત્યાર બાદ નકકી કરેલ એડમીનીસ્ટ્રેટીવ રી-કનેકશન ચાર્જીસની રકમ વસુલ કર્યાબાદ ડ્રેનેજ રી-કનેકશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

પીરાણાખાતે આવેલ લેબોરેટરી ધ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પીરાણા અને વાસણા ખાતે બનાવવામાં આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું પરફોર્મન્સ ચેક કરવા સેમ્પલ એકત્રીત કરીને એનાલીસીસની કામગીરી કરવામાં આવે છે.

તદઉપરાંત શહેરીજનોની સુવિધા માટે ફી લઈને પીવાના પાણીનું તેમજ વેસ્ટવોટરના નમૂનાઓનું એનાલીસીસ કરી આપવામાં આવે છે.

સેન્ટ્રલ લેબોરેટરી દૂધેશ્વર વોટર વર્કસ ખાતા મારફતે ખરીદવામાં આવતા સોડીયમ હાઈપોકલોરાઈટસ તેમજ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા મારફતે ખરીદવામાં આવતા વિવિધ કેમીકલ્સ અને એસીડની ગુણવત્તાનું ટેસ્ટીંગ કરી આપવાનું પણ કાર્ય કરે છે.

આમ સેન્ટ્રલ લેબોરેટરી વોટર એનાલીસીસ તેમજ વેસ્ટવોટરના ટેસ્ટીંગ તેમજ પ્રોબ્લેમ્સના ઉકેલ માટે સતત કાર્યશીલ છે.

ચાલુ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમ્યાન સેમપલોની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

એપ્રિલ-૨૦૧૧ થી માર્ચ-૧૨		
અ.નં.	**વિગત**	**માહિતી આંકડામાં**
૧	પીવાના પાણીના બેકટોરીયોલોજીકલ સેમ્પલો	૬૫,૫૫૯
૨	પીવાના પાણીના કલોરીન ચેકીંગના સેમ્પલો	૫૭,૬૭૩
૩	પીવાના પાણીના કેમીકલ ચેકીંગના સેમ્પલો	૩,૫૩૮
૪	ઐધોગીક એકમોના સેમ્પલો	૫૫૧
૫	ઐધોગીક એકમોના વેસ્ટવોટરના પી.એચ.ચેકીંગ	૬૦૬
૬	સી.ઈ.ટી.પી.ના સેમ્પલો	૩૦
૭	ખારીકટ કેનાલના સેમ્પલો	૩૨
૮	સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સેમ્પલો	૮૯૧
૯	કાંકરીયા તળાવ અને નદીના સેમ્પલો	૫૩૨
૧૦	પંપીગ સ્ટેશન તથા મેન-હોલ અને અન્ય સેમ્પલો	૧૮૬
૧૧	ફી લઈને ટેસ્ટ કરેલ સેમ્પલો	૫૬૬
૧૨	સેમ્પલ ટેસ્ટીંગની કુલ આવક રૂપિયા	૨૯૦,૪૩૦

૪.૧૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
૨૦૧૧-૧૨

ઘણા વર્ષોથી અમદાવાદ શહેરમાં ભુગર્ભ ગટર વ્યવસ્થા કરવામાં આવેલ છે. શહેરીકરણ અને વસ્તી વધારાના કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ વર્ષો વરસ વધતુ જાય છે. જેને કરણે ગંદા પાણીનો નિકાલ તથા તેને ટ્રીટમેન્ટ આપવાના જથ્થામાં વધારો થયેલ છે.

અમદાવાદ શહેર સાબરમતી નદીને કારણે ભૌગોલીક રીતે બે ભાગમાં વહેચાયેલ છે. જે પૈકી પૂર્વ તરફના ભાગમાં સુએજના નિકાલ માટે ૪૦ જેટલા પંપીંગ સ્ટેશનો અને તેના ટ્રીટમેન્ટ માટે ૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે. જ્યારે પશ્ચિમ ભાગમાં નદી તરફના સંળગ ઢાળને કારણે ૫ પંપીગ સ્ટેશનો તથા ૩ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે.

(૧) <u>સુએજ પંપીગ સ્ટેશનો :-</u>

(અ) <u>ટર્મિનલ પંપીગ સ્ટેશનો</u>

સને ૨૦૧૧ની વસ્તીને ગણતરીમાં લઈને સને ૧૯૯૦ પહેલા પૂર્વ અમદાવાદમાં નરોડાથી ઈસ્ટર્ન ડક્ટ લાઈન તથા પશ્ચિમ અમદાવાદમાં અખબારનગરથી વેસ્ટર્ન ડક્ટ લાઈનમાં સુએજનું વહન થઈ અનુક્રમે પીરાણા તથા વાસણા ખાતે સને ૧૯૮૯-૯૦માં સુએજના નિકાલ માટે પીરાણા તથા વાસણા સુએજ પંપીગ સ્ટેશનો બનાવવામાં આવેલ છે તથા હાલમાં પણ સદર પંપીગ સ્ટેશનો કાર્યરત છે.

આ ઉપરાંત સને ૨૦૦૫માં પશ્ચિમ તરફના ઔડા વિસ્તારના પાણીના નિકાલ માટે વાસણા ઔડા પંપીગ સ્ટેશન તથા સને ૨૦૦૮માં ઉત્તર ઝોન, પૂર્વ ઝોન તથા દક્ષિણ ઝોનના દુરના વિસ્તારના પાણીના નિકાલ માટે પીરાણા ખાતે જુના પીરાણા પંપીગ સ્ટેશનની બાજુમાં નવુ પીરાણા પંપીગ સ્ટેશન બનાવવામાં આવેલ છે. સદર ચારેય પંપીગ સ્ટેશનોની ૨૦૧૧-૧૨ની માહિતી આ સાથેના કોષ્ટકમાં સામેલ છે.

(બ) <u>મુખ્ય પંપીગ સ્ટેશનો</u>

સને ૧૯૦૭માં જમાલપુર, સને ૧૯૩૯માં ન્યુ સર્બબન, સને ૧૯૭૧માં મણીનગર ,સને માં ૧૯૯૭ ન્યુ ગોમતીપુર તથા સને ૨૦૦૪ માં સૈજપુર મુખ્ય સુએજ પંપીગ સ્ટેશન બનાવામાં આવેલ, જે હાલ પુરી ક્ષમતાથી કાર્યરત છે. મુખ્ય પંપીગ સ્ટેશનો પૈકી જમાલપુર, ન્યુ સબર્બન તથા મણીનગર, દાણીલીમડા પંપીગ સ્ટેશનો માંથી સુએજ પીરાણા ૧૦૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. પ્લાન્ટમાં જાય છે જ્યારે ચમનપુરા, ગોમતીપુર તથા સૈજપુર પંપીગ સ્ટેશનમાંથી સુએજ પીરાણા ૧૮૦ એમ.એલ.ડી. એ.એસ.પી. ટાઈપ પ્લાન્ટમાં જાય છે.

(ક) **<u>બ્રાન્ચ પંપીગ સ્ટેશનો</u>**

ઉપરોક્ત જણાવેલ ટર્મિનલ તથા મુખ્ય પંપીગ સ્ટેશનો સિવાય અમદાવાદ શહેરમાં હાલમાં કુલ ૩૬ જેટલા ઓછી કેપેસીટીના તથા ઈન્ટરમીડીયેટ **<u>બ્રાન્ચ</u>** પંપીગ સ્ટેશનો આવેલા છે. આ સઘળા પંપીગ સ્ટેશનોની માહિતી આ સાથેના કોષ્ટકમાં સામેલ છે.

(૨) **<u>સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :-</u>**

સને ૧૯૭૦ પહેલા સુએજનું ડિસ્પોઝલ સુએજ ફાર્મમાં થતુ હતુ સને ૧૯૭૦માં પીરાણા ખાતે ૭૨ એમ.જી.ડી. તથા વાસણા ખાતે ૧૨ એમ.જી.ડી. ટ્રીક્લીંગ ટાઈપના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ. ત્યાર બાદ સને ૧૯૯૫-૯૬માં વાસણા તથા પીરાણા ટર્મિનલ પંપીગ સ્ટેશનોની બાજુમાં વાસણા ૭૬ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા પીરાણા ૧૮૦ એમ.એલ.ડી ફેકલ્ટેટીવ લગુન ટાઈપના સુએજ ટ્રીટમેન્ટ પ્લાટ બનાવવામાં આવેલ. ટ્રીક્લીંગ ફિલ્ટર ટાઈપના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જુની ટેકનોલોજી થઈ જવાને કારણે સને ૨૦૦૪-૦૫માં વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટને રીનોવેટ કરીને ૧૨૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ તથા પીરાણા ટ્રીટમેન્ટ પ્લાન્ટને રીનોવેટ કરીને ૧૦૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ.

જે.એન.એન.યુ.આર.એમ. પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ એ.એસ.પી.(એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) ટાઈપના ત્રણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પૈકી હાલમાં જ સને ૨૦૦૯માં પીરાણા લગુન ટાઈપ સુએજ ટ્રીટમેન્ટ પ્લાટની બાજુમાં નવા પીરાણા ટર્મિનલની પાછળ ૧૮૦ એમ.એલ.ડી. એ.એસ.પી. ટાઈપ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે તેમજ ૧૦૬ એમ.એલ.ડી. પ્લાન્ટની બાજુમાં ૬૦ એમ.એલ.ડી. એ.એસ.પી. ટાઈપ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે અને વાસણા ખાતે ૩૫ એમ.એલ.ડી. એ.એસ.પી. ટાઈપ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે.

(૩) **<u>સુઅર ક્લીનીંગ ઈક્વીપમેન્ટસ :-</u>**

શહેરના છ ઝોનમાંથી આવતી માંગણી અનુસાર ખાતા હસ્તકના ૩-નંગ જેટીંગ મશીનો, ૨-નંગ હાઈ ફ્લો જેટીંગ મશીનો, ૪-નંગ ગલીએમ્પ્ટીયર મશીનો, ૧૮-નંગ જેટીંગ-કમ-સકશન કમ્બાઈન્ડ મશીનો તથા ૨- નંગ સુપર સકર મશીન જરૂરીયાત મુજબ મોકલી ડ્રેનેજ લાઈનો ચોક-અપ થઈ જવાની ફરિયાદોનો જરૂરી ડીશીલ્ટીંગની કામગીરી કરી નિકાલ કરવામાં આવે છે. તદ્ઉપરાંત જુદા જુદા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ ચેમ્બરોમાં ડીપ સકશન મશીન, રીક્ષા માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન-૧, ટ્રક માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન નંગ-૩ વડે ડીશીલ્ટીંગ કરવાની તેમજ સ્ક્રીન ચેમ્બરો સાફ કરી આપવાની કામગીરી પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પિરાણા ટર્મિનલ, વાસણા ટર્મિનલ તથા ન્યુ સબર્બન જેવા મોટા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોના ઈનકમીંગ

ચેમ્બરમાંથી સ્પેશીયલ હેવી પ્રકારની હાઈડ્રા-૧૨, કેઈન માઉન્ટેડ ડીશીલ્ટીંગ મશીન વડે નિયમિત ડીશીલ્ટીંગ કરવામાં આવે છે. કમ્બાઈન્ડ મશીનોને ઔડા, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસીઝ, અન્ય નગર પાલીકા તથા કેન્ટોનમેન્ટ જેવી અન્ય સંસ્થાઓમાં ભાડે મોકલી તેઓની ડ્રેનેજ ચોક-અપ લાઈનોની મુશ્કેલી દુર કરી રેવન્યુ આવક મેળવવામાં આવે છે.

(૪) **<u>ડ્રેનેજ પ્રોજેક્ટના કામો :-</u>**

સને.૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન એસ.ટી.પી. ખાતા દ્વારા આંબાવાડી (૩૨ એમ.એલ.ડી.) સુએજ પંપીંગ સ્ટેશન કમીશનીંગ કરી ચાલુ કરવામાં આવેલ છે. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન એસ.ટી.પી. ખાતા દ્વારા ન્યુ સબર્બન અને કાલુપુર સુએજ પંપીંગ સ્ટેશન કમીશનીંગ કરી ચાલુ કરવામાં આવેલ છે. તેમજ વાસણા તથા પીરાણા ટર્મીનલ સુએજ પંપીંગ સ્ટેશન પર જુના એલ.ટી. પેનલની જગ્યાએ નવું એલ.ટી. પેનલ ઈન્સ્ટોલ કરી કમીશનીગ કરવામાં આવેલ છે. નવા પીરાણા ટર્મીનલ સુએજ પંપીંગ્ સ્ટેશન ખાતે ગ્રીટના નિકાલ માટે ગ્રીટ રીમુવલ ઈક્વીપમેન્ટ ઈનસ્ટોલ કરવામાં આવેલ છે. (રોજનું ૫-૧૦ ઘન મીટર ગ્રીટનો નિકાલ કરવામાં આવે છે.) ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ઝોનમાં જુદા જુદા પંપીંગ સ્ટેશનના ૧૪ નંગ પંપ મોટર સેટ્સ બદલી તેની જગ્યાએ વધુ કાર્યક્ષમતાના પંપ મોટર સેટ્સ નાંખવામાં આવેલ છે તેમજ મધ્ય અને પશ્ચિમ ઝોન ખાતે પંપો બદલવાની કામગીરી પૈકી પશ્ચિમ ઝોન ખાતે ૬ નંગ પંપ મોટર સેટ્સ બદલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ મધ્ય ઝોન ખાતે ૧૨ નંગ પંપ મોટર સેટ્સ બદલવાની કામગીરી પૂર્ણતાના આરે છે.

(૫) **<u>સ્ટોર્મ વોટર ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોઃ-</u>**

વહશેંઈસ પ્રોજેકટ હેઠળ ખારીકટ કેનાલને સમાંતર ઉત્તર ઝોન તથા પૂર્વ ઝોનમાં એક એક પેકેજમાં તથા દક્ષિણ ઝોનમાં ત્રણ પેકેજમાં ૨૦ જેટલા સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશન તૈયાર કરવામાં આવેલ છે.સદરહું પંપીગ સ્ટેશનોમાં૧૮૦૦ મીઉ/કલાક તથા ૨૪૦૦ મીઉ/કલાક કેપેસીટીના સબમર્શીબિલ પમ્પ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેને કારણે ડ્રેનેજની સાથે આવતાં વરસાદી પાણીનો ઝડપથી તથા સરળતાથી નિકાલ થઈ શકે છે. સને ૨૦૧૧-૧૨માં દક્ષિણ ઝોનના ભૈરવનાથ વિસ્તારમાં નવા સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવેલ છે. સદર પંપીંગ સ્ટેશનમાં ૨૪૦૦ મીઉ/કલાક કેપેસીટીના કુલ ૪ નંગ પંપ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત નવા પશ્ચિમ ઝોન ખાતે શ્રીનંદનગર ખાતે સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે.

સુએજ પંપીંગ સ્ટેશન

અં. નં.	પંપીંગ સ્ટેશનનું નામ	પંપોની સંખ્યા	ઈન્સટોલ કેપેસીટી (MLD)	ટોટલ પંપીંગ સને ૨૦૧૧-૨૦૧૨ (લાખ ગેલન/ડે)
	મેઈન સુએજ પંપીંગ સ્ટેશન			
૧	પિરાણા ટર્મિનલ	૧૦	૮૬૪.૦૦	૫૬૯.૬૨
૨	પિરાણા (ન્યુ)	૬	૩૬૦.૦૦	૨૫૬.૦૪
૩	વાસણા ટર્મિનલ	૭	૫૪૦.૦૦	૨૮૫.૭૮
૪	વાસણા (ઔડા)	૮	૫૬૧.૬	૩૧૫.૮૬
૫	જી.આઈ.ડી.સી. એફ્લ્યુઅન્ટ	૬	૨૩૦.૪૦	૩૦૨.૯૭
૬	જમાલપુર	૭	૩૮૧.૩૬	૯૫.૫૦
૭	ન્યુ સબર્બન	૬	૨૧૬.૦	૫૬.૪૬
૮	નવા મણિનગર	૬	૪૩૨.૦	૫૦.૦૬
	દક્ષિણઝોન			
૯	દાણીલીમડા	૫	૫૭.૩૬	૨૦.૨૪
૧૦	બહેરામપુરા	૩	૨૫.૯૨	૧૫.૪૬
૧૧	બાગેફિરદોશ	૪	૫૭.૬	૨૦.૪૨
૧૨	ઈસનપુર-૧	૪	૧૫.૩૬	૪.૨૧
૧૩	ઈસનપુર-૨ (મોની)	૪	૨૧.૬	૮.૦૧
૧૪	વટવા-નિગમ	૩	૧૧.૮	૧૩.૬૫
૧૫	નરોલ શાહવાડી	૪	૩૯.૬	૨.૫૫
૧૬	નવાણા-વટવા	૪	૫૦.૪	૮.૯૬
	મધ્યઝોન			
૧૭	દરિયાપુર	૫	૧૯૬.૧૩	૧૦૬.૦૦
૧૮	શાહીબાગ	૩	૨૬.૩૩	૧૮.૯૦
૧૯	નવા ગિરધરનગર	૫	૨૧.૭૯	૨૫.૮૬
૨૦	જુના ગિરધરનગર	૩	૨૬.૩૩	૨૧.૦૦
૨૧	મહેંદીકુવા	૨	૧૯.૫૨	૧૧.૪૦
	પૂર્વઝોન			
૨૨	નવા ગોમતીપુર	૮	૨૯૪.૧૯	૧૬૪.૫૯
૨૩	રખિયાલ	૩	૧૯.૬૧	૮.૭૮
૨૪	અમરાઈવાડી	૪	૩૧.૨	૨૩.૬
૨૫	વિરાટનગર	૪	૩૧.૨	૨૨.૯
૨૬	અર્બુદાનગર	૪	૨૦.૭૧	૩૪.૫૩
૨૭	અંબિકાનગર	૪	૨૦.૭૧	૩૨.૬૭
૨૮	છોટાલાલની ચાલી	૩	૨૧.૨૫	૧૧.૪૫

૨૯	રબારી વસાહત	૪	૧૧.૪૪	૧૪.૪૪
૩૦	નવા ઓઢવ	૩	૧૪.૪	૨.૭૪
૩૧	નવા નિકોલ	૩	૨૦.૮૮	૨૩.૫૨
	ઉત્તરઝોન			
૩૨	નવા સરદારનગર	૩	૩૦.૫	૧૨.૫
૩૩	આંબાવાડી	૩	૩૯.૨૩	૫.૧૫
૩૪	નવા કુબેરનગર	૪	૩૯.૨૩	૧૧.૯૦
૩૫	નરોડા ગાયત્રી	૫	૨૩.૫૪	૧૩.૧૦
૩૬	નરોડા જી.આઈ.ડી.સી.	૨	૧૧.૯૮	૬.૮૫
૩૭	નરોડા સત્યમ	૨	૧૫.૨૫	૬.૬૭
૩૮	સૈજપુર બોઘા	૫	૫૮.૮૩	૪૦.૮૦
૩૯	નવા ચમનપુરા	૬	૧૨૪.૨૨	૭૫.૨૪
૪૦	જુના ચમનપુરા	૩	૫.૬૭	૦.૮૦
	પશ્ચિમઝોન			
૪૧	કેશવનગર	૩	૧૧.૭૪	૬.૯૨
૪૨	પાલડી	૯	૩૩.૧૨	૧૮.૬૫
૪૩	શારદા સોસાયટી	૨	૧૫.૧૨	૮.૯૯
૪૪	જુહાપુરા	૩	૧૬.૩૨	૧૨.૦૩

ખારીકટ કેનાલને સમાંતર આવેલ સમ્પની વિગત
દક્ષિણ ઝોન

વોર્ડ નું નામ	અ. નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપની સંખ્યા
મણિનગર	૧	અરમાનપાર્ક	૧૨.૫	૧
	૨	હીરાબાગ	૧૨.૫	૧
	૩	પ્રકાશનગર ટેનીસકોર્ટ	૭.૫	૧
	૪	ઈશ્વરનગર	૧૨.૫	૧
દાણીલીમડા	૫	ચંડોળાતળાવ (પેટ્રોલ પમ્પ પાસે)	૭.૫	૧
	૬	ગણેશનગર	૧૦.૦	૧
	૭	મહારાણા સોસાયટી	૧૦	૧
ઈસનપુર	૮	ગણેશભૂમિ (ગેબનશાપીર પાસે)	૭.૫ ૫.૦	૨
	૯	શાંતિબાગ	૭.૫	૧
વટવા	૧૦	મહાલક્ષ્મી તળાવ (નવું)	૧૨.૫	૨
			૭.૫	
બાગેફીરદોશ	૧૧	આત્મમંગલ હોલ	૧૦	૧
	૧૨	શકરીબા પાર્ટી પ્લોટ	૧૨.૫	૧
	૧૩	માતૃભક્તિ	૧૨.૫	૧
	૧૪	રીટાનગર (રક્તપિતીયા કોલોની)	૧૨.૫	૨
			૧૦	
	૧૫	રામરાજ્યનગર	૧૦	૨
			૧૨.૫	
	૧૬	ભગવતીનગર (નવા)	૧૨.૫	૨
			૧૨.૫	
	૧૭	શીવપાર્ક	૧૫	૧
	૧૮	હરિઓમ વિજ્યાદશમી	૭.૫	૧
	૧૯	બી.આર.ટી.એસ.(જશોદાનગર)	૧૦	૧
	૨૦	ચિરાગ એસ્ટેટ	૭.૫	૧
	૨૧	સત્યસાંઈ	૭.૫	૧

ઉત્તર ઝોન

વોર્ડ નું નામ	અ. નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપની સંખ્યા
ઠક્કરબાપાનગર	૧	સુભાષ સ્કુલ	૭.૫	૧
	૨	રાજીવ પાર્ક	૭.૫	૧

પૂર્વ ઝોન

વોર્ડ નું નામ	સમ્પ નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપ નં.
નિકોલ	૧	આરતિ સોસાયટી	૧૨.૫	૨
	૨	આશીવાર્દ	૨૦.૦	૪
			૨૦.૦	
			૭.૫	
			૭.૫	
	૩	આલોક	૧૨.૫	૧
	૪	જગદીશ પાર્ક (હનુમાન મંદિર)	૧૨.૫	૨
	૫	હરિગંગા સોસાયટી	૧૨.૫	૨
	૬	રાજેન્દ્ર પાર્ક (આર.ડી. વિધાલય)	૭.૫	૧
ઓઢવ	૭	ગણેશકુંજ	૨૦.૦	૨
			૧૨.૫	
	૮	અંબિકાનગર જુના કુવા	૧૨.૫	૨
			૨૦.૦	
	૯	મહાકાળી ટી સ્ટોલ	૧૨.૫	૧
વસ્ત્રાલ	૧૦	જામફળવાડી (નવા)	૧૨.૫	૨
ભાઈપુરા	૧૧	જય ગરવી ગુજરાત સોસા.	૧૦.૦	૨
			૧૦.૦	
	૧૨	ભગવતી પાર્ક સોસા., ભાઈપુરા	૧૨.૫	૨
	૧૩	સુવિધા પાર્ક (આવકાર હોલ સામે)	૧૨.૫	૨
	૧૪	સત્યનારાયણ ગોરનોકુવો	૭.૫	૧
	૧૫	જશોદાનગર (ફાયર સ્ટેશન)	૧૨.૫	૧
	૧૬	સંતશિરોમણી	૧૨.૫	૧

પશ્ચિમ ઝોન

વોર્ડ નું નામ	સમ્પ નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપ નં.
સ્ટેડિયમ	૨૨	સ્ટેડિયમ વોર્ડ, નટના છાપરા	૧૦.૦	૧

નવા પશ્ચિમ ઝોન

વોર્ડ નું નામ	સમ્પ નં.	સમ્પનું નામ	પમ્પની વિગત હો.પા.	પંપ નં.
વેજલપુર	૨૩	વેજલપુર વોર્ડ ઓફિસ પાસે	૧૨.૫	૨
	૨૨		૧૨.૫	

ખારીકટ કેનાલને સમાંતર સ્ટોર્મ વોટર ડ્રેઈન પંપીંગ સ્ટેશનો

દક્ષિણ ઝોન

ઝોન	અ. નં.	પંપીંગ સ્ટેશન	પંપ કેપેસીટી (મી૩/કલાક)	નંગ
દક્ષિણ ઝોન - ૧	૧	સુરેલીયા	૨૪૦૦	૩
	૨	માટલા સર્કલ	૨૪૦૦	૨
	૩	વ્યાયામ શાળા	૨૪૦૦	૧
	૪	સ્મૃતિ મંદિર	૧૮૦૦	૧
	૫	ઘોડાસર	૨૪૦૦	૧
દક્ષિણ ઝોન - ૨	૬	નિરમાનાળા	૧૮૦૦	૨
	૭	ઘોગાબાપા	૧૮૦૦	૨
	૮	દેવીમાતા	૨૪૦૦	૩
	૯	નુરનગર	૧૮૦૦	૨
	૧૦	ગેબનશાપીર	૧૮૦૦	૧

ઉત્તર ઝોન

પૂર્વ ઝોન

ઝોન	અ. નં.	આઉટલેટ	પંપ કેપેસીટી (મી૩/કલાક)	નંગ
પૂર્વ ઝોન - ૧	૧	હરિવીલા	૧૮૦૦	૧
	૨	જય કેમીકલ	૧૮૦૦	૨
	૩	ઓઢવ ફાયર સ્ટેશન	૨૪૦૦	૩
	૪	અર્બુદાનગર	૧૮૦૦	૨

સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની વિગત

અ.નં.	પ્લાન્ટનું નામ	પ્રકાર	કેપેસીટી (એમ.એલ.ડી.)
૧	પિરાણા એસ.ટી.પી.	લગુન	૧૮૨
૨	વાસણા એસ.ટી.પી.	લગુન	૭૬
૩	પિરાણા એસ.ટી.પી.	યુ.એ.એસ.બી.	૧૦૬
૪	વાસણા એસ.ટી.પી.	યુ.એ.એસ.બી.	૧૨૬
૫	પિરાણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૧૮૦
૬	પિરાણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૬૦
૭	વાસણા એસ.ટી.પી.	એ.એસ.પી.	૩૫

૪.૧૮ સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ
૨૦૧૧-૧૨

અમદાવાદ શહેરમાં આવેલ ઝુંપડપટી તેમજ ચાલીઓનાં ગંદા વિસ્તારોમાં વસતા નાગરીકોના જીવનની ગુણવત્તાનું ધોરણ ઉંચુ લાવવાના શુભ આશયથી આવા સ્લમ વિસ્તારના રહીશો, બીન સરકારી સ્વૈચ્છીક સામાજીક સંસ્થાઓના આર્થીક સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.માં સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ અન્વયે કામગીરી કરવામાં આવે છે. જો કોઇ પ્રાઇવેટ સંસ્થા અથવા ઔધ્યોગિક ગૃહો પોતાનો ફાળો આપવા ઇચ્છતી હોય તો, તેઓ પણ ઘરદીઠ ફાળો આપી યોજનાંમાં જોડાઇ શકે છે.

આ યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ઘેર ઘેર ગટર કનેકશન, પાણીના કનેકશન , ઘરદીઠ જાજરુ, પાકા રસ્તા, વરસાદી પાણીના નીકાલની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ , કચરાના નિકાલની વ્યવસ્થા તેમજ વૃક્ષારોપણ જેવી પાયાની સુવિધાઓ એકી સાથે પુરી પાડવામાં આવે છે. આવી આંતરીક સુવિધાઓને બાહય સેવાઓ સાથે સાંકળી લેવામાં આવે છે .આ ઉપરાંત આ યોજનામાં જોડાનાર સ્લમ વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, બચત તેમજ આવકના સાધનો ઉભા કરવા વિગેરે સામુદાયિક વિકાસ ના કામો પણ હાથ ધરવામા આવે છે.

આ સમગ્ર સુવિધાઓ પુરી પાડી યોજનાનો અમલ કરવા માટે હાલમાં મ્યુનિ. કોર્પો .ને આશરે ઘર દીઠ રૂા.૨૨, ૦૦૦.૦૦ થી ૨૫,૦૦૦.૦૦ જેટલો ખર્ચ થાય છે. જેમાં રૂા.૨૧૦૦.૦૦ ઘરદીઠ લોકફાળો એન.જી.ઓ / સ્થાનિક મંડળ દ્વારા બચત પ્રવૃતિ મારફતે ઉઘરાવવવામાં આવે છે. જેમાં રૂા.૨૦૦૦.૦૦ ઘરદીઠ કામ પુર્ણ થયે કોર્પોરેશનમાં જમા કરાવવામાં આવે છે અને રૂા. ૧૦૦.૦૦ ઘરદીઠ ભવિષ્યમાં જરૂરી રીપેરીંગ - સમારકામ માટે સ્થાનિક મંડળ જમા રાખે છે. આજ સુધીમાં કુલ ૪૭ વિસ્તારમાં ૮૪૫૪ ઝુંપડાઓ આશરે ૩૫,૦૦૦ લોકોએ લાભ લીધેલ છે.

❖ **<u>સોશીયો ઈકોનોમીક તેમજ બાયોમેટ્રીક સર્વે :-</u>**

શહેરમાં આવેલ તમામ ૭૧૦ સ્લમ પોકેટના રહેવાસીઓની તેમજ બિનસંગઠીત કામદારો માટે સામાજીક તથા આર્થિક મોજણી કામગીરી શરૂ કરેલ છે. સાથે સાથે લાભાર્થીઓની ચોકકસ ઓળખ માટે સોશીયો ઇકોનોમીક સર્વે ની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ નવા ઉમેરાયેલ વિસ્તારના સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

❖ **<u>ટોટલ સ્ટેશન સર્વે :-</u>**

તમામ સ્લમ વિસ્તારોમાં ટોટલ સ્ટેશન સર્વે દ્વારા મકાનોની હયાત પરિસ્થિતિ તેમજ સ્લમ વિસ્તારમાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રકચરનો સર્વે કરવામાં આવેલ છે. સર્વે દ્વારા એકત્રિત થયેલ માહિતીના આધારે જે તે સ્લમના અધુરા ઈન્ફ્રાસ્ટ્રકચર પુરા કરવામાં આવશે અને પાયાની સગવડ માટે નવા ઈન્ફ્રા.નું આયોજન કરવામાં

મદદરૂપ થશે. જુની લીમીટમાં આવેલ સ્લમ વિસ્તારનો ટોટલ સ્ટેશન સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ નવા ઉમેરાયેલ વિસ્તારના સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

❖ **વ્યકિતગત શૌચાલયઃ-**

શહેરને ઓપન ડેફેકેશનથી સંપૂર્ણરીતે મુકત કરવાના આયોજન પૈકી નીચે મુજબના વ્યકિતગત શૌચાલય શહેરમાં જી.એમ.એફ.બી. (ગુજરાત સરકાર) અને અ.મ્યુ.કોર્પો.ના સહયોગથી વિના મુલ્યે બનાવી આપવામાં આવે છે આ અંતર્ગત શહેરમાં થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વર્ષ	***ફાળવેલ શૌચાલયનો લક્ષ્યાંક***	***પૂર્ણ કરેલ શૌચાલય***
૨૦૦૮-૦૯	૧૦૦૦૦	૧૦૦૦૦
૨૦૦૯-૧૦	૨૧૦૦૦	૧૮૩૨૨
૨૦૧૦-૧૧	૧૮૭૨૨	૧૨૧૧
૨૦૧૧-૧૨	૧૮૩૧૪	૪૦૬૧ (કામગીરી ચાલુ છે.)

❖ **પે એન્ડ યુઝ :**

જે સ્લમ વિસ્તારમાં જગ્યાના અભાવે વ્યકિતગત શૌચાલય બનાવી શકાય તેમ ન હોય તેવી જગ્યાએ સામુહિક શૌચાલય (પે એન્ડ યુઝ)બનાવવાની કામગીરીનું આયોજન છે. જેમાં મહીલાઓ તેમજ બાળકો પાસેથી કોઇ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. આમ, શહેરને સંપૂર્ણ ઓપન ડેફેકેશન થી મુકત કરી શહેરની પ્રજાને સ્વચ્છ વાતાવરણ પુરું પાડવાનું આયોજન છે.હાલમાં અમદાવાદ શહેરમાં આવેલ પે એન્ડ યુઝની વિગત નીચે મુજબ છે.

ક્રમ	**ઝોનનું નામ**	**લોકેશન**
૧	મધ્યઝોન	૭૨
૨	ઉતર ઝોન	૫૦
૩	દક્ષિણ ઝોન	૨૮
૪	પૂર્વ ઝોન	૫૯
૫	પશ્ચિમ ઝોન	૬૪
૬	નવા પશ્ચિમ ઝોન	૪૧
	કુલ	૩૧૪

❖ **<u>અધ્યતન શૌચાલય (કોમ્યુનીટી શૌચાલય)</u>**

અમદાવાદ શહેરમાં ચાલી વિસ્તારમાં તેમજ અન્ય જગ્યાએ પબ્લીક ટોયલેટ જે અધ્યતન બનાવવામાં આવે છે. અને જુના ટોયલેટ અધ્યતન કરવાની કામગીરી ચાલુ છે. હાલમાં જુદા જુદા ઝોનમાં કુલ નીચે મુજબ શૌચાલયના લોકેશન / સંખ્યા હયાત છે.

અ.નં.	ઝોન	પબ્લીક ટોયલેટના લોકેશન
૧	ઉતર ઝોન	૧૫૪
૨	દક્ષિણ ઝોન	૨૧૦
૩	પૂર્વઝોન	૨૭૯
૪	પશ્ચિમ ઝોન	૫૬
૫	નવા પશ્ચિમઝોન	૦
૬	મધ્ય ઝોન	૨૫૭
કુલ		**૯૫૬**

❖ **<u>નાઈટ શેલ્ટર (રેન બસેરા):</u>**

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન અનુસંધાને શહેરમાં કુલ ૪૫ જગ્યાએ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. નાઈટ શેલ્ટર્સમાં રસ્તા ઉપર સૂતા લોકોને રાત્રિ આશ્રય આપવામાં આવે છે. નાઈટ શેલ્ટરમાં ગાદલા ઓશીકું, ધાબળા, ચાદર વગેરેની સગવડ પુરી પાડવામાં આવેલ છે તેમજ કોઈપણ પ્રકારના ચાર્જ લેવામાં આવતો નથી. નાઈટ સેલ્ટર્સમાં સૂવા માટેની તેમજ શૌચાલયની સુવિધા આપવામાં આવેલ છે.

❖ **સર્વીસ એક્ષચેન્જ પ્રમોશન સેન્ટરઃ**

અસંગઠિત કામદારોના ઉત્થાન માટે તેમજ તેઓને જે તે કામગીરી માટે ટ્રેનીંગ આપવા, રજીસ્ટ્રેશન કરીને જરૂરીયાતવાળી વ્યકિતને કામગીરી મળે તે માટે સેતુરૂપ થવા તેમજ અસંગઠિત કામદારોનું શોષણ થતું રોકવા બહેરામપુરા વિસ્તારમાં આશરે રૂા.૧.૪૭ કરોડના ખર્ચે રાજ્ય સરકારશ્રીની ગ્રાંટમાંથી એસ.ઇ.પી.સી. સેન્ટર બહેરામપુરા વિસ્તારમાં બનાવવામાં આવી રહેલ છે. જેમા જમીન તેમજ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર અમ.મ્યુ.કોર્પો.દ્વારા પુરુ પાડવામાં આવશે.

❖ **<u>ગુજરાત રાજ્ય અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ ના અમલીકરણ</u>**

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ અમલીકરણ કરવામાં આવનાર છે. સદરહુ નીતિ મુજબ જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ

પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું (ગ્રાઉન્ડ + ત્રણ માળ કે તેથી વધારે) નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ રાજ્ય સરકારશ્રીની નિતી અનુસાર કરવામાં આવશે. જે મુજબ રાજ્ય સરકારશ્રીમાંથી ૭ જગ્યાની દરખાસ્તો મંજુર થયેલ છે અને મંજુર થયેલ ૭ જગ્યાની દરખાસ્તોમાં આશરે ૨૦૦૦ જેટલા ઝુંપડાવાસીઓને પાકા મકાનો બધી જ પ્રાથમીક સગવડ સાથે બનાવી આપવાનું આયોજન કરેલ છે.

અ.	ઝોન	વોર્ડ	વિસ્તારનું નામ	ટી.પી	એફ.પી.	ઝુંપડાની
૧	પૂર્વઝોન	અમરાઈવાડી	ભીખાદેવાનો વાડો	૨૭	૪૮/પી	૩૩૬
			ભીખાદેવાનો વાડો	૨૭	૬૦	
૨	પૂર્વઝોન	અમરાઈવાડી	ઋષિનગર	૨૭	૪૯	૮૦૦
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૦	
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૨	
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૧/પી	
૩	પશ્ચિમ ઝોન	આંબાવાડી	અભુજી કુવાના છાપરા	૨૧	૪૨૨	૫૦
૪	પશ્ચિમ ઝોન	સાબરમતી	કૈલાસનગર	૨૩	૪૫૦, ૪૫૧,૪૫૨	૪૮
૫	પૂર્વઝોન	ખોખરા	બાવાજીના છાપરા	૨૫	૧૬૪	૧૯૬
૬	પૂર્વઝોન	ખોખરા	બાવાજીના છાપરા	૨૫	૧૬૨	૪૨
૭	પશ્ચિમ ઝોન	વાસણા	મંગલતલાવડીના છાપરા	૨૬	૨૭૪	૪૩૦
					૨૭૫	

❖ **<u>રાજીવ આવાસ યોજના (ઈછરૂ)</u>**

શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવા માટે રાજીવ આવાસ યોજના **<u>(ઈછરૂ)</u>** અંતર્ગત શહેરને સ્લમ ફ્રી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત જુદા જુદા નીચે મુજબના મોડલ અનુસાર શહેરના દરેક સ્લમ વિસ્તારમાં કામગીરી કરાવવામાં આવશે જેની વિગત નીચે મુજબ છે.

(૧) **સ્લમ રીલોકેશન મોડેલ :**

જેમાં શહેરના સ્લમ વિસ્તારો જેવા કે નદી કિનારાના છાપરા, તળાવ કિનારાના છાપરા, ટી.પી., ડી.પી. વગેરેના ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડા, શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડાને પ્રથમ પ્રાયોરીટી આપી આઈડેન્ટીફાય કરીને નજીકના વિસ્તારમાં નવા આવાસોનું નિર્માણ કરીને પુનઃવસાવવામાં આવશે.

(૨) ઈન સીટુ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન :

જેમાં શહેરના આવરી લેવામાં આવેલ સ્લમ વિસ્તારને ઈન્ડીવીડયુઅલ સર્વીસ કે સમગ્ર સ્લમ ને તમામ પ્રાથમીક સુવિધાઓ જેવી કે ઘરદીઠ પાણીનું કનેકશન, ગટર કનેકશન, ઘરદીઠ જાજરૂ રોડ તથા પેવરની સુવિધા, સ્ટ્રીટલાઈટ, વરસાદી પાણીના નિકાલની વયવસ્થા,ઘન કરચાના નિકાલની વ્યવસ્થા વગેરે સાથે પેકેજના રૂપમાં આપી અપગ્રેડ કરવામાં આવશે. મકાનના અપગ્રેડેશન માટેની સપોર્ટ વ્યવસ્થા પણ કરવામાં આવશે.

(૩) પી.પી.પી.મોડેલઃ

જેમાં દરેક અલગ સ્લમ વિસ્તારને મોબીલાઈઝ કરીને એજ જમીન ઉપર રીલોકેટ કરવામાં આવનાર છે અને નવા મકાનોનું નિર્માણ કરી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે રહેવાસીઓને નવા આવાસો બાંધી આપવામાં આવશે. આઉટર ઈન્ફ્રાસ્ટ્રકચર સ્ટ્રેન્ધનીગની કામગીરી પણ કરવામાં આવશે.

રાજીવ આવાસ યોજનાનો પાયલોટ ડી.પી.આર. કેન્દ્ર સરકારમાં રૂા.૨૧૭.૯૬ કરોડનો ૩૩૯૨ આવાસો બાંધવા તેમજ અપગ્રેડ કરવા માટે રજુ કરવામાં આવેલ છે જે મંજુર થયે ટેન્ડર મંગાવી કામગીરી થાય ધરવામાં આવશે તેમજ શહેરના સ્લમ વિસ્તારોનું ડેવલપમેન્ટ ઉપરોકત મોડલ પૈકી કરીને સીટીને સ્લમ ફ્રી બનાવવાનો ડી.પી.આર. બનાવવાની કામગીરી ચાલુ છે.

૪.૨૦ હાઉસીંગ પ્રોજેકટ

૨૦૧૧-૧૨

અમદાવાદ શહેરમાં વસતા શહેરી ગરીબો માટે મ્યુનિ.કોર્પો. મારફત શહેરી ગરીબોને રાહતદરે આવાસો મળી રહે તે માટે ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ બનાવવાનું આયોજન આ વિભાગેથી કરવામાં આવે છે.

હાઉસીંગ પ્રોજેકટ અન્વયે જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ હેઠળ અમદાવાદ શહેરમાં જુદી જુદી જગ્યાઓએ ૩૩૮.૭૬ કરોડના ખર્ચ કુલ શહેરી ગરીબ આવાસ યોજના અંતર્ગત ૧૮૯૭૬ આવાસો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. તેમજ રૂા.૪૦ કરોડનાં ખર્ચે કુલ ૧૧૮૪ આવાસો બનાવવા મંજુરી મેળવેલ છે. જેની કામગીરી આગામી વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ચાલુ થનાર છે. તદ્ઉપરાંત શહેરી ગરીબ આવાસોનાં લાભાર્થીઓની સવલત માટે આંગણવાડી અને હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે.

આ ઉપરાંત મ્યુનિ.કોર્પોરેશનના સફાઇ કામદારો માટે કુલ ૨૦૦૦ આવાસોની બાંધકામની કામગીરી રૂા.૬૧.૦૫ કરોડના ખર્ચે ચાલુ છે.

અસલાલી ખાતે રૂા.૫.૨૦ કરોડના ખર્ચ ફાયર સ્ટેશન તેમજ રેસીડેન્સીયલ કવાટર્સ બનાવવાની કામગીરી પૂર્ણ થવાનાં આરે છે.તદ્ઉપરાંત અન્ય ફાયર સ્ટેશન ની કામગીરી અંગેની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	ફાયર સ્ટેશનનું નામ	વિગત
૧	થલતેજ ફાયર સ્ટેશન	નવી સૂચિત જગા ૧૦ વાહનોનાં પાર્કિંગ તથા ૩૨ સ્ટાફ કવાટર્સ અંદાજીત રૂા.૧૦.૨૬ કરોડનો ખર્ચ થશે, કામ ચાલુ થનાર છે.
૨	ચાંદખેડા ફાયર સ્ટેશન	નવી સૂચિત જગા ૧૦ વાહનોનાં પાર્કિંગ તથા ૩૨ સ્ટાફ કવાટર્સ અંદાજીત રૂા.૯.૮૧ કરોડનો ખર્ચ થશે, કામ ચાલુ થનાર છે.
૩	મેમનગર ફાયર સ્ટેશન	હયાતનાં સ્થાને નવેસરથી અધતન સવલત સાથે ફાયર સ્ટેશન અંદાજીત રૂા.૧૫.૦૮ કરોડનો ખર્ચ થશે, કામ ચાલુ થનાર છે.

